FOR FREE CIRCULATION IN THE MOFUSSIL ONLY

TEMPORARY AND INSTANTANEOUS

REMEDIES

FOR THE BITES OF

POISONOUS ANIMALS &c.

BY

DINSHAH DADABHAI DORDI

(ફક્ત દેશાવર ખાતે ફુક્કેલ વહેંચવા સારૂ.)

ઝેરી જાનવરોના ડંખના તાત્કાળિક ઈલાજો.

રચનાર

દીનશાહ દાદાભાઈ દોરડી.

૧૯૧૨.

"ઝેરી જાનવરના ડંખના તાત્કાલિક ઇલાજો" વાળી કેતાબ.

ફક્ત દેશાવર અને શેહેરોથી દુરના ભાગો માટેજ મુફત આપવામાં આવશે.

શેહેરીઓએ મેહેરબાની કરી મંગાવવાની તસ્દી લેવી નહી.

દેશાવરવાળા સાહેબોએ રૂ)॰ એક આનો પોસ્ટેજનો મોકલવાથી નીચલે ઠેકાણેથી તે મોકલવામાં આવશે :—

ગોરખા ગ્રંથ પ્રચારક મંડળી.

P. O. MALABAR HILL,

BOMBAY.

आर्यसंप्रदायप्रदर्शकगायत्री भाष्यम्.

સંસ્કૃત જાણવાવાળા વિદ્વાન પુરૂશોને રૂ.)॥ પોસ્ટેજ મોકલવાથી મુફત મોકલવામાં આવશે.

ઠેકાણું—**गोरखा ग्रंथ प्रचारक मंडळी.**

P. O. MALABAR HILL,

BOMBAY.

FOR FREE CIRCULATION IN THE MOFUSSIL ONLY.

TEMPORARY AND INSTANTANEOUS REMEDIES

FOR

The Bites of poisonous Animals, and Creatures.

COMPILED FROM VARIOUS SOURCES

BY

DINSHAH DADABHAI DORDI,

LATE OF

DINSHAH BROTHERS, CHEMISTS, KARACHI.

(Published by GORKHA GRANTH PRACHARAK MUNDLY.)

(ફક્ત દેશાવર ખાતે મુફ્ત વહેંચવા સારૂં.)

ઝેરી જાનવરના ડંખના તાત્કાળિક ઈલાજો.

જુદાં જુદાં પુસ્તકો ઉપરથી સંગ્રહ કરનાર

દીનશાહ દાદાભાઈ દોરડી,

તે આજી દીનશાહ બ્રધર્સ—કેમીસ્ટસ—કરાંચીવાળા.

(પ્રકટ કરનાર:—ગોરખા ગ્રંથ પ્રચારક મંડળી.)

રચનાર—દીનશાહ દાદાભાઈ દોરડી, દોરડી સ્ટ્રીટ, નવશારી.

પ્રગટ કરનાર—ગોરખા ગ્રંથ પ્રચારક મંડળી તરફથી પંડીત હરીહરએ
મુંબઇ, વાલકેશર મધે સૌભાગ્ય માહાલમાં પ્રગટ કીધુ છે.

આ પુસ્તક ઉપલા રચનાર તથા પ્રગટ કરનાર માટે,
મુંબઇ, જામે જમશેદ પ્રીંટીંગ વર્કસમાં બેલારડ હાઉસ, કોટમાં
માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે.

PREFACE.

It is a well known fact, that over 25,000 men die annually, victims to bites from noxious creatures such as serpents, scorpions, mad-dogs, &c. in this Country alone. This fatality is largely due to the difficulty in applying some prompt and sure remedy to the patient who is sometimes left to nature for hours together.

This land of India has got a wonderful belief, verified by experience, in faith-healing and charm-cure. A victim to snake or scorpion bite is peculiarly rendered suscepti-ble to any influence which can relieve him of his pain, mostly *nervous*, either by the actual application of drugs or through the soothing effect of mental suggestion by means of figures and massage. In some cases marvellous effect, amounting to a miracle, is seen even through apparrently nonsensical measures, thus proving the pecu-liar nature of such pain.

This book is the result of patient search after almost all the different treatments known and practiced by the learned as well as the illiterate in various parts of the Country. Experience has proved the necessity of differ-ent measures for diffrent temperaments. Owing to some of the herbs being unknown in many parts, numerous well-tried alternatives have been named. The motive is purely altruistic, as the compiler aims neither at posing as a doctor, nor at any monetary gain.

The cost of printing has been very promptly and in a spirit of benevolence, supplied by the Society known as the *Gorkha Granth Pracharak Mandli* at Walkeshwar.

I tender my thanks to its managing president Pandit Shri Hariharji whose Sympathy with my motive makes the free circulation of this book possible. The money and labour spent after the publication shall be considered amply repaid, if it helps even a few lives to be saved by resorting to some of the first aids, in whose efficacy I have very great faith.

I have acknowledged my obligation in a separate list to various authors, whose advice was essential in making this collection as efficient as possible. With Prayer and good wishes to humanity I send forth this book. May it serve!

DINSHAH DADABHAI DORDI.

DORDI STREET, NAVSARI.
1st November 1912.

દીબાચો.

આ ભરત ખંડના વિશાળ મુલકમાં દર વર્ષે સરાસરી ૨૫૦૦૦ માણસો સાંપ, વિચ્છુ, હડખાએલાં કુતરાં વિગેરે ઝેરી જનાવરોના ડંખોથી ફોકટના એટલે અકાળ મરણ પામે છે. એ વિચાર લગભગ ૧૨ વરસની વાત ઉપર સેવકને ઉત્પન્ન થવાથી જો બને તો એના ઉપાયોની શોધ કરી તે મુફ્ત ફેળાવવા એવી ઇચ્છા થવા લાગી. જે થોડો પાસે એના ઇલાજો છે તેઓ એ છુપાવતા હોવાથી એ માર્ગે ન જતાં મુખ્ય કરી ચોપડી ચોપાન્યા વગેરેની મદદ લેવાની જરૂર જણાઇ એવી લીધેલી મદદનું એક લીસ્ટ પાછળ આપેલું છે તે ઉપર સમજુ વાંચનારને રહેમ નંજર ફેંકવાની અરજ કરવામાં આવે છે.

વળી અનુભવ પરથી એવું જણાય છે કે એક ઇલાજ એકપર અજમાવેલો તે બીજાને લાગુ પડે તેમ નથી. વળી એક કહેવાતા રામ-બાણ ઇલાજને માટે જે વસાણા જોઇએ તે બધે મળી આવે તેમબી નથી; અને તેની શોધ કરવા જતાં દરદી ત્યાંજ થંડો થઈ રહે એવા સંજોગ ઉભા થવાની ચીન્તા રહે છે. માટે એક ડંખના કાંઇ સેંકડો ઇલાજો રજુ કીધા છે, કે તે તાત્કાળિક કામ લાગે. જે કોઈ સમજુ વાંચનાર આનો ઉપયોગ કરવા ચાહતો હોય તો તેણે આ ઉપાયો પર છેવટ સુધી ભરોસો રાખી બેશી રહેવું નહી. અનુભવી શસ્ત્ર વૈદ અથવા ડાક્ટર આવી લાગે તે આગમજ વખત નીકળી ન જાય તે સારૂ એ ઉપાયો તાતકાળિક અને ટુંક વખત સારૂ કામ લાગે એટલીજ નેમ એના અહના કર્તાએ રાખી છે તે ઉપર બરોબર ધ્યાન આપવાથી તેને ઉપકારી કરશો એવી આશા છે.

કરાંચીમાં મેસર્સ દીનશાહ બ્રધર્સ–કેમીસ્ટસ (Dinshah Brothers, Chemists, Karachi–તરીકેના મારા ધંધાના સંજો-ગના પરીણામે આ ગ્રંથ સ્વરૂપ પકડતા પામ્યો છે.

કેતાબમાં આવેલા દેશી વસાણાના નામોનું લંબાણ લીસ્ટ તેના બોતાનીકલનામો (Botanical Names) સાથે પાછળ આપેલું જોશો.

આ રસાલાથી કાંઈપણ કમાઈ કરવાની નેમ રાખી નથી. ફક્ત **પરમાર્થ અર્થેજ** તે તૈયાર કીધો છે. એ પરમાર્થના કામમાં તેની માત્ર છપામણીનો ખરચ અતરેની જાગ્રીતી गोरखा ग्रंथ परचारक मंडळी (ગુરખા પુસ્તક પ્રસારક મંડળી) એ પુરો પાડયો છે. જે મંડળીની ઓફીસ વાળકેશ્વર છે, અને જેના વડા અને કર્તા કારવરતા પંડિત શ્રી હરિહરજી એ. ડી. નેપાળી છે, તેઓનો આ તકે મોટો આભાર માનું છું.

વૈદ્ય કલ્પતરૂમાં આવેલા ઉપચારો, તેમજ "વિષમંજરી" નામના મરાઠી પુસ્તકને હું મોટે ભાગે આભારી છું.

યંત્ર-મંત્ર-જંત્રને જેઓ વહેમ લખે તેને માટે નહી પણ જેઓને તે ઉપર વિશ્વાસ હોય તેઓ સારૂં એવી કાંઈક બાબતો દાખલ થયલી જોશો.

આ નાનકડો રસાળો તઈયાર કરી પ્રજા સેવા માટે રજુ કરતા તેનો કમતરીન કર્તા એવી દુવા તે કરીમે કારસાજ પાસ માગી લે છે, કે જેવી રીતે કર્તા તથા પ્રગટ કર્તાઓએ પ્રમાર્થની ભલી લાગણીથી એને રોશની જોતો કીધો છે, તેવીજ રીતે તેથી મનુષ્ય માત્રનું કલ્યાણ થાઓ! જો આ કેતાબના અદના ઉપયોગથી એક-બે બી જીવડા બચવા પામશે તો તે પાછળ ખરચેલાં વખત, મહેનત અને પૈસાનો પુરેપુરો બદલો હમો સર્વને મળી રહેલો ગણાશે: આમીન!

દોરડી મોહોલ્લા }
નવસારી, તા૦-૧-૧૧-૧૯૧૨. }

લા૦ દુવાગો સેવક,
દીનશાહ દાદાભાઈ દોરડી-
તે માજી દીનશાહ બ્રધરસ-કેમીસ્ટસ-
કરાંચીવાળા.

BIBLIOGRAPHY.

આ કેતાબ તૈયાર કરવા માટે નીચે જણાવેલા જુદા જુદા પુસ્તકો તથા ગ્રંથકારોની લેવાયલી મદદ.

Snakes, snake-bites by a Bengalee Doctor.
Scorpion-Bite by Dr. V. S. Balasundra.
The Lancet.
The British Medical Journal.
The Chemist & Druggist.
The New York Medical Record.
The Indian Medical Record—Calcutta.
Practitioner's, Vade Mecum by Dr. E. C. Apoo.
A Manual of Family Medicine & Hygiene in India by Sir William Moore.
The Bombay Materia Medica by Dr. R. N. Khory.
A Prescriber's Companion by Meadows.
Murry's Plants & Drugs of Sind.
New Prescriptions by Oldbery Oscar.
A Compedium of Domestic Medicine by John Savory.
A Compedium of Pharmacy by Dr. F.E. Stewart.
Bazar Medicines of India by E. J. Waring
On Poisons, A. S. Taylor.
The World of Wonders.
The Scientific American.
The Scientific American Cyclopedia of Formulas.
Kemp's Prescriber's Pharmacopoea.
Martindale's Extra Pharmacopoea.
Medical Practitioner by Dr Tukina.
Merk's Reports.
Pear's Cyclopedia.
The Pharmaceutical Formulas.
Sir Lauder Brunton's Snake-bite Treatment.
Chromopathy.
Biochemistry.

Cout Mattie's Electro–homeopathy.
26 New Remedies by Father Muller.
Homeopathy.
Hydropathy.
A System of Surgery by John F. Smith.
Complete Herbal.
Diseases and Remedies-Chemist & Druggist's Series.
Surgery its Theory & Practice by W. John Walsham.
Hooper's Physician's Vade Mecum.
Dr. Robert Druitt's Manual of Modern Surgery.
વૈદ્ય કુસુમાકર—રાજસ્થાન ઓફીસ અમદાવાદ
ઝેરી ડંખથી થતા દુઃખના ઉપાય.
વિષમંજરી—રંગનાથ સખારામ લાલે.
ઘરચા રાજ વૈદ.
વૈદક કળા નિધી.
ઔષધિ કોષ.
વૈદકનો સાર.
કેતાબે હકીમા–એમ૦ માણેકજી ખરશેદજી દોરડીની હાથે લખેલી.
વૈદ્ય મંજિરી.
બરડા ડુંગરની જડીબુટી—ઠાકરજયકૃષ્ણ ઇંદ્રજી.
વૈદ્ય ગિરિધર—વૈદ્ય શાસ્ત્રી ગીરધરલાલ કહાનજી.
જંગી જાદુગર—માસ્તર નાનાલાલ મગનલાલ.
ઇંદ્રજાળ—મહાદેવ રામચંદ્ર જાગૃષ્ટે.
ઇંદ્રજાળ–મરાઠી.
ભયંકર ભુતવાળી—માસ્તર નાનાલાલ.
દવતાઇ જાદુગર—જેસંગભાઈ મોતીલાલશાહ.
જાદુઇ જડીબુટ્ટી—માસ્તર નાનાલાલ
શારીરક અને વૈદક—ત્રીભોવનદાસનું
આર્ય ઔષધ—વીરજી જીણા રાવળ.
ઘર વૈદુ—વૈદ્ય જટાશંકર લીલાધર.
આર્યભીશક—શંકર દાજી વાળું.
અકસમાત અને તેના તાતકાળી ઉપાય—દા. ધનજીભાઇ મેહેતા.

દર્દીની સારવાર—દા. ધ. હો. મેહેતા.
તીબેશાહામી.
દરેક માણસનો વૈદ્ય અથવા દરદીનો દોસ્ત (કરાંણીનું)
દુ:ખનિવારણ—ડા૦ પે. ન. પાવરી.
દરેક માણસ જાતે વૈદ—પેસ્તનજી દા. મગોલ.
દરેક માણસનો વૈદ—ડા૦ બેજનજી રૂસ્તમજી.
નીદાન એટલે રોગોની મુખ્ય જાત અને લક્ષણોનું વર્ણન.
સારંગધર સંહીતા.
ફારમાસી એટલે ઔસડોની ઉત્પંતિ નીકણ.
વૈદક ચુચકા સંગ્રહ—સર દીનશાહ મા. પીટીટ.
વઇદક ગ્નાન,—ડા૦ બરજોરજી બેરામજી.
શરીર રક્ષણ સંબંધી શાસ્ત્રોક્ત શીખામણ.
સુખબોધક—મોદી રામદાસ કાશીદાસ.
દરદીનું દુ:ખ નીવારણ—મારકર અને પંડકી.
મી૦ દી. પી. માદનની "ઘેરનો છાલો પાળો, મરી—મસાલો"
વાળી હારમાળા.
ધનવંત્રિ.
વઇદક કલ્પતરૂ.
યુનાની હકીમું.
ચિકિત્સા બધી—મનીશંકર ગોવીંદજી.
જાદુગર—મી૦ ત્રીભોવન તાસવાળા, પ્રકાશક
જંગલની જડીબુટી.
વઇદકનો સાર.
ભાવપ્રકાશ.
ઇલાજુલગરબા ભાશા.
વૈદ વિચાર અને શરીર રક્ષણ.
વિશદંશ પરિહાર.
વૈદક સંગ્રહ અથવા ઘરનો હકીમ.
જામાસ્પી—મી૦ દસ્તુરવાળી.
ઝંડુ, ફારમાસીનુ કેટલાગ.

સાંકળયું

પાનું.

આ પુસ્તકમાં આવેલાં વસાણાનાનું લીસ્ટ અનુક્રમ તેમજ તેના લાટીન નામો સાથે ૧૨૫ થી ૧૩૪.

Temporary and Instantaneous Remedies for Animal Bites.

ઝેરી જાનવરોનાં ડંખના તાત્કાળિક ઈલાજો.

HYDROPHOBIA.

કુતરૂં કરડવાથી લાગુ પડતું હડકું.

મુવેલાં ઢોરોનું સડેલું માંસ ખાવાથી, તેમાં મુખ્યકરી માણસ, કોહોલું, ગધેડું વિગેરેનું સડેલું માંસ ભક્ષ કરવાથી કરી સાધારણ હાલતવાળાં કુતરાંને હડક્યું લાગે છે. એ ઉપરાંત માંસ ખાધા વગરના સાવધ કુતરાંને બીજું ઘેલું એટલે હડક્યાયલું કુતરૂં કરડે છે, તો તે તંદુરસ્ત કુતરૂં હડકવા લાગુ પડવાના ચિન્હો બતાવે છે. વળી માંસ ખાવાથી અથવા કરડવાથી એક કુતરૂં નિરાળું હોય તોપણ તે પ્રાણીને કાંઇ જખમ થઇ કીડા લાગુ પડયા હોય, અથવા અતિસ્ય તેલવાળા પદાર્થો તેના ખાધામાં આવ્યા હોય તેથીબી તેને ઘેલાછા લાગુ પડે છે. જયારે તેની આવી કઢંગી હાલત થઇ પડે છે, ત્યારે તે પોતાનું માથું જમીન તરફ નીચે રાખીને, તથા પુછડી બે પગો વચ્ચે ઘાલી દઇ અથવા છેક વાંકી વાળીને, આંધળું-બહેરૂં થઇ જઈ જેમ એમ તેમ અને જયાં ગમે ત્યાં ધુસી જાય છે. તેનું ચિત્તભ્રમ-ભ્રંશ જઇ મોહોડાં વાટે લબ બહાર કાઢે છે.

દૈવયોગે જે માણસને હડક્યાયલું કુતરૂં કરડે છે, તેને સાત દહાડા, અથવા તો ૪૦ દીવસો, નહી તો પછી ૬ મહીના કે ૭ વરસો અને કોઇ કોઇ વાર તો વળી ૨૮ થી ૩૫ વરસો વહીજવા છતાં હડકવા ઉભરી આવવાના ચિન્હો જણાયાં છે.

જો તુરતજ ઉપાયો કામે લગાડી સારવાર કરવાની તજવીજ ન કરવામાં આવે છે, અને વાત બની ન બની કરી વીસારી દેવા આવે છે, તો ઝેરને શરીરમાં દાખલ થઇ પોતાનું બળ એકઠું કરવાની તક મળી જાય છે, અને સુકી રૂતુઓ આખેર થઇ વરસાદ રૂતું બેસતાંજ જ્યારે ગર્જના થાય છે, ત્યારે તેનું જોર ઉભરી આવે છે. તેની બુદ્ધિભ્રમ થઇ જાય છે; તે સંતાપ કરતો થાય છે; તેને સાંસ ચઢવા માંડે છે; તેને ખાંસી થઇ આવે છે; તેની આંખે અંધારા આવે છે; તેને બલગમ અથવા પિત્તનો મરજ ઉભરી આવે છે; તેની છાતી બંધ થઇ જાય છે; તે તોફાની બને છે; તેને પિશાબ વાટે કીડા પડે છે; તે કુતરાં સરીખું ભુકે છે; બીજા માણસોને કરડવા દોડે છે; જે પ્રાણીએ તેને બાચકું ભર્યું હોય તેની તે ચેષ્ટા કરે છે, અને તેનીજ માફક તે બરાડ પાડે છે. આરસી, પાણી વિગેરેમાં તે કરડનારાં પ્રાણીની તેને સુરત જણાય છે, તેથી ફરી તેને જોશ ચઢી તેનો નાશ થાય છે. જ્યારે આવી રીતના ચિન્હો ઉભરી આવે છે, તે ઉપરથી તેનો અંત નજદીક આવેલો જણાય છે, અને તે અસાધ્ય છે.

ઉપાયો.

૧. જેવું કુતરૂં કરડે કે તુરતજ જેમ બીજા જનાવરો કે જીવજંતુના ડંખોમાં જખમની ઉપર અને નીચે મજબુત પાટા બાંધવામાં આવે છે તેમ પાટાઓ બાંધીને પછી ગરમ પાણીથી તે જખમ ધોઇ સાફ કરી અને તેને કોસ્ટીક (Silver nitrate અથવા Lunar caustic) થી ડઝાડવું. તે જગ્યાએ તુરતજ જળો મુકાવવી; અથવા તે જગ્યાને ચીરીને તેમાંથી લોહી વહેતું કરવું; અને તે માટે રૂમડાની સારવાર (Cupping Process) નીમદદ લેવી. તે જખમ, ૭ દીવસો સુધી ઝરફયા કરે અને ૪૦ દીવસો સુધી રૂઝ ન આવે તેમ કરવું. કેટલાકતો તેને ૬ મહીના રૂઝાવા ન દેવાની સહલા આપે છે. એ સારૂ મોરથુથુ તે જગ્યાએ વખતો વખત લગાડવાની ભલામણ થાયછે; અને નોટસમાં જણાવ્યા

પ્રમાણેના જંગાલી મલમ*ની પટી કરી ચોપડવી.

૨. કરડેલી જગ્યાએ બંદુકનો દારૂ થોડા ગ્રેન જેટલો મુકી સળગાવવાની ભલામણ થઇ છે, પણ તેમાં જોખમ છે એ યાદ રાખવું. એથી દરદી બચી જવાના કેસો બનેલા છે, પણ વાપરવામાં જોખમ સમાયલો છે તેની યાદ રાખવી.

૩. પરસેવો પાડવા સારૂ દરદીને ખુબ દોડાવવો, અથવા બને તો ઘોડેસ્વારી કરાવવી.

૪. પરસેવા સારૂ ગરમ પાણી પાવું; નહી તો તારતારએમેતીક (tartar emetic) ૧ થી ૨ ગ્રેન ગરમ પાણીમાં આપવું.

૫. ગરમ પાણીમાં રાઇ દોહોવી ઉલટી કરાવવી; ઇપેકાક્યુઆના પાઉડર (Ipecac powder) ૧૫ ગ્રેન જેટલા ગરમ પાણીમાં નાખી પાઇને ઉલટી કરાવવી.

૬. લાંબો વખત વહી જવા છતાં દરદી ઔષધની સારવાર હેઠળ ન મૂકાવાને લીધે તેને હડકવાના ચિન્હો જણાવવા માંડી તે મીજાજ ખોહોતો જણાય છે, તેથી હરકત જેવું કાંઇ નથી. પણ પાણી પીવા જતાં તે જોઇને બીહે તો તુરતજ આંખે પાટા બાંધી ગળામાં રબરની કે બીજી બીન નુકસાન કારક નળી ઉતારી તે નળી વાટે તેને પાણી તો પાવું અવશ્યનું છે. કારણ કે એ રોગ ઝેરી હોવાથી અંદરથી બળતરા ઉઠે છે. અને ફેફસાં વિગેરે અવયવો સુકાઇ જાય છે, માટે તરસતો કોઇપણ રીતે પણ છીપાવવી.

વધુ ઉપાયો.

૭. જેવું કુતરૂં કરડે કે તુરતજ ઘીને ગરમ કરી તેના ચોખા તે ડંખવાળી જગ્યાએ મૂકવા.

---

* જંગાલી મલમ—જંગાલ તોલો ૧।, સફેદ મીન તોલો ૧) ગાયનુ ઘી તોલા ૫) લેઇને, પહેલાં જંગાલને બારીક ખરલ કરીને એક બાજુ મુકી, ઘી તથા મીણને એકઠાં ગરમ કરી તેમાં ઉપલો ભુકો નાખી આસ્તે ધીમી આંચથી એક કલાક સુધી હલાવી થંડું પાડીને ઉપયોગમાં લેવું.

૮. જુનું ઘી ગરમ કરી તેને પાવું.

૯. સોનાનો તાર ગરમ કરી લાલચોળ બનાવી તે જખમને દઝાડવો.

૧૦. દરદીને સખ્ત જોલાબ આપવો, અને તે જોલાબમાં આંકડાનુ દુધ નાખી પાવું.

૧૧. તળનું તેલ, સેકેલા તળનો ભુકો, ગોળ અને આંકડાનું દુધ સરખે ભાગે લઇ બરોબર મીશ્ર કરી ખવાડવાથી કુતરાંનુ ઝેર તાબડતોબ નાશ પામે છે.

૧૨. સાબરસીંગને ગરમ પાણીમાં ઘસી પાવું.

૧૩. ઝેરી કોચલાના બીજને ઘસી કોઇ પણ જાતના કુતરાંએ કરડેલા જખમ ઉપર ચોપડવાં.

૧૪. કસ્તુરી વાલ ૧) દરરોજ ૬ માસ સુધી ખવડાવી અને ઉપરથી જખમને પઝરતો રાખવો.

૧૫. કડવાં તુરીઆં ૦॥ તોલો, સરપંખો તોલો ૧), મજીઠ તોલો ૧ ઇંદ્રવરણના મુળ ૦॥ તોલો, આ સરવેને મેળવી નાખી ખોખરાં કરી ૦॥। શેર પાણીમાં ઉકાળી તે ૦। શેર રહે કે ચુલ્હાપરથી ઉતારી પાડી તેના બે ભાગ કરી સહવાર સાંજ પીવા આપવા.

૧૬. કુતરૂં જેવું કરડે કે તેને મારી નાખી તેની જીભ કાપી લઇને તેને પાણીમાં ધોઇ નાખીને ભુંજી નાખી અને તેમાંથી બોર જેવડી ગોળી વાળી દહાડામાં ત્રણ વખત સાત દીવસો સુધી ખવડાવવી એમ કેટલાક વૈદ્યો કહેછે.

૧૭. હડખાયલાં કુતરાંની જીભ બાળી ખાખ બનાવી તે જખમ ઉપર મુકવી.

૧૮. જે હડખાયલાં કુતરાંએ કરડયો હોય તે હડખાયલાં કુતરાંના બાળ લઇ તેની ખાખ બનાવી તેનો ભુકો જખમમાં દાબવો.

(સ્કોટલેંડમાં સાધારણ રીતે એમ મનાય છે, કે જે હડ-ખાયલું કુતરૂં કરડયું હોય તેનાજ બાલ લઇ જખમ ઉપર લગાડવાથી માઠાં પરીણામો આવતાં અટકી પડે છે.–Dr. Brewer's Dictionary of Phrases & Fables, 12th Edition P. 875).

૧૯. લાલ ઉંચી બનાત લઇને તેને ગોળમાં વાતી મોટા કદની ગોળી બનાવી એક એક ગોળી સાત દીવસ સહવારના આપવી. 'विष मंजरी' વાળા મી૦ રંગનાથ જણાવે છે અને ખાતરી આપે છે કે એ ઉત્તમ ઇલાજ છે.

૨૦. કાશીવાળા પંડીત રામરતન જણાવે છે, કે લાલ કુતરાંએ કરડેલું હોય તો લાલ બનાત, કાળુ કુતરૂં કરડેલું હોય તો કાળી બનાત, અને સફેદ કુતરૂં કરડેલું હોય તો સફેદ બનાત લેવી. પછી તેમાંથી ત્રણ ત્રણ ગ્રેનના વજનની સાત ગોળીઓ ગોળ સાથે બનાવવી. પહેલાં બનાતના બાલને ખરલ કરી બહુજ બારીક પીસવા ત્યાર પછી ગોળ સરખે વજને લઇ તેની ગોળીઓ વાળવી. પછી દરરોજ સહવારના એક એક ગોળી ખવાડવી. પરેહજી દાળ, રોટી જેવો સાદો અને સુતરો ખોરાક શિવાય બીજું કશું એ સારવાર દરમ્યાન આપવું નહી. કોઠો કબજીયાત રહેવો ન જોઇએ. તેલ, મીઠું, ખાટું વિગેરે સર્વ પદાર્થોનો ત્યાગ કરાવવો. એ ઉપાય અનુભવેલાની ખાતરી અપાયલી છે.

૨૧. દેવ બાબુલ અથવા કાંકરનો પાળો દરેક વખત ૧) થી ૨) તોલા લઇને તેને પાણીમાં વાટીને રસ કાઢી સહવાર સાંજ ૭ થી ૧૪ દીવસ પાવો. એ ઉપાય અનુભવેલો છે એમ ખાતરી અપાયલી છે.

૨૨. દેવ બાબુલના તાજાં મુળીયાંને કાઢી લાવી સ્વચ્છ પાણીથી ધોઇ સાફ કરીને, પછી એમાંથી ૧) થી ૪) તોલા લઇ થંડા પાણીમાં ઘસીને અથવા નહી તો વાટી ખરલ

કરીને તેમાં અર્ધ પાવ પાણી ઉમેરી, સહવારસાંજ સાત દીવસો સુધી પાવું.

૨૩. આ ઉપલા ઇલાજની વખાણમાં મદ્રાસ મેલમાં એક ઇંગ્રેજ ડાકટરનું મત નીચે મુજબ તાંકેલું છે:—

"હાલે ૨૦ વરસો થયાં કુતરાના હડખાના કેસોમાં હું બાબુલ રોપાની સારવાર કામે લગાડું છું; પછી તે કેસ દખીતી રીતે મીઠાં કુતરાંએ કરડેલો અથવા તો તે ખરેખર હડકવાના કુતરાંથી કરડાયલો હોય. આ રોપો જગ જાહેર છે, તે વાડી–બગીચા કે પછી જંગલોની બધી બાજુ એ સાધારણ રીતે ઉગે છે. છોડના દેશી નામો:—

હીંદી: દીવાના બાબુલ; તેલંગુ: સુરકયા થુમાક; તામીલ: પીયવલમ.

"વખતો વખત મેં કેટલાક હડકવાના કેસોની સારવાર કીધી છે; અને અંતઃકરણ પુરવક ખાતરીથી કહેવાને મને સંતોષ ઉપજે છે, કે એ સારવારથી કરી મારો કોઇ પણ દરદી મરણ પામ્યો નથી. એથી ઉલટું મારે અતરે નોંધ કરવી છે કે મારા દરદીઓને કુતરાંએ કરડેલા, તેજ કુતરાંએ બીજાઓને કરડવાથી, અને તે માણસોની સારવાર જેવી જોઇએ તેવી સાહુચેતી રાખી ન કરાવાથી, તેઓ થોડા મહીના પસાર થવા પછી ભયંકર ધ્રુજરી પેદા કરે એવી દુઃખની લાગણી પેદા કરનારા દુષ્ટ હડકવાના રોગથી મરણ પામ્યાં.

"એ બાબુલના ઇલાજની સારવાર ચાલુ કરવા અગાઉ તે જખમ અથવા જખમોમાંથી બને એટલું લોહી વહી જાય તેવી યુક્તિ કરૂંછું. પછી પીચકારી મારીને અને ગરમ પાણીથી ધોઇને તે જગ્યા સાફ કરી, લુછી નાખીને, એક બારીક અણીઆળી કોસ્ટીક લેઉછું; અને તે વડે જખમના દરેક ભાગને ખુણેખુણા છુટથી, સ્પર્શ કરી,

તેમજ અંદર ભોકી, અને પછી સંતોષકારક રીતે એટલે મારી પુરે પુરી ખાતરી થાય તેમ મસળી નાખુંછું.

"હવે સારવાર તરફ આવતાં કહેવું જોઇએ, કે પહેલાં બાબુલના તાજાં પાંતરાં લઇને તેમાંથી સારાં જોઈ ચુંટી કાઢવાં જોઇએ; પછી તેને થંડાં પાણીથી. ધોઈ કાઢી એક સફા કરેલી ખાંડણીમાં છુદીને એક બારીક મઝલીનના કપડાંથી ગાળી લેવું.

"બાબુલનો રસ લેવાનુ પ્રમાણ:—માણસને ૧ થી ૧॥ ઔંસ સુધી સવાર સાંજ ભુખે પેટે આપવું; એ આપવા પછી એક કલાક સુધી કાંઇપણ ખોરાક આપવો નહી. એ રસ કાંઇપણ ખાંચો નાખ્યા વગર લાગત ત્રણ દહાડા સુધી આપવો; અને તે દરરોજ અને હરે વખતે તાજોજ બનાવી આપવો; કાંઇ પણ પાણી નાખ્યા વગર પાતરાંમાંથી રસ કાઢવાની સંભાળ રાખવી જોઇએ"

૨૪. બરનેટ દીસઇનફેકટીંગ ફલ્યુઇડ (Burnett's Disinfecting fluid) જખમ ઉપર લગાડવું.

૨૫. અક્કલગરાનું મુલ લેઇ વાટીને ખરસાણી થુવરનાં દુધમાં મેળવીને પછી તે દુધને ચુહલા ઉપર મુકી પાણી બળી જવા દેવું. સુકાયા પછી તે સુકકા ભુકાને ખરસાણી થુવરના દુધમાં મેળવી પાછો ગરમ કરી સુકો કરો. એવી રીતે તૈયાર થયલા ભુકામાંથી ૨ થી ૫ ગ્રેન લઇ મધમાં ગોળી વાળી દહાડામાં ત્રણ ત્રણ વખત આપવી. એવી રીતની સારવાર ૧૫ દીવસ સુધી ચાલુ રાખવી. એ પછી ઝેરી કોચલાના બીજ લઇ તેને સાત દીવસ ગૌ મુતમાં પળાલી, ત્યાર બાદ તેમાંથી કાઢી લઇ તે ઉપરની છાલ કાઢી નાખી, અંદરના પાંદડાંને ખરસાણી થુવરના દુધમાં વાટીને તેની બેથી પાંચ ગ્રેન જેટલી ગોળી બનાવી, દીવસમાં ત્રણ ત્રણ વાર ૧૫ દીવસો સુધી ચાલુ રાખીને ઉપરથી ઘઉંની રોટી ખવાડવી.

૨૬. કલંબાની છાલનો રસ અથવા કાવો બનાવી, તેની અંદર હીરાકશીનો પટ ૧॥ થી ૨) માસા આપવો; અને તે ત્રણ દીવસ સુધી લેવું. એથી કરી જુલાબ લાગી ઝેર ઉતરશે, અને પેટમાં ઇંડાં થયાં હશે (જે ઇંડાં ખસ ખસ જેવડાં હોય છે,) તેખી પડી જશે. તેલ, ખારૂં, તીખું, ખાટું ખાવાથી ૧૪ દીવસ પરહેજ રહેવું. અને ઉપરના ઔષધો ૭ થી ૧૪ દીવસો લેવાં.

૨૭. અઘાડયાના મુળ એક તોળો કુટીને મધ બરોબર ખાવાં; અને દંશ લાગેલી જગ્યાએ કોરફડીના પાતરાંને સીંધવ સાથે બાંધવા. એ પ્રમાણે ત્રણ દીવસ કરવું, જેથી કુતરાંનું ઝેર નાશ થઇ સુખ થશે.

૨૮. બાભળીનો રસ ૬ થી ૭ તોલા, ગાયનું ચોખ્ખું ઘી ૬ માસા અને કસ્તુરી ૦। ચણોતી ભાર એવી રીતે એકત્ર કરી લેવું.

૨૯. (ક) મરઘાંનું છેર ડંખપર બાંધવું. (ખ) મરઘાંનુ છેર લગાડી ઉપરથી ત્રાંબાનો પૈસો મુકીને પછી મજબુત પાટો બાંધવો.

૩૦. આંકડાનું દુધ નાના બચ્ચાને ૪) થી ૬) ટીપાં અને મોટાને ૮ થી ૧૦ ટીપાં બીડીના પાતરામાં આપવાથી જુલાબ થઇ ઝેર ઉતરશે.

૩૧. અંકોલીનું મૂળ કાઢી લાવી તેમાંથી ૧૨ તોળા કાવો બનાવી અને તે કાવામાં ૪ તોળા ઘી એકરસ કરી પાવું.

૩૨. **ધોત્રા ફળ ને સફેદ પુનર** નવાના કલકના પાણીમાં પીવું.

૩૩. કાળા ઉબરાના **મુળ** અને **ધોત્રાના** ફળ એ બંનેને ચાવલના ધુવણ (ધુણ) માં વાટી પીવાં.

૩૪. **ઝેરી કોચલાના બીજ** વાઢીને માત્ર અનુસાર દરરોજ લેવાં.

૩૫. શતવારીના મુળયાંનો રસ અને ગાયનું દુધ એકત્ર કરી પીવામાં લેવું.

૩૬. ગોળ, તેલ અને આંકરાનુ દુધ મીશ્ર કરી લેપ બનાવી ડંખપર બાંધવો.

૩૭. બકામ લીંબડાના મૂળનો રસ કાઢી સહવારે ૨) તોળાને સાંજે ૨) તોળા પ્રમાણે ત્રણ દીવસ લેવાથી કુતરાંનું ઝેર ઉતરશે.

૩૮. કડુ ડોડકી (કડવી ઘોસોડી) ની બાહેરની છાળ અને તેની અંદરના બી કાઢી લઇ નાખી દેવા; બાકી તેમાં જે તંતુમય જાળ જેવી ચીજ રહેશે તેને એક અથવા બે ઘડી ભીજવી શકિત પ્રમાણે દરરોજ સહવારના સાત દહાડા સુધી આપ્યા કરવાથી ઉલટીને ઝાડો થઇ રોગ નાશ પામે છે.

૩૯. લસણને સરકામા વાટીને તેનો લેપ કરી જખમપર ચોપડો.

૪૦. ભોકરીચીના પાતરાને ૧) તોળો લઇ તેમાં ૧૫ કાળા મરી ઉમેરી એક લવટાંક પાણીમાં ખરળ કરી તે પાણી પીવા આપવાથી એ ઔષધ રામબાણ ગુણ કરે છે.

૪૧. કાંડાને મધ સાથે મેળવીને લેપ બનાવી લગાડો.

૪૨. ઝેરી કોચલાના બીને માણસની પીશાબમાં ઉકાલી લેપ બનાવી લગાડયા જવુ. ઉપરથી શકતી પ્રમાણે ઝેરી કોચલાના બી ખવાડવા આપવાં. અથવા ઝેરી કોચલાનું ચણોટીના વજનનું પ્રમાણ કાઢીને તે ગોળમાં ખવાડવો.

૪૩. દરાખના વેળાના લાકડાંની ખાખ બનાવી સરકામા વાટી લગાડવી.

૪૪. પ્રથમ રૂમડી મુકી લોહી કાઢવા પછી તે ઠેકાણે રાતી રાઈ પાણીમાં ખરળ કરી લેપ કરવો.

૪૫. આંકડાનુ દુધ ડંખપર વારંવાર લગાડવુ.

૪૬. મુળાના પાતરાને ગરમ કરી ડંખપર બાંધવાં.

૪૭. ઉંદરની લીડીને પાણીમાં વાટી લેપ કરવો.

૪૮. નીરગુંડીના પાતરાંને વાટી તેની લપડી ડંશની જગ્યાએ બાંધી લેવી.

૪૯. બાજરીના કણુસલાં ઉપરના ફુલ એક માસો લઇ તેને ગોળ સાથે મીશ્ર કરી ગોળી બનાવી આપતા રહેવું.

૫૦. **આંકડાનુ** પાંતરૂ એક પૈસાભાર જેટલું લઇ, તેથી બે ભાગ ગાયનું દુધ લઇ તે સર્વેને ખરળ કરી તે પીવા આપવુ; ઉલટી ન થાય તો બીજું પાવુ; એ પ્રમાણે દીવસ ત્રણ સુધી આપવું.

૫૧. **ખરસીંગા** (મરાથી) નો બારીક પાળો ઉજજડ જગ્યાએ ઊગે છે, તેના મૂળીઆં લઇ ઘસી પાવાં. બે દીવસ એ પાવુ. એનું મૂળીઉં ૧) આગલથી વધારે લાંબુ ન લેવું. કારણ કે એ ઝેરી છે. તેને ૦।) તોળા પાણીમાં ઘસી પાવુ. એ ઝેરી હોવાથી વધારે પીતા ગરમ પડી લોહી પડેછે.

૫૨. **શાયંતી** (એ મરાઠી શબ્દ છે તે) નો છોડવો જે ચણાના છોડ જેટલો નાનો થાયછે, અને જેના પાદડાં બાવળની પાળી કરતાં સેહેજ મોટાં થાય છે; તેને લાલ અને જાંબુરા રંગના ભેગા રંગોનું ઘણું નાનું ફુલ આવે છે. ઘણુંકરી વેરાણ જગ્યાએ તેમજ નદી કાંઠે અથવા દરિયા કીનારા પર તે સાધારણ રીતે ઉગે છે. તેનો સ્વાદ કડવો અને તેમાંથી નીકળતી ગેસ ઝેરી બદામના અર્ક જેવી અથવા તો કલોરીન ગેસને મળતી આવતી જણાયછે. એનાં પાદડાં લઇ થોડાંક ચોળીને હાથે મસળી ખવાડવાં. ખવાડવામાં જે સંભાળ લેવાની છે તે એકે તેમ કરતાં દરદી ઉલટી ન કરે તો સારૂજ છે. એટલાં સારૂ પહેલી સંભાળ લેવાની છે તે એ છે કે દરદીને એકે એક પાતરૂ આસ્તે આસ્તે ચાવી ખવાડવુ. જો પાતરાં પચી ગયાં અને દરદીએ વામીટ ન કીધું તો જાણવું કે તે જરૂર બચી જવા પામવાનો એવી ખાતરી અપાઇ છે. એને માટે કહેવામાં આવ્યું છે કે દવા આપવા પછી બીજેજ દીવસે દરદીને કુવા, તળાવ કે દરિયામાં લઇ જઇ ખુલ્લાં બદને નહવાડો કે પછી તેલના ભજીયાં કે ખાટી—ખારી ચીજો ખવાડો તોબી કાંઇ થવાનું નથી. પણ જો કમનસીબે પાતરાં ખાઇને ઉલટી કરી નાખ્યાં તો પછી તેની જીંદગી ઇશ્વરને આધિનછે. એવા દરદીને થોડા દીવસ ચણાની દાળ અને રોટી ઉપર રાખ્યા પછીજ ગમે તે ખવાડવાનું સહલાકારક થઇ પડે છે.

૫૩. **ઓકસીજન ગેસની સારવારથી હડખાનો સફા થયલો કેસ**—આ કેસ વીશે રશીયન દાકટરો સ્મીથ અને જીબીદન રીપોર્ટ

કરે છે, કે હડક્યાએલાં કુતરાંએ કરડયા પછી તેના પહેલાં ચિન્હો સત્તર દીવસ પછી જણાયાં. દરદીને ૩ કયુબીક ફીટ ઓકસીજન ગેસ સુંઘાડવામાં આવી, અને બે કલાક પછી તે તદન શાંત થયલો લાગ્યો. બે દીવસ પછી હડક્યાના ચિન્હો પાછાં ઉભરી આવેલાં જણાયાં; અને ઓકસીજન ગેસનો જથો બીજી વાર આગળની માફકની ફતેહમંદીથી સુંઘાડવામાં આવ્યો. આ વખતે સુંઘાડવાનુ કામ ૪૫ મીનીટ સુધી ચાલુ રાખવામાં આવ્યું. ગંભીર ચીન્હો સદંતર નાબુદ થવા સાથે હાંફરો અથવા દમ લેવાની અંદર પડતી જરા મુશ્કેલી ચાલુ રહી હતી. તેની સારવાર ૩ અથવાડીયાં સુધી કેમફર મોનોબ્રોમાઇડ (Camphor monobromide) આપીને કરવામાં આવી.—Lyon Medical, April 28th quotedin the Medical Record New York May 18th 1878.

૫૪. મી૦ ઓ'હારા બ્રેડી લાનસેટમાં એક પત્ર લખી એક અસાધારણ રીતની સારવારથી હડક્યાનો એક કેસ સારો કીધેલો જણાવે છે:— જે રાત્રે દરદીને જોવામાં આવ્યો તે રાત્રે બ્લીસ્તરીંગ ફ્લુઇડ (Blistering fluid) ઘણાજ જલ્લદ આકારમાં તે દરદીને ગરદનના સાંઢા આગળથી છેક નીચે સુધીની બરડાની કરોડને લગાડવામાં આવ્યું, અને દરદીને Vapour (વરાળનું) બાથ આપવામાં આવ્યું; જેથી કરી તેની ચામડી જે હજુર સુધી કઠણ અને સુકી હતી તે વાટે પરસેવો છુટથી વહેવા માંડયો. એ પછી દરદી વધારે શાંત બની તેને ઉંઘ આવવા લાગી. એ ઉપરાંત તેની ગરદનના સ્નાયુઓ જરા વધારે ઢીલા અથવા નરમ થવા લાગ્યા; અને કાંઇક ખોરાક લેવા લાગ્યો. બીજે દહાડે મી૦ બ્રેડીએ દવામાં રસકપુરની મેળવણી કરી તે દર ત્રણ કે ચાર કલાકે આપવા માંડી. એવી ધારણાથી કે તેના શરીરનું બંધારણ એ દવા અસર હેઠળ મુકાય. કેટલાક દહાડા સુધી એ દરદની વેદના મજબુત રીતે ઉભરી આવ્યા કીધી, પણ પછી તે આસ્તે આસ્તે કમી થવા લાગી; અને જયારે દરદીને મોહોડાં વાટે લબ પડવી શરૂ થઇ કે પછી સદંતર બંધ પડી. દરદી હવે મનમાનતી રીતે ઠીક છે. મી૦ બ્રેડીનું કહેવું એવું છે, કે દુઃખ નરમ પાડનારાં કે પછી કેફી વસાણા

દરદીને આપવાથી કરી હડક્વાનું દરદ શરીરમાં મજબુત ઘર કરી બેસે છે, અને નહીં કે શરીરમાંથી તે ઝેર બહાર નિકળી જઈ નુકશાન કરતું અટકી પડે છે."—The New York Medical Record July 28th 1878.

૫૫. "એક ઉપાય જે ખ્રિસ્તી મીશનરીઓ ચીન ખાતે ઉપયોગમાં લે છે તે ધતુરાનો છે. એનો કાવો બનાવી પાવામાં આવે છે. જેવી રીતે ગોશિતળાની મદદ વડે બચ્ચાંઓને થતો રોગ મારી હઠાડવામાં આવે છે, તે પ્રમાણે ધતુરાની મદદ વડે નવું હડખુ લગાડી કુતરાનું હડખુ નાશ કરવાનો દાવો કરવામાં આવે છે. ધતુરાના ઉતાર અથવા અનુપાન તરીકે ચીના લોકો જેઠીમધના મુળનો કાવો પીવા આપે છે.

૫૬. "બીજો અને ઉપલાથીબી વધારે ગુણકારો ઇલાજ જે ચીનમાં હડકવાની સારવાર માટે વપરાય છે, તે એક જાતનો હોઅંગનાન (Hoangnan) નામનો રોપો છે, જે વેલાતી Ivy (આઇવી)ને મલતો આવે છે, એ રોપાની મદદથી કોઢ અને સાંપના ડંખના દરદો સારા થયલાં કહેવાય છે"—The New York Medical Record July 20th 1878.

૫૭. **હડખુ લાગે ત્યારે શું કરવું?**—હડખુ લાગવા પછી સૌથી સરસ રીત તો એ છે, કે જખમી થયલા ભાગને કાપ મુકવો. એક લાકડાંનો કટકો જખમમાં મુકીને તેની આસપાસ અને નીચેની ચામડી કાપી કાઢવાની ભલામણ કરવામાં આવે છે. સર વિલ્યમ ગલ અને ડા૦ ફેરરનું એવું મત છે, કે ચાઠાંની અંદર તેનું ઝેર થોડોક વખત સુધી ઠરીઠામ રહે છે, અને તેથી તેઓ એવું ધારે છે કે મુળ ઘા પુરાવા અથવા રૂઝ આવવા છતાં તે ઘાનું ચાઠું જે રહી ગયું હોય તે ચાઠાંને જો કાપી કાઢયું હોય તો દરદનો નાશ થાય છે.—The New York Medical Record May 25th 1878 p. 412.

૫૮. કાળા ઉઘરડાં (ઉમરા) ના મૂળ તથા **ધતુરાનુ ફળ સંભાળથી** ચોખાના ધોવાણમાં **ઘસી** પાવાં.

૫૯. પાકેલાં વગડાઉ કેળાંનાં બીજ (૦૧) પાથી અરધો તોલો જેટલા ખાવા આપવા, તેમજ તેનો લેપ ડંખ ઉપર ચોપડવો.

૬૦. કડવા તુરીયાંની અંદરની તંતુમય જાળ ૦૧ શેર પાણીમાં વાટી એક ઘડી સુધી પળાવી રાખી પછી ગાળી કાઢી શકતિ પ્રમાણે પાંચ દીવસો સુધી સહવારમાં પાવું એથી ઉલટી થઇ જુલાબ થશે ને વિષ નિકળી જશે. પરેહજી ચોમાસા સુધી કરવી. ડંખને રૂમડી મુકી લોહી કાઢીને કળી ચુનો ચોપડી તાંબાનો પૈસો ઉપરથી બાંધવો.

૬૧. કારબોલીક એસીડ (Carbolic acid) અથવા નાઇત્રીક એસીડ (Nitric acid) ડંખની ઉપર લગાડવી.

૬૨. વીજળીની બેટરી વટી ડંખને દઝાડવો.

૬૩. મોરથુથુની લાકડીથી ડંખને ઘસવો.

૬૪. ચુકાની ભાજી (Rumex Vesicarius) નો રસ બહારથી લગાડવો.

૬૫. Electro-Homeopathy (ઇલેકત્રો હોમીઓપેથી) પ્રમાણે:- S 1 નો એક દાણો દર ૧૦ મીનીટે આપવો; F 1 ના પાંચ દાણા સહવારે તથા રાત્રે આપવા. F 2 નો મલમ કમરની બાજુએ કુમલી પાંસલીના ભાગોને લગાડવો; Y: Yellow Electricity ગળાં અને ગરદનને લગાડવી.; B: Blue Electricity હ્રદયને ((Heart) ને લગાડવી; W: White Electricity તાળવાંને લગાડવી, તેમજ તે વળી જે ભાગોને the great Sympathetic તેમજ the solar plexus (ડુટીની આસપાસનો ભાગ) કહેછે તેઓને તેમજ પીડુંને લગાડવી.

૬૬. ધતુરાના ડીડવાં, લીંબુના પાતરાં, તથા બીજોરાંના પાંદડાં લઇને સર્વેને વાટી લેપ બનાવવો, અને તે લેપરી ડંખ ઉપર બાંધવાથી દરદ સારૂં થાય છે.-જુઓ હાથનું લખેલું યુનાની હકીમુ દસ્તુર મેહેરજીરાણા લાઇબ્રેરીવાળું.

૬૭. ડંખની જગ્યા ગરમ પાણીથી ધોઇ સાફ કરી અને તે ઉપર અલસીની પોતીશ મુકી ડંખને ઝરતો રાખવો.

ઘણું કરી કુતરાના કરડવાથી ઝેર લાગતું નથી, તેનું કારણ એ

છે કે કુતરૂ પગને કરડે છે, તે જગ્યાએ દાંત ભોંકાઈ નુકશાન થાય તે આગમજ તે દાંતને કપડાંના પડમાંથી પસાર થવું પડે છે. આથી કરી દાંતનું ઝેર લુછઇને બહારના કપડાંને લાગે છે. પણ જો એના બચકાં સિધ્ધાં માસને લાગતાં હોય તો તેનો જોખમ અતિ વધારે છે.

વળી ઘણાકો કુતરાંને મારી નાખે છે, એવા ભયથી કે તેને હડખુ લાગેલું હોવું જોઇએ; પણ તેમ કરવું મુરખાઇ ભરેલું છે. જો તેને સલામત રાખવાનું દરૂસ્ત વિચારવામાં આવશે, તો પછી તેને હડખું લાગુ છે કેનહીં તે આપો આપ જણાઇ આવશે; જો હડખુ લાગુ નથી એમ જણાશે તો કરડેલા માણુસોના જીવ મોકળા થશે. પાસ્ચુર ઇનસ્ટીત્યુટની હીંદુસ્થાનં ખાતેની સાખાનો એક વડોખી એવીજ સહલા આપે છે, કે જે કુતરાંએ માણુસ અથવા માણુસોને કરડયાં હોય તેને લગભગ ૧૦) દહાડા મજબુત સાંકળે બાંધી રાખી તપાસ્યા કરો. જો એ દરમ્યાન તે હડખાયલા કુતરાના જેવાં ચિન્હોં બતાવે તોજ પછી પેલાં માણુસોને પાસ્ચુરણ સારવારની મદદ અપાવો. નહીતો કાંઇ જરૂર નથી. ફોકટનીરસી દાખલ કરવાનો જોખમ ઘણો છે. તેથી સાજા આદમીને હડખાંના ચિન્હો જણાઇ જીવ જોખમમાં નાખવાનો ભય રહે છે. રસીની અસરથી ઉભરતાં આ ચિન્હો જાણે હડખાંથીજ ઉભરેલાં છે એવી દરદીપર જીવલેણ અસર થાય તો પછી તેના ભયનુ તો પુછવુંજ શુ?

આપણે ઉપરજ જણાવી ગયા તેમ કોઇ કોઇ વાર મહીનાઓ કે પછી વરસો વહીજવા પછી હડખુ લાગવાના કેસો નોંધાયલા છે. તેમ થવા આગમજ કરડેલો ભાગ જે આગળ રૂઝાઇ ગયલો તે એક વાર પાછો ખોલ્લો થઇ ઝરફવા માંડે છે; તે ભાગનુ દરદ વધતુ જઇને દરદીની બેચેણીખી ધીમે ધીમે જોર પકડતી થાય છે, અને આખરે ગંભીર રૂપ લેછે.

કસાવળી ખાતે પાંસ્ચુરના ઇલાજની સારવાર કરાવા અગાઉ શરૂઆતના ઇલાજો જેટલા બને એટલા તુરતા તુરત કરી ઝેરને શરીર વાટે બાહેર કાઢી નાખવાની તજવીજ કરવી જોઇએ. છુટથી લોહી વહે

તે સારૂ જખમની આસપાસના ભાગો ને પાટા બાંધી લોહી ફરતુ અટકાવીને જખમને કાપ મુકવાથી વધુ ફાયદો થાય છે. પછી તુરતજ કોસ્તીકો જેવી કે Argentine nitras; Liq ammonia fort; અથવા acid carbolic; લગાડવી ઠીક થઇ પડે છે. દુઃખની વેદના ઓછી કરવા મોરફીઇન, કલોરો ફોર્મ વિગેરે આપવાની ભલામણ થાયછે; પણ એ ઘણા સંભાળથી આપવાના છે. હુશીયાર દાકટરો એની વિરૂધ છે, એવું જણાવીને એ દવાઓ શરીરમાં ઝેરને રોકી રાખી પુષ્ટી આપે છે, જે બાબે આપણે આગળ ઇલાજ નંબર ૫૫) માં ઓ'હારા ભ્રેડીનુ લાનસેટ પત્રમા લખેલાં પત્રનુ મત ટાંકેલું છે.

૬૮. કાળા ધતુરાંનાં પાંદડાં ૧) થી ૨) લઇ દરદીને ખવાડવા. જો દરદી ચાવી ન શકે તો તેને પાણીમાં ચોળી પાવા. એ પીધાથી દરદી દીવાનો જેવો થઇ જશે, તેની દરકાર ન રાખવી, તે બે દીવસમાં સાજો થશે એમ કહે છે.

૬૯. **કરચલા** (Crabs)ને **દરિયા કાંઠેથી મંગાવીને ભુંજી** કોટલાં **કાઢી** નાખીને તેનુ માસ દરદીને ખાવા અપાય છે, અથવા તેનો સેરવો નીમક મરી નાખી બનાવી આપવામાં આવે છે. નીમકની બીહીક હોય તો તે મુદદલ ન નાખવું.

૭૦. પીલવણ અથવા પીલુંનુ ઝાડ બગીચા કે પછી દરિયે કીનારે થાય છે; તેનીપર થતાં ફળો મરીના દાણા જેવડાં અને લાલ રંગના થાય છે. એ ઝાડનુ મુળીઉં લઇ તેને ૨) તોલા પાણીમાં ઘસીને દરદીને પાવા આપવું. એ પીધાથી પેટ આવીને કોઠો સાફ થશે. બચ્ચાને અરધા તોળા પાણીમાં પ્રમાણ મુજબ મુળીઉ લેઇ ઘસી પાવુ. હડખુ લાગવાથી લાલ રંગના જીવડાં હોજરીમાં પેદા થાય છે, તે એની મદદથી પેટ વાટે બહાર નિકળી દરદીને આરામ થશે. જો કસર રહી ગયલી જણાય તો એકવાર ફરીથી ઘસી પાવુ.

૭૧. ભોય ડોડીના મૂળનો રસ તથા ઘી હરેક સવાબે તોળા લઇને એકરસ કરી પાવાથી હડખાનુ ઝેર ઉતરી જાયછે.

૭૨. વળી એવુ કહેવાયલુ છે, કે જો કુતરૂ કરડયું હોય અને તે મરણ પામ્યું હોય તો પછી વરસાદ રૂતું આવતાં તેના હાડકાંને પાણી લાગે તો પછી જે દરદીને તેણે આગળ કરડેલો તેને પણ હડક્ખુ લાગે છે. એના ઇલાજ તરીકે એવી સુચના થાય છે કે એવાં કુતરાંને **મારી નાખીને** તેને એક ત્રાંબાકે પીતલના વાસણમાં પેક કરી તે વાસણનુ મોહોડુ ચપટ બેસાડીને પછીજ જમીનમાં દાટવુ. એક બીજો વહેમ એવોખી છે કે એક માણસને કોઈ કુતરાંએ કરડયો હોય તે વખતે તે કુતરૂ મીઠું હો પણ વરસો વહી જવા પછી તે કુતરાને અચાનક રીતે હડક્ખુ લાગે તો તેજ હડખું પછી પેલા માણસને બી ચઢેછે!

૭૩. પાડાવેલ અથવા **કુકડવેલ** કે તુતરવેલ નામે ઓળખાતો પાળો લાવી, પાણી સાથે વાટી ગાળાને તે પાળો પાવો; એથી ઉલટી થઇને ઝેર નિકળી જશે; જો એમ ન થાય તો પછી દશ મીનીટ રહી એ પાળો ફરીથી પાઇ ઉલટી કરાવવી. દર અઠવાડીએ, અઠવાડીએ, ત્રણ મહીનાઓ સુધી એ દવા ચાલુ રાખવી.

૭૪. દરદીને ગરમ પાણીથી નહાડવું અને ગરમ પાણીજ પાવું; ઠંડું પાણી જરાએ આપવું નહીં. ઘણોખરો દરદી બેભાન થાયછે, ત્યારે પાણી આપવું ઠીક થઇ પડશે. એ દરદના હુમલા વખતે તેને બેભાન રાખવા સારૂ કાળા ધતુરાના પાતુરાંનો રસ તોલો ૧), લીલું નાળીએર તોળો ૧), તલ તોલા ૨), ચોખાનો કાચો આંટો તોલા ૨) લેવો. પહેલા તલ, નાળીએર અને ગોળને સવાશેર કોપરાંના દુધમાં ઘુંટીને તેમાં ધતુંરાનો રસ મેળવીને સહવારના નયણે કોઠે પાવું. એથી બીમાર બેભાની પકડશે, તે ૬ થી ૧૦ કલાક સુધી ચાલુ રહેશે. એ દરમ્યાન તેને એક મજબુત થાંભલાં સાથે બાંધી તેના હાથ કમરે બાંધી લેવાય છે કે તે પોતે પોતાને કરડે નહી. એ વખતે હડક્ખુ ઉભરે તો ઉભરવા દેવું, અને દરદીને ઠંડા અંધારા ઓરડામાં રાખવો. બેભાની લાંબો વખત ચાલું રહેતો અરધી પાઇન્ટ દહી લઇ એક મોટો ચમચો કાંડાનો રસ નાખી પાવું.

૭૫. કેટલાકોના મત પ્રમાણે દરદીને એ વખતે પાણી ન પાતાં બધું મળી ૪૮ ઔંસ જેટલું પાણી સફરા વાટે દાખલ કરવું.

૭૬. કલોરો ફોર્મ (Chloroform) સંભાળ રાખી સુંઘાડવો.

૭૭. Ext. Calabar Bean gr. ¼, Hydrochlorate of Morphia grain 1 to 2; Water Minim 5 ની Hypo dermic Syringe ખભામાં મારવી.

૭૮. Hops dram 1; Tobacco dram ½; Henbene dram ½; Hemelock Ext. grains 4; Ext. letuce grains 4; opium grain 1; Water 6 ozes. આ સઘળાંને ઉકાળી ગાળી કાઢી તેમાં Tinc Asafetida ½ oz, નાખીને સફરા વાટે ગીચકારી મારવી.

૭૯. Elecampane Root 1½ oz લઇ વાટવાં; અને ૧) પાઇન્ટ તાજાં દુધને ઉકાળી, ૦॥ પાઇન્ટ જેટલું રહે કે તેમાં ઉપલો ભુકો નાખવો, અને સહવારના સઘળું પાઇ દેવું. બપોરના કાંઇપણ ખોરાક આપવો નહી. પણ પાછળથી ભુખ લાગતા કાંઇપણ હલકુ ખાવાનું આપવું.

બીજી વખતે ૨) ઔંસ ઉપલો ભુકો તેટલાંજ દુધમાં લેવો.

ત્રીજી વખતે પણ તેટલુંજ દુધને ભુકો ચાલુ રાખવાં, પણ તે હવે આત્રે આત્રે લેવાં.

૮૦. ઝેર ન ચઢે તે માટે ૨૦) ગ્રેન સેલીસીન (Salicine) દર ત્રણ ત્રણ કલાકે જ્યા સુધી પુષ્કળ પરસેવો છુટે ત્યાં સુધી આપવુ.

૮૧. ડખ લાગતાં તુરતજ કાળી શાહી ચોપડવી, પછી કાસ્ટીકે કરી બાળવું; પણ એ શાહી લગાડવા આગમજ ગરમ પાણીથી ધોઇ સાફ કરવું.

૮૨. Xanthum spinosum રોપાના પાંચ ગ્રેન પાંદડાં લઇ ત્રણ અઠવાડીયા સુધી દરરોજ ખવાડવાં. એનો અરધો ભાગ બાળક દરદીને આપવો.

૮૩. લસણ છુદીને લેપડી બનાવી ડંખપર મુકવી અને લસણનો કાવો બનાવી સહવાર સાંજ આઠથી નવ દીવસ પાવો. એ ઇલાજ બધાં કરતાં અકસીર છે એવું ડા. એમ. બોમસી જણાવે છે.

૮૪. લસણ જેટલી અને એટલી આપવી. ગમે તો લસણ–પાક કરી ખવાડવી. જેમ જેમ લસણ ખવાડવામાં આવેછે તેમ તેમ ઝેર ઉતરવાની ખાતરી બીજે ઠેકાણેથી અપાઈ છે. અડચણ માત્ર તેના ઉપયોગથી મોહોડાંમાં છાગરા ઉઠવાની છે એ માટે ઘીનો ઉપયોગ કરવો.

૮૫. દરદીને સાત કુવાઓએ ફેરવીને દરેકમાં તેનું મોઢું જોવાડીને અને તે દરેક કુવામાં એક એક અરદનો દાણો તેને હાતે નખાવવો, આવો ટુચકો છે.

૮૬. ડંખવાળી જગ્યાએ બ્લીસ્તર મુકવાની ભલામણ થાયછે, અને તે બ્લીસ્તર મુકવાનું અવાર નવાર ત્રણેક મહીના ચાલુ રાખવા ફરમાવેછે.

૮૭. સફેદ ચંપો જેને હીંદુઓ પુંજામાં વાપરેછે, અને તેને વળી ખુરચંપો કરી કહેછે, તેનુ મુળ લાવી પાણી સાથે ઘસી પાવું; અથવા લેપડી કરી જખમપર મુકવી.

૮૮. સોમળનો કડકો લઈ જખમની અંદર અને બાહેર લગાડવો.

૮૯. મીઠા પાણીમાં કે પછી કોઇ જગ્યાએ કાચબા થાયછે, તે કાચબાનુ ગોસ્ત દરદીને ખાવા આપવાની ભલામણ થઇ છે, અને તે અકસીર છે કરી કહેવાય છે એજ પ્રમાણે કરચલા ખવાડવા કહેછે.

૯૦. ઉપર જણાવ્યા પ્રમાણે સફેદ ચંપાનું મુળ લાવી ઘસીને ડંખપર વગાડવું; તેમજ પાવું; અને જ્યાં સુધી ડંખરૂઝાય ત્યાં સુધી એ ક્રીયા ચાલુ રાખવી.

જો સફા થવાના ચિન્હો ન જણાય તો તે માણસનુ માથુ મુડાવી તેના મસ્તકપર બારીક હથિયારથી ઘણાજ નરમ ને બારીક ૧૫ થી ૨૦ ઘા પાડી એજ મુળને બારીક વાટીને તે આટા જેવુ થાય કે તે પછી પેલા મસ્તકપરના ઘા ઉપર આસ્તે આસ્તે મસળવું. પાછળથી છીંક આવી બે ત્રણ કીડા નીકળી પડશે. એ ચોળવા ઉપરાંત દરદીને એજ મુળીઆંનુ પાણી પાવુ ચાલુ રાખવાથી પીસાબ વાટે બારીક જંતુઓ પડતાં જણાશે.

૯૧. કોસ્તીક પોટાશ (Caustic Potash) થી ડંખને બાળવાથી ફાયદો થશે.

૯૨. વેલાતી આમળીના પાંતરા જે નાના ને બારીક થાયછે અને જેના ઝાડ મુબઇના તાઉન હોલનાં કંપાઉન્ડમાં થાયછે, તેને છુદી થોડા થોડા ચવાડવાથી ફાયદો માલમ પડશે. એ ઉપાયને અજમાવેલો કહેવામાં આવેછે.

૯૩. હડખા કુતરાના જખમને દુઝતો રાખવાને માટે spanish flies ointment લગાડવાની ભલામણ થાયછે.

૯૪. વળી કેટલાકો નાઇત્રીક એસીડ લગાડવાની ભલામણ કરેછે, જેથી કરી જખમની જગ્યા બળી જવા ઉપરાંત ત્યાં જે કુતરાંની લબ લાગેલી હોય તે પણ એ એસીડથી ભસ્મ થાય. એ સંભાળથી લગાડવી, કારણ આ એસીડ આસપાસના ભાગો ઉપર પથરાઇ જવાની વલાણ ધરાવે છે.

૯૫. કુતરૂ કરડતાં પહેલી જે સંભાળ લેવાનીછે, તે એ છે કે કુવા, વાવ, તલાવ જયાંથીબી પાણી મળી આવે ત્યાં તુરત દોડી જઇ જખમને તુરત સાફ કરવો. જો તુરતા તુરત પાણીની કીટલી કે પછી પીચકારી મળી આવે તો વધુ સગવડ ભરેલી થઇ પડશે. એની સીધી ધારથી જખમને તુરત ધોઇ કાઢવો.

૯૬. જેવું કુતરૂ કરડે કે પછી દરદીનો જખમ નીમક અને પાણી વડી ધોવો. કુતરૂ સારૂ કે માઠુ હોય તેનો અપવાદ ન રાખવો. એ પછી કોઇ પણ જાતની દવાની સારવાર થાય તો તે દીન ૪૦ સુધીતો ચાલુ રહેવી જોઇએ. તે દરમ્યાન દરદીને માંસનો ખોરાક, નીમક કે મસાલેદાર વાણીઓ આપવી નહી તેને કદી દારૂ પાવો નહી. ફકત હલકા ખોરાકપર ગુજારો કરાવવો.

૯૭. એક દાખલામાં દરદીને ૨૫ જખમ થયલા તેને Muriate of antimony પ્રવાહી હાલતમાં લગાડીને બીજી કોસ્ટીકોથી દઝાડવામાં આવેછે તેમ દઝાડયો; અને થોડા દહાડામાં તેની ચામડીને રૂઝ આવ્યું.

૯૮. એક બીજી ભલામણમાં થાયછે, તે પ્રમાણે જયારે જાણ્યુકે દરદીને ઝેર શરીરમાં પચી ગયલુછે, ત્યારે બ્રાનડી, વાઇન વિગેરે જોશ આપનારા પીણાને વળી નીચલી દવાઓ આપવી:—

Citric acid (સાઇટ્રીક એસીદ) ૨૦ ગ્રેન; મરચાંની ભુકી ૧) ગ્રેન; તેમજ ગુલકંડ એટલો લેવો કે ઉપલાં વાણાને લાહી જેવા કરે. પછી તેને સાગ પંચ દારૂના એક પાઇન્ટ જેટલા તમલરમાં નાખી પાવો.

૯૯. તારતારીક એસીડ (Tartaric acid) ૨૦) ગ્રેન, મરચાંની ભુકી ૬ ગ્રેન, અને ગુલકંડ એટલો લેવોકે એ બંનેની ગોળી બનાવે. એ દવા બબે ત્રણ કે ચાર કલાકે જેમ જરૂર જણાય તેમ લેવી. સાથે સાથે ગરમ પાણીનું અંગોળ કરાવવું. તેમજ બાહેરથ તેલ ચોપડી માળીશ કરવુ.

૧૦૦. ઇપેકાકયુઆના આપી અતિષ્ય પરસેવો લાવવા ઉપરાંત તેજાના અને શકિતની દવા પાવી, જેવીકે—૨૦ ગ્રેન પીરૂવીઅન છાળ, (Peruvian Bark) તજની છાળ ૫ ગ્રેન; એ દવા સારા પોર્ટવાઇન સાથે દર બેથી ત્રણ કલાકે લેવી.

૧૦૧. સાંપના ઝેર ઉપર વપરાતી કરનાટક અથવા તાંજોરી ગોળી-ઓમાં હડખાના ઝેરપર અકસીર જણાઇછે.

૧૦૨. એવી વાત ચાલેછેકે જે માણસને હડખુ લાગેછે, તેની જીભ ઉપર નાની નાની ફુલ્લીઓ થાય છે; આ ફુલ્લીઓ કુતરાંએ કરડવા પછી ત્રીજે દીવસે પોતાની મેળે ફુટી જાયછે. આ સંજોગો વચ્ચે આ નાશકારક રોગના પહેલા ચિન્હો દેખાવ દેવા માંડેછે. પણ કેટલાકો પ્રમાણે હડખુ લાગવા પછી ૯ દાહાડે નસ્તર મારીને આ ફુલ્લીઓ ફોડવામાં આવેછે, અને નીમકના પાણીથી મોઢું અંદરથી ધોઇ બરોબર સાફ કરેછે; તો એ દરદની નાશકારક અસરો અટકાવી શકાયછે. આ સારવારથી કેટલાકોના જાણુ બચાવેલા કહેવાય છે.

૧૦૩. ૧૭૫૯ માં લનડનમાં ચેરીંગક્રોસ આગળ એક શખ્સે પોતાને હડખાયલા કુતરાંથી કરડાવીને પછી જખમમાં નીમક દાબીને પોતાને આ ઉપરના ઇલાજથી સારૂ કરવાનો દાખલો બેસાડેલો હતો.

૧૦૪. Oxygenated Muriatic acid અથવા Chlorine ને પ્રવાહી આકારમાં પીવા આપે છે. આખા દહાડામાં બધી મળીને

આસરે ૧।। ડ્રામ લેવા સારૂ ડા. પ્રીવી સેલી કહેછે. તેને Citron water અથવા syrup of Citron (લીંબુના શરબત)માં લેવી.

૧૦૫. લગભગ ઉપલી દવા જેટલીજ કે ખાતરી સાથે કહીશુતો ઉપલી દવા કરતાં વધારે જલદ અને અસર કારક દવા તો પ્રોફેસર ગજજરની Iodine Terchloride જણાશે. તેના ૫થી ૧૦) ટીપાં લીંબુ કે પછી નારંગીની છાળના શરબતમાં લેવા. એ દવાને બહારથી કાચી લગાડવી. પણ લગાડવા અગાઉ જો જખમને ધોવા પડેતો એજ દવાના થોડાક ટીપાં વજનસર પાણીમાં નાખી કહોની કે એક ઔંસ પાણી ०।। ડ્રામ દવા નાખી તેમ કરવું. પછી સાફ કપડાંથી નુછીને તે કાચી દવા ચોપડવી.

પછી ૧૦ ટકાનો એ દવાનો વેસલીન નાખી તૈયાર કરેલો મલમ ચોપડતા રહેવું.

૧૦૬. Broom-tops ના ફુલોનો સખ્ત કાવો દરરોજ ૧) થી ૧।। ઔંસ જેટલો પાવાની ભલામણ થાય છે. દરરોજ એ કાવો પીવા આપી મોઢાંમાં કાંઈ ફુલ્લી થઇછે કે નહી તે જોતા જવુ. જ્યારે ફુલ્લી દેખાય ત્યારે તેને ફોડી નાખી (નીમકના પાણીથી ધોઈ સાફ કરી) લાલચોલ સોયની અણીથી તે જખમોને દઝાડવામા આવેછે. અને ઉપલોજ કાવો દરદીને (ગમેતો નીમકની સારવારને બદલે) કોગળા કરાવવા આપવો. ત્રણથી નવ દહાડા સુધીમાં ફુલ્લીઓ દેખાવ દેસે એને ફોડી નહી નાખેતો શરીરમાં ઝેર પચી જઈ ભય પેદા કરેછે. લગભગ ૬ અથવાડીયાં સુધી આ કાવો પાવામાં આવેછે. યાદ રાખવું કે ફુલ્લીઓ દેખાવ દેતા વખત લાગે તેનું કાંઇ નહી; જેવી તેઓ દેખાવ દેકે ફોડી નાખી ડામ મુકી બાળી નાખવી. તે બાદ ઉપલોજ કાવો કોગળા તરીકે વાપરવો. એની ખાતરી અપાયલી છે એકાવા strong decoction of the tops of the flowers of the yellow broom ચાલુજ રાખવો.

૧૦૭. Skull-cap (Scutellaria tacteri flora) નામનું વસાણુ લેવાની ભલામણુ થઇ છે.

૧૦૮. જખમને ચોહ્લો કરી દર્યાઈ નીમકના પાણીથી ધોઇ સાફ કરી પછી લાલ તપાવેલાં લોખંડ વડે તુરત દામ દઇ તુરતજ બ્લીસ્તરનુ પ્લાસ્ટર લગાડવું, અને ઝેરી પાણી વહેતું કરવું. એવી રીને અવાર નવાર બ્લીસ્તરથી જખમ મહીનાઓ સુધી વહેતા રાખી મુકવા. પહેલે દાહાડેથી દરદીને Salvolatile ના ૧૫ ટીપાં બે ઔંસ પાણીમાં આપવા; એમ દહાડામાં ત્રણવાર આપતાં રહેવું. આગળ ચાલતા આ ભાગ વધારી ૨૦) ટીપાંનો કરવો અને બેજ વાર દરરોજ આપવુ. એમ લગભગ એક મહીનો ચાલુ રાખવું. પારાની મેળવણીનો જોલાબ આપવો પડે તે દહાડે એ દવા બંધ કરવી.

૧૦૯. Poke-root (Phytolacc decandria) નો ભુકો કરીને ૧ થી ૨ ગ્રેન પાંચ ઔંસ તાજા દુધમાં ઉકાળી દહાડામાં ત્રણ વખત પાવો. જયા સુધી દરદી સાફ થાય ત્યાં સુધી સારવાર ચાલું રાખવી.

૧૧૦. બાજરીનુ થુલું ૧ દ્રામ, એળીઓ ૧ દ્રામ, એકત્રકરી તેની ફાકી સહવાર સાંજ બે વાર કરવી. એમ એક માસ સુધી ચાલુ રાખવાથી ફાયદો થશે.

૧૧૧. અઘેડાના પાન (પાતરાં) તથા ઘી વાટીને પાવા ફરમાવેછે —ડા. વીરજી જીના રાવલ.

૧૧૨. અફીણ તથા ભાંગના ઉપયોગની ભલામણ ડાકટર રાવલ કરે છે, પણ આપણે આગળ જોઇ ગયા તેમ એવી વસ્તુઓ ઝેરને શરીરમાં રોકી રાખેછે, બહાર કાઢતાં નથી.

૧૧૩. અસલના યુરોપ્યન વૈદોની એક વિચીત્ર રીત The World of Wonders માં નીચે મુજબ આપીછે. જો હડખાયલુ કુતરૂ કરડે ત્યારે તેની જીભની નીચેના કીડાઓ કાઢી લઇ પછી એક અંજીરના ઝાડની પ્રદક્ષીના તેજ કીડાઓ સાથે કરીને ખાઈ જવા જોઇએ!

૧૧૪. ઝેરી કચુરાને ઘીમાં શેકી દુધમાં ઘસી પાવુ.

૧૧૫. દેવ બાબુલ (ગરમાળી) ના પાળાના રસમાં કસ્તુરી નાખી પ્રાસનાથ (પીવા) આપવી.

૧૧૬. કુંવેરનુ પાણી અને સીંધવ એકત્ર કરી જખમપર બાંધવાથી ત્રણ દીવસમાં વીશનો નાસ થાયછે.

૧૧૭. અગનિથી તુરત દઝાડવાથી અતિષ્ય ફાયદો થયલો જણાશે.

૧૧૮. કાબરની હગાર (ચરક) નો લેપ કરવો.

૧૧૯. જુનો ગોળ, કડવું કોળું, હોકાનુ પાણી અને ઝીઝરટીના બી એકત્ર કરી કુટી દીવસ ત્રણ સુધી પાવા.

૧૨૦. કુકર પાડામી અંદર કોકરવણુ અને પાણી નાખી પાવું. જેમ જેમ વિષનો જોર કમતી થતો જશે તેમતેમ ઉલટી થતી જશે.

૧૨૧. ઘોડાની લીદ બે અને મરી અર્ધ પાશેરને પાણીમાં મેળવી પાઇ દેવું.

૧૨૨. સાટોડાનો રસ પાવો.

૧૨૩. રીંગણી (વંતાકડી) નો રસ ઘીમાં નાખી પાવો.

૧૨૪. પાથરીનો કાઢો ઘી નાખી પાવો.

૧૨૫. જુનુ ઘી પાવુ.

૧૨૬. આકડાના છીરમાં (દુધમાં) મેળવી વિરેચન પદાર્થો આપવા.

૧૨૭. Magnesium Phosphate (MP.) અને Kalium Phosphate (KP) પીવા આપવાં અને તેનુ સ્ટ્રોંગ સોલ્યુશન બનાવી તેથી કટકા ભીંજવી જખમપર મુકવા. આ દવાઇઓ બાયો કેમીકલસને લગતી છે.

૧૨૮. ગરમાળીના પાનનો રસ પ્રત્યેક વેળા ચાર પૈસાભાર આપવો, અને તે ત્રણ દીવસ સુધી આપવો.

૧૨૯. Luyties Echinacea Angustifolia ને લઇ એ દવા ૧ તોલા પાણીમાં મેળવી જખમને સાફ કરવો. દર કલાકે ૧૦ ટીપાં ૧ ઔંસ પાણીમાં નાખી પાવા. ૧ ભાગ દવા ૩) ભાગ પાણીમાં નાખી કટકો ભીંજવી ડંખપર મૂકવો.

એનું Hypodermic Injection વાપરવું. એ માટે એ દવા અને ગરમ પાણી સરખે ભાગે લેવું,

૧૩૦. ઉલટી લાવવા સારૂ Pilocarpine Nitrate ચામડી વાટે પીચકારી મારી દાખલ કરવી.

૧૩૧. Cocaine ની ચામડી વાટે પીચકારી મારવી.

૧૩૨. Amyl Nitras સુઘાડવું.

૧૩૩. Cannabin કે પછી Cannabis Indica આપવું.

૧૩૪. Hydrargyrum perchloride થી જખમને ધોવો. તેનું સોલ્યુશ બનાવી ચામડી વાટે પીચકારી મારવી.

૧૩૫. Hyoscine કે Hyoscyamine વાપરવા

૧૩૬. Physiostigma, Physiostigmine નો ઉપયોગ કરવો.

૧૩૭. Rabies ante-toxin સીરમનનો ઉપયોગ કરવો

૧૩૮. Cocaine ની Syringe ચામડી વાટે પીઠમા દાખલ કરવી.

૧૩૯. બુઇસેનની રીત પ્રમાણેનુ સ્ટીમ બાથ આપવું.

૧૪૦. *'સીગતરો' એ નામનુ બાટવુ થાયછે. તેના ઝુમલ તોલો ૦॥ અડધો મરી નંગ ૨૧) પાણી તોલા ૫) લેઇ વાટી કપડછાન કરી દરરોજ સવારના જેને હડખુ કુતરૂ કરડયુ હોય તેને પાવુ, એમ દીવસ સાત સુધી પાવું; તેથી હડકવા ઉપડતો બંધ પડશે અને હડકવા ચાલ્યો હોય તો એ દવા પાવામાં લેતો બેસી જશે.

૧૪૧. *તલનુ તેલ અજીર્ણું થઇ જાય ત્યાં સુધી પાવું એટલે રેચ લાગી જીવડા નીકળી જાયછે.

૧૪૨. જંગલી પીપર નદી કીનારે તથા પગવાટ કાંથે કે પંગર કાંથે હોય તેનો પાળો તથા સરવે (આંગ) છુડી દન સાત સુધી પાય. ખાટુ ખોરૂ તથા વાએદુ ખાવાનુ મનેછે તે દન ૭) સુધી તદન બંધ કરવુ. તો એમ કરવાથી આરામ ને હડકવાનુ વિખ ઉતરે અને પીશાબ વાટે કીડા પડે—કેતાબે-હકીમાં

* વિધા કળા મહા મંડળ-વડાગામ-મહી કાંઠા.

૧૪૩. ભોય રીંગણી જડ સમેટ લાવી બાલી કોયલો કરીને પીસી નાખી, માલીસ કરીને દીવાના બળતાં તેલમાં મેળવી ડંખપર લગાડે—કેતાબે હકીમાં.

૧૪૪. નેપાળો ટાંક ૧) નસોતર ટાંક ૧), ટંકણખાર ટાંક ૧) કડવી તુંબડાનો ગરભ ટાંક ૧ા ગોળ ટાંક ૪ા; તે સર્વની ચણા જેવડી ગોળીઓ બનાવી કુના પાણીમાં ખાવાથી હડકવા મટેછે.

૧૪૫. તુવરની દાળને થોડી લઇ તેને આંકરાના દુધના સાત પટ આપી ચણા જેવડી ગોળીઓ વાળી દરરોજ સહવારે પાણીના ઘોટ સાથ ગળાવવી. તેથી જુલાબ થઇ ઝેર ઉતરશે.

૧૪૬. Hound's tongue પાળો બાંધવો.

૧૪૭. All-heal ના મુળીયાને ઘસી ચોપડવા.

૧૪૮. Angelica roots ઘસી લગાડવા.

૧૪૯. Balm નો પાળો ચોપડવો.

૧૫૦. Dwarf Elder નો પાળો બાંધવો.

૧૫૧. Pimpernel નો પાળો બાંધવો.

૧૫૨. Wood Betony નો પાળો બાંધવો.

૧૫૩. લીલી અખરોટ, કાંદા, નીમક અને મધની લાહી લગાડવી.

૧૫૪. ઘઉના કુમળા ફણગા (Corns) ને ચાવી ડંખપર બાંધવા.

૧૫૫. ઉદરની લીંડી પાણીમાં ઉકાળી ડંખપર લેપ કરવો.

૧૫૬. નીર્ગુંડોનો પાળો વાટી તેની લુગડી ડંખપર ઘડી ઘડી બાંધવી.

૧૫૭. ગોળ, મીઠુતેલ અને આકરાનું દુધ સરખે ભાગે લઇ હાતમા ચોળી ડંખપર લેપ કરવો.

કુતરાનુ હડખું.

૧૫૮. વીનડીટ દાક્ટર કુટઝની તૈયાર કરેલી નીચલી સારવારની ભલામણ કરેછે:—

પહેલાં જંખમને ગરમ કુકરાં પાણીથી ધોઇ કાઢીને પછી તેને Powdered Cantharides થી કરી આપો ને આપો ભરી નાખો. ૦ા ગ્રેન થી ૧) ગ્રેન કેલોમલ દર ચાર કલાકે આપવું. તેમજ રાત્રેબી ચાલુ રાખવુ. પહેલા વખત જખમ ઉપર સહવાર

સાંજ એક સ્કુપલથી ૦ાદ્રામ મરકયુરીયલ ઓઇન્ટમેન્ટ મસળવો જે પછીથી બીજા ભાગો ઉપર એ મલમ લગાડવાનુ ચાલુ કરવુ. જો બ્લીસ્ટરથી ફોલ્લો ઉઠીયો હોય તો કાતરથી કાપવો; તે ગંધાતો પાઉડર પછીકાઢી નાખી, પછી તે ઘા ઉંડો કે પછી જરા જેટલો હોય તોપણ એજ પાઉડર તાજો લઇ ભભરાવવો. અથવા તો જે જગ્યાની ચાંમડી નીકળી આવી હોય તે ઉપર Emplaster Cantharidis મુકી પાટો બાંધવો. આએ સારવાર ૬ અથવા ૭ દયા સુધી ચાલું રાખવાની છે. પણ તે દરમ્યાન દરદીની કાંકણી હાલત ધ્યાનમાં લેવી વળી કેલોમલ આપવાનુ અને મળમ ચોપડવાનુ એટલાં સુધી ચાલુ રાખવુ કે જ્યારે દરદીને લખ ગળવા માંડે ને તેના દાંતના પાલા સુઝી આવે; અને તેમ કરી તેના મોહોડામાંથી એક પાઇંટ જેટલી થુક રોજ પડે. દરદીને લખ પુરતી રીતે પડે તેને માટે પુરતુ કેલોમલ આપ્યા જવાનું છે.

એ સારવારથી ૧૮૪ દરદીઓમાંથી માત્ર બે દરદી કુતરાએ હડખુ લગાડવા પછી મરણ પામ્યાં હતા.

કુતરાંનું ઝેર.

૧૫૯. બેલાદોના (Belladonna) ના મુળીયાં માટે બ્રેરા અને વાન સ્કાલીયન ભલામણ કરેછે, બ્રેરાએ એ મુળીઆને સર્વથી મોટા પ્રમાણના દોઝમાં વાપરીયું હતુ તે ૩) દ્રામ જેટલું ૨૪ કલાકમાં વપરાયુ હતુ. દરેક દરદી પછવાડે લગભગ આઠ ઔંસ જેટલો જહો બધા વખતની સારવારમાં વપરાયો હતો. તે ઉપરાંત કેલામલ (Calomel) અથવા નહીતો રસ કપુર (Corrosive sublemate) પીવા આપી પારાનો મલમ બહારથી માલીસ કીધો હતો.

વાન સ્કાલીયન જખમને કાસ્ટીક લગાડવી તેને ઉંડો કોતરવા, લોહી વહેતુ કરવા, અને પછી નીચલા મલમની પટી વતી જખમને બાંધી લેવાનું પસંદ કરેછે :—

કપુર ૧૨ ગ્રેન. ૪૦ ટીપા તરપેનટાઇન તેલ, ૨ ઔંસ બેસીલીકોન મલમ(ગમરોઝીન અથવા રાજમનો મલમ), ૮) ગ્રેન સીવીચંન, ૭ ગ્રેન પાઉડર કેનથેરીડીસ એ સરવેને ૧૪ દીવસો સુધી લગાડવુ

એ ઉપરાંત બેલાડોનાનુ મુળીઉ, કેલોમલ, કેજીયુપ્યુટી ઓઇલ (Cajuputi Oil) અને ખાંડ આપવાની ભલામણ કરેછે.

બેલડોના મુળનો દોઝ દરદીની હાલત તથા સંજોગ જોઇ વધાર ઘટાડ કરવો ¼ થી ½ ગ્રેન કે પછી ૧ ગ્રેન રાખવો, અને એમ કરવાથી તે બેવક જોવાની સરૂઆત કરે અને તેને તમ્મર આવવા માંડે ત્યાં સુધી ચાલુ રાખવું. જો આવા ચીન્હો તુરતજ જણાય તો બેલાદોનાનો દોઝ વધારવો નહી. એજ રીતે તે ૧૪ દહાડા પાવું. કેજીયુપ્યુતી ઓઇલ (એલચી અથવા કાયા કુટીનુ તેલ) અને કેલોમલના દોઝોમાં વધાર ઘટાડ કરવાના નથી. ૧૪ દહાડા પછી બેલાડોનાનો દોઝ શરૂઆતમાં જેટલો આપવાનો સરૂ કરેલો તેટલો આસ્તે આસ્તે પાછો લાવવો અને તે ૨૮ દહાડા સુધી ચાલુ રાખવો. ૧૫) માં દહાડાથી જખમને ઉપલા મલમથી ડ્રેસ કરવાનો છે. ૨૮મા દહાડા પછી ૩ ડ્રામ બેસીલીકોન મલમ ૫ ડ્રામ Ung altheae મેળવી વાપરવો. પીવાની દવા દરરોજ તાજી બનાંવવી અને જ્યાં સુધી જખમ રૂઝાય ત્યાં સુધી પુરતા જથ્થામાં પાવી.

૧૫૯. બરડોકના મુલ્યાને થોડાં નીમક સાથે વાટી જખમપર મુકવાં.

૧૬૦. Gentian, felwort or Baldmony ના મુળીઆનો કાવો પાવો. એજ કાવાથી જખમને ધોવો.

૧૬૧. Horehound ના લીલાં પાંદડાને તેલ અથવા ચરબી સાથે મેળવી ચુલાપર મુકી ઘટ બનાવી મલમ કરી જખમને લગાડો.

૧૬૨. Spearmint or heartmint (ફુદનાને) નીમક સાથે મેળવી લુગડી કરી જખમપર મુકો.

૧૬૩. કાદાની પોલટીસ કરી મુકવી Honey-sukle નો પાલો ચરબીમાં ઉકાળી મલમ બનાવી જખમપર મુકવો.

૧૬૪. Elder or Dwarf Elder ના મુળીઆનો કાવો પાવો અને લગાડવો.

૧૬૫. રેતાળ જમીનમાં ઝાંખરાના જેવો છોડવો થાય છે તેને

શણ—ખીપ—શંગીતરા કહે છે આ ઝાડવાળા ઝાંખરા રેતીની ગાડીવાળા પોતાની ગાડીમાં ભરી લાવે છે.

રીત:—એ ઝાડ ૧) પૈસાભાર લઇ તેમાં મરી નંગ ૨૧) પાણી તોળા પાંચ સાથે વાટી કપરછાન કરી સાત દીવસ સહવારના પાવુ. જીવતાં સુધી હડકવા ઉપડતો નથી અને ઉપડયા પછી એને પાવામાં આવે તો તેની સાથે પથય આ પ્રમાણેછે:—

અજીર્ણુ થાય એટલું તલનું તેલ પાવાથી ઝાડા સાથે નાના જીવડાં નીકળી જઇ ઉપડેલો હડકવા ઇશ્વર કૃપાથી શાંત થાયછે.

કુતરાંનું ઝેર.

૧૬૬. કરડી ગયલું કુતરૂ હડખાયલું છે કે નહી તે જાણવા માટે કુતરીઆ ઘાસનો એક ટુકડો લઇ વાટીને ગોળ સાથે મેળવીને રાત્રે સુતી વેળા દરદીને ખવડાવવો. સવારે ઝાડા સાથે કુતરાનું બચ્ચુ દેખાય તો જાણવું કે કુતરૂ હડખાયલું છે. કુતરાનું ઝેર લાગુ પડયું હોય તો એક ઘાસ જેને સણ, ખીપ અથવા સંગીતરા કહે છે તે ૦॥ તોલો લઇ પાણી સાથે વાટીને દીન ૭) પીવું. પરેહજી તેલ, મીઠુ મરચુ, ગોળ ખાવું નહીં.

હડખાં ચઢેલાં દરદીને મીઠુ તલનું તેલ બદહજમી થાય ને જુલાબ લાગે તેટલું પાવુ =નવશારી પ્રકાશ. તા૦ ૪-૧-૧૨ લખનાર મી૦ દી૦ પી૦ માદન.

કુતરાંનુ ઝેર ઉતારવાનુ મંત્ર.

૧૬૭. नारसिंहाय वशिष्ठाय वामदेवाय युधिष्टिराय कृष्ण कृष्णाय वासुदेवाय नमो नमः ॥

આ મંત્ર રાખ હાથમાં લઇને સાત વખત ભણવો પછી તે રાખને ડંખવાળા ભાગ પર ચોપડવી. આ પ્રમાણે સાત દહાડા કરવાથી કુતરાંનુ ઝેર ઉતરશે.

કુતરાના ઝેરનાં ઉપાય.

૧૬૮. દેશી હકીમોનું એવું કહેવું છે કે જો એક સાવધ કુતરૂં એક વાંદરાને બાચકુ ભરે તો તેજ કુતરૂં આસરે ત્રણથી ચાર મહીના પસાર થતાં ઘેલું થાય છે, તેને હડક્ષુ ઉભરી આવે છે.

૧૬૯. અતિશય ગરમીના દીવસોમાં પાણી ન મલવાને લીધે કુતરાંઓ ઘેલાં થઇ જાય છે.

૧૭૦. ક્રોમોપેથી (Chromopathy) પ્રમાણે ગરમીના દીવસોમાં ગરમીને સબબે ઘરના કુતરાંઓને ઘેલાં થતાં અટકાવવા બલુ બાટલીમાં તૈયાર કરેલું પાણી પાવું. એક સફા બલુ બાટલીમાં તાજુ પાણી ભરી સુરજના તાપમાં બેથી ત્રણ કલાક રાખવાથી તે પાણી તૈયારં થાય છે. એ પાણી ૫ થી ૬ ઔસ કે તેથી વધુ કુતરાંને આપવું.

૧૭૧. અંકોળનું મુળ ઘસી પાવું.

૧૭૨. જખ્મને દાબી લોહી કાઢી ગરમ ઘીથી દઝાડીને ઉપરથી જુનુ ઘી પાવું; અને આકડાના દુધમાં બીજા પદાર્થો મેળવીને નાખનો જુલાબ આપવો.

૧૭૩. સફેદ સાટી અથવા વિષખપરા અને ધતુરાની જડ ઘસી જરા જરા પાવાં.

૧૭૪. તલ પીસી લગાડવા.

૧૭૫. તેલ ગરમ કરી લગાડવું.

૧૭૬. ગોળથી દઝાડવો.

૧૭૭. દીવાનું બળેલું ગામતી તેલ લગાડીને લાલ મરચાંની ભુકી જખ્મમાં દાબવી. એ ભુકીથી જખ્મને ભરી દેવો.

૧૭૮. પછી ઉપરસ મકડીકા (હિન્દી), સફેદ જાલા (હિન્દી) મેળવી એક રસ કરીને પટી બાંધવી.

૧૭૯. પીતલ કે કાંસાની થાળી કે લોટા તેની આગળ ખાવાની વખતે પાણી પાતાં ન રાખવા. કારણ કે તેમાં જો તે આરસીની માફક પોતાનું મોહોડું જોય તો જોખમ છે. પાણી ભરેલા

વાસણ, કુવા, તળાવ અને નદી નજદીક તે ન જાય તેની સંભાળ લેવી.

૧૮૦. પાણી પાતી વખતે આંખ બંધ કરાવવી.

૧૮૧. કોઇબી રીતની ભીણી જગ્યાએ તેને જવા ન દેવો કે તેનું રહેઠાણ ન કરવું.

વધુ ઉપાયો:—

૧૮૨. સર પંખાની જડ (નીલજોજરૂં) ૧૦ માસા જેટલી અને તેનાથી અરધી ધતુરાની જડ તથા એટલાજ ચાવલ લઇ એ બધાને ચાવળના પાણીમાં (ધુવાણમાં) પીસીને ધતુરાના પાતરાંમાં લપેટીને પકાવવાં અને પછી એ ઔષદની ભાંતિ ખવાડવી.

૧૮૩. એ દરદીને પાણી અને સરદીથી નિરાળા સુક્કા ઓરડામા રાખીને તેને શાંતિ લાવવી. કદાચ ઉપલાં ઔષધની સારવાર છતાં ઝેરની કસર હજુર રહી જાય તો ઉપલીજ દવાનો અરધો ભાગજ માત્ર ફરીથી પાવો. પણ તે માત્ર ત્રણથી પાંચ દીન જવા દઇને આપવો. જો પછી ઝેરનો નાશ થયલો લાગે તો સારા સંજોગ જોઇ નહવડાવો, અને વળી ઉલટી તથા જોલાબ આપી શુદ્ધ કરવો.

૧૮૪. **નાગન વેળ**ની જડ બે જાતની માળવામાં થતી જણાય છે; એક કાળી, બીજી ભુરી. કાળી જડ સાંપના દરદો પર અકસીર છે. બીજી એટલે ભુરી કુતરાના ઝેરપર ગુણકારી છે.

એ બીજી એટલે ભુરી જડથી સારવાર કરવાની રીત:—

નાગનવેળની ભુરી જડ ૬ માસા લઇને પાણીમાં પીસીને પાવી; જેથી ઉલટી થશે, અને નહી તો ઉલટી કરાવવી. એમ થવાથી હડકવાયુ ઉભરશે નહી. જો હડકવાયુ ઉભર્યો તો તેનો ૧ તોલો લઇ એની ભાંતિ પાય છે. જેથી ઉલટી થઇને કુતરાના આકરના જીવડા પડી ઝેર નીકળી જાય છે.

૧૮૫. આ ઔષડની માત્રા બે ત્રણ વાર આપવી. પણ તે ફરી ફરીથી ઘટાડીને થોડા થોડા અંતરે પાવી.

૧૮૬. એક તોળો **લસોઢા** (હિન્દી) ના પાદડા લઇને ૧૫ કાળાં મરીને બારીક વાટી એક રસ કરીને પાવા. એ ઇલાજ અજમાવેલાની ખાતરી અપાયલી છે.

૧૮૭. કાંદા કુટીને મધમાં મેળવી લેપ કરવો. ઝેરી કુચલાને માણુસના મુત્રમાં ઘસી લેપ કરે; અથવા તેને માણુસના મુત્રમાં ઉકાળી પીસી નાખી લેપ કરે.

૧૮૮. કુચલાના બીજ શરાબમાં **સંભાળથી** ઉકાળીને છોળી એક રતી ભાર હરરોજ ખવાડે.

૧૮૯. અથવા કુચલાને પાણીમાં ઉકાળીને જરા ગોળમાં મેલવી ખવાડે.

૧૯૦. એજ કુતરાંની જીભ ઝળાવીને ઘામાં ભરે; જેથી ઝેર અસર ન કરે.

૧૯૧. **તલૈના** (હિન્દી) જે વરસાદમાં થાય છે તેને એક દબીમાં બંધ કરી સુકવીને ચણા જેટલી ગોળમાં ગોળી વાલવી અને ખવાડવી.

૧૯૨. **દરાખના લાકડાની** રાખ સરકામાં મેલવીને લગાડવી.

લાલ બનાત લેઇને તેના ચણા જેટલા સાત ટુકડા કરીને ગોરમાં સાત દહાડા ખાવી એ બાબે આગળ જણાવીએ છીએ.

૧૯૩. જખમને ચીરી લોહી કાઢીને કાસટીકથી બાળી ને રાખનો લેપ કરવો.

જે કુતરાંએ કરડયો હોય તેના બાળ લઈ ઝલાવી તેની રાખ ડંખમાં દાબવી. એ ઉપાયબી આગળ રજુ કીધા છે.

૧૯૪. **કલૌજીની જવારોશ** ખાવી ગુણદાયક છે.

૧૯૫. **મુળાંના પાતરાં** ગરમ કરી ડંખ પર બાંધવા.

૧૯૬. **ઉંદરની લીંડી** પીસી લગાડે.

૧૯૭. **સંભાલુના** પાતરાંની લેપડી કરે.

૧૯૮. **બાજરીના ફુલને** એક માસા ભાર ગોળમાં મેળવીને દરરોજ ગોળી બનાવી ખાવું.

૧૯૯. **કલૌજીને** બે પૈસા ભાર લઇને પાણીમાં ત્રણ દીવસ ફાકે.

કુતરાના હડખાનું મંત્ર.

૨૦૦. આ મંત્ર ઐરગામવાળા મરહુમ હોરમજી ફરામજી દોરડીની પાસે હતો; એના રામબાણપણા માટે ખાતરી અપાઇ છે. આપણા મુંબઇ તાપુના જાણીતા હકીમ શેઠ અરદેશર આશાની તા૦ ૧૦-૨-૭૫ ની લખેલી એક પુરાણી કેતાબમાં એ મંત્ર ઉતારી લીધો છે, તેવણે એ મેરબાનીની રાહે લોક કળયાણ અર્થે સેવકને આપ્યો છે તેથી હું તેવણનો આભારી છું:—

મંત્ર.

નગર કામરૂ-જાખુ,-કુતા,-ભુકુ ભાગ-ઉપર દનતા-પકીના ફાતે-બેઠ જુગ, પીર કરે તો મેરે લુનાર ચંમારકી આન-જાગ બેઠા પીર કરે-તો મેરે ગુરૂકીઆન—જો બેઠા પીર કરે તો.

પહેલાં કુમારી કન્યાને હાથે ચોખા લઇ દળાવવા. અને તેનેજ હાથે કુવામાંથી ચોખ્ખુ પાણી કઢાવવું. તેણી હવે પહેલાં ચોખાનો આટો પાણીમે મસળીને ચાર લાડવા બનાવે; અને પેલા મંત્રવાડીને સ્વાધીન કરે. આ બાજુ પેલા દરદીને પશ્ચિમ દસા તરફ મોહ કરીને એક ખુરસી પર ફરાગાત બેસાડે. એ વખતે તેના બંને પગો વળેલા હોવા જોઇએ નહી. પણ જાણે તે ઇજીચેર (આરામ ખુરસી) પર પગ લાંબા રાખી બેઠો હોય તેવી રીતે પેલા પગોની ઢપ છબ રખાવવી. પછી એક લાડવો લઇને દરદીને આપી તે હાથમાં ફેરવીઆ કરે એમ કહેવું. ત્રણ લાડવા જે રહ્યા તેમાંનો એક લાડવો લઇ દરદીના માથા પરથી પગ સુધી મંત્રવાડીએ ફેરવવો. આ પ્રમાણે તે લાડવો ફેરવવાનું કામ સાત વખત કરવું. જેટલી વખત લાડવો ફેરવો તેટલી વખત ઉપલું મંત્ર ભણતા રહેવું. આવી રીતે સાત વખત ફેરવેલો લાડવો જુદો રાખવો. પછી તમારી પાસે વગર ફેરવેલા બે લાડવા રહ્યા તેમાંથી એક લાડવો લઇ તે સાત વખત ફેરવવો, અને સાત વખત ઉપલુંજ મંત્ર ભણવું. વળી આ બીજો ' ઓતારેલો" અથવા ફેરવેલો લાડવો પેલા આગલા ફેરવેલા લાડવા સાથે બાજુએ મુકવો.

હવે ત્રીજો લાડવો બાકી રહ્યો તેનેબી ઉપલા લાડવાની માફક સાત વખત ફેરવી સાથે સાથે મંત્ર સાત વખત ભણતા રહેવું.

હવે જરા અહીં ધ્યાન આપવાનું છે. હવે ત્રણ લાડવા આપણે વારા ફરતી ૭ વખત ફેરવી બાજુ મુકયા છે, તે હવે સામટા લઇને તે ૨૭ (સતાવીશ) વખત ફેરવવીને પાછું ઉપલું મંત્રબી વળી ૨૭ વખત ભણવું.

એ ક્રીયા થઇ રહેવા પછી લાડવાને ભાંજી જોશો તો બાળ નીકળશે. જેવાં રંગના કુતરાંએ દરદીને કરડેલો હશે તેવા રંગના બાલ ઉપલા ભાગેલા લાડવામાંથી નીકળશે.

હવે એ દહાડા પછી બીજો દીવસ ફરીને ઉતારવાનો નકી કરવો. તે આતંવાર—મંગલવાર કે સનીવાર હોવો જોઇએ. જયાં સુધી બાલ નીકળીયા કરે ત્યાં સુધી આતવાર, મંગલ કે સનીવારે દરદીને બોલાવતા રહીને મંત્ર તથા લાડવાસાથની ક્રીયા વતી એ ઝેર ઉતારવું.

હર દીવસે જયારે તમો તેને ઝેર ઉતારવા બોલાવો ત્યારે કુવાના પાણીથી અંગોળ કરાવો. પછી ધોતા કપડા પહેડાવી તમારી સામે બેસાડી ક્રીયા વીધી ચાલુ કરવી.

ગોળ, તુવરની દાળ વગર નીમકની અને ચાવલ અથવા ચોખાની રોટલી જયા વેર બાલ નીકળયા કરે ત્યાંવેર ફકત ખાવા આપવાં. જયાવેર બાલ નીકળે ત્યાંવેર ફરી ફરીથી નકી કીધેલા દીવસોએ દરદીને બોલાવીને ઉજીયા કરવું. પાણીમે અને આરસીમે મોઢું જોવા નહી દેવું. કારણ કે જુએ તો ઘણું વીખ ચઢે. લાડવો હાથમાં લઇ ઝેર ઉતારતાં યાદ રાખવું કે હાથ પાછો નીચે ઉપર જાય નહીં. દરેક વખતે હાથ ઉપરથી નીચે જાય એ ધ્યાનમાં લેવું.

૨૦૧. આગળ આપણે જે મી૦ આસાએ આપેલો મંત્ર જોઇ ગયા. તેમાં કાંઇ ફેરફાર સાથે એક બુજોર્ગ ગ્રહસ્થ જે એનો ઉપયોગ લાંબો વખત સુધી ઘણી ફતેહમંદીથી કરતા હતા, તેવણના વારેસે આ ફેરફાર કરેલું મંત્ર અને તેની વીધી જણાવી છે તે અતરે રજુ કરીશું:—

કુતરાંનો મંત્ર.

નગર-કામરૂ-જાણું-કુતા-ભુકુ-ભાગ-આવે-રડતાં-પકેન ફાટે-ભુકે-ન ભાગે-બેહાપીડ ન કરી-લુનાર-ચમાર-કી-આન-બેઠા પીડ કરે તો મેરા ગુરૂ કીઆ ન-જો બેઠા પીડ કરે તો.

એ મંત્રથી ઉતારવાની વીધી—ચોખાનો આટો લઇને તેને બારીક પીસીને પછી ચોખ્ખા પાણીથી આટો બાંધી તેમાંથી સાત ઉરીઆ (લાડવા) બનાવવાં. પહેલા દરદીને થંડા પાણીએ નહવડાવીને પછી તેને ખુરસીપર લાંબા પગ કરાવી તડો બેસાડવો. આ પછી પેલાં ઉરીઆ (લાડવા) માંથી એક દરદીના હાથમાં આપવો, અને તેને હાથમાં ફેરવીઆ કરવા કહેવું. બાકીના ૬) લાડવા એક બાજુ રાખી તેમાંથી એક લાડવો ઝેર ઉતારનારે પોતાના હાથમાં લઇ સાત વખત ઉપલુ મંત્ર ભણુતા ભણુતા જે હાથમાં લાડવો પોતે પકડેલો હોય તે લાડવાનો હાથ દરદીના માથા આગળથી પગ સુધી નીચે ઉતારવો. યાદ રાખવું કે દરેક વખતે મંત્ર ભણુનારનો હાથ ઉપરથી નીચે ઉતરે અને પાછો નીચેથી ઉપર જાય નહી. એમ સમજોની કે જાણે આપણે એક નજીસ ચીજ એક વખત તેના માથા આગળથી પગ સુધી કાઢી નાખી તેને પગથી માંથા ઉપર પાછી ચઢાવવી નથી. એટલે ઉલટો હાથ લેવાનો નથી. એક લાડવા વટી સાત વખત નીચે ઓવારવાનુ કે ઉતારવાનુ છે; અને સાત વખત મંત્ર ભણુવાનુ છે. એ પછી આ લાડવાને એક બાજુ અલાહેદો મુકી બાકીના પાંચ લાડવાને એકએક પછી ઓવારતા જવુ. સાત સાત વખત એક લાડવા સાથે મંત્ર ભણુતા જવું, અને ઓવારતા જઇ પેલો લાડવો બાજુએ મુકતા જવું. એવી રીતે ૬ લાડવાને એક એક પછી ઓવારતા બધા મળી ૪૨) વખત મંત્રો ભણુવા પડશે.

હવે એ પછી જે કીયા કરવાની રહીતે પેલા ૬ લાડવા ભાજી જોવા અને જોવું કે તેમાંથી બાળ નીકળે છે કે કેમ. જો બાળ મુદલજ ન નીકળે તો જાણવું કે કુતરૂ હડખાયલુ નથી. અગરજો બાળ નિકળીઆ તો દરદીને બીજી વખત ચોકસ દહાડે બોલાવી ફરીથી નહવડાવી સોજાં કપડા પહેડાવી આ લાડવાઓથી ઉતારવાની વીધી ચાલુ

કરવી. જ્યા સુધી બાળ નીકળયા કરે ત્યાં સુધી બોલાવતા રહીને એ ક્રીયા કરવા કરવી.

મંગળ, ગુરૂ અને રવીવારે આ ક્રીયા કરવી, અને ઝેર ઉતારવું.

દરદીને ગોળ ખવાડવા આપવો.

એ દરમ્યાન વેળા પરની તર—તરકારી અને કોઇબી જાતની લાંબી ચીજ ખાવા ન દેવી.

ઝેર ઉતારનારે ઘણુ કરી નાળીયેર ખાવું નહી. કુતરૂ કરડવા પછી ૧૨ થી ૧૫) દહાડા રહીને આ મંત્રથી ઉતારવાની તજવીજ કરવી. એની આગમજ દરદીને દરેક ચીજ ખાવા ફરમાવવી. પણ ઝેર ઉતારતા બાળ નીકળે તો પછી સખ્ત કરી પળાવવી અને ઉપર લખેલી રીતે પરહેજી કરાવવી.

જો દરદીઓ બાળ નીકળવા પછી કહેલી પરહજી પાળતા નથી તો પછી ઘણી શ્રમ લઈ મંત્રવાદીએ બાળ નીકળવાનો જઠો ઓછો કરી નાખી ઝેરને નીરમુળ કરી નાખવા છતાંબી આવી કસુરે કરી પેલા ઉતારેલા લાડવાઓમાં બાળનો જઠો વધી જતો જણાય છે. અને બીચારા એક દોહોડયાની આશા ન કરનાર મંત્રવાદીને તકલીફમાં ઉતરવું પડેછે. આ ઇલાજ સીદ્ધ છે કરી ખાતરી અપાયલી છે. એથી હજારો માણુસોની સારવાર થયલી છે એવી વાતો સંભળાઇ છે. એજ કારણુસર માણુસ જાતના ભલાં અર્થે તે બહાર મુકવાને લાગતા વળગતાઓએ ઉદાર દીલની લાગણી બતાવી છે, તે માટે તેઓ સાહેબોનો આભારીછું.

આજ મંત્ર અને વીંચી કોહોળાંના ડંખ માટેબી ચોકસ છે, માટે વપરાએ તો હરકત નથી.

હડખુ ઉભડવા આગમચ આ મંત્રનો ઉપયોગ કરવાનો છે પાછળથી એની શકિત નિરમુળ થઇ જશે.

કુતરાનું ઝેર.

(દસ્તુરવાળી જામાસ્પીને આધારે)

૨૦૨. ધતુરાનું દીડવું, લીંબુનો પાળો, જે લીંબુનો હલવો કરે છે તેનો પાળો વાટીને લેપડી કરી લગાડવી.

૨૦૩. આથાં મુળનો લેપ કરવો.

૨૦૪. ઉંદરની લાંડી તથા દેશી ગોળ સરખે ભાગે લઇને તેની ચણી-બોર જેટલી ગોળી વાળવી. માત્રા ગોળી ૧) થી ૩).

૨૦૫. કડવી તુંબડીનો ગર તોલા ૫) તથા કંકોડી તોલા ૫, એ બેને વાટી ભેંસની છાશ શેર સવામાં ઉકાળી અરધ રહે ત્યારે ઉતારીને તેમાંથી થોડું થોડું પાવું. ઉપરથી જુના ચોખા રાંધી માહે દહી નાખી પાઇ દેવું.

૨૦૬. ઇંદ્રામણુંનો ગરભ તોલો ૧), તથા ગોળ તોલા ૨ ની ગોળી ૩) કરવી. હમેશાં એક આપવી.

૨૦૭. કુકડવેલના પાળાનો રસ તોલો ૦॥ પાણીમાં પાઇ દેવો.

૨૦૮. હડકવા—હડકાયું કુતરૂં કરડયા પછી રામ બાવળીઓ (જેને પીળાં ફુલ આવે છે તે), તેનાં પાન વાટીને તેમાંથી રસ કાઢવો. આ રસ પાવાથી તેને હડકવા થતો નથી, એમ કહેવાય છે. ત્રણ દિવસ સુધી તો રોજ સવારે એક વાર પાવું. ખોરાક માત્ર ચોખા તથા દહીં.

નાગ, સાંપ વિષેનું સાર રૂપે ટુંક વર્ણન.

(મી૦ કાવસજી ધનજીભાઇ મહાલક્ષ્મીવાલાના ભાષણો ઉપરથી.)

સાંપનું રહેઠાણ—કેટલાક અળસિયા જેવા આંધલા સાંપો જમીનના પેટામાં આખી જીંદગી ગુજારે છે, અને જમીનની સપાટીપર કદાચજ નજરે પડે છે.

બીજી જાતના સાંપો જેવા કે, સરપતોલા, હરીઆલ વગેરે ઝાડોપર રહે છે, અને નાના પ્રાણીઓ પર ગુજારો કરે છે. વળી પાણીમાં રહેનારા સાંપો નદી, તળાવ વગેરેમાં નજરે પડે છે.

કેટલાક સાંપો આખો વખત દર્યામાં ગુજારે છે. તેઓના નાકના કાણા અથવા નસકોરાં મોઢાની છેક ઉપલી ટોંચપર હોય છે.

સાંપનો ફરહર કરવાનો વખત.

સાંપ આસ્યતે તો ઘણા સુસ્ત છે. તેમાં મુખ્ય કરી મધ્યાન બપોરે ગરમીના વખતે નીરાંતે પડી રહે છે. સાંજ થવા પછીજ ખોરાકની શોધમાં નીકળે છે.

નાળાના કાંઠાઓ, ઘાસ સાથની ભીનાસવાળી જગ્યાએ ઉધઇ અથવા વાગુઓએ બનાવેલાં મટોડાના જુના દરો, પથરોની નીચેના ખાંચાઓ અને ઝાડોના પોકળ થડો એ તેના રહેઠાણો છે.

થંડા મુલકોમાં શિયાળાના દીવસોમાં જમીનમાં ભરાઇ રહી સુસ્ત પડી ને પછી ત્યાં ગરમ રૂતુ બેસતા તેઓ તેજી પકડે છે; જ્યારે એથી ઉલટુ ગરમ મુલકોમાં ગરમીની મોસમમાં સુસ્ત પડી રહી વરસાદ રૂતુ બેસતાં તેજીમાં આવે છે.

હીન્દુસ્તાનમાં સાંપ અને બીજા જેહેરી જાનવરોથી આસરે ૨૮૦૦૦ હજાર મરણો દર વરસે થાય છે.

સાંપની ૬ (છ) જાતોજ પ્રાણઘાટક છે.

જેવી કે (૧) નાગ Cobra, (૨) ધનસી, મનીયાર, સંખની અથવા ક્રેત (Krait), (૩) પટાવાળો એડર (Branded Krait); (૪) ધનસ અથવા ચિતરંગ (Daboia or Chain-viper); (૫)

સંકરચોર અથવા રાજનાગ (Hadadrya or king cobra); અને (૬) ફુરસા અથવા કપ્પર (Kupper or Carpet-Viper).

એ ઉપરાંત કેલોફીસ (Cailophis) જાતના એડર્સ અને ઝાડપરના લીલા વાઇપર્સ (Brown and green tree-Vipers) પણ ઘણે દરજ્જે ધાસ્તીભર્યા છે.

ઝેરનો સવાદ, રંગ વીગેરે.

નાગનું ઝેર સ્વાદમાં ઘણું કડવું હોય છે.

જ્યારે સાધારણ સાંપના ઝેરો સેહેજ ખટાશદાર હોય છે.

સાંપના જે દાંતોમાં ઝેર રહે છે તે દાંતોને છેડા આગળ કાણું હોતુ નથી પણ જરા ઉપરથી હોય છે.

નાગનું ઝેર અખતરાઓ ઉપરથી ઘાણું જલદ અને પ્રાણઘાટક માલમ પડયું છે. તેનાથી ફક્ત સેહજ ઉતરતું ધનસ અને રાજનાગનું હોય છે. એ સર્વેમાં ઉતરતાં ક્રેત અથવા સંખની અને ફુરસાના ઝેરો છે.

સાંપે ડંખેલા જાનવરોનું લોહી ઝેરી બને છે. માસ ઝેરી બનતું નથી.

નાગના ઝેરની અસર મેંજા અને તેને લગતા જ્ઞાન તંતુઓ ઉપર પાધરીજ થાય છે.

ધનસના ઝેરની અસર મુખ્ય કરીને દીલ અને લોહીની નસો તથા લોહી (circulatory system) ઉપર થાય છે.

નાગના ઝેરથી સુસ્તી થઈ હીલચાલ કરવાનો અણગમો પેદા થઇ જીવ ચુંથાઇ ને ઉલટી થાય છે. પહેલા અવયવોનો અને પાછળથી આખા શરીરનો લકવો થાય છે. જાનવર જમીનપર પછડાઇ પડે છે. મોહોડામાંથી લબ ગળે છે, તેના શ્વાસ લેવાનાં અવ્યવો પર અસર થઇ દમ બંધ થઇ જાય છે અને મોત નિપજે છે.

ધનસના ડંખથી માણસને બેસુદ્ધિ આવે છે. નાદી ધીમી ચાલે છે, પરશેવો પડી શરીર થંડુ થાય છે, અને દીલ નબલુ પડીને બેશુદ્ધિ (synoope or fainting) આવે છે. લકવા જેવી અસર આં બીલકુલ જણાતી નથી.

નાગથી ડંખેલા કેસોમાં છાતી ચીરી તપાસતાં તેમાંનું હૈયું (Heart) ટબકતું જણાયું છે.

ઝેરના ઉપાય.

સાંપ ડંખે કે તુરતજ હૈયા તરફના ભાગ તરફ એક મજબુત પાટો બાંધી તેનાથી બે બે ઇંચને તફાવતે બીજા બે પાટા બાંધી દેવા.

ડંખની નજદીકના પાટાની અંદર એક લાકડી પોસી વળ આપીને ડંખેલા અવયવમાં લોહી બંધાઇ તે કાળો ડનક થાય ત્યાંવેર મજબુત (ટાઇટ) કરી, થોડો વખત રાખી મુકવો. પણ તેમ કરતાં સંભાળ લેવી કે તે અવયવ થંડો થઇ મુરદાલ (cold and dead) થઇ નહી જાય તેમ થતું જણાય તો જરા પાટો ઢીલો કરવો. આવી રીતે કરવા પછી ડંખેલા ભાગને કાપ મુકી કોસ્તીક પોતાશ (caustic potash) થી અથવા તો વધારે સારી રીતે કલોરાઇડ ઓફ લાઇમ (Chloride of Lime) થી અથવા પોટાશ પરમેનગેનાશ (Potassium permanganate 5 p. c.) ના પાણીના સોલ્યુશનથી ધોઇ કાઢવો.

ઝેર ચુશી લેવાના ઉપાય લેવા.

જલદ એસીદ, કે લાલચોળ આતશે દઝાડવું કે વળી ડંખવાળા ભાગનું એક ઇંચ સમચોરસ માસ ડંખની ઉંડાઇ જેટલું કાપી કહાડવું.

નાગ સાંપના ઉપાયો વીશે સામાન્ય સુચના.

૧. તુરત દંખની બાજુમાંના હેઠા તરફના ભાગમાં બેથી ત્રણ મજબુત પાટા એકથી બે આંગળ ને અંતરે બાંધવા.

૨. તુરતજ ડંખને નસ્તરથી છેડ પાડી દાબી દાબીને લોહી કાઢવું

૪. તે લોહીને ગમે તો ચુશી ચુશીને થુંકી નાખવું દરદીથી ન ચુશાય તો બીજાએ ચુશીને થુકી નાખવું.

૫. તુરતજ લાળંચોળ અંગાર તે ઉપર મુકવો,

૬. પછી નહી તો તુરતજ કોસ્ટીકથી દઝાડવું.

૭. ગરમ પાણીની ધારો ચીરેલા જખમ પર રેડવી.

૮. મરઘીના સફરા ડંખપર બાંધવા.

૯. બંગાળી ઘ્રલાઓની હારમાળા આપેલી છે તે ઉપર ધ્યાન આપવું જુઓ સફે ૭૧ થી ૮૧.

૧૦. જો ડંખની અંદરનું ઝેર ઉપર ચઢયુ નહી હોય તોજ પોટાશ પરમેનગેનાશ. (Pot Permanganas) તેમાં દાબવો નહી તો પછી તે નકામો છે.

૧૧. દરદીને બેસુધ થતો અટકાવવાની તજવીજો કરવી.

૧૨. તુરતજ સીંધુ, સરકો, આમળી ચોપડવા ને પાવામાં વાપરવા.

Remedies for the Bites of Reptiles, such as Snakes, Vipers etc.

નાગ, સાંપ વિગેરેના ડંખના ઇલાજો.

નાગ, અને સાંપના ડંખોથી હીંન્દુસ્થાનમાં કાઈ હજારો મરણો દર વરસે નિપજે છે. તુરતના સાદા ઇલાજોની મદદથી ઘણી વખત ઝેરની ભયંકર અસર થતી અટકી પડે છે. એટલા સારૂ આ વિષય લખવામાં આવેલો છે.

૧. પહેલાં હમેશ મુજબ ડંખના બંને છેડાને મજબુત પાટા બાંધી તેને ભચડી કચડી લોહી કાઢવું; અને તેને કાપ અથવા છેદ મુકીને જખમ વહેતો કરી ઉપરથી રૂમડી મુકવાનો ઇલાજ લેવો. અને જેટલુંબી લોહી જાય તેટલું જવા દઇને બનેતો ગરમ પાણીએ સાફ કરી કાસ્ટીકથી દઝાડવું.

૨. નાઇત્રીક એસીડ (Nitric Acid) થી ડંખને બાળવો.

૩. કારબોલીક એસીડ (Carbolic Acid) ચોપડવી.

૪. સ્ત્રોંગ એસેટીક એસીડ (Acetic Acid) લગાડવી.

૫. સ્ત્રોંગ લાઇકર એમોન્યા (Liq. Ammon. fort) ચોપડવું અને સુંઘાડવું.

૬. નીમકને બારીક વાટીને ડંખ ઉપર દાબીને મુકવું.

૭. જહાદ સરકાથી માલીશ કરવું.

૮. નીમક અને સરકો ભેળી ચોપડવા.

૯. લીંબુનો રસ ચોપડવો.

૧૦. નીમક ૧ ડ્રામ લઇ તેને એક ઔંસ પાણીમાં નાખી તેમાંથી એક અથવા બે ટીપાં આંખમાં નાખવાં.

૧૧. ખાટી આમલી ડંખપર મસળવી.

૧૨. જીવ ગભરાયતો સ્પીરીટ એમોન્યા એરોમેટીક (Spt Ammonia Aromatic) ના ૧૫ ટીપાં પાણીમાં નાખી પાવાં.

૧૩. દરદીને લોપણ અથવા નિંદ્રા વશ થતો અટકાવવા બને તે માટે એક કાફીનું કપ આપવું.

૧૪. Pot Permanganas (પોટાસ પરમેંગેનાસ) નું સોલ્યુશ બનાવી ડંખવાલા ભાગમા Hypodermic Injection કરવું એટલે ચામડી વાટે પીચકારીની મદદથી દાખલ કરવું.

૧૫. ઓલીવ ઓઇલ (સાજીતનુ તેલ) ડંખપર લગાડવું કે વળી સાથે સાથે પાવા આપવું.

૧૬. પોતાશ પરમેનગેનાસ ને જખમમાં સુકો દાબવો પણ તે પહેલાં નસ્તરથી જખમને ચીરવો. સર લાડર બ્રનટને એ માટે એક છરી અને પોતાશ થોડો રહે એવું હોલ્ડર બનાવેલું છે તે ઘણું ઉપયોગી છે. પણ જે માત્ર તુરતના ઉપાય તરીકે કામ લાગેછે.

૧૭. ઝેર મોહોરો સાંપના ડંખ લગાડવો જેથી ઝેર ચુસી લેવાશે. એને પછી દુધમાં નાખી ઝેર ધોઇ કાઢી નાખી સાફ કરવો.

૧૮. 'ગુમી' નામનો પાળો સાંપના અકસીર ઇલાજ તરીકે અકસીર છે એમ પાયોનીયરમાં એક ખબરપત્રી જણાવે છે. (જુઓ ૨૭-૬-૧૧ નું જામે).

૧૯. સાંપ કરડતાં તે ન ચઢે એ માટે તેને "નીજામની દોવાઇ છે" એવો મંત્ર પઢી દોરો બાંધવો અને તુરત નીજામના સેક્રેટરીને તાર કરી જણાવવું એવું વર્તમાનપત્રોના ૧૯૧૧ અંકો જણાવે છે. એ પછી નીજામ સાહેબ સરગવાસ થયાછે પણ એવા રવૈયો દેશીઓમાં જાયછે તે ઉપલા ઉપરથી શીખવાનુંછે.

૨૦. 'નાગફણી' નામનો રોપો થાય છે, તે ઘણોખરો બગીચાઓમાં જંગલી હાલતમાં કે પછી કુડાંઓમાં રોપેલો જણાય છે. એ રોપો ઘી કુમારને મળતો આવે છે. ફરક માત્ર એટલોજ કે ઘી કુમાર છેડેથી પાતળો અને મુળ આગળથી જાડો હોય છે. જ્યારે નાગફણી એકસરખી જાડાઇનો અને તેની બાહેરની ચામડી ઉપર સાંપની માફકની કાબરચિત્રી ટીપકીઓનો સંગાર થયલો દીસે છે. જાણે તેની આસપાસ સાંપ કાંચલી વિંટળાહોયની એવો દેખાવ નજરે પડે છે. એ રોપાનો એક રૂપીઆ ભાર નાનો ટુકડો કાપી દુધમાં ઘસી પાવાથી ઉલટી થઇ ઝેર નરમ પડે છે.

૨૧. મરઘાંના સફરાનો ભાગ ડંખેલા ભાગ પર લગાડતા ઝેર સોષી લેવાતું જઇ મરઘાં મરણ પામે છે. આ ઉપાય અકસીર છે.

૨૨. Blepharis Capensis નામનો દક્ષીણ આફ્રીકામાં ઉગતો રોપો લઇ તેનું ટીકચર બનાવી દર કલાકે ૧૬ મીનીમ જેટલું આપવું.

૨૩. Aristolochia Indica Root સાપસંદ બાહરથી લગાડવુ તથા ઘસીને પાવું.

૨૪. Calmette's Anti Venomous Serum નો ઉપયોગ કરવો.

૨૫. Strychnine (Injection Hypodermic) સ્ત્રીકનીનની ચામડી વાટે પીચકારી મારવી.

૨૬ Tinc Ammonia Co. અથવા Liq Ammonia ૫ થી ૧૦ ટીપાં પીવા આપવા.

૨૭. Cocaine Hydrochlor (કોકેન હાઇડ્રો કલોર) ની ચામડી વાટે પીચકારી મારવી.

૨૮. કાંડાનો રસ કાઢી લગાડવો અને આસપાસ ચોપડવો.

૨૯. Soda Bicarb (સોડા બાઇકારબોનેટ) નો ભુકો દાબવો.

૩૦. Ung: Thymol (અજમાના ફુલનો મલમ) લગાડવો.

૩૧. નવસાગરનું પાણી બનાવી કાનમાં નાખવું. જો જમણી બાજુએ કરડયો હોય તો ડાબા કાનમાં અને ડાબી બાજુએ કરડેલો હોય તો જમણા કાનમાં એ પાણી નાખવું.

૩૨. એરંડાના પાતરાંનો રસ ૧) ઔંસ; પાણી ૪) ઔંસ; લઇ મેળવી પાઇ દેવું; અને તેના પાતરાં અંગાર (આતશ) ઉપર શેકી ડંખ ઉપર બાંધવા.

૩૩. બીજોરાંના બીજ અડધો તોલો લઇ કુટીને ફકાડી દેવાં; અથવા તોલા ૧) લઇ પાસેર પાણીમાં નાખી ઉકાળી તેની ચાહે બનાવી પાવી. એ પાણી ઠંડું કરી પીવું. એ બીજ સઘળા જાણવરના ઝેર પર અકસીર છે.

૩૪. લસણને છુંદી ગાયના ઘીમાં મેળવી લગાડવી.

૩૫. અમલસારો ગંધક બચ્ચાની પીશાબમાં બારીક વાટી લગાડવી.

૩૬. બેવડો દારૂ ૦। સેરમાં નવસાગર ગ્રેન ૪૫ તથા હીંગ ગ્રેન ૪૫ મેળવી પાવું.

૩૭ મીઠાં તેલને રમ દારૂ સાથે મેલીને દર પાપા કલાકે અથવા તેથીબી ઓછે અંતરે પાવો.

૩૮. અલકોહોલ (alcchol) પાવા આપવો તેમજ લગાડવો; એ સાથે એમોન્યાબી પાયો અને ચોપડયો હોયતો વધારે સારૂ

૩૯. Tine Ammonia Co અથવા Eau de Leuce બનાવવાની રીત:–રૂમીમસ્તકી ૨ ડ્રામ; રેકતીફાઇદ સ્પીરીટ ૯) ડ્રામ: લવંદરનું તેલ ૧૪ ટીપાં; એ સરવે એક રસ કરી પછી ઉપરનો સફા પ્રવાહી બીજા વાસણમાં નીગારી કાઢવો. તેમાં પછી એમોન્યાંનુ સ્ત્રોંગ સોલ્યુશન (Liq ammonia fort) ૨૦ ઔંસ ઉમેરવું. બહારથી લગાડવાથી એ જંતુઓના ડંખનો અકસીર ઇલાજ છે.

૪૦. Mist Balsamica બી અકસીર છે તે બનાવવાની વીગત:—લવેંડર, અજમા, લીંબુ, જાવંત્રી અને નારંગીના ફુલનું તેલ દરેક ૪) ભાગ, લવંગ અને તજનું તેલ દરેક ૩॥ ભાગ; બાલસમ પીરૂ ૧૦॥ ભાગ; ૯૦ ટકાનો આલકોહોલ એ મીક્ષર બધુ મળી ૧૦૦ ભાગ થાય તેટલો ઉમેરો. એ બધાને થોડા દહાડા સુધી રહેવા દઇને પછી ગાળી કાઢવું. ઉપલી દવા આફ્રીકામાં **સાંપના ઇલાજ** તરીકે તેમજ પેટના દુઃખાવા વિગેરે નરમ પાડનારા ઔષડ તરીકે વપરાય છે.

૪૧. લીમડાના પાતરાંનો રસ કરી ડંખ પર ચોપડવો અથવા તેની લેપડી કરી મુકવી.

૪૨. પોતાશ પરમેનગેનાસની ભુકી જખમ ઉપર દાબી અંદર દાખલ કરીને, લાઇકર એમોન્યા તે જખમની આસપાસની ચામડીને ચોપડવું, અથવા પીચકારી વાટે દાખલ કરવું. એમોન્યાનું સોલ્યુશન પીવા આપવુંબી સહલાકારક છે.

૪૩. ફોસફરસ લગાડવાને સારૂ સુચના થાય છે. તેટલા માટે ફોસફરસ મેચીસ લઇ તે ડંખ ઉપર ઘસડવાથી ફાયદો થતો માલમ પડશે.

૪૪. સાંપ કરડે તે વખતે તુરત ગજવામાં રાખવા લાયક નસ્તર અને પરમેગેનેટ ઓફ પોતાશ સાથનુ હોલડર બનાવી તા૦ ૫ મી ૧૯૦૪ ના દીવસે સર ફ્રાડરે રોયલ સોસાયટી સનમુખ જે ભાશાણ કીધુ હતુ તેનો હેવાલ 'નેચર' પત્રમા છે. એ પ્રમાણે જેવો સાંપ કરડે કે તુરતજ પાઘડી, કુરતાં કે બીજી જાતના કપડાંની પટી કાઢી લઇ તેને ડંખવાળા ભાગની ઉપર અને નીચે બાંધવી. પછી તુરતજ ઉપલુ નસ્તર ડંખવાળા ભાગને લગાડી ઘા કરી લેવો. પાણી ન હોયતો પછી જરા થુક વટી પરમેગેનેટ ઓફ પોતાશને ભીજવી ડંખ ઉપર ચોપડવો.

૪૫. સર વિલ્યમ બરનેટનો દીસઇનફેકતીંગ ફલ્યુઇડ ડંખ ઉપર નાખવો; અને મોટા પ્રમાણમાં ગરમ કીધેલાં પાણી પાઇ બીછાણામાં સુવાડી ઓઢાડી દેવું.

૪૬. લેમનોસ (Lemnos) ટાપુમાની પીળા રંગની માટી જેને Lemnian Earth કરી કહેછે, તેનાથી કરી સાંપના તેમજ બીજી જાતનાં જખમો સારાં થાય છે.

૪૭. અઘેડાના ફુલની કળીઓનો રસ ચોપડવો.

૪૮. આબા હળદરને ઘસી ચોપડવી.

૪૯. પીઠવણુનો રસ કાઢી લગાડવો.

૫૦. માલ કાંકણીની જડનો રસ કાઢી લગાડવો.

૫૧. ગુડાકુ જે હુકકામાં ભરી પીવામાં લેવાય છે, તેની રાખ બનાવી સાંપના ડંખપર વાપરવામાં આવેછે. મોટાં માણસને ૬૦ ગ્રેન જેટલી અને નાનાને ૨૦ ગ્રેન જેટલી પાણીમાં દોહોવી પાવી; અને અરધે કે પછી પા કલાકે જેમ જેમ જરૂર જણાય તેમ તેમ વાપરવી. બીમારને અવાર નવાર લીંમડાના પાંદડા ચવાડવાં. જો દરદીને બે સુવી માલમ પડે તો પછી લીંમડાના પાદડાં ઉકાળીને તેનુ ઠંડું પાણી મોહોડા ઉપર છાંટવાથી ફાયદો જણાશે. ખોરાક બને તો દુધનો આપવો.

૫૨. ધુંધડીયા સાંપનો ડંખ.—હુકર એક દશ વરશના છોકરાનો દાખલો ટાંકેછે, જેની અંદર તેણે બે કલાક વહી જવા પછી

Adrenaline (એડ્રેનેલીન) ની પીચકારી મારી હતી. તેથી ફાયદો થયલો જણાયો હતો. પહેલા સારવાર રૂમડી મૂકી સરૂ કરી પછે Adrenalin (૧: ૧૦૦૦ વાળુ) આંઠ ટીપાં લઇને એમાલાં ગ્રામ($\frac{1}{30}$ ગ્રેન)સ્ત્રીકનીન સલફેટ(Strychine sulphate) તેમાં ઉમેરીને પીચકારી મારવામાં આવી હતી. અને એ દવાનું પ્રમાણ ૪ કલાક પછી ઘણા મનમાનતાં પરીણામ સાથે અજમાવવામાં આવ્યું હતું—Merks Reports 1904.

૫૩. ધામણ પુછડુ મારે છે, તેથી માણસ સડી સડીને મરણ પામતો કહેવાય છે; એના ઇલાજ તરીકે જલ્લદ સરકો લઇ તેનાથી કપડુ ભીજવી ડંખવાળા ભાગ ઉપર મુકવું એ અકસીર છે એમ કહેવાયલું છે.

૫૪. ગરમ પાણીમાં કરડેલા ભાગને ડુબાડી રાખવો પછી દવા હાજર હોય તો તે ડંખને ગરમ પાણીથી ધોઇ લગાડવી.

૫૫. કેરોસીન તેલ તે ભાગપર ખુબ માલીશ કરવું; નહી તો કેરોસીન તેલમાં તે ભાગને ડુબાડી રાખવો.

૫૬. Dragon નામનો પાળો જેની ઉપર સાંપના જેવી ચીત્રી પડેલી હોય છે, તે સાંપોના ઝેરના નાશ માટે વપરાય છે.

૫૭. ઝેરી કચુરાના ખી પથર ઉપર પાણીમાં ઘસીને જે જગ્યાએ ડંખ લાગો હોય તે જગ્યાએ લગાડવું.

૫૮. ઘી, મધ, માખણ, પીપર, આદુ, મરી, સીંધવ એ એકંત્ર કરી પાવા. પીપર અને સાંધવ બે આણી ભાર બાકીના પાપા તોલો લેવા.

૫૯- સિરસ વૃક્ષના ફુલોના રસમાં મીરીયાને સાત ભાવનાઓ આપી સેવન અને અંજન કરવું.

૬૦. પાણીમાં તંકણ ખાર નાખી પ્રાસનાર્થ કરાવવો.

૬૧. આંકડાના મુળને પાણીમાં ઘસી પ્રાસનાર્થ આપવા.

૬૨. ફટકી આંખમાં ફેરવવા, અને પાણી કરી આપવું.

૬૩. ધોળા ચણોઠીના મુળને પાણીમાં ઘસા પાવા.

૬૪. સાંપસંદના મુળ ઘસી પાવા.

૬૫. **નાગ દમણીનું** મુળ પાણીમાં વાટી ઘસી આપવું.

૬૬. **દેવડાંગરીનુ** ફળ પાણીમાં વાટી પાવું.

૬૭. **નાગ વેલીનુ** મુળ ખાવાના પાનમાં ઘાલી તેના બે ત્રણ બીડા બનાવી અને ખવડાવવા.

૬૮. કડવી **ઈંદ્રાયણનુ** મુળ પાણીમાં ઘસી પાવું.

૬૯. ગળો પાણીમાં વાટી પાવી.

૭૦. ગળોનો કાંદો કે મુળીયાં લઇ તેને સાંપે ડંખેલા માણસના તાળવાંપર સારી પેઠે ચોળવાં.

૭૧. **ઢોરને** ડંખ લાગયો હોયતો ઉપલાંજ મુળ કે કાંદો તેની જીભપર ઘસવાં.

૭૨. લસણના રસમાં સમુદ્ર ફળ ઘસી અંજન કરવું.

૭૩. **ધોળા ચંપાને** બીલાની છાળ સાથે ઘસી રસ કાઢી ખાવા આપવાં.

૭૪. **એરંડાના** પાતરાનો રસ પાણી સાથે પાવો.

૭૫. **દવણાના** મુળનો રસ પાવો.

પુરશા (બારેળા સર્પ) વિષની સારવાર–

૭૬. **વાસન વેલના** મુળ ઘસી પાવાં.

૭૭. રાતા કુભારની છાળનો રસ મરીયાની ભુકી નાખી પાવો.

૭૮. ઉપલાનો ઉતાર કાળી તુલસીનો રસ, ધાવડીના મુળ પાણીમાં ઘસી પાવા.

૭૯. **કંડવળીના** મુળ ઘસીને દંશ તેમજ અંગ ઉપર ચોપડવા.

૮૦. ફાંગવા કે ઘોટવેલીના મુળ ઘસી ૩ તોલા પર્યંત આપવા.

૮૧. **ફાંજીના** વેલાના મુળ ઘસી પાવા.

૮૨. **શેરાડીનો** કુંપો પાતરાંમા વિંટાળી અંગારમાં બાફી કાઢી અને તેનો રસ બે પળીઓ પર્યંત પીવા આપવો; અને થોડો તાળવે અને દંશપર ચોપડવો.

૮૩. **કાળા કડાના** મુળ ઘસી પાવા.

૮૪. **સર્પાક્ષીનો** રસ પાવો.

બીજા સર્પ દંશના ઉપરના ઉપચાર કરવા.

૮૫. ફુરશાના વિષથી મુત્રાવરોધ થાય તો—ખાખરાના ફુલને બાફી ડુટી નીચે બાંધવાં.

૮૬. વિષ ઉકળી રક્ટ વહેતો—સાગના કુમળાં અંકુરો લાવી તેને બારીક વાટી પાણીમાં મેળવી તે પાણી ૭ તોલા પ્રયંત પીવા આપવું.

૮૭. અથવા—ઘાયટીના કુમલાં અંકુરોને ૭ મરીયાં એકઠા કરી વાટી ગોળી બનાવી આપવી.

૮૮. સોજો આવેતો—ધતુરાના પાંદડાનો રસ ગરમ કરીને ચોપડવા અથવા તેના મુળ ગૌમુત્રમાં ઘસીને ચોપડવાં.

૮૯. ડોક ઉપર ભાર લાગેતો-કાળા કાડાના મુળ ઘસી લેપ કરવો.

૯૦. પેટમાં દુખેતો-તેજ મુળ પાવાં.

૯૧. શોષ લાગે તો—આંબળાની છાળ ખાવા આપવી.

૯૨. પેટમાં વિષનો ગોળો થાયતો—**અગથીયાના** ઝાડની ઉત્તર બાજુની છાળ પાણીમાં ઘસી પાવી.

૯૩. અંગ ઉપર વિષ છુટેતો-કડવી કારલીના પાંદડાં ગરમ કરી અંગે પાટો બાંધવો, અથવા તેનોજ રસ અંગે ચોપડવો.

૯૪. કાઉદલ ફળને વાટી બારીક કરી ૧) તોલો તેમાંથી લઇ એક ગલાસ પાણીમાં મેળવી, તેમાં ૦ા તોલો નીમક નાખી પાવાથી વામીટ થશે. જો વામીટ તુરત થાય તો તેમ, નહીંતો પછી ચોખાની કાંજી ખાંડ વગરની બનાવી પાવી ને વામીટ કરાવવું.

૯૫. **વાંઝણી કંટોળીનો** કાંદો અથવા કંદ તાજો લઇ તેને બારીક પીસીને રસ કાઢી ગાળીને દરદીને બે થી ચાર ગલાસ પાવો. વામીટ થતાં ઝેર ઉતરશે.

૯૬. નાગ ચંપાની સીંગ લઇને તેમાંથી ૪) વાલ પાણીમાં ઘસી પાવાથી ઝેર ઉતરશે.

૯૭. બંદુખનો દારૂ મુકી ડંખને સળગાવવો. એ ઉપાયમાં જોખમતો છે

૯૮. સોનાનો તાર ગરમ કરી ડંખને દઝાડવો.

૯૯. કાલનાગ નામના ઝાડનું મુળીઉ ઘસી: ડંખપર ચોપડવું. તેનું પાણી ૧) તોલો બનાવી પાવું.

૧૦૦. ૦I તોલો ફટકીને બારીક કુટી તેમાંથી અરધી પાણીમાં મેળવી પાઇ દેવી બાકીની જાડી લેપડી બનાવી ડંખની આસપાસ લગાડવી.

૧૦૧. સફેદ ચંપો અથવા ખુર ચંપો જેના ફુલોને હીંદુઓ દેવ દેહેરે ચડાવે છે, તેની સીંગ તાજી કે પકી સુકવેલી સાંપના ઝેરના અકસીર ઇલાજ તરીકે બહુ જાણીતી છે. મરાઠી પ્રજાતો તે ઉપર જાણે મોહીત પડેલી હોય તેમ જગેજગ તેની વખાણ થતા સંભળાય છે. પણ એવી કહેતી છે, કે આ સીંગ કવચીતજ મળેછે. કારણ કે રાત્રે નાગ આવી એને ચાવી જાયછે. એટલા માટે સીંગ નાનીબી થવા માંડી કે પછી કે તુરતજ તેને તાત અથવા સણની બનાવેલી થેલીમાં વીંટાલી લઇને ઉગવા દે છે.સીંગ જો તાજી મળી આવે તો તેને ગાયના દુધમા અથવા નહીતો પાણીમાં ૧) ચમચીથી કાંઇક વધુ લેવી. એજ સીંગને ઘસી જખમપર લેપ કરવો. એને જાળવી રાખવાની રીત એ છે કે તાજી શીંગ લઇને તેને એક ચાળણીમાં મુકીને પછી તે ચાળણી એક થોડા દુધથી ભરેલી તપેલી ઉપર મુકી તપેલીને ગરમ કરી તેનો બાફ ચાળણીમાંની સીંગને લાગવા દેવો. ગમેતો ચાળણીને ઉપરથી ઢાંકણું ઢાંકો તેબી ઠીકછે. એને એક બે કલાક બાફવા કહેછે. પછી ચુહલાપરથી નીચે ઉતારી તડકાંમાં સુકવી કાચણી શીશી કે સારા વાસણમાં ભરી મજબુત બુચ મારવો. જરૂર જણાતાં દુધ કે પાણીમાં ઘસી ઉપયોગમાં લેવી.

એ શીંગ નાગના ડંખનો ઇલાજ છે.

સર દીનશાહ માણેકજી પીટીટના ટુચકાં સંગ્રહમાં એક અતિ લાંબી સારવાર નીચે મુજબ છે:—

૧૦૨. કાવલી (મરાઠી) અથવા શેતપીલુડીના મુળને ૧ થી ૨ તોલા લઇ પાણીમાં છુદી રસ કાઢીને એક વાઇન ગલાસ જેટલું દરદીને આપવું.

૧૦૩. એ પછી ૧૦ થી ૧૨ કલાકનો ગાળો નાખી **મુનાજારના** મુળીયાં ૧) થી ૨) તોલા લઇ પાણીમાં ઘસી પાવા.

૧૦૪. વળી ૧૦ થી ૧૨ કલાક પછી 'પહાડ' મુળ ૧) થી ૨) તોલા લઇ પાણીમાં ઘસી પાવાં. એ પ્રમાણે સાત દીવસ સુધી અવાર નવાર કરવું.

૧૦૫. જો ઝેર વધતુ જાયતો ત્રણે મુળીઆ સાથે ઘસી પાઈ ઉપરથી ૧ ગલાસ ભરી સોજું ઘી પાઇ દેવું.

જો ઝેર ચઢતુજ લાગેતો એક વાર ફરીથી ચાર કલાક પછી એ ત્રણે મુળીઆં આપવાં.

જો ઝેર ઉતરવા માંડેતો પછી ૧૦ કલાક રહીને એ ત્રણે મુળીઆ પાવા.

જો ઉપલી દવા આપ્યા છતાં જણાય કે ઝેરનો જોશ વધતો જઇ શરીર થંડુ પડેછે તો પાછી એજ દવા કલાક એકથી બે પછી આપવી. એ દરમ્યાન ખોરાકમાં ઘઉની રોટલી ઘી વગરની તથા કાંજી આપવી. નીમકનો ઉપયોગ ન કરવો. ઘી વગર ન ચાલેતો સોજું ગાયનુ ઘી ૨) તોલા ખવાડવું.

ઝેરનુ જોર નરમ પડયા પછી એ ત્રણે દવાઓને જુદી પાડીને દર દશ કલાકે આપવી. સાતથી નવ દહાડા દરદીને નહવાડવો નહી. પાછળથી તેને મીઢળનો પાળો, નીનાર અથવા નગોડનો પાળો, આંબાના ઝાડની છાળ, કરંજનો પાળો, એ સરવેને પાણીમાં નાખી ઉકાળી એ પાણીથી નાહવડાવવો. પછી સફા ગરમ પાણીથી નહવાડી આસ્તે આસ્તે બધો ખોરાક આપવો શરૂ કરવો.

૧૦૬. ઇંદ્રાવળીનું તાજુ ફળ કે પછી સુકકુ ફળ મલે તેનો રસ કાઢી કે પછી ઘસીને એક ચમચો ભરી પાવો. અરધો કલાક પછી દરદીને ઉલટી થતાં, આખુ શરીર ધમધમી રહેશે. એ પછી દરદીને નવટાંક જેટલું કે તેથી જરા વધારે ઘી પાવું; અને થોડા વખત સુધી અતરંગ બેસાડી મુદ્દલ સુવા ન ન દેવો.

૧૦૭. **નાગર મોતાના** ફળ નંગ ૪) લઇ પાણી સાથે ખાવા આપવાં. એ ફળ વરસાદના દીવસમાં ઘાસમાં થાય છે. જો જ્યારે જોઇએ ત્યાં એ ન મલે તો પછી એના મુલ સુકકા કે પછી લીલાં ૩ થી ૪ લઇ છુંદીને પાનમાં ખાવા આપવાં.

૧૦૮. **ઈંદ્રજીત** નામના પાળા ઉપર કપાસના જેવાં ફુંદ થાય છે. તેમાંનો ગર જરા લઇ બે ચમચી પાણીમાં ચોળી આપવું. એ પાણી ઘણું કડવું છે, તેથી ગમે તો ચોખાની કાંજી જરા બનાવી સાથે મેળવી આપવી. એથી ઉલટી થશે ને ફેરફાર જણાશે. પણ તેથી ન બીહીતા ગાયનું સોજું ઘી અથવા માખણ ખવાડવું.

૧૦૯. **ઘોઘડ** નામના પાળાનો કાંદો લાવી છુંદીને ડંખને બાંધવાથી ઝેર ઉતરે છે.

૧૧૦. **અંકોળના** મુળીઆંને વાટી ચોખાના ધુવણના પાણીમાં નાખી તેમાં મધ ઉમેરી પાવું.

૧૧૧. **કલગારી** કંદને પાણીમાં વાટીને તેનું નસ્ય (નાસ) કરાવવો.

૧૧૨. **કુકડવેલનો** પાળો લાવી તેને વાટી પાણી બનાવી તે વિષેનું જોર તેમજ પીનારની શક્તિ મુજબ પાવો—એનો ઉતાર ઘી છે. એ પાળો સઘળા દરદ પર અકસીર છે.

૧૧૩. **ગરજીભીના** મુળ વાટી પાવાં.

૧૧૪. **ખાખરાના** મુળ પાણીમાં ઘસી પાઇ ઉપરથી લેપ કરવો.

૧૧૫. દરદીને બેસુધી જણાય અને લકવાની અસર થઇ આવે, અને દમ લેવો મુસ્કેલ થઇ પડે તો રાઇની પોલતીશ પીરૂ ઉપર મુકવી અને એમોન્વાં સોલ્યુશનમાં ભીંજવેલો કટકો દાબી છાટી પર મુકવો. ગરમ પાણી અથવા પીણા આપવાં; દરદીને ગરમ રાખવો; તાજી હવા ઓરડામાં આવવા દેવી.

૧૧૬. કાંદાની પોલતીશ ડંખપર મારવી, અને દર કલાકે નવી પોલતીશ બદલવી. દર બબે કલાકે વ્હીસ્કી પાવો. અને Spt ammon ૬૦ ટીપાં લઇ ચામડી વાટે પીચકારી મારવી. એ સારવાર દાકટર ફેરરે ૬ વરસો સુધી અજમાવી હવી.

૧૧૭. Curara નામનું વસાણું સંભાળથી આપવું. માત્ર $\frac{1}{6}$ થી $\frac{1}{3}$ ગ્રેન.

૧૧૮. Pelet Sulph ૫ થી ૮ ગ્રેન આપવું.

૧૧૯. Sodii Hyposulphis ૧૦ થી ૬૦ ગ્રેન આપવું. તથા લોશન બનાવી ડંખને લગાડવું.

૧૨૦. થંડા પાણીની ધારો રેડવી.

૧૨૧. વરાળના બાથ આપવાં.

૧૨૨. ૧૫ ગ્રેન Pot Bromide અને Chloral ૫ ગ્રેન સાથે મેળવી આપવાં. Chrolal બહારથી પાણીમાં મેળવી ચોપડવું.

૧૨૩. Morphia (અફીણ સત્વ) કોઈબી રીતે દરદના જોરને વધારો કરી આપે છે, તેથી એ દવા આપતા સંભાળવું.

૧૨૪. કડવી કરમડીનાં મુળ પાણીમાં ઘસી પાવાં.

૧૨૫. ધોળી કરણના ફુલ સુકવી તેમાં સમ ભાગ કડક તંબાકુ મસલી તેમાં થોડી એલચાની ભુકી નાખી તે ચુર્ણ કપડાંથી ચાળી અને તપખીર માફક સુંઘવું.

૧૨૬. ઉત્કંટીના મુળ ઉકાળી લેપ કરવો, અને તેનો ઉકાળો પીવો.

૧૨૭. ત્રાંબાના પૈસા એક શેર પાણીમાં ધોવા અથવા ઘસવા, પછી નીમના પાળાનો રસ કાઢી અને તંબાકુનો પાણીમાં રસ કાઢી ત્રણે ચીજો કપડાથી ગાળી પાઇ દેવું. ઉલટી થઇ ઝેર નીકળી જશે. એ ઉપાય તુરતા તુરત કરવો, અને એ ત્રણ વાર ચાલુ રાખવો.

૧૨૮. અરીઠાનું પાણી આંખોમાં અંજન કરવું.

૧૨૯. જો ઝેરનું જોર વધારે હોય તો અરીઠાનું પાણી પાવું.

૧૩૦. અનંતના મુળ અને અરીઠા ઘસી પાવા.

૧૩૧. જો ડંખમાં વવ, થાય અથવા કીડ લાગે તો જરા જેટલું અફીણ પાણીમાં ઘસીને જખમને ધોવો.

૧૩૨. હસ્કૃત સાંપનો મોહોરો—સાબર સીંગડાનો એક કટકો લઇને તેને ઘાસમાં સારી પેઠે લપેટીને તેની ઉપરથી તાંબાનું પત્રું આસપાસ વિંટાળવું, અને તેને ભઠ્ઠીમાં મુકવું. જ્યારે તે સાબર સીંગડું સારી રીતે બળીને કાળું પડે કે પછી તે ત્રાંબાનો કડકો કાઢી નાખી બળેલાં સીંગને ઘા ઉપર લગાડવું.

પણ તે લગાડવા આગમજ ડંખને છુરી વટી બારીક ચ્રા કરવા. એ જગ્યાએ પેલું શીંગડુ આસરે બે મીનીટ ચોંટી રહેવા પછી પોતાની મેલે ખરી જશે. તેને ખરી પડતાં વાર પાણીના વાસણમાં નાખવું. પછી તેમાંથી કાઢી લઇ એક કોરા કપડાંએ લુછીને ફરીથી વળગાડવું; બીજી વાર તેને દાબતાં થોડો વાર ચોંટી રહી, આપમેળે ખરી પડશે; ફરીથી ખરી પડતાં સફા પાણીમાં પડવા દઇને પાછુ વળગાડવું. આખરે જયારે તે જગ્યાએ નહીંજ ચોંટે ત્યારે જાણવું કે ઝેર તે જગ્યાએ હવે રહ્યું નથી.

૧૩૩. દર્વીકર સર્પનુ વિષ—નગડના મુળ, ગરણી, ધોળી રીંગણી એ સાથે વાટી પાવા.

૧૩૪. મધ તથા કોઠ સાથે વાટી નસ્ય (નાસ) કરવું.

૧૩૫. કાળો સર્પ—નોરવેલ અને રાતા કમળનો લેપ કરવો.

૧૩૬. તાદળજો, સીવણ, ધોળો અઘેડો, ગરણી, બીજોરૂ અને સાકર એ ઔષધોનું પાન, (પીવુ), અંજન અને નસ્ય કરવું.

૧૩૭. વંકાકકોંટી, ધ્રાખ, નેપાળો, ઘોળી ગરણીને આસોંદ્ર સર્વે સમભાગ લઇ તુળસી પત્ર, કોઠ, બીલું, અને દાડમને અર્ધે ભાગે લઇ તે સરવેને મેળવી, મધ નાખી પાવું. (એ મંડળી સર્પનો ઉતાર છે).

૧૩૮. પંચવલક, ત્રિફળા નાગ કેશર, કાળોવાળો, જેઠીમધ, વાળો, શાકર તથા બે જાતના કમળને મધમાં મેળવી લેપ કરવો. (મંડળીનું વિષ ઉતરે છે).

૧૩૯. સીવણ વડની તીશી, શાકર, મજીઠ જેથીમધ વાટીને પાવાથી મંડળીનું ઝેર નાશ થાય છે.

૧૪૦. નાગ ચાંપાની લીલી છાલનો રસ તોલા ૨ાા લઇને દરદીને પાવાથી વામીટ થઇ ઝેર ઉતરી જશે. તે પછી પાસેર ઘી પાવું.

૧૪૧. કુમળાં આકડાંના પાતરાની કળી લાવી તેને ચોળી પાન સાથે ખાવા આપવી, કે બીજી જાતના ચવાય એવાં પાતરાં સાથે ખવડાવવી. જયાં સુધી બેસુધ્ધી જતી રહે ને દરદી તદન

હુશીયાર થાય ત્યાં સુધી અરધે અરધે કલાકે આપવી. નવ ગોળી કરતાં વધારે આપવા દેવી નહી. અગર બીમાર બેભાન હોય અને પાતરૂ ચાવી શકે નહીં તો પછી એજ પાત્રાનું પાણી કરી આપવું. એ દવાથી જો તે ઉલટી કરશે તો જલદી સાજો થશે.

પાછળથી જુલાબ આપી, કાંજી, ચાવલ, રોટલીના હલકાજ ખોરાક પર રાખવો.

૧૪૨. કદાચ આંકડાંના કુમળાં પાંદડા ન મલે તો પછી આંકડાંના ડીડવા જેમાંથી રૂ અથવા રેશમ નીકળે છે, તેને આકડાંના દુધ સાથે મેળવી લાહી જેવું કરી તેની ગોળી બનાવી છાયામાં સુકવી આપવી.

૧૪૩. અરીઠાનું ફીણ આંખમાં આજવુ, અને તેનો ગર પાનની સાથે ખવાડવો. જરૂર પડે તો બે ત્રણ કલાકે ફરી આપવું.

૧૪૪. ઇસુરમુળના બે ચાર પાતરાં ચવાડવાં.

૧૪૫. તાંજાંજેરી ગોળી જે સોમળ અને મરીની મેળવણીની બનેલી કહેવાય છે તે સાંપના ડંખ માટે વપરાય છે.

૧૪૬. ફેણવાળા—પંજાના—થુવરના મુળ ઘસી પાવાં.

૧૪૭. સાબર સીંગડું ૩ તોલા લઇને તેનો ભુકો કરી પાણીમાં નાખી પાવુ; જો બને તો ઘસીને પાવું.

૧૪૮. વજ, **આંકડાની** જડ તથા **સીંધવ** પાણીમાં ઘસી પાવા, અને ઉપરથી ગાયનું ઘી પાવું.

૧૪૯. મરી તાંક ૫) તથા ગાયનું ઘી શેર ૧) લેઇ મરીને કુટીને ગાયના ઘીમાં મેળવી નાંખવું, અને તુરતજ તે માણુસના ગળામાં રેડી દેવું, જેથી ઝેર ઉતરશે.

૧૫૦. **તપસ** તથા ઉપલેટ તાંક ૨) મરી તાંક ૬) બારીક કરી ગાયનું ઘી શેર ૧) માં નાખી મેળવીને સઘળું પાઇ દેવું.

૧૫૧. આંકડાની જડ, મોરનો પીત્તો, નોળીયાનો પીત્તો અલશી અમરી એ સર્વ છાયામાં સુકવીને ખરળ કરી ભરી મુકવાં. પછી કોઇને સાંપ કરડે તો તેને સળીએ કરી અંજન કરવુ.

૧૫૨. કાળો વચ્છનાગ ઘસી હલકમાં રેડે તો ઝેર ઉતરે. પણ એ તુરતજ કરવું. એની માત્રા માસો ૧) છે.

૧૫૩. ઠાંડીથુવરના પાંદડાં લઇ ચોલી ખવાડવાથી ફેણવાળા સાંપનુ ઝેર ઉતરે છે.

૧૫૪. ધોળો સંખ્યો (સોમળ) લઇ ડંખની આસપાસ લગાડવો. લોહી ડંખમાંથી ન નીકળે તો લોહી કાઢી સંખ્યો લગાડવો.

૧૫૫. જંગલી કલારનો છોડ જે ખેતરમાં થાય છે, તે લાવી તેનો રસ ચોપડવો. એ વિચ્છુ શિવાય બીજા જનાવરોના ડંખ ઉપર ઉપયોગી છે.

૧૫૬. ઉમરાનો પાળો ચોપડવો; ઉમરાનુ ફળ જે અંજીર માફક થાય છે તે વાટી ચોપડવું.

૧૫૭. જેપાળબીજ (નાનો નેપાલો અથવા જમાળગોટાના બીજ) લઇ તેને લીંબુના રસમાં ૨૧) વખત પટ દઇને સુકવી લાંબી ગોળી બનાવવી. પછી તે ગોળી વાટીને જેને સાંપે ડંખ મારીયો હોય તેનું આંખનુ પોપચું ખોલી અંદર અંજન કરવું, તેથી ઝેરી અસર ઉતરી જઇ માણસ સાવધ થાય છે.—સારંગધર

૧૫૮. યુનાની હકીમા પ્રમાણે :—

જમાલગોટો તોલા ૪ લઇને એક કપડાંની પોટલીમાં બાંધીને એક માંટી અથવા ધાતુના વાસણમાં મુકીને પછી ભેંસનું છાણ શેર પાંચ હાંડીમાં નાખવું, અને તેમાં થોડું પાણી રેડીને ચુહલા ઉપર મુકી, ગરમ કરવું. એમ પોહોર ચાર સુધી ચાલુ રાખવું. પછી તેને ઉતારી તે બીજના ઉપર છોળતાં કાઢી નાખી એમાંથી બીજ તોલા ૨) લેવાં, અને લીંબુ નંગ ૨૦) લેવા, એ લીંબુના રસમાં બીજને પીસીને પછી જયાં સુધી એમાંનું પાણી ઉડી જઇ મીશ્રણ ઘટ થાય ત્યાં સુધી ખરળ કરવું. પછી તેની ગોળીઓ બનાવીને જેને સાંપે કરડેલો હોય તેને માટે વાપરવા સારૂં આપણી થુકથી એ ગોળીને ઘસીને, પછી બંને આંખમાં અંજન કરવું. જયાં કરડવાથી જખમ થયલો હોય તે ભાગનેબી એ ચોપડવું.

૧૫૯. જેને સાંપે કરડેલો હોય અને એક અથવા બે મીનીટનો મરણ પામ્યો હોય તો ઉપલી દવાથી જીવતો થાયછે, એમ ખાતરીથી યુનાની હકીમું જણાવે છે. તેની સારવારની વીગત નીચે મુજબ આપી છે :—

પહેલાં આ દવાઈ આંખને લગાડવા અગાઉ તે દરદીના તાળકને અસ્તરા વડી બારીક ઘા કરી જોવું. જો લોહી નીકળયું તો જાણવું કે તે હજી જીવતો છે; નહી નીકળયું તો સમજવું કે તે મરણ પામેલો છે; અને જીવવાની આશા નથી.

જો લોહી નીકળયું તો પછી ઉપલી ગોળી આંખમાં આજવી. એ ઝેરની ગરમીથી આંખને આતષ્ય ગરમી પુગતી હોવાથી બે દીવસ પછી માખણ આંખને લગાડવું. જયાં સુધી ઉપલી દવાની સારવાર ચાલુ હોય ત્યાં સુધી તેને મુદદલ પાણી પાવું નહી; તેમજ અંગને લગાડવુંબી નહી. ગરમીના સબબથી કંટાળીને પાણીમાં પરવા જાય તેમ કરતાં અટકાવવો.

૧૬૦. સાંપના ડંખપર જળો ભરાવી લોહી કઢાવવું. સાથે તુરત જોલાબ આપવો.

૧૬૧. વોમીયાં કંટોળાનો કંદ લાવી બેથી ત્રણ તોલા સુધી ખવરાવવો. એજ કંદને ગાયના મુત્રમાં ઘસી ડંખ ઉપર ચોપડવો જેથી ઝેર ઉતરી જશે. આ કંદ જયારે જોઈએ ત્યારે ન મળેતો વરસાદના હીંગામમાં લાવી મુકી એક કુડાંમાં ગાયનુ કે પછી બકરીનું મુત્ર ઉમેરી સુરજના તાપમાં સાત દીવસ સુકવી ઉંચે રાખી મુકવું. એ દવાની સાફારસ થયલી છે. (એને વાંઝીયુ કંટોળુબી કહેછે.)

૧૬૨. **કડવા લીમડાની લીંબોડીઓના** બીજ સીંધવ તથા મરી દરેક ૦॥ તોલો લઈને ઘી સાથે ચટાડવાં.

૧૬૩. ફેણવાળો **સાંપ** કરડેતો ડંખમાંથી લોહી કઢાવી પછી **નોરવેલ** અન **થરકમલનો** લેપ કરવો.

૧૬૪. તાંદળો, શીવણ, ધોળો અઘાડો, ગરણી, બીજોરૂ તથા સાકર

લઇને પાણીમા વાટીને પ્રવાહી સરીખું કરી તે પીવા આપવું. એનું અંજન કરવું તથા તેનો નાસ લેવો.

૧૬૫. દેવ ડાંગરી અથવા કુકડવેલના ફળને હર વખતે નંગ ૦।। અરધાં સુધી લઇને પાણીમાં ઘસી પાવુ જો દરદીને ઝેર ન ઉતર્યું તો થોડે થોડે અંતરે અને ઉતરવા લાગ્યું તો લાંબે લાંબે અંતરે પાવું. જો ઝેરનો જોશ થોડો ઘણો કમી થયો તો પછી ઘી પાવું. એના ફળ સાધારણ કંટોળાના જેવાછે. એ ઇલાજ ઉંત્તમ છે કરી ખાતરી અપાય છે.

૧૬૬. ભુંઇ પાડળ અથવા વેલ પાડળ (મરાથી) ના પાંદડાં ત્રણ થી છ માસા જેટલાં થોડે થોડે અંતરે આપવા જો.; ચવાય નહી એવી હાલત હોય તો પછી પાણીમાં ઉકાળી પીવા તથા પાણીમાં ઉકાળી અંજન કરવું તેમજ ડંખપર તે પાણી લગાડવું.

૧૬૭. સબજાના પાળાનો રસ ૪) તોલા જેટલો ૨ થી ૪ વખત પાવો.

૧૬૮. આગળ જણાવવા પ્રમાંણે ખુર ચંપાની શીંગ પાણીમાં ઉકાળી પાવી. પણ શીંગ ન મળે તો એ ઝાડની છાળનો રસ કાઢી પાવો.

૧૬૯. કડવા લીંબડાની છાળ કે પાતરાંનો રસ કાઢી પાવું. એનો રસ પીતાં જયારે દરદીને કડવો લાગે તો જાણવું કે હવે વિષ ઉતરશે.

૧૭૦. મોરના પીછાંને તબાંકુ સાથે ચીલમમાં નાખી પાવાં.

૧૭૧. સફેદ કણેરના મુળ ઘસી સંભાળથી પાવાં; એ ઝેરી છે તેથી તેનુ પ્રમાણ વજન સરજ લેવું. વિશેશ સુચના એટલી છે કે એ દરદીને પાવા અગાઉ તેને સર્પેજ કરડેલો છે, કે કોઇ બીજાં જીવ જંતુએ તે ધ્યાનમાં લેવુ. જો સર્પથીજ તેને ઝેર ચઢયુ હોય તોજ તે પીવા આપવું. બીજા પ્રાણીઓના ઝેરથી ડંખેલાને એ મુદદલ આપવુંજ નહી. નહીતો ભયંકર પરીણામ આવશે.

૧૭૨. ખુર ચંપાની અંતર છાળ અને બેલાની છાળને સરખે ભાગે લઈ એકંત્ર કરી તેમાંથી ૭ થી આંઠ તોલા રસ પાવો.

૧૭૩. સફેદ ચીત્રકનો પાળો, કાળી વળનો કાંદો, બોખાડા (કાળાં ઉબરાં) નો પાળો સરખે ભાગે લઇ પાણીમાં ઉકાળી થોડે થોડે અંતરે ૩ વખત પાવું.

૧૭૪. નાગ દવણી (મરાથી)ના મુળને પાણીમાં ઉકાળીને પાવાથી ઉલટી થશે ને વિષ ઉતરશે. એ ઔષડથી મોહોડામાં વવ થાય તો ધી પાવું.

૧૭૫. ખાંદવેળી (મરાથી) ના મુળીઆં તથા સારવટી (મરાથી) ના મુળીઆં લેઇ દરેકનો ૧ થી ૧॥ તોલો લઇ ૭ થી ૮ તોલા પાણીમાં ઉકાળી તે લેવાં. એનુજ આસરે ૧) શેર જેટલુ પાણી બનાવી આખે દીલે લગાડવું. એ ઔષડ ઉત્તમ છે કરી ખાત્રી અપાયલી છે.

૧૭૬. લુતી (મરાથી) ના કાંડાનો રસ આસરે ૨ થી ૩ તોલા લેવો. ઝેર ઉતરીયા પછી દહી ભાત ખાવુ.

૧૭૭. મણુયાર (મરાથી) (મોરશીખા) ના કાંદાનો રસ ૧॥ થી ૨ તોલા લેવો.

૧૭૮. કુકકર કંદ (મરાથી) આસરે ૬ થી ૧૨ માસા સુધી લઇ તેને ૫ થી ૬ તોલા પાણીમાં ઉકાળીને આપવો. વિખ ઉતરવા પછી ધી પાવું.

૧૭૯. કાત્રી નિર્ગુડી (મરાથી), કાજુનું ઝાડ, શમીનું (ખીજડીનું) ઝાડ, એ સઘળાના પાતરાંનો રસ દરેક બેથી ત્રણ તોલા લઇને એકત્ર કરી તેમાં ૨ થી ૩ અરીઠા ઉકાળી પાવું. તેથી ઉલટી જુલાબ થશે, અને જ્યાં સુધી મોહોડાં વાટે કફ પરે ત્યાં સુધી કલાકે કલાકે તે આપવું

૧૮૦. સાપનું ઝેર હૃદયમાં જઈ તેમાં દુઃખાવો કરે છે, કળતર થાય છે, તેમાં તતરાટ થાય છે; એ દુર કરવા સારૂં મધને ધીમાં મેળવી પાવુ. તેથી તેમાંથી કફ ઢીલો થઇ જશે. જો શરીર જડ થાય, ડાંચા બેસી જાય તો Stomach pump (બુંબો) મુકી ઝેર ઓકી કઢાવવું. એવી રીતની સારવારથી ઝેરી થઇ ગયલું પીત આખા અંગમાં પસરતું બંધ થઇ જશે.

૧૮૧. નિર્ગુડી (ધોલીનગડ) નું મુળ તથા સફેદ કર્ણના મુળનો રસ પાવો. મધને કોહના મીશ્રણનું પાણી નાકમાં સુધાડવું.

૧૮૨. કાળો સાંપ કરડે તો લોહી કાઢી ચણોઠી અને સાપસંદનો લેપ કરવો અને મજીઠ અને ઘેરોસાના મીશ્રણ સાથનું ઘી પાવું.

૧૮૩. તાદુળજો, શિવણ, કીન્હી (અઘાડો), હુરમલ, મહાળુંગ, અને ખડી શાકર તેમજ ભોંકર (નાની ગુંડી) એ ઔષધો પીવામાં, નાસ લેવામાં અને અંજન કરવામાં વાપરવાથી ફેણ્યા કે વળી રાજીલ સાંપોનુ ઝેર ઉતરશે.

૧૮૪. સાપસંદ, મનુકા, સફેદ કર્ણીના મુળીઆં તેમજ દાંતી મુળ એ સર્વ એક એક ભાગ લઈ, તુળશીનો પાળો, કોઠ, બેલ અને દાડમ અરધો ભાગ લઇ સરવે ઔષડને મધમાં નાખી પાવાં. એથી મંડળી અને બીજા સર્વ પ્રકારના સાંપના ઝેર ઉતરશે.

૧૮૫. નાગ એ હીંદુસ્થાનના સર્પની ઘણીજ પ્રાણઘાટક જાત છે. એક ગરમ તપાવેલાં લોખંડ વડી એનો ડંખ તુરત દઝાડવો, અથવા એક છરીવડી કાપવો. ઓંગ એમોન્યાંનું પાણી જખ્મને લગાડવાથી, ઘણી ખરી વાર ઘણી સારી અસર થાયછે. મોટા પ્રમાણમાં સ્ત્રીકનીન (strychnine) વડી પીચકારી મારવાને તેમજ Chloride of Gold (કલોરાઇડ ઓફ ગોલ્ડ) ખી ચાંમડી વાટે દાખલ કરવાને માટે છેલ્લા વાપરી જોવામાં આવ્યા છે અને તે ઇલાજો ફતેહમંદ ઉતરેલા છે.—Pears' Cyolopaedia p. 654.

૧૮૬. શીરીષ, પિપળ, વડ, પીપરી અને વેતસ (નેતર) ની છાલ, ત્રીફળા, જેથીમધ, નાકેશર, એલવાલુક, કબાબચીની, જીવક (બકાન), રૂષભક, વાળા, ખડી શાકર, પદમકાષ્ટ, અને નિળાં (બલુ) કમળ એ ઔષધોને હિમવામ કહેછે. એને મધ સાથે મેળવીને લેપ કરવામાં આવે તો મંડળી સાંપના ઝેરપર ઉપ્યોગી છે.

૧૮૭. કુટકી, અતિવીષ, ઘેરોસા, રેણુકબીજ રેણુક), ત્રિકટુ, અને તગર એનુ ચુર્ણ મધ બરોબર સેવન કર્યું હોયતો રાજીલ સર્પનુ વિખ ઉતરેછે.

૧૮૮. કણેર અને રૂઇ (આકંડા) નુ ફુલ તથા મુળનો રસ અને કળાવી, પીંપળી, વાસનવેળ તથા મરી એ ઔષધો કાંજીમાં વાટી કલક કરી તેને પીવા, લગાડવા અને અંજન કરવામાં વાપરવાં.

૧૮૯. શિરસા (સરસવ) ના ફુલના રસમાં સાત દીવસ સુધી સફેદ મરીને ભીજવીને, પછી તેનો સાંપના ઝેરમા ઉપયોગ સર્વે પ્રકારે કરવો એટલે, લેપ, અંજન નસય, પ્રાસનાર્થે વીગેરે કરવું.

૧૯૦. તગર તોલા ૪), કોઠ તોલા ૪), મધ ૪ થી ૮) તોલા એ પીવા આપ્યાથી કરી ઝેરી પ્રાણીના ડંખથી પીડાતા દરદીને સુખ થાયછે.

૧૯૧. દાલચીની, મનશીળ, હળદ, તગર, બોળ, વાઘ નખ, તમાલપત્ર, નાકેશર, અને ચંદનનુ ચુર્ણ, ચોખાના ધ્રુવણમાં પાવાથી સર્વ પ્રકારના ઝેરી જાનવરોના ડંખોના નાશ થાયછે.

૧૯૨. તાંદુળજાના મુળયાંને તાંદુળ (ચોખાના) ધ્રુવામણમા વાટી પાવાથી તુરત ડંશનુ ઝેર ઉતારશે.

૧૯૩. બેલાના મુળ, તુળશીની મંજીયા, કરંજ બીજ, તગર, દેવદાર, ત્રીફળા, ત્રિકટુ, હળદ, અને દારૂહળદ, એ ઔષધોને બકરાંના મુત્રમાં બારીક વાટી દરદીના ડોળામાં અંનજન કરવુ; અને નાકમાં નાખવુ અને પીવામાં લેવું; એટલે સાંપ, ઉંદરો વિચ્છુ વિગેરેના ઝેરનો નાશ થશે.

૧૯૪. ઘી, મધ, માખણ, પીપળી, આદુ, મરી અને સીંધવ એકત્ર કરી ખાવામાં લેવાથી કરી તક્ષક (મરાથી નામ છે) સાંપે જો ગુસ્સાથી એટલે ઝનુનમાં આવી જવી ડંખ માર્યો હશે તે પણ ઘડીમાં નિવિર્ષ થશે.

૧૯૫. શિરસા (સરસવ ગુજરાતી) ઝાડના ફુલ લઇને તેના રસમાં મરીની સાત દીવસ સુધી ભાવના કરવી. તે મરીને પછી જો સાંપે ડંખેલાને ચાવવા અને અંજન કરવા આપે તો ફાયદો થાય.

૧૯૬. પાણીમાના દેડકાને લઇ તેને બે કટકા કરીને તેનો પેટનો ભાગ બાંધવો.

૧૯૭. જો ચેણુ મલે તો દેડકાની માફક તેની ચીરી બાંધવી તે ઉપલા કરતાં સરસ છે.

૧૯૮. મરચીનો પીતતો મસલવો.

૧૯૯. મોરના પીછાંનો ચાટલો લઇને તેને બેવડાં કાગજે વીંટાળીને પછી તેને સળગાવી દરદીના નાકમાં ધુવો જાય તેમ કરવું.

૨૦૦. કરંજના મુળ, સુંથ, મરી, પીપળી, બેલ મુળ, હળદ, દારૂ હળદ, તુંબરૂ (તુવરૂ) ના ફુલને વાટી તેમાં બકરીનું મુત્ર નાખી તેનુ સાંપે કરડેલાને અંજન કરાવે.

૨૦૧. સાંપના ડંખની ઉપર સરકો પાવાને માટે 'સમી સાંજ' માં એક લખનારે ભલામણ કીધી હતી. ઝેરી સાંપના કરડવાથી આખુ અંગ સુઝી આવી લોહી પડતું હતું તેના કેસમા દર બે થી ત્રણ કલાકે એક લાઇકર ગલાસ ભરી સરકો પાવાથી અને ઘડી ઘડી સરકો ડંખપર ચોપડવાથી આરામ થયલો કહેવાય છે.

૨૦૨. કળાવી (મરાથી) નો કંદ પાણીમાં વાટી તેનો નાસ લેવો; અથવા પાણીમાં ટંકણખાર નાખી પાવામાં લેવું; અથવા આંકરાના મુળ ઉકાળી પીવાં.

સાંપ નસાડવા નીચલા ઇલાજો કામે લગાડે છે જેઓને જેવા જેવાથી ધરમનો બાધ લાગે તે પ્રમાણે ધ્યાન રાખી વાપરવા:—

૨૦૩. હોલા કે પછી કબુતરનો હગાર, માણુસના બાળ, ગાયનુ સીંગડું, મોરના પીછનો છેડો, સાત (મરાઠી), ધાણા, તુસ, રૂ (કપાસ) ની સરકી, એનો ધુપ ઘરમાં કરીને સાંપને નસાડે છે.

૨૦૪. સીસમના લાકરાના છોડીયાં આતશ ઉપર મુકી તેનો ધુમાડો તેના રહેઠાણ (દર) આગળ કરવાથી તે રહેઠાણ છોડી જાયછે.

૨૦૫. ઇંડાના કોટલાં બાળવાથી સાંપ નાસી જાયછે.

૨૦૬. કાંરબોલીક એસીડને જરા સરખી નરમ કરી ઘરની આસપાસ છાંટવાથી બાહેરથી સાંપ ઘરની અંદર આવવા અસ્કત થઇ પડશે.

૨૦૭. કારબોલીક એસીડ માફકજ કારબોલીક ડીસઇન ફેકટીંગ પાઉડર Carbolic Disinfecting powder છાંટવાથી ગરજ સરી રહેશે. જ્યાં આપણે બેઠા કે પથારી કરી સુતા હોઇએ તો તેની આસપાસ એ પાઉડર છાંટવાથી સર્પ કુંડાળુ ઓળંગી આવી શકશે નહી.

૨૦૮. જેમ ઉંદરો વીગેરેને વહાણ ઉપરથી નસાડવાને ભંડારોમાં ગંધકનો ધુમાડો કરવામાં આવે છે, તેમ જો સાંપના દર આગળ ધુમાડો કરવામાં આવે તો તે રેહઠાણ છોડી જશે.

૨૦૯. ફાંગ નામનો રોપો જે થાણા વિગેરે જીલ્લાઓમાં થાય છે, તે સાંપના ઝેરના ઉતાર માટે જાણીતો છે. એને મુંબઇમાં ભરાયલા સને ૧૯૦૪ ના એકઝીબીશનમાં બતાવવામાં આવેલો હતો.

૨૧૦. લીંબુનો રસ થોડો થોડો વખત પછી પાવા આપી અને દરદીના સઘળા ભાગોને એજ રસ ચોપડી તેમજ ડંખનેબી તે વટી માલીશકરીને સાંપના ઇલાજ તરીકે તેને સીલોનના લોકો વાપરે છે. જ્યાં સુધી દુખની વેદના નરમ પડે નહી ત્યાં સુધી એ ઇલાજ ચાલુ રાખે છે.—Chemist and Druggist 17th December 1904.

૨૧૧. Echinacea angusti folia ના મુળીયાં સાંપના ડંખને જખમપર અમેરીકામાં વપરાય છે—Merk's Report 1904 p. 209.

૨૧૨. વાંઝણીકંટોળીના મુળ, પાહાડ મુળ, તથા ભેલા મુળ અથવા ત્રણમાંથી કોઇબી મળે તે લાવી વાટી પાણીમાં નાખીને એક રસ કરીને તેમાં ઘી મેળવી પાવાથી સર્પ ઇત્યાદીના ઝેર નાબુદ થાય છે.

૨૧૩. કાળો સાંપ કરડે તો નોરવેલ અથવા કાનભેરનું મુળ વાટી ડંખપર મુકવું અને તે મુળનું પાણી પાવું.

૨૧૪. રાતા આંકડાના મુળ લઇ તે વાટી ડંખપર મુકવાં અને તેનું પાણી કરી પાવું.

૨૧૫. મરડાશીંગીના પાતરાં અથવા મુળીયાંને ડંખપર લગાડવાં અને પાવાં.

૨૧૬. સર્પાક્ષીના મુળ પાંણીમાં વાટી લગાડવાં.

૨૧૭. ખાસ કરી ડુંગરામાં થતી ગળોનું મુળીઉ લાવી પાણી સાથે ઘસી તેમાં અરીઠાનું પાણી મેળવીને પાવું તેમજ ચોપડવું.

૨૧૮. ધોળી કણેરના મુળને ઘસી તેનું એક ટીપું આંખમાં નાખવું.

૨૧૯. કાળાચત્રિકનું મુળ ઘસી લગાડવું.

૨૨૦. બરમદંડીનું મુળ ઘસી ચોપડવું.

૨૨૧. પારો, ગંધક, મોરથુથું, ટંકણખાર, અને હળદ એ સરવ સમભાગ લઇ દેવ દાંગરીના રસમાં એક દીવસ ખલ કરી ભક્ષ કરાવે. એને કાલવજાશનો રસ કહે છે.

૨૨૨. જંગલી આંબા (અભિડો)ના ઝાડાની છાલ ૧) ભાગ, ખુર-ચંપાની છાળ ૩) ભાગ, કુણકાની છાળ ૨) ભાગ, અથવા ત્રણે છાલનો રસ કાઢી ધણસરીના મુળમાં પીસી આપવું. એ ધણસરીના મુળ અર્ધ પાવથી પાવસેર લેવાં.

૨૨૩. કુણકાની (બીબલાની) છાળ અને આંબાડયો (જંગલી આંબો)ની છાળ લઇ તેમાંથી સુમારે અરધ પાવ રસ કાઢી બે ત્રણ વેળા પાવું.

૨૨૪. બોકરીની છાલ, આંબાડયાની છાલ, અને કાકડીનો પાલાનો રસ પાવશેર કાઢી બે ત્રણ વેળા લેવો.

૨૨૫. બોકરી (નાની ગુંદી)ની છાળ અને ફળ તેમજ આંબાડયાની છાળ એ બંને સમભાગ લેઇને બારીકવાટી તેનો રસ કાઢી કપડ છાણ કરી તેમાં બીબલાની છાળ વાટી માણસનું કૌવત તથા ઝેરનો જોસ્સો જોઇને દરેક વખતે આ રસ અરધ પાવ જેટલો કાઢી પછી બંને રસ એકત્ર તે દીવસમાં બે ત્રણ વાર પાવો.

૨૨૬. કપાસના બીજ (સરકી) લઈ તેને પથર પર બારીક ઘસીને તેનું અંજન આંખમાં કરવું.

૨૨૭. ઓલીવઓઇલ માફકસરનું ગરમ ગરમ બહારથી ચોપડવું.
૨૨૮. જડવારને ઘસી ચોપડવો.
૨૨૯. મીસ્ક ભીંડીના બીજને ખાંડી ખવાડે છે તેમજ લેપ કરે છે.
૨૩૦. મીઠા લીમડાના પાંદડાને દુધમાં નાખીને પોલટીશ કરી એટલે બાફી બાંધવા.
૨૩૧. તડાક છીંકણીના મુળીયાં ઘસી લગાડવાં.
૨૩૨. એવું કહેવાય છે કે સાંપ કરડે છતાં અસર ન કરે તે માટે ગારોડીઓ, આમળીના પાંદડાં, કાવલીના મુળ અને કડવી લીંબુડીના પાતરાંનું ચુર્ણ દરરોજ સેવણ કરે છે.
૨૩૩. સાંપ ડંશતાંજ ફિપલુંજ ચુર્ણ ખાધામાં લેતા અકસીર છે.
૨૩૪. ઘુંઘરીયોસાપ (Rattle Snake) ના ઇલાજ–Pot. Iodide (પોટાશ આઇડાઇ)૧૫ ગ્રેન. Iodine Recryst (આઇયોદાઇન રીક્રીસ્તલાઇઝ્ડ) ૧૫ ગ્રેન, પાણી ૧) ઔંસ.

એ મેળવણી ડંખવાળા ભાગને લગાડેછે પછી જયાં સુધી ડંખના સબબથી આવતી આંકડી નરમ પડે ત્યાં સુધી નીચલી મેળવણી બબે કલાકે પાય છે. Tinc Jesalmine (તીંકચર જેલમીન) ૧ દ્રામ, Tinc Lobelia (તીંકચર લોબેલ્વીયા) ૩૦ ટીપાં, પાણી ૧) ઔંસ.

૨૩૫. કંટારીયા થુવરનું મુળ ઘસી ચોપડવું અને પાવું.
૨૩૬. ગુલઝાર અથવા ઇંદ્રાયણના મગજને પાણીમાં ખુબ ચોલીને આ પાણી જયાં સુધી દરદીને કડવું લાગવા માંડે ત્યાં સુધી થોડે થોડે અંતરે પાવું.
૨૩૭. ફટકીના પાણીમાં Sal volatile ના ટીપાં ૧૦ થી ૧૨ નાખીને પાવા. એ મુજબ દર ૪ કલાકે એટલે દીવસમાં ત્રણ વખત આપવું; ડંખ પર કેરોસીન તેલનું પોતુ મુકવું.
૨૩૮. કડવી ગીલોડી (ગળો)નો કંદ લઇ તેને છુંદીને પાસેર જેટલું પાણી બનાવી તેમાં હલદર અને જરા નીમક નાખી પાવું.– તેથી ઉલટી તેમજ જાડો થશે. સાથે સાથે ડંખને કાપવો કે આતશથી દઝાડવો.

૨૩૯. જંગલી કારેલું સોપારી જેવડું થાય છે, તેને લાવી મુકવું. અને સર્પના ડંખ પર ઘસી ચોપડવું.

૨૪૦. ગાયનું ઘી સારી રીતે ચટાડવાથી ઝેર ઉતરે છે.

૨૪૧. કાચો કાંદો ક્રુદી ઘા ઉપર બાંધી તે લીલો છરક થાય ત્યાં સુધી તે ત્યાં રહેવા દેવો.

૨૪૨. Dr Corislano d'Utra, of Brazil કહે છે કે Calomel ના ૩૦ ગ્રેન જેટલા ત્રણ ભાગો દર બબે કલાકે ૧) ઔંસ લાઇમજ્યુશ કે લીંબુના પાણીમાં પાવા.—Cyclopedia of Formulas, 1911 p. 3 (Newyork).

૨૪૩. એજ દાક્ટર કહે છે કે એક જણુ પાસે ૭૦ થી ૩૦૦ ગ્રેન સુધી રસ કપુર હોય તોં સાંપ તેને કદી કરડતો નથી; તે તેનાથી દુર નાહાસી જશે; અને કદાચ કરડશે તો તે ડંખ નુકશાન કરશે નહી! (જુઓ એજ કેતાબ.)

૨૪૪. Dr. B. M. Richetts પ્રમાણે સાંપે ડંખવાથી જે ખરે-ખરાં મરણો નીપજે છે તે તો નાના બચ્ચાઓના છે. જયારે મોટાઓમાં દેખાઇતી રીતે સાંપે ડંખવા છતાં જે મરણો નીપજે છે, તે કોઈ બીજાં કારણોને લીધે હોય છે. જો સાંપે ડંખવા પછી થોડા કલાકમાં મરણ નીપજે તો જાણવું કે તે સાંપનુ ઝેર ચઢવાથી છે. પણ તે પછીના મરણનું કારણ ઝેર નથી. એનું કારણ ત્યારે નીચલું જણાશે:—હદથી જયાદા ગરમ ચીજો પીવાથી, જેવી કે દારૂ વીગેરે, સાંપના ઝેરના કરતાં મરણનું પ્રમાણ વધારી આપે છે. જો ધોરી નસોમાં ઝેર દાખલ થયું તો પછી તેની ઘણી જાલમ અસર થાય છે.

એની સારવાર સાધારણ રીતની અને બાહારથી કરવી ઘટે છે. દર ૨૦ મીનીટે strychnine nitrate (hypodermically) ચામડીમાં દાખલ કરવું; અને જયાં સુધી શારીરીક અસરો માલમ પડે ત્યાં સુધી (જોઇ તપાસીને) ચાલુ રાખવું. આલકોહોલ, દીજીતેલીસ, એટ્રોપીન, અને નાઇટ્રો

ગ્લીસરીન એ દવાઓ ઓછી વખતી ગુણકારક છે. એને બદલે Gold Chloride કે પછી Pot Permanaganas ચાલશે. એ ઉપરાંત Tinc Jaborandi પીવામાં લેવાથી ફાયદો થશે. સુજેલા ભાગની ચંપી કરવાથી તેમજ હોજરીને ખલાસ કરવાથી કરી ડંખની સામે લડવાને મદદગાર થઈ પડશે.— Cyclopedia of Formulas p. 31.

૨૪૫. નસ્તરથી જખમ ખોળી Potash Permanganas મુકી, નીચલી દવા પીવા આપવી.

Alum 20 grains.
Spt ammonia arom 20 Minims.

પાણી ૧ ઔંસ સાથે એક વખત માટે આપવું. એ પ્રમાણે જ્યાં સુધી ઝેર ઉતરે ત્યાં સુધી દર ૪) કલાકે પાવું.

ડંખને સોજો ચઢેલો હોય તો પછી તે ઉપર Ext Bellad virid મધ સાથે એક રસ કરી ચોપડવું. એ અજમાવેલો છે એવી ખાતરી અપાઈ છે.

૨૪૬. Luyties' Echinacea Angusti folia ની બનાવત માટે ખાતરી અપાય છે અને કહેવાય છે કે તે સાંપના ઝેરી ડંખો, કુતરાનુ હડખુ, જીવજંતુઓના ડંખ વીચ્છુના ડંખ વીગેરેપર અકસીર છે. એને વાપરવા પહેલા ડંખવાળી જગ્યા સાબુથી તેમજ પાણીથી ધોઈ સાફ કરીને પછી એ મેળવણીના પાણીથી એક કટકો ભીજવી તે ઉપર મુકીને તેને સુકાવવા ન દેવો. પહેલા સરૂઆતના તબકકામાં ૧) ભાગ Echinacea તો ૩ ભાગ પાણી મેળવી પાવુ, પછી ૧૦ ટીપાં એ દવાના અકેએક કલાકે એક એક ઔંસ પાંણીમાં પાવા; વળી પછી એને આસ્તે આસ્તે ઘટાડી દહાડામાં ત્રણથી ચાર વખત લેવું. એજ દવા અને ઉકાળેલુ પાણી સરખે ભાગે લેઇ તેની Hypodermic syringe જખમમાં મારવી; છેલ્લો ઉપાય એટલે ચામડી વાટે પીચકારી મારવાનો ઈલાજ ખાસ કરી સાંપે ડંખેલા દરદીના કેસમાં જરૂર તુરતજ અમલમાં મેળવો.–Guide to Health by Father

Muller, revised and enlarged in 1911 by L. P. Fernandes L.M.S. page A.-10.

૪૭. વાંઝણી કંકોડીના મુળ; તાંદળજાના મુળ; વેળતા મુળ; કુકડ પાડા અને અરીઠા એ દરેક દશ દશ તોલા લઇ તેઓને ખોખરાં કરી પાંચ શેર પાણી સાથે ઉકાળતાં જ્યારે સવા શેર પાણી બાકી રહે ત્યારે ગાળી લેઇ તે પાણીમાં ફટકડી તોલા ૧૩, નવશાગર તોલા ૧૩, તંકણખાર તોલા ૧૩, મધ તોલા ૧૩ નાખી પછી સરવ કાચની બાટલીમાં ભરી બુચ મારી રાખવો. જ્યારે કોઇને સાંપ કરડે ત્યારે એ ઔષધમાંથી બે તોલા ઔષધ લઇ દરદીને પાવું; તથા આંખોમાં આંજવું; અને એ ઔષધમાં એક કપડું પલાળી તેની ઘડી વાળીને ડંખપર મુકવી. એ મુજબ માત્ર એકજ વખત કરવાથી જો તક્ષક નાગ કરડયો હોય તો પણ તે ઉતરી જાય છે. કદાચ એક વખત ઔષધ પાવાથી દરદી સુધીમાં ન આવેતો અરધો કલાક રહીને વાટ જોઇને દવા ફરી આપવી. એમ વધારેમાં વધારે ૪ વખત કરવું જેથી ગમે તેવું ઝેર હશે તો ઉતરી જશે.

આ મહાતમાની પ્રસાદી છે એમ જંગલની જડી બુટીના કર્તાનું મત છે.

૨૪૮. સાંપને નોળીઆની જંગલમાં થતી લડાઇ વખતે નોળીઓ જે વનસ્પતિ સુંધી આવેછે, તે મદારીઓને ખબર છે તે નીચે મુજબ છે.—

"ચોમાંસાંના દીવસોમાં વાડોમાં એક જાતનું ઘાસ થાયછે જેને કાંગના જેવાં લોળીયાં આવેછે. આ ઘાસને લોકો કુતરી, કુકડી કે ગોત્રીના નામે ઓળખાવે છે. એમાં સાંપનુ ઝેર નાબુદ કરવાનો અસંત ચમત્કાર રહેલો છે; અને તેથી સાંપ સાથે લડાઇ કરવી વખતે નોળીઆને જ્યારે સાંપ ડંખ મારેછે, ત્યારે નોળ્યું એ વનસપતિ સુંધી આવેછે જેથી ઝેર અસર કરતુ નથી. એ વનસપતિના રસનુ અંજન કરવાથી; સુઘાડવાથી. ડંખે ચોપડવાથી તથા સુધ્ધ હોય તો પાવાથી દરેક દરદીઓ તત્કાળ સારાં થયાંછે; વનસપતિ લીલી હોય ત્યારે રસ કાઢી રાખવામાં

આવતો, અને ઉપયોગ કરવાના વખતે તે જો સુકાઇ ગયો હોય તો તે સુકા રસની પતરીઓને પાણી સાથે ઓગાળીને ઉપયોગમાં લેતા, તેથી પણ આરામ થતો.—જંગલની જડી બુટી.

૨૪૯. મદારી લોકો સાંપ પકડવા જાયછે ત્યારે એક તુંબડીમાં પોતાનું મુત્ર ભરીને લઇ જાયછે, અને પછી જો કદાચ સાંપ કરડેતો પેલુ મુત્ર પીલેછે, જેથી ઝેર બીલકુલ અસર કરતુ નથી—જંગલની જડી બુટી.

૨૫૦. સરસડાના ફળ, છાલ, મુળ, અંકોલીની જડ, મિંઢળ, કુકડવેલ એ બધાં શરખા ભાગે લેઇ ચુરણ કરી તે ચુરણ તાંદળજાના રસમાં પીવાથી દરેક જાતના ઝેર દુર થાયછે.

૨૫૧. નેપાલાના બીયાની અંદરની જીભો કાઢી નાખીને તેને લીંબુના રસના એકવીશ પટ દેવા. પછી તેની ગોળી બાંધી રાખવી. જયારે જોઇએ ત્યારે માણસના મુત્ર સાથે ઘસીને આંખમાં આંજવાથી સાંપના ઝેરથી મુએલો પણ જીવેછે--જંગલની જડી બુટી.

(માણસનું મુત્ર ઉપ્યોગમાં બીજાઓ ઉપ્યોગમાં લેતા નથી, જો કે એજ વનસપતિઓ વટી તેઓબી મુએલાંને ઉઠાડવાનો દાવો કરેછે)

૨૫૨. કુકડ પાડા, કડવા તુરીઆંના બીજ, અરીઠા, સમુદ્ર શોષના બીજ અને વિષ્ણું કાંતાના બીજ એ સર્વે સરખા ભાગે લેઈ ચુર્ણ કરી ઘી સાથે ખરળ કરી તેની બે બે વાલની ગોળીઓ બનાવવી. અને રોગીની શક્તિનો વિચાર કરી એકી વખતે એક, બે અગર ત્રણ ગરમ પાણી સાથે આપવી. આ દવાનો વખતસર ઉપયોગ થાય તો ઉલટી થઈ સાંપ, સોમલ વિગેરેના ઝેરો નાશ પામે છે.

૨૫૩. કાળો સાંપ કરડે તો તુરત એક ઉદર પકડી તેને પેટ આગળથી ચીરી નાખીને ખોલ્લો કરી એમનો એમ ડંખવાળા ભાગ ઉપર બાંધવો. એ ઉપાયથી મરણ કાંઠે પડેલો આદમી સારો થાય છે એવી ખાતરીની વાત પીર હાજી હુનશાહ બીન હાજી માહાબુબશાહ કચ્છ ભુજવારાને મોહોડેથી સાંભળી છે.

૨૫૪. જંગલી કલારના પાતરાંનો રસ ચોપડી તેની લુગડી ડંખે લગાડવી.

૨૫૫. ઉમરાના ફળને છુડી ડંખે લગાડવાં.

૨૫૬. Rattle snake (ઘુંઘડયો સાંપ) કરડે તો–Conc. solution of Carbolic acid 4 grammes નું Injection કરવું. એટલે ચામડી વાટે પીચકારી મારવી પીવા માટે Tinc Jaborandi આપવું તથા Cocoa (કોકા) ની ચાહ બનાવી આપવી. Camphorated oil કપુરનુ તેલથી મસલવું. બીજે દહાડે પાટો છોડવો. સારો ખોરાક આપવો તે ઉપર ધતુરાના પાતરા વરારીઆ કે પોલતીશ બાંધવી ને પારાનો મલમ વાપરવો.

૨૫૭. ચુકાની ભાજી, બી ને મુળીઆની લેપડી બનાવી મુકવી.

૨૫૮. Sage leaves ને વાઇન દારૂમાં ચોળી પાવા.

૨૫૯. Calamint or Mountain Mint લગાડવો.

એના પાંદડાને બાળી ને અથવા એનો ધુમાડો કે બાફ ઓરડામાં કરવાથી સાંપો નાસી જાયછે.

૨૬૦. Dragons (weed) માટે એવું કહેવાય છે કે જે કોઇ એ પાળો સાથે લઇ ફરેછે તેને સાંપો છેડતાં નથી.

૨૬૧. Sweet Basil (તુળસી) નો પાળો બાંધવો.

૨૬૨. Bay (Berries) Tree નો ઉકાળો કરીને પાવું અને ચુરણુની લાહી લગાડવી.

૨૬૩. બીટરૂટ (Beet root) ની પોલ્ટીશ બાંધવી.

૨૬૪. Snake weed or Bistort નો પાળો છુંદી બાંધવો.

૨૬૫. Burdock leaves છુંદી બાંધવાં અને તેનો રસ ચોપડવો.

૨૬૬. કોબીજ અથવા કોલવરતનો રસ વાઈનમાં પાવો (in adder Bites).

૨૬૭. Caltropis water or water chesnut લગાડવુ.

૨૬૮. Vipers Bugloss છુંદી લગાડવુ.

૨૬૯. Decoction of wheat Bran ઘઉના ચુલાની ચાહ પાવી for adder bite.

૨૭૦. Dwarf Elder root Burk નો ઉકાળો પાવો for adder Bite.

૨૭૧. Ordinary small Centaury for adder bite.

૨૭૨. Honey suckle, Medow trefoil.

૨૭૩. Neeta seed નો ઉકાળો પાવો.

૨૭૪. ઉપલા બીજને નીમ સાથે વાટી લેપડી કરી બાંધવું.

૨૭૫. Agrimony નો કાચો આપવો.

૨૭૬. Wood Betony નો પાળો બાંધવો.

૨૭૭. વરીયાલી વાઇનમાં ઉકાળી પાવી.

૨૭૮. Germander નો પાળો બાંધવો.

૨૭૯. ઉપલાંને વાઇનમાં ઉકાળી પાવું.

૨૮૦. Hart's tongue નો પાળો બાંધવો.

૨૮૧. તંબાકુ પાણીમાં ઘુંટીને તે પાણી ગાળીને પેટ પુરતુ પાવું. તેથી કરી લીલા રંગની ઉલટી થઇ જાએ કે પછી એક કાંડો ખાવા આપવો.

૨૮૨. કડવી વૃંદાવનના મુળીઆં ચાર માસા જેટલી ખીડીમાં આપવા.

૨૮૩. ૩ (ત્રણ) માસા ટંકણખારની લાહી છ ટાંક પાણીમાં નાખી પીવા આપવું.

કડુ લીબડાની છાળ કે પછી પાળાનો રસ પાણીમાં નાખીને પાવું.

૨૮૪. તાપેલું ઘી પીવડાવવાથી ઝાડા થઇને ઝેર નરમ પડે છે. એક દરદીને ૮ કલાકમાં ૪૦ રતલ સુધી ઘી પાઇ મરણ કાંઠે આવેલો સાજો કરેલો વૈદ જીવરામ કાળીદાસજી મેવાસાવાળા વૈદ કલ્પતરૂમાં જણાવે છે. ઘી પાઇ લીબડાંની લુગડી જખમ ઉપર મુકી પાટો બાંધેલો હતો.

૨૮૫. બીજા દાખલામાં પોણો રતલ નૃમુત્ર (માણસનું મુત્ર પાઇ) પછી નાડીની ગતી ન જણાતાં તાંદુળજાના મુળ એજ મુત્રમાં વાટી ગાળીને એનો અરધો રતલ પ્રવાહી પાઇ ડંખવાળા ભાગને નસ્તરથી છેડી લોહી વહેતું કરી તે ઉપર ફુલવેલા મોરથુથુ અને તંકણ-ખાર મીશ્ર કરી બાંધી લીધો. અરધા કલાક પછી ગળુ સુકાતુ જણાતાં ઘી પાયું. તેમજ આગલ ચાલતાં શરીરે ઘી માલીશ કરાવ્યું. તે પછી વળી દશ દશ મીનીટે નૃમુત્ર પાવા આપ્યું.

ગણુ સુકાતાં સુનાના વરખના ચારથી પાંચ પાન અને પાંચ તોલા ઘી મેળવી પાયું હતું. દરદીને ડંખની વેદના તદન જતી રહેલી માલુમ પડતા એક અઠવાડયું સહવાર સાંજ પાંચ રૂપ્યા ભાર લીમડાના પાન પાણીમાં વાટી રસ કાઢી પાયું અને દંશપર લીંબડાની લુગડી બાંધી.

૨૮૬. સરસાડા ફળ, મુળની છાલ, અને થડની અંતર છાલ લીલા પાન તથા ફુલ પ્રત્યેક ૨૦ તોલા લઇને નૃમુત્રમાં વાટી લુબદી કરી પછી તેમાં ૧૦૦ ભાગ નૃમુત્ર લઇ હલાવી ચુલે ચડાવી ખડખડવા માંડતા તેમાં ૫૦) તોલા ગાયનું ઘી નાખી પકાવવુ. મુત્રનો અંશ બળી જતાં નીચે ઉતારી થંડુ પાડી એક કાચના વાસનમાં ભરવું એનો ખરપાક (આકરો પાક) ન થઇ જાય તેની સંભાળ રાખવી. આ ઘી સરપના દંશવાળાને પાવું.

૨૮૭. ખાખરાના મુળીઆં, પાંદડાં, ફુલ અને છાલ એ બધાં મલી ૧૦ રતલ લઇ સુકવી બાલીને ખાખ કરવી અને તેમાં ૧૦ રતલ પાણી નાખીને આછરવા દેવું. પછી ઉપરથી બધુ પાણી નીતરીને કાઢી નાખી તે પાણીને ચુલેહ ચઢાવી બાળીને બે રતલ બાકી રહે કે ઉતારી પાડી, પછી તેમાં બોકડાનુ મુત્ર, ઘેટાનું મુત્ર, ગાયનુ મુત્ર અને નૃમૂત્ર પ્રતેયક બબે રતલ નાખવું. વળી આંકડાનું દુધ, સરસડાની સુકી છાલ, સરસડાના ફુલ (સુકકા), રાતી માટી, હળદર, દારૂ હળદર, તુલશીના માજર, જેથીમધના પાતલા મુળીઆં, બોરડીની લાખ, સીંધાલુણ, જટામાસી, નગોડના બી, હીંગ, સુંઠ, પીપર, મરી, કુઠ, ગરમાળાનો ગોળ, વાંઝકંટોળીનો સુકવેલો કંદ, કુકડવેલના મુળ, કાટાળા તાદુલજાના મુળીઆ અને ઉપલસરી પ્રત્યેક ૮ રૂપીઆ ભાર લઈ ખાંડી કપડછાણ કરીને ઉપર પ્રમાણે મેળવેલા પાંચ ખારોમાં નાખી ત્રાબાના કલઈ વગરના કડાયામાં કાળવવું. અગ્નિ સામાન્ય આપવો. ધાટુ રાબડા જેવું થાય એટલે ઉતારી બે ત્રણ થાળીઓમાં નાખીને સૂર્યના તાપે સુકાવવું. ગોળી વળયા જેવું થાય કે બધુ એકત્ર કરી પીંડોવાળી સ્હેજ ઘીનો કરમા (હાથ) દઇ બબે આની ભાર ગોળી વાલવી.

આ ગોળીઓ સર્પના દંશ પર ચોપડવી તેમજ દર પાંચ મીનીટે ખવડાવવી. વળી એને પાણીમાં ઘસી વખતો વખત અંજન કરવું. તથા નસ્ય આપવું. વળી તાળવાના ભાગપર જરા છેદ કરી તે ઉપર એને લેપ ચોપડવો તેથી સર્પવિષ ઉતરે છે.

૨૮૮. કેટલાક ઝેરી સાંપના કરડવાથી આંગે સોજા ઉઠી ફોલ્લા પડે છે અને તે લાંબો વખત રહે છે માટે પહેલાં ગરમાળાના બે ચાર જુલાબ આપવા. હમેશાં સહવાર સાંજ ઉપલી એકેક ગોળી બે રૂપીઆ ભાર ઘીમાં ચટાડવી, અને ઉપરથી પાવશેર જેટલું ગાયનું નવશેકું દુધ પાવું. સરીરપર સરસડાના ક્વાથમાં ઉપલીજ ગોળીઓ ઘસી ચોપડવી. એ ઉપાય દરદી તદન સાજો થાય ત્યાં સુધી ચાલુ રાખવો.

૨૮૯. Burdock ના મુળીઆ અથવા પાંદડાને જુંના વાઇન દારૂમાં મેળવી પીવા આપેછે.

૨૯૦. Carduus Benedictus (Blessed or holy Thistle) નો કાવો પાવો.

૨૯૧. Gentian, felwort or Balmony ના સુક્કાં મુળીઆંનો ચુરો કરીને કાવો કરી પાવો. એથી જખમ ધોવો.

૨૯૨. જો ગાયો ને બીજા ચોપગા જાનવરને ધાવણની જગ્યાએ ઝેરી જનાવરો દંખ મારેતો ઉપલાજ Gentian ના મુળીઆનો ઉકાળો તે દંખવાલી જગ્યા ઉપર મુકવો અથવા કપડાંથી લગાડવો.

૨૯૩. Horehound નો પાળો તથા બીજનો ઉકાળો કરી પાવો, તેમજ પાળાની લુગડી બનાવી દંખે બાંધવી.

૨૯૪. એનો લીલો પાળો લાવી છુંદી તેલ કે પછી ચરબીમાં મેળવી ચુલે ચઢાવી મલમ કરી લગાડવો.

૨૯૫. Wild horsemint ના પાદડાંનો રસ પાવો અને લુગડી કરી પાલો દંખપર બાંધવો.

૨૯૬. કાંદાની પોલતીશ બાંધવી.

૨૯૭. Ashtree ના પાંદડા કે પછી કુમળાં પીળાને છુંડી લગાડવા.
૨૯૮. Bishop weed (અજમા) ની લુગડી મુકવી.
૨૯૯. Snakeweed, bistort, dragonwort ના મુળીઆ અને પાળા વાટી લુગડી દંખે બાંધવી.

૩૦૦. Meadow trefoil or Honeysukle નો રસ પીવા માટે એડર (Adder) જાતના સાંપનાં દંખોમાં વપરાય છે.

૩૦૧. Honeysukle નો પાળો તેલ કે ચરબીમાં ઉકાળી મલમ બનાવી દંખને લગાડવો.

૩૦૨. Elder or Dwarf Elder ના મુળીઆનો કાવો વાપરવો.
૩૦૩. ખુરચાપાની શાળ (છાલ) નો રસ સુમારે એક તોલો કાઢી તે મધે પંચવેળીના મુળ ત્રણ માસા સુધી ઘસી તે પીવા આપવો.
૩૦૪. પારીજાતકની છાળ, બેલાંની છાળ અને ખુર ચાંપાની છાળ એ ત્રણે છાળ એકત્ર કરી રસ કાઢી થોડે થોડે વખતે ત્રણ વખત મળીને અચ્છેર જેટલો આપવો. અને અરીઠાના પાતરાંનો રસ કાઢી તાળકપર ચોપરી પચવા દેવો.
૩૦૫. કડવા લીંબડાની છાળ કે પછી પાતરાંનો રસ પાણી નાખી કાઢવો અને એક ઘોટ પીધો પછી થોડો વખત રહી બીજો ઘોટ પાવો અને દરેક વેળા બે તોલા રસ પાતા જવાથી વિખ ઉતરશે.

૩૦૬. મલબારી હળદીનો કંદ શકતી જોઇ ખાવા આપવો તેમજ એ કંદ ચાવી દંશપર ચોપડવો. એ (મલબારી હળદી) સર્પના વિખપર મોટો ગુણ કરનારૂ ઔષધ છે.

૩૦૭. ગમે તેવા જાલેમ નાગનુ ઝેર ઉતારવા સારૂ સબજાના પાળાનો રસ ચાર તોલા સુધી દરવખત આપવો. એ પ્રમાણે બેથી ત્રણ વખત પાવાથી વિખ ઉતરશે.

૩૦૮. કાળી સાપસંદના મુળ ત્રણ તોલા જેટલાં અને અરીઠા લઇને બંને પાણીમાં ઘસીને તેના ત્રણ ભાગ કરવા. અને તે થોડે થોડે વખત ને અંતરે પાવાં.

૩૦૯. કાંડરાના ઝેર શીવાય બાકીના સર્વે વીખ ઉપર સાપસંદીનો પાળો અને મરી એકત્ર વાટી સુમારે બે તોલા રસ કાઢી અને

તેમાં સાપસંદીના મુળ સુમારે ૩) માસા ઘસીને તે રસ પાવો. એથી કરી વીખનો જોશ જાસ્તી ચઢતો અટકી બીજા ઉપાયો કરવાનુ ફાવશે.

૩૧૦. હુરયા (બીબલા) ની છાળ અરીઠાના પાણીમાં ઓગાળી (ઘસી) ને તે આસરે બે તોલા લેવું. અથવા એ છાળને ખુર ચાંપાના રસમાં ઘસી બે તોલા પાવી.

૩૧૧. સફેદ ચંપાની શીંગને દુધમાં બરોબર રીતે ઉકાળીને સુકવી રાખવી પછી જેને દંખ લાગેલો હોય તેને એ શીંગ ત્રણ થી ૪) માસા સુધી એક તોલા પાણીમાં ઘસી કે વાટીને આપવી, જેથી કરી એક પોહોરમાં ઝેર ઉતરી જશે.

૩૧૨. જો કડવા લીંબડા થોડા ચાવી જરા જેટલાંજી દરરોજ સહવારના ખાએ, તો પછી સાંપનું ઝેર લાગે તોય તે ઝેરનો જોશ તેને ચઢશે નહી.

૩૧૩. એરંડાના પાતરાનો રસ સુમારે બે તોળા લઇ તેમાં ચોથે હિસ્સે પાણી નાખી પાવો. દંખપર એજ પાળો વાટી મુકવો તેથી ઉલટી થઇ વીખ ઉતરશે.

૩૧૪. પળસાના મુળ પાણીમાં વાટી સુમારે ચાર તોળા જેટલું ઔષડ પાવુ. અને તેજ છાળનો લેપ દંખપર કરવો.

૩૧૫. મહુડાના ફળના બીજ થુકમાં કે પછી પાણીમાં ઘસીને અંજન કરવું.

૩૧૬. રાનતુરી અથવા મુદ્રિકેચના ઝાડના મુળ ચાવી ખાવા.

૩૧૭. કણેરના સફેદ ફુલ ૨) કળી તેના જેટલોજ કડક તંબાકુ લઇને બંધેને મેળવી તપકીર જેવાં વાટીને તે મધે એલચીદાણા બારી કુટીને નાખી તે ચુરણ કપડછાન કરી રાખવું અને તપકીરની માફક સુંઘવું.

૩૧૮. જેપાળાના બીજને લીંબુના રસની ૨૧) ભાવના (પટ) આપી બારીક ખળી પછી ગોળી બનાવી છાંયડે સુકવીને કાચની સીસીમાં ભરી રાખવી જેને ઝેર ચઢે તેને ઘસી આંજવી તેથી ઝેર તાતકાળ ઉતરશે.

૩૧૯. અનંતા મુળને અરીઠાના પાણીમાં બારીક વાટી પછી તે પાણી બે તોલા જેટલું પીવા આપવું.

૩૨૦. કડવા વૃંદાવનાના મુળને ચાર માસા સુધી લઈ બીડાંમાં ચવાડવાં.

૩૨૧. ઉંદીર કાનીના રસને સુમારે બે તોળા જેટલો પાવો.

૩૨૨. વાકાંડીનો રસ સુમારે લવટાંક જેટલો લઈ પાવો. તેજ રસ દંશ સ્થાને લેપ કરવો કે ચોપડવો.

૩૨૩. કેળના કાંદાનો રસ કાઢી એક વખતે ૧ તોલા ભર જેટલો કાઢી તાંસે તાંસે પાવો. કેળના કુમળા પાતરાં નહીં તો પછી કોઇબી પાંતરાં બારીક કુટી તેની વારવાર પોલતીશ બનાવી દંખ પર બાંધવી, તેથી જલદીથી વિખ ઊતરશે. એજ ઔષડથી વિચ્છુનુ વિખ પણ ઊતરશે. કદાચ દરદી તુરત બેસુધ્ધિમાંથી આરામ પકડે નહી તો ચાલુ કીધેલી સારવારનો ક્રમ છોડી ન દેતા સાથે સાથે બીજા ઊપાયા અજમાવવા.

૩૨૪. મરી ગયલી ચિચુંદ્રી (ચેણુને) સુકવી બારીક કુટી રાખી મુકવી. પછી જે માણુસ કે જાનવરને સાંપ દંશે અને એ ઓષધનો ઉપચાર થાય તે આગમજ બેસુધ્ધ થાય, તો જરા જેટલોબી જીવ તેમાં બાકી રહે ત્યાં સુધી એ ભુકી પાણીમાં નાખી કાલવવી ને પીચકારી વડે બંને નાખના નસકોરામાં એ દવા દાખલ કરવી. દરેક નસકોરાંમાં ચાર ચાર વખત પીચકારી મારવી. એમ કરવાથી માણુસ કે પછી જાનવર હુસ્યાર થાયછે.

૩૨૫. જેપાળબીજની અંદરની જીભ કાઢી નાખી પછી તે બીજ તોલો ૧ લઇ તથા મરી તોલા ૧ લઇ તેને લીંબુના રસમાં ખરળ કરી પછી દશ દીવસ સુધી લીંબુના રસના દશ પુટ (ભાવના) આપીને બારીક ખરળ કરી ગોળીઓ લાંબી બનાવી શીશીમાં ભરી રાખવી ને મજબુત બુચ દેવો. પછી કોઇબી માણુસ કે જાનવરને કોઈબી જાતનો ઝેરી સર્પ નાગ વિગેરે કોઇબી ઝેરી પ્રાણીથી તે બેસુધ્ધ થાય, (શિવાયકે તે ઝેરી દંખ કાંડરાનો હોય નહી.) તો પછી તે રોગીના

ડોળામાં એનું અંજન કરતાંજ ઝેર નાશ પામે છે, અને આદમી હુસ્યાર થાય છે. એ પછી ૩) દીવસ સુધી એના ઉતાર તરીકે ગાયનું તાજું માખણ રોગીની આંખમાં આંજવું.

૩૨૬. ઓસબનીતીના મુળયા ચાવીને થોડાં ગળવા અને થોડા સાધારણ ચાવી દાઢની નીચે રાખીમુકી તેનો રસ આસ્તે આસ્તે ગળવો. એ પ્રમાણે પોહોર કે દોઢ પોહોર કરવું ચાલુ રાખ્યાથી વીખની અસર થશે નહી.

૩૨૭. કાપુર ભીંડીના મુળ ૧) તોળો લઇ થંડા પાણીમાં ઘસી થોડે થોડે વારને અંતરે તે પાણી ૩) થી ૪) તોલા પાવું.

૩૨૮. દેવડાંગરીના ફળના તંતુમય એક ચણોટીથી બે ચણોટી ભાર થંડા પાણીમાં કાલવી ૨) તોળા જેટલું પાણી કરી પાવું.—ઉતાર—ઘી ને ભાત.

૩૨૯. તકમરીના પાલાના રસમાં અથવા કાળી તુળસીના પાલાના રસમાં સમુદ્ર ફળ ૦) માસા સુધી ઘસી એ રસ સુમારે નવટાંક પાવો. એ પ્રમાણે એક તાસ મારયા પછી થોડો વખત રહી બીજી પછી ત્રીજી એમ ૬૦ તાસ મારવાથી કરી સર્પ કાંડર કે પછી ફુરસા સાંપનુ વિષ ઉલટી થઇ નીકળી જાયછે; અને દરદીને આરામ થાયછે.—ઉતાર—ઘી કે પછી દહી ભાત.

૩૩૦. તંબાકુને પાણીમાં મેળવી તે પાણી ૨) થી ૩) વેલા થોડું થોડું પાવું. અને લીલા રંગની ઉલટી થવા સાથેજ કાંદા ખાવા આપવા.

૩૩૧. નાગ દવણીના મુળને થંડાપાણીમાં ઘસીને શકિત પ્રમાણે એક તોળા સુધી તે પાણી પાવુ, એટલે ઉલટી થઈ ઝેરનો જોર કમી થશે. કદાચ એ દવાથી મોહાડામાં વર્ં થાય તો પછી ઘીથી કોગળા કરી નાખવા.

૩૩૨. સર્પ, ફુરસા સાંપ કે બીજા જુદી જુદી જાતના ઝેરી જાનવરોના દંખોમાં તુરતજ વિખમોગરીના પાલાનો રસ કાઢી શકિત મુજબ ચાર તોળા સુધી પાવો. એ પાવાથી વિખનો જોર ચઢતો અટકશે એટલુંજ નહી પણ જો એજ ઉપર ભરોસો રાખી થોડા થોડા વખતે એ આપ્યા કરશો તો વિખનો નાશ થશે.

૩૩૩. કોઈબી મનુસ્યને વખતસર ઔષધ ન મળવાથી અંગમાં વિખ પચીજઈને બેસુધ્ધ થવા માંડે કે પછી દાંતની ચપરાસી (જડબું) બેસી જાય, તેથી ઔષધ પાવાનુ કઠણ થઈ પડે. એ વખતે કાંઇ ઈલાજ ચાલે નહી એમ લાગશે ખરૂ; પણ તેથી હારી નખાતાં જ્યાં સુધી ઉપાય તો અજમાવવા જોઇએ છે. એ માટે તે માણસના તાલવામાં કાંઇ બારીક છેડ કરી તે જગ્યાએ નાગવેલીના મુળને થંડાપાણીમાં ઘસી એક માણસે સરખા ચોળતાં રહેવું. એ ઉપરાંત શરીરના જેટલા સાંધા હોય તે સરવે સાંધાપર એજ મુળયું ઘસી મસળવું. એ પ્રમાણે એ મુળીઆંનો પાશેરથી અરધો શેર ઘસકડો ચોળવા, પછી ઘણું કરીને જેનામાં જીવ છે એવો માણસ સજીવન થયા વગર રહેશે નહી.

૩૩૪. સફેદ મરી, સફેદ માદાર (ધોળા આકડા) ની મૂળી અને ફુલવેલો મોરથુથુ સરખે ભાગે લઇ પાણીમાં ખરળ કરી એકેક માસાની ગોળી બનાવી પાણી સાથે એક ગોળી આપવી. એથી વિખનુ જેર ઉતરશે.

૩૩૫. **મતસંજીવની વટી,** કપુરી મધુરી, ખસનુ મુળ, રૂદંતી, ફટકડી ફુલવેલી, શીલા રસ, ગોરોચન, તગર, ઘ્રામણુ, કેસર, જટામાંસી, તુળસીની માંજર, એલચી, સોનપત્રી હરતાલ, બાબચી, ઉભી ભોરીગણી, સરસડાના સુકાં ફુલ, રકત ચંદન, કમળ પુપ્પ, મોટી હરડે, ઇંદ્રામણા મુળ, દેવદાર, કમળના તંતુ—કેસરા, લોદર, શુધ મનસીલ, નગોડના બી, જુઇના સુકાં ફુલ, આંકડાના રવાઇડાં સુકાં, હળદર, દારૂ હળદર, હીંગ, લીંડી, પીપર, બોરડીની લાખ, વાળો, મગફળીના મુળીઆં સુખડનો ભુકો, જેઠીમધના મુળ, મીઢાળનો ગર્ભ, નગોડની અંતર છાલ, ગરમાળાનો ગોળ, સાવર લોદર, અઘેડાનાંબી, સુગંધિ ધફલો, નોરવેલ, વાવડાંગ, એ સરવે વાણાને લઇ વાટી કપડ છાન કરી બબે વાલની ગોળી વાળીને સુકવવી, ને શીશીમા ભરી મુકવી. એ ગોળીઓ દરદીનું કૌવત તથા સરવે વિખનુ જોર જોઇને દર પાંચ, દશ, પંદર મીનીટે કે પછી યોગય લાગે તેટલે અતરે પાણી સાથે વાટીને એકથી બે આપવી.

પાવા ઊપરાત તેનો ચુરો કરી તપકીર માફક નાકમાં સુંધાડવો કે પછી વળી તેને પાણીમાં ઘસી આંખે અંજન કરવું, તેનો ધુવાડો આપવો કે ગમે તો પાણીમાં વાટી આખે શરીરે ચોપડવી.

ઊપળી ગોળીઓ ભોયરીંગણીના ક્વાથ સાથે પાવાથી ઘણો ફાયદો થાયછે.

૩૩૬. હીંગલોમાંથી કાઢેલો પારદ (પારો), શુદ્ધ ગંધક, કાચું વગર ફુલવેલું મોરથુથુ, ફુલવેલો ટંકણખાર હળદર, સોનપરી વગર શોધેલી હરતાલ, ઇંદ્રામણના મુળીઆં, ધોળી નસોતર, લીંબડાની લીંબોલીના મીંજ, મહોટી હરડેની છાલ, સાંધાલુંણ એ દરેક ઔષધ તોલા પાંચ લઇ કપડછાન કરી યોગય રીતે મળવી તેમાં ૨॥ તોલા સોનાનો વરખ ભેળવીને પછી તુલસીનો રસ, સરસડાના પંચાંગનો ક્વાથ, તાંદુલજાના મુલનો ક્વાથ, વાંઝકંટોલીના કંદનો ક્વાથ પ્રત્યેકની ૩ ત્રણ ભાવના આપવી, અને કુકડવેલના પંચાંગના સ્વરસની અથવા ક્વાથની ૪ ભાવના આપી ત્રણ ત્રણ રતીની ગોળીઓ વાળવી. અને છાંયે સુકાવવી. એનું નસ્યને અંજન કરાવવું. તાળવે છેદ પાડી તે ઉપર ચોપડવી. પાણીમાં વાટી આખા શરીરપર મસલવી. દર કલાકે એકેક પાણીમાં પીવરાવવી. ભયંકર સ્થિતિ વખતે શરૂઆતમાં પા પા કલાકને અંતરે એ ગોળી પાવી. પછી સારી સ્થિતિ થતા દવા પાવાનો વખત લંબાવવો.

૩૩૭. ઉપલીજ ગોળી જો પાણી કરતાં કેટકીના મુળના રસમાં પાણી સાથે વાટી એકત્ર કરી પાય તો એકદમ સારી અસર થાય છે.

૩૩૮. ગમે તે દવાના અનુપાન તરીકે તાદુલજાના મુળીઆંને ચોખાના ધોવરામણ સાથે વાટીને પીવરાવવું.

૩૩૯. કેટકીના મુળીઆના રસ સાથેજી કોઇ પણ દવાનો ઉપયોગ કરવો.

૩૪૦. મનુષ્ય મૂત્ર સાથે કોઇપણ દવા ખાવા આપવી.

૩૪૧. ગમે તે ઔષધ સાથે સોનાનો વરખ બબે વાલ જેટલો થોડા થોડા અંતરે આપવો. ઉલટી કરાવવા બેઆની ભાર

ફુલવેલું મોરથુથુ આથી પછી ગળુ સુકાય તો વખતો વખત ઘી પાવું.

૩૪૨. પરમેનગેનેટ ઓફ પોતાશ બે ગ્રેન જેટલો પાણીમાં પીગલાવી અરધાથી પોણા કલાકને અંતરે પાવો, તેમજ ડંખ પર લગાડવો.

ફુરસા સાંપનો ડંખ.

૩૪૩. ફોલશા, ફુરશા, સાંપનો ડંખ—ઉક્ષીના મુળ અને ધણુસરીના મુળ એકઠા કરી ગૌમૂત્રમાં ઘસી લેપ કરવો.

૩૪૪. કડવા જીરાંનો પાળો વાટી ગરમ કરી તેની પેંડી ડંખ પર લગાડવી. તેનો રસ અંગપર ચોળવો.

૩૪૫. જો વિખ આંગપર ફુટી નીકળે તો કીંજળીના ફુલ સુમારે ૪ તોલા લઇને તેમાં ચોપટ પાણી નાખી ચુલાપર ગરમ કરી અરધુ પાણી બળે કે ઉતારીને તેમાં લાલ કાજુના ઝાડની છાળનો રસ ૧) તોલો નાખી પાવો.

૩૪૬. ધણુસરીના મુળ અને અરીઠાને પાણીમાં ઘસીને તેમાંથી બે તોલા લઇ હરેક વખત પાવું.

૩૪૭. જો સોજો અંગપર આવેલો હોય તો ધણુસરીના મુળ ગૌમૂત્રમાં ઘસી તેમાં કીજલીના પાળાનો રસ થોડો મેળવી એકત્ર કરી ગરમ કરવો. થંડો થયા પછી તેનો લેપ કરવો.

૩૪૮. સારૂ સફેદ ચંદન (સુખડ) અને અરીઠા એ બંને ઔષડો એક સરખા લઇ તેને થંડા પાણીમાં ઘસીને તેમાંથી ૨) તોલા પાવું.

૩૪૯. ડીકવેલીના મુળ ગૌમૂત્રમાં ઘસી અથવા પાણીમાં ઘસીને સુમારે ૪ તોલા સુધી પાવાં. તેમજ ડંખવાળી જગયાએ ચોળવાં અને તેજ મુળીઆનો એક ટુકડો મોહોડાંમાં રાખી મુકવો. ગુણ થાય ત્યાં સુધી એજ સારવાર ચાલુ રાખવી.

૩૫૦. બારીક (પતળાં) ભોવરીના મુળીઆ માણુસના મુત્રમાં ઘસી બે તોલા જેટલાં પાંવાં. તેમજ દંશ પર લેપ કરવો. એ

ઔષડથી અસાધ્ય વિખવાળા દરદીઓ ત્રણ દીવસમાં સારા થાય છે.

૩૫૧. ભોંકરીના મુળ ગોમૂત્રમાં ઘસી દંશપર લગાડી તેમજ સુજેલી જગયાએ ચોપડવાં. એવી રીતે સાત દીવસ સુધી ચાલુ રાખવું.

૩૫૨. આડમડણ વેળના મુળ થંડા પાણીમાં ઘસી કપડછાન કરી ૪ તોલા સુધી પીવા આપવું. અને મનુશ્યના મુત્રમાં એજ મુળ ઘસી લેપ કરવો. એ પ્રમાણે દરરોજ બે વેળા કરવું અને તે ત્રણ દીવસ ચાલુ રાખવું. ચોથે દીવસે * કડુ પાણી દહી તથા ભાત સાથે મેળવી રોગીને ખાવા આપવું. (* લીંબડાનો રસ).

૩૫૩. અળવીના પાન (પાતરાંનો) નો રસ સુમારે ૨) તોલા કાઢી તેમાં મરીનો ભુકો આસરે ચાર માસા જેટલો નાખી આપો. નહી તો ભારંગ મુળનો રસ ચાર માસા મેળવી પાવો. અથવા ભારંગ મુળનો રસ સુમારે એક તોલા જેટલો પાવો. અને ડાકીને તેમજ દંશવાળી જગ્યાએ લગાડવો.

૩૫૪. વીખના જોશથી પેટમાં ગાંઠ બાજે તો અગસત્યાની છાળ અરીઠાના પાણીમાં ઘસી સુમારે બે તોલા જેટલું પાવું. અને રોગનું મુળ નાશ પામ્યા સાથે ચોખાની પેજ (કાંજી)માં ઘી નાખી તે સુમારે અર્ધો શેર જેટલું પીવું.

૩૫૫. કાળવેળના કુમરાં પાતરાં તેમજ લાલ કુંભ્યાની છાળ એનો રસ કાઢી શકતી જોઇ લવટાંક જેટલો પીવા આપવો. એ ઔષડ ત્રણ દીવસ સુધી દરરોજ બે વખત ખાવું.—ઉતાર કાળી તુલશીનો રસ એક તોલો અને લાલ અગસત્યાના પાતરાંનો રસ સુમારે એક તોલો એકત્ર કરી પીવા આપવો.

૩૫૬. વિખથી સુઝી આવે, સોજો ચઢે તો તે ઉપર કાળીવેલીનો કાંદો ખોખરો કરી બાંધવો.

૩૫૭. કાળા કુડયાના મુળ પાણીમાં ઘસી કપડછાન કરી તે આસરે બે તોલા તેમજ ઇંદ્ર જવનું ચુર્ણ એક માસે તેમાં મેળવી તે પાવું.

૩૫૮. કુડયાના કાળા ડોડવાનો રસ સુમારે પાવશેર સુધી કાઢી તે મધે પોકળીઆના બીજનું ચુર્ણ સુમારે બે તોલા મેળવી તે રસ પીવા આપવો.

એ પ્રમાણે ત્રણ દીવસ સુધી સહવારના પોહોરમાં એ ઔષડ આપ્યા જવું.

૩૫૯. ફુરસા સાંપનું જેહર જોશમાં આવી મોહાડા વાટે અને તેમજ નાક વીગેરે બીજી ઇંદ્રીઓ વાટે લોહી પડે છે તે માટે એ ઉપાએ છે.

૩૬૦. સાગવાનના કુમલાં ડોડવાનો રસ લવટાક જેટલો આપવાથી તાત્કાળ વિષ બંધ થઈ જાય છે.

૩૬૧. હાડકીનું મુળ થંડા પાણીમાં ઘસી બે તોલા સુધી એ ઔષડ પીવા આપવું, અને તેનોજ દંખવાળી જગ્યાએ લેપ કરવો.

૩૬૨. અલુ ના ઝાડના પાતરાં શેરભર લઇ તેનો રસ કાઢી સહવાર સાંજ બે વખત પાવો. એજ પાળો દંખપર લેપડી બનાવી ચોપડવો.

ગોમી (ઘોણુ) નો ડંખ.

૩૬૩. તેલનો લેપ કરવો.

૩૬૪. હળદ, દારૂહળદ અને મનશીલનો લેપ કરવો.

૩૬૫. કાનેઠી (ગોમ)—બગીચામાં અજમાના પાન થાયછે તે કુટી બારીક કરી દંખપર લગાડવાં.

૩૬૬. મોડણીના ફળ ને મુળ થંડા એક સરખા ઘસી દંખ અને તેની આસપાસ ભાગોપર જેટલુંબી ઝેર ચઢેલું હોય તે ઉપર લેપ કરવો. એ લેપ સુકાવા પછી વેદના કમી થશે.

૩૬૭. સુરદાડ તેલ દંખપર લગાડવું.

૩૬૮. પીપળીને નીવડુંગના દુધમાં ઘસી લેપ કરવો.

૩૬૯. ગુગળનો ધુંવો દંખને આપવો.

૩૭૦. નવસાગર વાટી લગાડવો.

૩૭૧. કોડીયાનું વિષ—અરીઠાનું પાણી વારંવાર પાવું.

૩૭૨. બે ત્રણ ગુંજા (ચણોઠી જેટલું) મોરથુથુ ફુલવીને દહીમાં આપવું.

૩૭૩. **ચિત્રાના વિષ ઉપર**—ઘોણુસ કાંડાના રસમાં ધણસર્ગાના મુળ, અર્ગાઠા અને કડવા કારેલા વાટી ગોમુત્ર નાખી ડંશ ઉપર લેપ કરવો.

૩૭૪. કુકડના મુળ પાણીમાં ઘસી થોડો થોડો વારે પાવાં.

૩૭૫. ધણસર્ગાના મુળ અને સુંઠ ઘસી પાવા. જો ગાંઠ બંધાય તો તે ઉપર એનો લેપ કરવો.

૩૭૬. ભારંગ મુળને પાણીમાં ઘસી પાવાં.

૩૭૭. ઘોરોને માટે ઘોણુસ કાંડાનો રસ ચેરભર લેવો.

૩૭૮. **મણીયારનું વીષ**—કાળી તુલશીનો રસ પાવા આપવો; અને મસ્તક પર એ રસ ચોપડવો. પણ તે લેપના જેવો જરા ઘટ્ટ કરવો

૩૭૯. કાજુની છાલનો રસ શક્તિ પ્રમાણે પાસેરથી અચ્છેર સુધી પાવા આપવો; અને તે ઉપર દુર્વાનો (ધરોનો) રસ પાવો; અને તે રસ તાળવે ચોપડવો.

૩૮૦. **લુત્તા (કાતરણ)**-કાળી અને ધોળી ગોકર્ણી, ભોંકર, કાળીપાટ, રાતી અન શ્વેત સાતોડી, કોઠ અને સરસવના છોડના બીજ એનો વાટી લેપ કરવો.

૩૮૧. હલદર, દારૂ હલદર, મજીઠ, પતંગ, નાગકેશર, એઓને થોડા પાણીમાં વાટી ડંશપર લેપ કરવો.

૩૮૨. કાળી તુલશીના પાનના રસમાં ધોળી ચણોટી અને ધોળી ગોકર્ણીના મુલ ઘસી તે પાઇ દેવું.

કાંડર સાંપનો ડંખ.

૩૮૩. કોસંબ, કાત્રેનિર્ગુંડી વકાજવીણ એ ત્રંણ ઝાડના રસ સુમારે ૭ તોલા લઇ તે મધ્યે શમીના પાલાનો રસ બે તોલા નાખીને પછી તેમાં એક અરીઠો આખો ઘસી નાખવો અને એ મીશ્રણ પાવું. ઉલટી આવવા લાગતા જરા વાર દમ ધરી એક બે વેળા માત્ર થોડું થોડું પાવું. ઉતાર—ઘી.

૩૮૪. વેલપાંદરીના મુળ અને શમીની છાલને સાધારણ ગરમ પાણીમાં બંનેને સુમારે ચાર તોલા જેટલાં ઘસી પાવા. જો એ ઔષડ

આપવા પછી અરધા કલાકમાં ઉલટી ન થાય અને છાટીપર કફ બાજે તો પછી ઉપર લખેલું ઔષડ સરવે મલી બમણું કરી પાવું. જયાં સુધી ઉલટી લાગી કે જોલાબ થઇ કફ પડે ત્યાં સુધી ત્રણ વખત એજ ઔષડ પાવાં.

૩૮૫. વેલપાંઢરીના મુલ, કાકડીના રસમાં ઘસી તેમાં અરીઠા ચોળીને એકત્ર કરી એ મીશ્રણ ઉલટી થાય ત્યાં સુધી થોડે થોડે અંતરે ઉપર ઉપર આપવું.

૩૮૬. પાનકિંજળીની છાલ અરછેર, લાલ કાંજણીની છાલ અરછેર, રીંગણીનું આખુ ઝાડ મળી અરછેર, બાભળીની છાલ પાશેર, કાકડીના ડીચ ૨) તોલા, શમીની છાલ ૪) તોલા, સર્વે છાલ એકત્ર કરી તેને થંડા પાણીમાં ભીજવી રાખી તેમાંથી બસેર રસ કાઢવો. પછી એક કલાકના તફાવતે સુમારે દર વખતે પાવશેર રસ પાવો. તેજ રસ તાલવાં પર ચોળવો. આથી તાત્કાલ ઉલટી થઇ વિખથી ઉત્પન થયલો કફ પડશે. વિખ સંપુર્ણ ઉતર્યા પછી ઘી પાવું.

સર્પ દંશની સારવાર.

(બંગાળી રીત મુજબ)

૩૮૭. બંગાળી ગારૂડાઓ જેઓને **માલ** કહે છે, તેઓની રીત પ્રમાણે સાંપના ડંખની સારવાર.

તેઓ પોતાની સારવારને ૪) વિભાગમાં વહેંચે છે:—**સતી, પીંગ, થુબી, બરી;** એટલે લોહી કાઢવું, નીમક લગાડવું, ગરમી લગાડવી, દામથી બાળવું.

મોહોડાવતી ચુશી લેવાની રીતને ઉપલાંની સાથે તેઓ કામે લગાડે છે માટે તેને જુદી રીત ન ગણતા સામન્ય રીતી તરીકે રજુ કરે છે. એ રીત તુરત જો કામે લગાડી હોય છે તો તે સૌથી શ્રેષ્ટ તેમજ સર્વથા સલામત છે. પણ બધી વખત ઝેર ચુશી લેવાની રીત બની શકતી નથી.

તેઓના કહેવા પ્રમાણે સાંપ કરડે છે ત્યારે તેઓના બે ડંખો વાટે બે કાણા શરીરપર પડે છે. તે કાંણા જુદા જુદા

કીયા કરે છે, દરેક કાણું જુદી જુદી નસોની વાટે શરીરમાં દાખલ થવાની કોશિશ કરે છે. જેવું કાંઇ ઝેરી જાનવરે ડંખ મારીયો કે જોવું કે બે કાણા છે કે નહી? અને તેમજ હોય તો સાંપનો ડંખ છે એમ અનુમાન કરી તુરતજ સારવાર કરવી.

જેવા આ કાણા વાટે સાંપના ડંખ ભોકાયા કે થોડો વાર તો તે કાણાવાળી જગ્યાએજ સાંપનું ઝેર ઠરીઠામ થઇ રહે છે. પછી ઉપર લખવા પ્રમાણે શરીરમાં દાખલ થવા ધોરી નસો જાણે પકડી કાઢીને પછી પોતાનું જોર અજમાવે છે. જો ઝેર કાંણાઓમાંજ હશે તો તે ભાગો સુઝેલા જણાશે. માટે તુરત ઉપર અને નીચેના ભાગોમાં મજબુત પાટા બાંધીને એક ઢગ ઢગતા અંગારના કોયલા વટી બંને કાણાને દઝાડવાં. કોયલાનો અંગાર તુરતજ થંડો થતો હોવાથી માલ લોકો એક ગોલ માથાવાળો લોખંડનો ટુકડો વાપરે છે. જે સીલ (seal) મોહોર જેવો હોય છે. તેને બીજે છેડે લાકડાંનો હાથો રાખે છે. બે કલાક જેટલા વખત સુધી જખમને દુઝતો રાખે છે.

જો ઝેર છીદ્રો છોડી નસો વાટે દાખલ થયું હોય છે તો તેઓ તે ઝેરનું ટીપુ કયાં સુધી પુગુ છે તે જોઇ કાઢે છે. દરદીને પુછવાથી કલતર કયાં થાય છે તે તે કહે છે, નહી પછી જે નસોમાં તે (ઝેર) હશે ત્યાંના બાલો, જેમ જેમ તે ઉપર કે નીચે જતું હશે તેમ તેમ, ઉભા થતા કે નીચે પડતા જણાશે. એ જગ્યા જોઇ કાઢી તેથી ઉપરની અરધો ઇન્ચ જેટલી જગ્યાએ નસોમાં કાપ મુકીને છેદ પાડી બે હાથે તે નસને દાબી તે ઝેરનું ટીપું બહાર કાઢી નાખે છે.

કોઇ કોઇ વાર ઝેરનું ટીપું બાંધેલા મજબુત પાટાઓની હદ કુદાવી જઇ શરીરમાં આગળ ચાલે છે. એના બે કારણો છે. એક તો પાટો જેવો જોઇએ તેવો મજબુત નહી, કે પછી જો તે મજબુત હોય તો દંખ શરીરની ચામડી પરની સપાટીવાળો નહી, પણ છેક ઉંડાણ સુધી શરીર રચનામાં દાખલ થયલો હોવો જોઇએ.

કોઇ કોઇ વાર ઝેર કયાં છે તેની નીશાની મુદદલ જણાતી

નથી. તે વખતે નાલ લોકો એક રીત નીચે મુજબની વાપરે છે. તેઓ ગરમ પાણી હાથમાં લઇને તે વડી પાટાની હેઠળના ભાગોને ચોળે છે. જે જગ્યાએ ઝેર હોય છે તે જગ્યાએ આ ચોળવાની ક્રીયાથી ગોળ આકારનો સોજો ચઢે છે. જેવું આ માલમ પડયું કે પછી તુરત તેઓ નસ્તરથી છેદ પાડી તે કાઢી નાખે છે.

હમેશ મુજબ લોહી વહેતું કરી નીમક મુકી તેને ઝરફવા દેવા પછી ગરમ પાણી વડી તે જખમ ધોય છે. તે લોખંડને અંગારમાં મુકી લાલચોલ બનાવી બંને કાણાને એકી વખતે દઝાડે છે. પણ જો સીલના આકારનું લોખંડ બંને કાણાને એકી વખતે દઝાડતું નથી તો પછી છુટા છુટા ડામ મુકે છે. ડામ મુકતા ઝેર બળી નાશ પામીને જરા અવાજ કરે છે, એટલે જાણવું કે આપણું કામ પાર ઉતર્યું.

ગમે તો ડામ દેવાની કે ચુશવાની કે પછી નીચલી કોઇ પણ ક્રીયાથી ઝેરનો નાશ કરો તે આગમજ પાટા તુરતજ બાંધી લેવાને માટે ખંત વાપરવો.

દૈવય યોગે જયારે ઝેર પેલાં બે છીદ્રો કે કાણા છોડી જાય છે, ત્યારે શુબી એટલે લાલચોલ લોખંડની રીતની સારવાર નકામી થઇ પડે છે.

જો ઉપલી હાલત જણાય તો પછી છીદ્રો અથવા ડંખવાળી જગ્યાઓને છરી વડી કાપ મુકી લોહી વહેવા દો. જો મોટા કાપ ન મુકવામાં આવે તો તેને બદલે શરીરને છુદણા પાડવા માટે જેવી રીતે ક્રીયા થાય છે, તે માટે વપરાતી છરીની અણી વતી ડંખોની આસપાસ છુદણા પાડી અને છીદ્રો વાટે લોહી કાઢી નાખો. પુરતુ લોહી કાઢવા પછી તે ઉપર નીમકને બારીક કુટીને પાંથરો. એથી લોહીનું વહેવું વધશે. આવી રીતે લોહી કાઢવાથી સંદનતર ઝેર નીકળી જશે નહી તો ઝેરનો મોટો ભાગ ઓછો થઇ જશે. ઝેરની સાથે ભેલલું લોહી કાળુ સાહી જેવું નીકળશે. જે ભાગોમાં ઝેર હશે ત્યાંથી એવું કાળું લોહી વહેશે, જયારે ઝેરથી નીરાળા ભાગો વાટે એવું લોહી ન વહેતાં લાલ સ્વચ્છ રંગનું વહેશે.

જ્યારે કાળુ લોહી નીકળી જઇ લાલ લોહી ઝરવા માંડે કે જાણવું કે હવે કદાચ ઝેરની અસર નીર્મુળ થઇ છે, પણ કોઇ વખત આવી જાતનું લાલ લોહી દેખાવા માંડયા પછી થોડોક વારે પાછું કાળુ લોહી દેખાવ દે છે; માટે માલ લોકો આ જખમ સફા કરે છે, અને ગરમ પાણીને જખમ પર કાંઇ મીનીટો સુધી નાખવામાં આવે છે. કેટલાક ખરાબ કેસોમાં પાણી નાખવા અગાઉ ડામ દેવાનું પસંદ કરવામાં આવે છે. એનું કારણ એ કે તેઓને ઝેર જડપી ચાલે ઉપર ચઢતુ જણાય છે, અથવા તો દરદીને નાગ કે પછી ફેણવાળો કોઇ જોરાવર સાંપે કરડેલો હોય છે.

એ ડામને થુબી કહે છે. એ થુબી બોલ સામન્ય સુકકી ગરમી કે પછી સેકને અર્થે બોહોલી રીતે વપરાય છે.

જયારે ઝેરનો પ્રવાહ નબલો હોય ત્યારે તેને ફકત થુબીથી એટલે તાપ અથવા ગરમીથી નિરમુળ કરે છે. એથી કરી સાધારણ સાંપ કે પછી બીજી જાતના ફેણ વગરના સાંપોના ડંખોની સારવાર ફતેહમંદીથી થઇ શકે છે.

રેતીની અથવા નીમકની નાની પોતરડીઓ વટી તે તાપ લગાડાય છે. જખમવાળા ભાગોપર કેળનું પાતરૂ પાંથરી તે ઉપર મસાલના બળતાંની આંચ લગાડે છે. કેટલીકવાર જખમવાળા ભાગોપર ગરમ પાણીની ધાર રેડી સાફ કરવામાં આવે છે. ગરમીનો ઉપ્યોગ સાધારણ રીતે બે વખત થાય છે.

(૧)—જયારે ઝેર શરીરમાં તુરતજ દાખલ થાય છે ત્યારે અથવા તો

(૨)—જયારે ઝેર શરીરમાં પંથરાઇ ગયું હોય છે ત્યારે.

ચાલો ફરીથી જરા દરદી તરફ નજર કરીએ. તેને બે ત્રણ વાર ગરમ પાણીથી ધોઇ સાફ કરી વખતો વખત લોહી કાઢી નીમક મુકીને તપાસી જોયો છે. પછી કોરો શેક લગાડતા રહીને દરદીને આરામ આપવામાં આવે છે. એકવાર ફરીથી થોડોક વખત વહી જવા પછી નસ્તર મારી લોહી કાઢી જોય છે કે તે રાતુ છે કે ઝેરની અસરથી કાળુ થયું છે. જો લોહી લાલ નીકળીઉ તો પછી દરદીને ફરીથી આરામ આપી કોરદો શેક

પાછો ચાલુ કરે છે. એવી રીતે થોડે થોડે વખતે બે કલાક સુધી આરામ આપતા જઈ વખતો વખત છેદ પાડી નસ્તરથી લોહી કાઢી તપાસી જોયા પછી જણાય છે કે ઝેર નાશ પામ્યુ છે તો પછી પાટા છોડી નખાય છે.

કોઈ કોઈ વાર ભયાનક કેસોમાં ઉપર નીચેના ત્રણથી ચાર પાટાઓને બાજુએ નાખી દઈ ઝેર શરીર રચનામાં દાખલ થઈ પંથરાઈ જાયછે. ત્યારે દરદીની હાલત ઘણી કઢંગી થઈ જાય છે. જયારે જોયું કે પાટાઓપર પાટા બાંધવાથી ઝેરનો પ્રવાહ આગળ વધતો અટકતો નથી, ત્યારે બરીની સારવારની રીત કામે લગાડાય છે. તે માટે બે દાંતરડા ગોબરીના અંગારથી લાલચોલ કરીને તેઓની પીઠનો પોહોલો ભાગ છેલ્લા પાટો કે જેની અંદરથી ઝેર નીકળી જવાની તજવીજ કરેછે, તે પાટા ઉપર પેલું દાતરડું લઈ ડામ મુકે છે. એક દાતરડાથી તે ભાગને અરધો ડામે છે; બીજાથી બાકીનો ભાગ દઝાડીને તે ભાગની આસપાસ ગોળ ચકાવો અથવા વીંટી રોકો આકાર કરી મુકેછે. તે ડામ ૦ા ($\frac{1}{4}$) ઇંચ જેટલો ઉંડો કરેછે. એવી રીતે કુંડાળુ મારવાથી ઝેર અને શરીરના તંદુરસ્ત ભાગો વચે જાણે એક ખાહી જેવો અંતર થઈ રહેછે, જે પેલાં ઝેરથી ઓળંગવો મુશકેલ છે.

એ બરીની રીતથી ઉપર તપકેની નસો બળી જાય તો હરકત નહી; પણ તેમ થવાથી રખેને ધોળી નસો બળી જાયને દરદી હમેશનો તે ભાગના સાંધાઓ હલાવવાને અશકત થઈ પડે તેની સંભાલ લેવાવી જોઇએ. એ દાઝેલા ભાગપર કોપરેલ મુકી જખમ રૂઝ લાવે છે. હવે જે ભાગો પર પાટો બાંધી સારવાર થઈ ન શકે તે બાબત હાથમાં લઇશું. એવા ભાગો પર માણસ સુતેલો હોય તે વખતે સાંપ ડંખ મારે છે. સાંપના ડંખથી હેરાન થતો માણસ આવી હાલતમાં ઉઠવા પામતોજ નથી.

પહેલું જો બને તો જખમમાંથી ઝેર ચુશી થુકી નાખવું. ઝેરનો સ્વાદ કડવો હોય છે જે સ્વાદ લોહીમાં આમેજ થાય છે. જયારે લોહીનો કુદરતી સ્વાદ ખારાસ પર હોય છે. જો

ચુશવાનું ન બને તો છરી વટી લોહી કાઢી નાખવા સારૂં જખમને પોહોળો કોતરવો અને પછી તેને અંદરવેરથી ડામ દેવો.

જ્યાસુધી શારીરીક રચનામાં ઝેર દાખલ થયલું નથી ત્યાં સુધીનીજ આ સારવાર કરવાની છે એટલું યાદ રાખવું. બાકી કોઇબી જાતનું ઝેર એકવાર શરીરમાં પસરી ગયું કે આદમી બચશે કે નહી એ એક સવાલ થઇ પડે છે.

પણ કાંઇ સારવાર તો કરવીજ જોઇએ. એટલા સારૂં પહેલું પગઠયું એ ભરવું કે ડંખવાળી જગ્યાએથી લોહી કાઢીને તે ઉપર નીમક મુકી ઝરવા દેવું. વળી સુકકો સેક કરવો અથવા ગરમ પાણીનો સેક કરવો. આથી કાંઇ નહી તો ઝેરનું જોર નબલું તો થાય છે; તેથી તેની ગતી ધીમી થઇને સારવાર કરવાની તક મલે છે. જ્યારે શારીરીક રચનામાં ઝેર દાખલ થયું કે પછી સતી, થુબી વિગેરેની રીતો નકામી જેવી થઇ પડે છે. માલ લોકોને જંતરો—મંતરો પર વિશ્વાસ નથી. જે વનસપતિ રૂપી દવાનો ઉપયોગ કરવો તેઓ વાજબી વિચારે છે, તે માત્ર આમળી, લીમબુનો રસ જેવા ભાજીપાળાના તેજાબો અથવા ખટાશો છે. તેટલા માટે આવી કઢંગી હાલત વખતે તેઓ આમળી સાથના પાણીનું મીશ્રણ પાય છે. આ મીશ્રણ વળી જ્યારે પાટો બાંધી ઝેરને અટકાવી રાખેલું હોય ત્યારે પણ સંભાળથી અપાય છે. પણ જો તે વૈદની ખાતરી થઇ હોય છે કે ઝેર આગળ વધતું અટકાવી શકાયું છે તો પછી એ મીશ્રણ કદી અપાતું નથી.

આ મીશ્રણની બનાવટમાં આમળી, નિરમળ રાઇનું તેલ અને મોરથુથુ વપરાય છે. જો પાટો બાંધી ઝેર અટકાવી શકાય એવી હાલત હોય તો પછી મોરથુથુ વપરાતું નથી, પણ માત્ર આમળી ને રાઇનુ તેલ વપરાય છે. પણ શારીરીક રચનામાં ઝેર દાખ થતાં ઉપલી બંને ચીજો સાથે મોરથુથુનો ભેળ અવશ્ય કરાય છે. પહેલાં આમળીને તેલમાં નાખી નરમ કરી ને પછી મોરથુથુ ૫) એનનું વજન દરેક **ભાગમાં** નાખવામાં

આવે છે. એ મીશ્રણમાંથી દરેક ૫ થી ૧૦ મીનીટે એકથી બે ઔંસ જેટલું પાવું. પણ દરદીને કેટલી મિશ્રણની માત્રા આપવી તે તેની સર્વે હાલત ધ્યાનમાં લઇ કામ ચલાવવું. યાદ રાખવું કે દરેક વખતે પાંચથી વધુ ગ્રેન મોરથુથુ અપાય નહી.

બીજી દવાઓમાં માછલીનું પાણી વપરાય છે; જેની બનાવત આ પ્રમાણે છે. થોડી માછલી જે બહુજ વીસરી વાસ મારતી હોય તે લઇ તેઓને બેથી ત્રણ શેર પાણીમાં ધોઇ કાઢો, જેથી પાણીમાં તે માછલીનો વીસરો પટ ઉતરે. પછી આ પાણીને કટકાએ ગાળી નાખો કે તેમાંથી ભીંગડા નીકળી જાય. પછી આ પાણી દરદીને પાવું.

ઉપર જણાવ્યુ છે તેમ ભાજી પાળાનો ખટાશ સાંપના ઝેરને નિરમુળ કરી નાખવાને કેટલીક શકિત ધરાવેછે, અને તેથી આંમળી કાંઇ નહી તો એ ઝેરને નબળુતો કરશેજ. પણ આ મીશ્રણ પાવાની મુળ મતલબ દરદીને ઉલટી કરાવવાની છે. આ આમળીના મીશ્રણથી દરદીને ઉલટી થઇ તો જાણવું કે દરદીને આરામ થાય છે. એટલા માટે ઉલટ પકડીને બેશી ન રહેતાં ફરી ફરીથી તે ઉલટી કરે તે માટે તેને આ મીશ્રણ વારંવાર પાવું. બે ચાર ઉલટી થવા પછી દરદી સાજો થાયછે.

મરણ કાંઠે આવેલા દરદીની સારવાર કરતાં તે વોમીટ એટલે ઉલટી કરે એટલા માટે તેની હોજરી ભરાઇ જાય એટલું આમલી ને તેલનુ મીશ્રણ પાવું. જો તેમ છતાં તે ઉલટી ન કરેતો તેને આંગળા ઘાળી ઉલટી કરાવવી. તેમ કરવાને તે અશકત જણાય તો પછી પીછાં ગળાંમાં ફેરવી ઉલટી કરાવીજ જોઇશે. જો ઉલટી થઇતો તેની હોજરીમાં એકઠુ થયલુ ઝેર બહાર નીકળી જઇ દરદી સેહેલાઇથી બચી જાયછે. જો ઉલટી કરનારા વસાણાથી ઉલટી ન થાય તો પછી તુરતજ Stomach Pump સ્તમક પંપ લાગુ કરી ઝેર કાઢી નાખવું.

ઝેર શરીરમાં દાખલ થતાં હોજરી બલગમથી ભરાઈ જાયછે માટે એ સ્તમક પમપ ઘણો ઉપયોગી થઇ પડશે એવું બંગાળી કરતાનું મત છે. આ બલગમથી ગુચવાઇ દમ લેવો મુસ્કેલ

થઇ પડે છે માટે આ બલગમને કોઇબી વાટે દુર ન કીધો તો પછી મોહોત નજદીક આવે છે.

પણ માલ લોકો બને તેટલા ઉપાય કરવા બાકી રાખતા નથી. તેથી કરી તેઓ હોજરી અને ગળા વાટે બલગમ દુર કરવાને તરેહવાર રીતના ઉપાય અજમાવે છે. એક કપડાંનો બારીક કટકો લઇ તે ગળાંમાં ખોસી બલગમ લુછી લે છે.

બીજી રીત એ છે કે દરદીને ગરમ પાણી થોડું થોડું પાય છે, અને તબા થોડે થોડે વખતને અંતરે ગરમ પાણીનો બાફ ગળાને આપે છે, અથવા દરદીને વરાળ દમમાં લેવાડે છે.

દરદીને બલગમથી હાંફો ચઢવા સાથે ઝેરની અસરથી અતિશય તરશ લાગે છે, તેને જીવતો રાખવાનું કામ આપણો મુખ્ય હેતુ છે. પણ તે કોઇવાર જહાબંધ પાણી પી જઇને પોતાને મારી નાખે છે. માટે તેને એમ કરતાં વાળી થોડે થોડેવારે ગરમ પાણી પાવું. પછી તેને આમળીનું કે મછીનું પાણી આપવું.

કોઇ કોઇવાર દરદીનું જડબું બંધ થઇ જતું હોવાથી તે આમળીનું મીશ્રણ પી શકતો નથી. એવી હાલતમાં તેના હોજરીમાં એક નળી દાખલ કરી તે મીશ્રણ રેડવામાં આવે છે. આ માટે કેળનું કાચુ પાતરૂં ઉપયોગમાં લે છે.

આખેરના તબકકામાં દરદી નાક વાટે અવાજ કાઢે છે, તેની યાદદાસ્ત શકતી જતી રહે છે વીગેરે. એ માટે તેને કદીબી ચટોપાટ સુવાડવો નહી. તેને ઉંઘાતો અટકાવવો; બાવા દેવું નહી; વાતમાં રોકવો. જો તે વાત કરી ન શકે તો પછી તેને ઇસારતથી વાત કરાવવી અને તે સાંભળે તેમ કરવું. તેને જીવવાની આશાનો દીલાસો દેવો. તેની આંખ લાલ ચોળ થયલી હોવાથી તે ઝાંખુ જોય છે, માટે તેમાં લીંબુના રસના કે સરકા કે આમળીના પાણીના એક બે ટીપા નામવા. એથી લાલાશ જતો રહેશે.

જો દરદીને શરીરમાં ઝેર ન ચઢયું હોય પણ પાટો બાંધવાથી તેનો અટકાવ થયો હોય અને તે જો હુકકો વિગેરે તાણવા માગે તો તેમાં અટકાવ મુકવો નહી

વારંવાર વામીટ થયા પછી દરદીને સંપુર્ણ આરામ મળશે તેથી તેજ તમોને જણાવશે. જાણે કોઇ સ્વપનાની દુનીયામાં તે જઇ આવેલો હોય એમ જાહેર કરશે.

તેને હવે પોહોળા પગ કરીને કાંઇ અઢેલીને અથવા તો કોઈ માણસે ટેકો આપીને બેસાડવો. સઘળા સર્પથી ડંખાયલા દરદીઓને લાંબા તાંત્યા કરી બેસાડવાનુ ધ્યાનમાં રાખીને કામ લેવું.

જ્યારે દરદી દેખીતો મરણ પામેલો લાગે છે, ત્યારે માલ લોકો તેની જીંદગી બચાવવાનો છેલ્લો ઉપાય અજમાવે છે. તે ગરમ પાણીની ધાર તેના માથાં ઉપર નામવા કહેછે. દરદીઓને એક ઘરના છાપરાં હેઠળ બેસાડી સહેવાય એવુ ગરમ પાણી તેના છજ્યા અથવા સીલીંગમાંથી નામે છે. પંદર મીનીટ સુધી આ સારવાર ચાલુ રાખેછે. વાસણો ચુલાહો ઉપર મુકી પાણી તૈયાર રાખવામાં આવે છે જેથી ગરમ પાણીની ધાર ચાલુ રખાય. જો ૧૫ મીનીટ પછી દરદીને જરાખી જીવ આવેલો જણાય છે તો પછી આ ક્રીયા ચાલુ રાખી જ્યાં સુધી તે દરદીને ધ્રુજરી છુટી લખલખું ભરાય કે પછી એ કામ બંધ પડે છે.

બીજી રીતે—સાંપે દરદીને કરડવાથી શારીરીક રચનામાં ઝેર દાખલ થઇ શરીર સુઝી આવે છે તે વખતે સુકકો સેક અને વરાળની સારવાર વપરાય છે. વરાળની સારવારનો ગુણ ઘણો ફાયદા ભરેલો છે. એટલા માટે એક ખાડો ખોદી તેમાં ગાયના છાણા મુકી અંગાર સળગાવીને તે અંગાર ઢગઢગતો બળતો હોય તેટલા તેની નજદીક દરદીને બેસાડી એક ધાભળી તે અંગાર અને દરદીની આસપાસ વીંટાળીલે છે. ફકત તેના નાકના નસકોરા ખોલ્લાં રાખીને સર્વ ભાગો ઢાંકીલેછે. એ ક્રીયા વખતે તે દરદી દીવાળે અઢેલે તો સારૂ, નહી તો તે અશકત આદમીને પીઠપર સુવારીને પછી એ ક્રીયા કરે છે. એ કોરડા સેકની વાત થઇ. હવે વરાળનો સેક નીચે મુજબ છે:—

એક વાસણમાં પાણી નાખી તેમાં થોડાં Piper Chuba ના પાંદડાં નાખે છે. જો એ પાંદડા ન મળે તો પછી સાદુપાણીખી

તેટલુંજ સારૂ કામ બજાવે છે. પછી દરદીને ધાબળી ઓઢાવી એક નળી વાટે કે પાઇપ વાટે વરાળ દાખલ કરવામાં આવે છે.

કેટલી વખત સુવાની ખાટ ઉપર દરદીને સુવાડી નીચેથી તાપ અથવા વરાળ આપવામાં આવે છે. કોઇપણ રીતે દરદીને પરસેવો પડે એ જોવાનુ છે. આ સારવારથી દરદી કંતાળેલો લાગે તો પછી થોડોવાર આરામ આપી પાછી તે સારવાર ચાલુ કરવી. કાંઈપણ સંજોગો વચ્ચે તેના ઉપરથી ધાબળી કાઢી ન લેતાં ફક્ત દેવતા કે વાસણ ઉપરનુ કપડાંવાળું ઢાંકણ દુર કરવું.

પહેલી સારવાર પછી દરદીને પરસેવો પડેલો અને તેને, સોજો થોડો ઉતરેલો લાગશે. એકવાર ફરીથી થોડીક મીનીટો ના વીસામા બાદ તે સારવાર ચાલુ કરવી. આવી સારવારથી દરદી ઘણો નબળો પડી જાય છે ખરો પણ બે ત્રણ વારની આવી ક્રીયાથી તે સાજો થાય છે. કોઇ કોઇ વાર ધાબળી ભીની થઇ જાય છે તો તેને બદલે બીજી બદલી નાખવી.

યાદ રાખવું કે સુકકો સેક કરતાં, અંગાર ઢગઢગતો હોવા સાથે તે ધુમાતો હોવો જોઇએ. ધુમાડા વગરની ગરમી એકલી બહુ ગુણકારી નથી.

જો દરદીને મનમાનતો સોજો ઉતરેને તેને ખુશ લાગે તો એ ક્રીયા અટકાવવી. નહી તો બીગાડના ચીન્હો જણાતા પાછી તે લાગુ કરવી.

માલ લોકોમાં એવી કહેતી છે કે સાંપે કરડેલો માણસ દેખી તીરીતે મરણ પામવાને કેટલાક કલાકો વહી જવા છતાં તેને મુએલો ધારી છોડી દેવો નહી. તેઓના કહયા પ્રમાણે તો ૨૪ કલાકના મરણ પામેલાઓ બચવા પામ્યા છે!

એટલા માટે ઉપલા કોરડા સેકની કે વરાળના સેકની ચાલુ સારવાર કરવી જરૂરની ધારવામાં આવી છે. તેને આજ હાલતમાં ખાટલા પર સુવાડીને સારવાર કરે છે. લાંબા વખતે તે જીવવાની આશા આપનારા ચિન્હો દેખાડે છે, જો તેના શરીરમાંથી પરસેવો વહેવા માંડેછે તો પછી સારવાર ચાલુ રાખવામાં આવે છે.

સેવટે બે બોલ કહેવાના છે. દાંતરડાવતી ઝેરની સારવાર કરતા યાદ રાખવું કે જખમને ઉંડો દઝાડી હાડકા અને ધોળી નસને નુકશાન કરવું નથી.—Extracts from *Snakes and Snake's Bites by a Bengalee Doctor.*

સાંપનો મોહોરો.

૩૮૮. દરેક જણ જાણે છે કે સીલોન, તેની નદીઓને સુકે કાંઠે મલી આવતા અજાયબ જેવા અને કવચીતજ મલી આવતા કીમતી જાહવાહીરના પથરો માટે પ્રખ્યાત છે. એ પથરોમાં 'Chlorophane' નામની કવચીતજ મલતી 'ફલોર સ્પાર' ની જાત છે, જે રાતને સમય ફોસફરેસન્ટ લાઇટની માફક ઝળકાટ આપે છે. દેશી લોકોમાં એવી કહેવત છે કે અંધારી રાત્રે મચ્છરો કે પછી જીવજંતુઓ ઉપર હુમલો કરવા સારૂં "કોબ્રા" નાગ આ ઝવાહીરનો ઉપયોગ કરે છે; ખરેખર એ ઝવાહીરને જે નામ આપેલું છે તે 'નાજા–કાલર, અથવા નાગનો મોહોરો છે. એક વિદ્યવાને એ અજાયબ જેવી વાતનું પારખુ કરવા માટે તે ટાપુના પોતાના વસવાત દરમ્યાન ઠેરાવ કીધો.

"એવા મોહોરા સાથનો નાગ જે કોઇબી કુલી બતાવે તેને તેણે રૂપીઆ પાંચ આપવાની માગણી કીધી. એક અઠવાડયાના અરસામાં એક બુઢો તામીલ અંદર દાખલ થઇ એવો મોહોરો બતાવવાની તેને માંગણી કરી. તે સાહેબ પેલા ભોમ્યા માણુસની પુઠે ગયો, અને તેણે પુર ખાતરીથી જોયું કે એક આંબળીના ઝાડ હેઠળ લીલાશપરના રંગની રોશનીનું નાનુ ટપકુ પરેલું હતું; અને તે પાછળ એક નાગ પોતાની ફેણુ આમથી તેમ આસ્તે આસ્તે હળાવતો ઝાંખી રીતે નજર આવ્યો. તે સાંપ આગળ જવાનું કામ બહુજ જોખમ ભર્યું થઇ પડતે. એટલા માટે તે કુલીએ કાળાવાલા કરી સાહેબને તેમ કરવાની મના કીધી, એવું કહીને કે તે પોતે એ ઝવાહીર બીજી રાત્રે મેળવી શકશે. તે કુલીએ પોતાના કહ્યા પ્રમાણે કીધું, અને તેણી જરા હુશીયારી વાપરીને અંધારૂ થવા આગમજ તે એક રાખના મોટા કોથલા સાથે તે ઝાડ ઉપર ચઢી ગયો. રાત્રી

પડવા પછી હમેશ માફક શીકાર શોધવાને તે નાગે દેખાવ દીધો. અને જે ખજાનો તે પોતાની આગળ પોતાના મોહોડામાં રાખી ફરતો હતો તે તેણે જમીનપર મુકયો. એ ઉપરથી તે કુલીએ પેલી ચળકતી ચીજ પર પોતાનો રાખનો કોથલો ખાલી કીધો; અને તે બીહીનેલો સાંપ તે ઝવાહીર મેળવવા માટેની ઝનુની પણ ફોકટ અછાર પછાર વાળા ફાંફાં મારી પાછો જંગલમાં ચાલી ગયો. તે કુલી હેઠળ ઉતરી આવ્યો, તે રાખના ઢગલામાં તલાસ કરી પછી તે મોહોરો મેળવીને પેલા સાહેબને આપી પોતાનુ માગતું ઇનામ જીતી ગયો—Tit Bits.

૩૮૯. લોદ્રીના મુળીઆ અને પાદડાંનો ઉકાળો સાંપના ઝેર ઉપર પીવા સારૂં વપરાય છે.

૩૯૦. સાંપનો મંત્ર ૧ લો.

ओम् नमो गुरु महेश्वर.
सिसि अव कायाकी पाणी:
पियाली अव कोइ होउनी वीप,
न होउ बोलीका हार.
आज्ञा गुरु गोवींद कार,
कोटी आज्ञा है गुरुकी शक्तिमेरी भक्ति:
चलो मंत्र इश्वरी वाचा,
सत्य गुरुको मंत्रज साचा.

વીધી—આ મંત્રને સાત વાર ભણીને પાણી મંત્રી જે શખ્સને સાંપ કરડયો હોય તેને તે પાણી કરડેલી જગ્યાએ લગાડવું તથા પાવું તેથી ઝેર ઉતરશે. પણ જે શખ્સે આ મંત્ર સાધ્યો હોય તેણે મોગરી, વંતાક, દુધ, મગ વીગેરે ખાવું નહી, તેમ પાણીનો રેલો, લાકડું તથા કીડી કે મંકોડાની હાર ઓળંગી જવી નહી. નહી તો મંત્ર ગુહા થઇ જશે માટે સાવધ રહેવું.

૩૯૧. સાંપનો મંત્ર ૨ જો.

ओम् नमो विसमील्ला रेहेमान रहीम
खोदा कहे सुनो महमद सापनके मुख कैसा है

रसुल कहे सुनो महमद जामलीया घर बेठा है दांम चांमल पेढीमां मर्ण मुस्तक धरे हाय मारो हाका भीस मीजले ऐसा हुनर-बंदोबस्त करे खोदा ते सही है.॥

ક્રીયા—આ મંત્ર એકથી આઠવાર ભણી બત્રીસે ધુપ તથા લોબાનનો દઈ ફુંક લગાડી નાંખ્યાથી વીખ ઉતરી જાય અને આરામ થાય.

३९२. **સાપનો મંત્ર ૩ જો.**

ओमूनमोगुरुमहेश्वरासी सीअवकायांकापाणी॥ पयाली अव कीइ होउ नीर्वीष न होउ बाली.

વિધી—આ મંત્ર ભણી સાતવાર પાણી મંત્રી કરડેલા સખ્સને છાંટવાથી તે તત્કાળ બેઠો થશે. પણ આ મંત્ર સાધનારે—વંતાક, મોગરી, જાંબુ વીગેરે કાળુ ફળ ફળાદિ કે અંન ખાવું નહી. તથા કીડી મંકોડાની હાર, પાણીનો રેલો અથવા આડું લાકડું પડેલું ઓળંગવું નહી, અથવા કાળાં લુગડાં પેહેરવાં નહીં કે બીજા કોઇપણ કામમાં લેવાં નહી, નહીંતો મંત્ર વ્યર્થ જશે.

३९३. **સાંપનો મંત્ર ૪ થો.**

हार, आज्ञा गुरु गोविंद कार, कोटी आज्ञा है गुरुकी शक्ती मेरी भक्ती, चलो मंत्र इश्वरी वाचा.

વિધી—આ મંત્ર ભણી સાતવાર પાણી મંત્રી કરડેલા સખ્સને છાંટવાથી તે તત્કાળ બેઠો થશે. પણ આ મંત્ર સાધનારે—વંતાક, મોગરી, જાંબુ વીગેરે કાળુ ફળ ફળાદિ કે અન્ન ખાવું નહી. તથા કીડી મંકોડાની હાર, પાણીનો રેલો અથવા આડું લાકડું પડેલું ઓળંગવું નહી, અથવા કાળાં લુગડાં પેહેરવાં નહીં કે બીજા કોઇપણ કામમાં લેવાં નહી, નહીંતો મંત્ર વ્યર્થ જશે.

૩૯૪. જેની આંખો સુઝી આવેલી હોય, જેનીદ્રાવશ થાય એવી હાલતનો થઇ પડે એવાને વિષ નાશક **અંજન** કરવું.

૩૯૫. જેના માથામાં દરદ થાય, જેનું માથુ ભારી થાય, જેના ચાવન્યા બેસી જાય અથવા જેનું જડબુ ચપટ બેસી જાય, તો તેને તીક્ષણ **નસય** (નાકનો જુલાબ) આપવો.

૩૯૬. જે ઘણું બેહોશ થાય, આંખ ફાટી જાય, ગરદન તુટી જાય તો પહેલાં **નસય** કરાવવું. જરૂર પડે તો નાકમાં ફુકણી મુકી ઔસડ દાખલ કરવું. અથવા પીચકારી મારીને તેમ કરવું. કપાલપર કાગડાના પંજાના આકારના છેદો કરવા. જો તેમાંથી લોહી નહી નીકળે તો પછી તાજા ચામડાંનો ટુકડો કે લોહી વગરના માસનો ટુકડો ત્યાં વળગાવવો અને બાંધી લેવો. માસ ઝેરને સોષે છે. જો એવી રીતે ન બને તો ભોજ પત્ર જેવા પ્રકારના ઝાડોની અંતર છાળને બાળી તેનો તાજો ખાર (ખાખ અથવા રાખ) બનાવી બીજા વીષ નાશક વસાણાઓ સાથે ઉમેરીનેલેપ કરવો.

૩૯૭. જો ઉપલાથી ન બને તો ઉલટી અને જુલાબ વાટે ઝેર કાઢી નાખવાની તજવીજ કરવી.

૩૯૮. જંગલી કડવી તુરઈ (તુરીઉ), અજમોદ, પાહા (હિન્દી), સુર્ય વલ્લી, ગીલોય (ગળો), હરડે, શીરસ, કટમી (કીણહી), શેલુ (લ્હેસુવા) અને શ્વેતકંદ, બે જાતની હળદી, બે જાતની પુનર્નવા, હરેણુ, ત્રિકટુ, બે જાતના સારિવા અને ખરેટી એ સઘળા કે એમાંથી જેજી મળી આવે તે લઇને તેનો કાવો તૈયાર કરવો. એ સ્થાવર જંગમ વિષોનો નાશ કરે છે.

૩૯૯. નીસોથ, દંત મુલેઠી, બેઉ જાતની હલદી, મજીઠ, મીરમાલી, અને પાંચ જાતના નીમક, ત્રિકટુ એ બધાને પીસીને ગાયના સીંગડામાં ભરીને એક પોહોર પછી કામમાં લેવું. એને મધ, ઘી, દુધ વગેરે સાથ પીવામાં લેવાડવું; અંજન કરવું; લેપ કરવો, નાસ આપવો. એથી વીખ ઉતરશે.

૪૦૦. વાયવડંગ, પાહા, ત્રિફળા, અજમોદ, હીંગ, તગર, ત્રિકટુ અને બધી જાતના નિમક તથા ચિત્રક એ બધા સાથે પીસીને મધ

મેળવીને ગાયના સીંગડામાં ૧૫) દીવસ ભરીને તેને ગાયના સીંગડાનોજ બુચ મારવો. પછી એનો ઉપયોગ કરવો. તો પછી ગમે તેવા સ્થાવર જંગમ વિષ નાશ થાય.

૪૦૧. જટામાંસી, હરેણું, ત્રિફળા, સોહજના, મજીઠ, મુલેઠી, પદમા ખબિડંગ, તાલીસપત્ર, નાકુલી, એલચી, તજ, તેજપત્ર, ચંદન, ભારંગી, પટોલ, કીણુહી, પાઠા, ઇંદ્રાયણનું ફળ, ગુંગદ, નિસોથ, અશોક (આસોપાલવ), સોપારી, તુળસીની મજીઆં, અને બીલામાના ફુલ એ બધાને સરખે ભાગે લઇ સાથે મેળવીને પછી સુકવે અને તે બાદ, ગોહ, મોર, સિંહ, બિલાવ (બીલાડી !), સાંબર, અને નેવલા (નોળયો !) ના પીતામાં મેળવી ગાયના સીંગમાં ભરીને ૧૫ દહાડા પછી કાઢે અને ડમરૂ (ઢોળ) વગેરે ઉપર લગાડીને (લેપ કરીને) કોઇ તંદુરસ્ત માણસ પાસે તે યંત્ર વગડાવે તેથી તેના નાદને લીધે પેલું વિશ નાશ થાય !

૪૦૨. મુનકકા, નાકુલી, શલ્લકી, એ ત્રણુંડેને પીસીને એ સર્વના જેટલી મજીઠ લેવી પછી બે તુલસીના પાતરાં, અને કૈથ, બેલ, અને અનારના પાંતરાં બબ્બે ભાગ લેવાં અને મેળવવાં, તથા સફેદ સભાળુ, અંકોટકની જડ અને ગેરૂ બે ભાગ મેળવી આગળની માફક ગાયના સીગડામાં ભરીને પછી વાપરે તો મંડળી સાંપનો મુખ્ય કરી નાશ કરે.

એક ખાતરીનો ઇલાજ એક દેશી વૈદ પોતાના વિષ ચિકિત્સા નામના ગ્રંથમાં ફરમાવે છે. જેના ફરમાવેલા ઉપલા ઇલાજોબી છે.

૪૦૩. જો ઝેરનું જોશ વધે, ગળુ સુકાય, બેહોસી માલમ પડે, બત્રીસી (ડાચુ) બેસી જાય તો એક અજમાવેલો ઇલાજ ખાતરીનો અતરે ટાંકુ છું. એ એક જાતના પાળાના મુળ છે. માલવામાં એને નાગનવેળ કહે છે. એની જડ બીલકુળ સર્પના આકારની છે, અને બહુજ કડવી છે. તેમાંથી એક તોલો લઇ પાણીમાં પીસીને પાઇ દેવી. તેથી ઉલટી થઇને ઝેરનો નાશ થાય છે. જો ઝેરની કસર રહી ગયલી હોય એમ લાગે તો

એકવાર ફરીથી તે જડ ઘસી પાવી તેથી બાકીનું ઝેર નીકળી જશે.

૪૦૪. ફેણુવાળા સર્પ સારૂં એની માત્રા પુરેપુરી એક તોલો લેવી. બાકી બીજા સારૂં કાંઇ કમતી લેશો તો ચાલશે. ૧) તોલા જડી સારૂં ૧૦) તોલા પાણી લેવું. જો એકવાર લેવાથી ઝેર નાશ નહી થાય તો ત્રણ ત્રણ વાર એ ઔષડ પાવું. પણ દરેક વેળા તેનું પ્રમાણ આગળના કરતા ઓછુંને ઓછું લેવું. એની ખાતરી અપાયલી છે. એ બે જાતના રંગની થાય છે માટે કાળી જડ સર્પના ડંખ સારૂં પસંદ કરવી.

૪૦૫. એવીજ રીતે સફેદ પુનર્નવા જેને વિષખપરા કહે છે તેની જડ ૬ માસાથી ૧) તોલો પાણીમાં પીસીને પાવી. થોડી જડ મોહાડામાં આપી ચુસાડવી; અને એનોજ લેપ કરવો. એથી વીશ નાશ થાય છે ખરૂં પણ નાગનવેળની જડ જેટલી તે રામબાણ છે એમ ખાતરી આપી શકાય નહી.

૪૦૬. આકડાના ફુલો નાના સર્પોના વિષ નાશ કરવાનો જરૂરી ગુણ ધરાવે છે.

૪૦૭. ફટકી ૧) તોલો લઇ દુધમાં મેલવી પાવી. એથી વધારે પાય તોબી ફાયદો કરે છે. એનું કારણ એ છે કે તેથી લોહી ફાટી જાય છે; જેથી વિખ બધી બાજુએ જઇ ફેલાતું નથી.

૪૦૮. બે ત્રણ જમાળગોટાના બીજ અને ૧) તોલા જંગલી તુરીયુ છુડીને પાવું તેથી ફાયદો થાય છે.

૪૦૯. બારાસીંગની સીંગ બકરાની ખડી તથા અકરકરે (અકલગરા) ની ધુણી દેવી; જેથી સર્પ નાહાસી જાય છે.

૪૧૦. રાઇ ને નવસાગર મેળવી ઘરમાં છાટવાથી સર્પ નાહાસી જાય છે.

૪૧૧. વજ, મોરથુથુ, મીંડળ ને ગાયના દુધમાં ઉકાળી પાવાથી ઉલટી થઇ ઝેર નીકળી જાય છે.

૪૧૨. લીંબોલીના બી, પીપર અને તીખા પાણી ઉકાળી નાસ લેવો.

૪૧૩. ઇંગોરીનો અને તીખાં સાથે પાણી વાટી આંખમાં આંજવું. ડંખપર પણ એને ચોપડવું.

૪૧૪. વધારણી તથા વજ વાટીને પાવી તથા ડંખ ઉપર ચોપડવી.
૪૧૫. મીઠી દીવેલીના પાતરાંનો રસ ૧) વાઇન ગલાસ (મોટા ચાર ચમચા) લઇને તેમાં ૧) ચમચો જેટલું પાણી મેળવી પાઇ દેવું.
૪૧૬. તેજ પાતરાંને વાટીને તેની લુગદી ડંખવાળા ભાગપર મુગીને ચોળયા કરવું. ચોળતી વખતે ડંખવાળો ભાગ અંગાર નજદીક રાખવો. એ દરમ્યાન ઉલટી થાએ નહી તો એજ પાળાનો રસ અરધુ વાઈન ગલાસ જેટલો પાવો.

ઘણું કરી બીજી વાર આ રસ પાવાની જરૂર પડશે નહી. જો પહેલી વખત પાવા પછી કાંઇક કસર રહી જાએ તો બીજી વખત પાવું; પણ પહેલી દવાથીજ ઉલટી થઇ ઝેરી પદાર્થ બાહાર પડશે એમ થયું કે જાણવું કે ઝેર ઉતરી ગયું.
૪૧૭. કેળના મુળનો રસ એક એક કલાકે પાવો. એ રસ કાઢતાં પાણી નાખવું નહી. કરડેલી જગ્યાએ કેળના કુમળાં પાતરાં બારીક વાટીને લેપ કરવો.
૪૧૮. કંદ્ર (પેલા) એ વનસપતી વરસાદની મોસમમાં થાય છે. એનો પાસેર રસ કાઢીને તેમાં ૧૦ દાણા મરી નાખીને વાટી કપડછાન કરી પાઈ દેવું. ૧૨) વર્સની ઉમરનાને નવટાંક રસમા મરીના દશ દાણા નાખી પાવું.
૪૧૯. પાયા પછી તે માણસના માથા પર થંડા પાણીની ધારો રેડવી. અને તેને ઠંડી લાગે ત્યાં સુધી એ ક્રીયા ચાલુ રાખવી. આથી કોઇ પણ પ્રકારના સાંપનું ઝેર ઉતરશે.
૪૨૦. મોટી અણોટીના મુળયાં છાશમાં વાટી ચીકાખાઇના ચાર બીઆનો ભુકો નાખી પાઇ દેવું.
૪૨૧. કડવાં દુધીના મુળ અથવા પાન પાણીમાં વાટી પાવું; એટલે ઉલટી થઇ સર્વ વિષ ઉતરશે.
૪૨૨. (મી૦ દારાબ દસ્તુરની જામાસ્પીને આધારે)—જાઇના પાતરાં, નાઇના પાતરાં કડવાં, દુધીના મુળ તથા જે તુમડી ગારોડી વજાડે છે તેનું મુળ તથા સંચળ એ સર્વને તાઢા પાણીમાં વાટી પાવું.

એ પાવા આગમજ ઝેરની પરિક્ષા કરવી:—જો દરદીને કાળી માતી ખવડાવી હોએ અને તે જો તેને ખારી લાગે તો

જાણવું કે તેને ઉંદરે ડંખ મારેલો છે. તે તીખી લાગે તો જાણવું કે હરેક **સાંપે** ખાધો છે. એ ઉપરથી તેની સારવાર કરે.

૪૨૩. ધતુરાનું દીડવું ગાયના મુત્રમાં ઘસી લગાડવું.

૪૨૪. ઘી, મધ, માખણ, પીપળી, આદુ, મરી, સૈંધવ લઇ બારીક વાટી પાવાથી **કાળા સર્પનું** ઝેર ઉતરે છે.

૪૨૫. **સીરસના** રસમાં **સહુજનના** બીજને સાત પટ આપી અંજન કરે.

૪૨૬. સફેદ **સાઠીની** જડ પુષ્પ નક્ષેત્રમાં લાવીને તેને પછી ચાવલના ધુવાણમાં પીવાથી સાંપનું વિષ ઉતરે.

૪૨૭. **કાળા સાંપના** ડંખ સારૂં **જમાલગોટાના** ૭) બીજ વાટી ખવડાવે ને તેજ બીજ અંજન કરે.

બીજી જાતના સાંપ માટે જમાલગોટાના બે થી ત્રણ બીજ લઇ ખવરાવે ને તેજ બીજ આંખમાં અંજન કરે.

૪૨૮. વળી તે જગ્યાને બને તેટલી સારી રીતે ચુસે.

૪૨૯. લસણ, કાંદા અને રાઇને ખાવા આપવાથી ગુણ થાય છે.

૪૩૦. મુજરેબાત અકબરી પ્રમાણે જે શખ્સ સાંપના કરડવાથી બેસુધ થયલો હોય તેને પેટ ઉપર એટલે ડુટીના ઉપલા ભાગ પર અસતરાથી વટી જરા ઘા કરી ઉપરની ચામડી છોળીને પછી તેમાંથી લોહી કાઢે, અને પછી જમાલગોટો પાણીમાં ઘસી ત્યાં લગાડે. હવે જો તે બેસુધ્ધ થઈ ગયલો હશે તોબી સુધ્ધીમાં આવશે. જે પછી બીજા ઉપાયો અજમાવવાનું બની આવશે.

૪૩૧. વળી એક પુરાતણ કેતાબ પ્રમાણે તો એક આદમી ઘડીભરનો મરણ પામેલો હોય તે છતાંબી અને જરાબી હીલતો ચાલતો ન હોય તેની દરકાર કર્યા વગર ઝેરી કચુરો થોડાક પીસી કંઠમાં નાખે અને વધુ થોડો પીસી નાખી તેની ગરદન તથા શરીર પર મસલે તો તે હોશમાં આવે.

૪૩૨. **તીન** આકડાના કુમલા પીલા અથવા પાતરાંને ગોળમાં **મેળવી** ખવાડવાં અને તે ઉપર ધી પાવું.

૪૩૩. આકરાના ફુલની કળીઓ ૪ લઇ તેને ૭ કાળાં મરી અને ૧) માસો ઇદ્રાતણમાં પીસી ખાવા આપવું.

૪૩૪. આંકડાની જડ પીસી ને વળી તેનો રૂખી મેળવી પીવા આપવું.
૪૩૫. કાળાં મરી, જમાલગોટાનો ગર દરેક સાત સાત માસા લઇને ત્રણ કાગડી લીંબુના રસમાં પીસીને કાળા મરીની જેટલી ગોળીઓ બનાવી પછી તેને પાણીમાં વાટી અંજન કરે, તથા એજ ગોળી બેથી ત્રણ નંગ ખવડાવે.

૪૩૬. કંસૌંદીના બીજ બારીક પીસીને આંખમાં અંજન કરે.

૪૩૭. **સીરસની** છાળ, તેના મુળની છાળ, તેના બીજ અને ફુલ દરેક એક એક પૈસા ભાર લઇને તેઓને એક ચમચો ભરી ગૌમુત્રમાં નાખી તેના ત્રણ ભાગ કરી દહાડામાં ત્રણ વખત પાવા.

જો **સીરસ**ના ઝાડની કાળી મારી ગયલી છાળનો ઉપયોગ કરવામાં આવે તો તે ઔર ગુણ કરે છે.

૪૩૮. વળી એમ કહે છે કે જેઠ મહીનામાં સીરસની છાળ હરરોજ ત્રણ દીવસ સુધી સાઠી ચાવલના ધુવામણમાં પીએ તો એક વરસ સુધી ઝેરી જાનવરોના ઝેરથી બચે !

૪૩૯. **જાંબુની** (જામુન) ના ૨॥ પાતરા પાણીમાં પીસીને પાવા.
૪૪૦. તાજા કેંચુવા ને બે માસા ભર લઇને પાણીમાં પીસી પાવું.
૪૪૧. કંવલ કુટીને કપડછાન કરી પાણીમાં મેળવી પાવું.
૪૪૨. સમુદ્ર ફળ બારીક પીસીને બંધે આંખોને અંજન કરવું.
૪૪૩. કસૌદીની જડ એક ટાંક અને મરી ૦॥ ટાંક મેળવી ખાવા.
૪૪૪. કુટકી ૨) ટાંક પાણીમાં વાટી પાવી.
૪૪૫. મહુડાં ને ઝેરી કચુરો પીસી લેપ કરવો.

સાંપના ડંખ.

૪૪૬. કુતરી નામનું ઘાસ કે જેનાં છોગલાં કપડાંને અડતાંજ ચોટી જાય છે અને ચોમાસામાં ભીંતડાં તથા જમીન ઉપર પુષ્કળ ઉગે છે, તે ઘાસને મૂળસહિત લાવી જીવજંતુની લાળ વગેરે તેની ઉપર ન હોય તે તપાસી તેને પથ્થર ઉપર બહુ બારીક લસોટવું. પછી તેનો રસ કપડેથી ગાળી લઇ શુદ્ધિ કે બેશુદ્ધિમાં પડેલા સાપના ઝેરવાળા દર્દીને તે રસ ગમે તે રીતે ટોવો—પાવો, શરીરે ચોળવો અને લસોટેલા કુચા દંખ ઉપર મુકી રાખવા,

જેથી અવશ્ય (આવરદા સબળ હોય તો) સાપનું ઝેર ઉતરીજ જાય છે. (રસ નવટાંક અગર પાશેર હોય તો પણ અડચણ નથી.)

(અહીં સુપ્કર તળાવ ઉપર રેહેતા પ્રસિદ્ધ અને પરોપકારી બ્રમ્હચારીજી મહારાજ કે જે દેશી વૈદ્યકના શોધક અને પૂર્ણ શોખીન તથા અનુભવી છે, તેમણે આ દવા ઘણી વખત અજમાવી જોઇ છે અને ફતેહજ મળેલી છે)—(ધનવંતરિ)

૪૪૭. કુતરી નં૦ ૨ "તેને કચ્છમાં જીપટી—કહે છે—અને હાલમાં કુતરી કહે છે—પણ તેના ગુણ વિષે અત્ર લોકો તદન અજાણ છે. તમે ખુશીની સાથે અજમાયશ લેશો. દવા તો એજ છે. પણ સરપના ઝેરનો બીજો એક અમારો અજમાયશ કરેલો ઇલાજ છે જે રામબાણ છે. જેનું નામ સંસ્કૃતમાં દ્રોણપુષ્પી, મારવાડીમાં મુંડાપાતી દડગલ, મરાઠીમાં દીપમાલીકા, કચ્છમાં કુબો, એ દવા પ્રસિદ્ધ છે. તે બે જાતનો થાય છે—એક પ્રકારના છોડમાં એકજ ડાંડી નીકળે છે તે નારી જાતી છે. તેમાં ગુણ કાંઇ નથી બીજો નર જાતીનો છે તેમાં ઘણી શાખાઓ ફુટે છે તે લેવો. તેનું પંચાંગ કુટીને તેનો રસ ઓંસ ૧॥ થી બે પાવો. તે પા કલાકે ૨ થી ૪ વાર પીવાથી સાપનું ઝેર ઉતરી જાય છે. તેમજ અફીણનું ઝેર પણ ઉતરી જાય છે. અને વીંછીનું ઝેર પણ ઉતરે છે. એ મારો અનુભવેલ ઇલાજ છે. કુતરી કુકડી કે ધોતરીમાં ગુણ છે કે નથી એ ઇશ્વરાધીન છે અને અજમાયશ થએ ખબર. પણ એ દવા (કુબો) અમારી અજમાયશ કાઢતાં રામબાણ નીવડી છે—અમે તેનો રસ સુકાવી ટીકડીઓ બનાવી રાખી છે.—વૈદક કલ્પતરૂ ઉપરથી. (વૈદ્ય ત્રીકમજી હરિરામ રાસ્તેનુ લખાણ)

૪૪૮. નર દ્રોણ પુષ્પીનો ત્રણ તોલા રસ દર કલાકે કલાકે આપવાથી કાળા સાંપનુ ઝેર ઉતરે છે.

૪૪૯. મરઘીના સફરા તુરતના કરડેલા સાંપના ડંખપર બાંધવા.

૪૫૦. જળો તુરતજ મુકાવવી.

Remedies for the Scopion Bite.

વિચ્છુના ડંખના ઉપાય.

૧. ગરમ તેલના ચોબા મુકવા.

૨. મરઘાના છેરને ગોળ સાથે ખવાડવું, અને ડંખપર ચોપડવું.

૩. અવર કાંટાની વેલનું મુળયું ડંખપર ફેરવવું કે ઘસી લેપ કરવો.

૪. ગૌમુત્ર અને લીંબુનો રસ તુલસીના પાતરા સાથે છુંદી લેપ કરીને ચોપડવો.

૫. મોર અથવા મરઘીની પાંખને સીંધવ, તેલ, ઘી સાથે બાળી તેની ધુણી ડંખને આપવી.

૬. કસુંભા, બને હળદી, કોદ્રવનુ તુણ (હિન્દી) એઓને ઘીમાં મેળવી બાળી ધુણી આપી હોય તો વીંછું અને જુદા જુદા સર્પોનાં વિષમાં ફાયદો કરે છે.

૭. અપા માર્ગની જડ પાણીમાં ઘસી વિચ્છુના ડંખપર લગાડવી. તેમજ થોડી જડી મોઢાંમાં રાખવા આપવી અને લાળ થુકાવવી.

૮. વળી એ જડી માટે કહેવાય છે, કે વિચ્છુ ડંખેલા શખ્સને બે ત્રણ વાર દેખાડી દેખાડી છુપાવવી તથા જખ્મને લગાડવી. એમ કરવાથી ડંખનો ઝેર હશે તેનો નાશ થશે. એ જડી અનુભવ સિદ્ધ છે કરી કહેવાય છે.

૯. ડાકટરે દમ ઘુંટીને પછી આસ્તે આસ્તે છોડીને દંખ તરફ ફૂંકવો.

૧૦. કોઇ કોઇ માણસો દરેક વિપ પર મધ, કાળા મરીને ઘી એકત્ર કરી પાય છે; અને ફાયદો કરતા જણાય છે.

૧૧. સુકી હળદ ને ગાયના ઘી કે પછી પાણીમાં ચોપડવી, ને ઉપરથી શેક કરવો.

૧૨. બની શકે તો છથી આંઠ આણી ભાર અફીણનો જુદો કરી તેની ધુણી ડંખને આપવી.

૧૩. લોઢાડાંની પલીમાં તેલ કકડાવી તેમાં આંકડાના પાતરાની ચપડી મેળવી તેનો ડામ ડંખને દેવો. એવી રીતે ત્રણ ચાર વાર કરવું.

૧૪. સરસવના ઝાડના પાન, મુળ, ફલ, ફુલ અને બીજ લઇને ગાયના મુત્રમાં વાટીને લેપ કરવો.

૧૫. આંકડાના પાતરા અને ગુગલ બાળી તેની ધુણી ડંખને દેવી; તથા આકરાના પાતરાનો રસ ડંખને લગાડે. ત્રણ તોલા લસણનો રસ, મધ ૩) તોલા તેજ વખતે ખવાડી, થોડો જમાલગોટો પાણીમાં પીસી અંજન કરે, ને ડંખેલી જગ્યાએ જમાલગોટાનો લેપ કરે.

૧૬. તીતલીના પાંદડાનો રસ પાણીથી કાઢી જરા મોઢાંમાં નખાવે, તો જરા વાર લાગીને વિચ્છુ કે પછી સર્પનું ઝેર ઉતરે.

૧૭. લસણ સુકકી લઇ તેમજ તે સાથે અમચુર પીસીને લેપ કરે.

૧૮. સંમુદ્ર ફળ પીસી લેપ કરે.

૧૯. મુસ્કી ઘોડાની ખડી પાણીમાં પીસી લગાડે.

૨૦. નવસાગર, ટંકણખાર, અને કળી ચુનો હથેલીમાં સાથે પીસીને સુઘાડે.

૨૧. કસોંદીના ફળને ભુંજીને ખાવા.

૨૨. કસોંદીના બીજ પીસી લેપ કરે.

૨૩. મોરના પીછ ચીલમમાં નાખી તમાખુની માફક પીએ.

૨૪. ઊંદરની લીંદીનો લેપ કરે.

૨૫. ફરાસ પાપડો પીસી લેપ કરે.

૨૬. વીસ વખત ઉલટું ગણે, ૨૦) થી ૧) સુધી.

૨૭. અશનાન અને અજમો પીસીને ઘા પર બાંધે.

૨૮. હરતાળ, હીંગ અને સાઠી ચાવલ પાણીમાં પીસી લેપ કરે.

૨૯. ભાંગના બીજ કુટી પાણીમાં મેળવી ખવાડે.

૩૦. ઘાસના પાતરાં ઘીમાં પીસી લેપ કરે !

૩૧. નાગરમોથ પાએ ને લગાડે.

૩૨. ઇંદ્રાએણનું તાજુ ફળ બે ટાંક જેટલું ખવાડવાથી કરી એક જણ જેને ૪૦) જગ્યાએ વિચ્છુએ કરડેલો તે સાજો થયો છે.

૩૩. વીચ્છુને લઇને બાલવાથી તે જગ્યાએથી બીજા વિચ્છુ નાહાસી જાય.

૩૪. હીંગ, હરતાલ, તુરંજને પીસી ગોળી બનાવી તેનો લેપ કરે.

૩૫. કાંદાનું જીરૂ મસલે ને ગોળ ખવડાવે.

૩૬. મીણુને જળાવી વિચ્છુના ડંખન ધુણી આપે.

૩૭. બીસખપરાના પાતરાને તેનીડાળી ચરચરેની સાથે મેળવી મસલે.

૩૮. કોંચના બીજને છોળીને ડંખ પર લગાડે.

૩૯. અડીઆની અંદર જે કીડા થાય છે તે ડંખ પર ધસે.

૪૦. વધારણીને આંકડા દુધમાં ધસી ચોપડવી.

૪૧. લસણુ તથા માખણ ડંખ પર ખુબ મસળવું.

૪૨. ધોળો સંદેસરો (કે માળવી સંદેસરો) થાય છે તેનું મુળ ધસી ચોપડવું.

૪૩. પીત પાપડા, કાંકચાના બીજ, હીંગ, વછનાગ એ સરવેને વાટી આકડાના દુધમાં ગોળી વાળવી. પછી જ્યારે ચોપડવું હોય ત્યારે પાણીમાં ધસી ડંખપર ચોપડવું.

૪૪. સોપારી ધસી લગાડવી.

૪૫. કાનનો મેલ લગાડવો.

૪૬. જંગલી કારેલાંનો કંદનો પૈસા જેટલો ટુકડો પાનમાં ખાવા આપવો, ચાવી રસ ગળવા કહેવું પછી છુંછો થુકવો.

વીંછીના ડંખ માટે અનુભવેલા ઉપાયો.

(વૈદ્ય કલ્પતરૂ ઉપરથી)

૪૭. વીંછીએ જે બાજુએ ડંખ માર્યો હોય તેની સામી બાજુના કાનમાં ખુરસાણી વજનો કકડો (ડાકટરે) મોઢામાં ચાવી તેની ત્રણ ફુંક જોરથી મારવાથી વીંછીનું ઝેર તદન ઉતરી જશે.

આ ઉપાય મારો ઘણા વરસથી અનુભવસિદ્ધ છે—વૈદ્ય માધવજી રાઘવજી બળીઆ—નાથેચા—કચ્છ.

૪૮. વીંછી કોઇ પણ માણુસને કરડે તો તે માણુસને એક પૈસા ભાર (તંબાકુ) લઇ તેનાજ પ્રમાણમાં પાણી ઠંડું રેડી તે દરદીની આંખ માંહે ત્રણ કે ચાર ટીપાં રેડવું કે તે કરપીણ ઝેર તુરતજ ઉતરી જશે અને માણસને તુરત દુઃખમાંથી આરામ થશે.

આ ઉપાય ઘણા માણસને અજમાવતાં ખાત્રીપૂર્વક નીવડયો છે જેથી આપ સાહેબના ચોપાનીયાં માહે પ્રગટ કરવા ભલામણ કરૂં છું ને આશા છે કે ખુશીની સાથે સ્વીકારશો.

લી. દીનશાહ એદલજી ભગવાગર, વસ્તાન ડુંગરી કીમ થઇને-

(વૈદ્ય કલ્પતરૂ.)

૪૯. બાવળના પરડાનાં બીજ વાટીને ચોપડવાથી વીંછી તથા નાના જંતુઓનું ઝેર ટળે.

૫૦. સત્યાનાશીની જડ આપણા હાથમાં રાખી દરદીને બતાવીએ તો વીંછી ઉતરે. ઝેર બહુ ચડે તો ઘસીને ચોપડીએ-વરસાદની ગર્જનાથી ખોટી પડે.

૫૧. વીંછીનો ડંખ—૧ લસણની કળીઓ તથા મીઠું સમભાગે લઇ વાટી લુગદી બનાવી વીંછીના ડંખ ઉપર મુકવી. ૨. અઘેડો તથા લસણ બંનેને વાટી લુગદી લગાવવી. ૩. બેરીયમ સલ્ફાઇડ બે ઔંસ, સખ્ત ગરમ પાણી ૨ ઔંસ, લઇ મેળવી પછી ગરમ પાણીમાં નાંખી તે ઠર્યા પછી કાચના બુચવાળી બાટલીમાં ભરી મુકવું. જરૂર પડે ત્યારે મલમલના કપડાનો કટકો તે મેળવણીમાં બોળી ડંખ ઉપર લગાવવો. (ઉમર હાજી ચૌહાણ-ધોરાજી).

૫૨. વીંછીનો ડંખ—હરતાલ તથા નવસારનો લેપ કરવો.

૫૩. આંકડાના પાતરાં અને રાઇ વાટી તેનો લેપ કરવો.

૫૪. કાળો વચ્છનાગ ઘસી ચોપડવો.

૫૫. ધોળી વસુના મુળ રવીવારે કાઢીને ઘસી પાવાથી કે લેપ કરવાથી વિંછીના વિષનો નાશ થાય છે.

૫૬. નેપાળો પાણીમાં વાટી લેપ કરવો.

૫૭. નવસાગર અને હડતાળ પાણીમાં વાટી લેપ કરવો.

૫૮. મોરથુથુ દહીમાં વાટી ચોપડવું.

૫૯. હીંગને આંકડાના દુધમાં વાટી ચોપડવી.

૬૦. તાંદુળજાનો રસ સાકરમાં મેળવી પાવો.

૬૧. ધોળા આંકરાના મુળ રવીવારે લાવી ઘસી પાવા કે લેપ કરવો.

૬૨. શેરાનો રસ પાવો.

૬૩. કડવા લીંબડાનો પાળો ચાવી બાફ જવા ન દેતાં દંશ વિષમ ભાગવાળા કાનમાં ફુંક મારવી.

૬૪. કડવા લીંબડાના પાળાનું ધુમ્રપાન કરાવવું.

૬૫. હળદરની ભુકીને રાઈના ચલમમાં નાખી પીઇ તેની ધુણી ગળી જવી; અને દંશનેઓ તે ધુમ્ર આપવી.

૬૬. આમલીનો ચીચોડો ઘસી છાળ કાઢી ડંખ પર દાબવો.

૬૭. ધોળી સાવરીનું મુળ લાવી પલાળી રાખી, ને પછી વિંછી ચઢવા માંડયો હોય તે ઠેકાણે એક આંગળના અંતરપર પકડી તે વિંછી ચઢેલા ઠેકાણા પર્યંત વારંવાર ફેરવવું. એટલે તેનાથી ઉજણી નાખવી. જો વેદના કમી ન થાય તો એ મુળ ઘસી દંશપર ચોપડવું.

૬૮. ધતુરાના પાદડાં હાથમાં ચોળી તેનો રસ ચોપડવો.

૬૯. અઘેડાના મુળ ચાવી ખાવા. અને દંશપર લેપ કરવો.

૭૦. સરસડાના બીજ વાટી લેપડો બનાવવી.

૭૧. બાઇઓ કેમીકલસની સારવાર પ્રમાણે F. P: KM; અને S. વારા ફરતી નહી તો સાથે મીક્ષ કરી તેને વખતો વખત પાવું અને તેના સ્ટ્રોંગ સોલ્યુશનમાં કટકો ભીંજવી મુકવો.

૭૨. કાળો વિંછી કરડે તો—વગડાઉ હારાનો રસ ચોપડવો.

૭૩. આંકડાના મુળ કે પછી પાંદડા, વચ્છનાગ અને રાઇ વાટીને કાળા વિંછીના ડંખપર ચોપડવાં.

૭૪. માખને ડંખની જગ્યાએ મસલવી.

૭૫. જળ જાંબુની છાળનો લેપ કરવો.

૭૬. અઘેડાના ફુલ અને કળીઓનો રસ ચોપડવો.

૭૭. ઉનાબ વાટી મુકવા.

૭૮. કુણા પાનની લુગડી કરી મુકવી.

૭૯. જાંબુના પાનની પોલટીશ કરી મુકવી.

૮૦. શાહજીરાની લુગડી બાંધવી.

૮૧. બાજરી (Rye) નામના અનાજનો બાળેલો ભુકો સુરમાની માફક અંજન કરવાથી ડંખનુ જોશ ઓછું થયલું જણાયું છે, એને વાપરવાની રીત એ છે કે જે બાજુએ વિચ્છુ કરડેલો હોય તેથી ઉલટી બાજુની આંખમાં આંજવું.

૮૨. વિચ્છુના આકારના રોપાના ફળ અથવા પાતરાં દરદીને બતાવવામાં આવતા હતા, અને દરદીનુ દરદ નાશ પામતું હતું. એ ઇલાજ એક યોગીએ બતાવેલો કહેવાય છે. (એ બાબે કાંઇ ખાતરી આપી શકાતી નથી.)

૮૩. મલમંડી બૂટી પાણીમાં ઘસી ડંખપર લગાડવી.

૮૪. સુજી (આટો) અને ધુમાડીયાંની કાજળ સાથે મેળવી જરા ગરમ પાણીમાં નાખી ડંખવાળા ભાગને લગાડવી.

૮૫. लुनककी रस (Loonak Juice) ગરમ કરી તેથી ડંખને ધોવામા લેવો.

૮૬. નિવડુંગ (હાથલો થોર) છુંદી દંખપર મૂકવો.

૮૭. ઉબરાના પાતરાંને હાથે અથવા મોહોડાએ તોડીને પછી તેનો રસ કાઢીને જે માણસને વિચ્છુ કરડયો હોય તેને વૈદયની સામે ઉભો રાખી તે વૈદયે પોતાના જમણા કે ડાબા હાથ ઉપર તે મસળવો. એની મતલબ એ કે દરદીને જો વિચ્છુ તેની પોતાની જમણી બાજુએ કરડેલો હોય તો વૈદયે પોતાના ડાબા હાથપર તે ચોળેલાં પાતરાંનો રસ ઘસડવો. ઘસડતી વખતે જોરથી હાથ ખભા ઉપરથી આંગળીઓ તરફ લઇજવો. જો દરદીની ડાબી બાજુએ વિચ્છુ કરડેલો હોય તો વૈદયે પોતાની જમણી બાજુ એ પાતરાં જોરથી રગડવાં.

૮૮. રતાળુ કંદના પાતરાનો રસ કાઢી લેપ કરવો.

૮૯. માંખણને ડંખપર લગાડવું.

૯૦. લસણ છુંદી તેની લુગડી ડંખપર મુકવી.

૯૧. કાંડાનો રસ ચોપડવો.

૯૨. ઉજળા આંકરાના ઝાડની જડ વિચ્છુ કરડતાં વાર બંને કાનમાં ખોસવી.

૯૩. ઉજળા ફુલની ભોયરીંગણી ચોપડવી.

૯૪. કેરીનો તાજો ચીક ડંખ ઉપર મૂકવો.

૯૫. બોરડીના પાતરાંનો રસ કાઢી દરદીને જે બાજુએ કરડેલો હોય તે બાજુથી ઉલટા કાનમાં તેના ટીપાં નાખવાં.

૯૬. આંકડાનું દુધ ડંખ ઉપર મુકવું.

૯૭. પોતાની પેશાબ કે પછી બચ્ચાની પીશાબનું ટીપું ડંખપર મુકવું.

૯૮. કપુરને એક ગ્રેન જેટલો લઇને પાનમાં ચવાડી દેવો.

૯૯. ઉંબરાનો પાળો વાટી ડંખપર મુકવો.

૧૦૦. ઉત્કટીના મુળ ઉકાળી લેપ કરવો.

૧૦૧. આંકરાનું મુળ ઘસી ચોપડવું.

૧૦૨. અધેડાની છાળ અથવા મુળ પાણીમાં વાટી ડંખપર ચોપડવું.
૧૦૩. અરીઠાનું પાણી આંખમાં આંજવું.
૧૦૪. જો વિષનું જોર વધુ હોય તો અરીઠાનું પાણી પાઇ ઉલટી કરાવવી.
૧૦૫. અરીઠાના છોતરાંને ગોળમાં મેલવી ગોળીઓ બનાવી પહેલાં એક ગોળી ખાવા આપી પાણી પાવું. પછી થોડી વાર પછી બીજી ગોળી આપવી. આ પ્રમાણે કરવાથી વિષ ઉતરશે.
૧૦૬. તંબાકુની પેઠે અરીઠાને ચણા (ચલમ) માં નાંખીને ધુમ્રપાન કરાવવાથી વિચ્છુનું ઝેર ઉતરે છે.
૧૦૭. કાળી અરડુસી (સીતાબફળ) ના મુળ થંડા પાણીમાં ઘસી પાવાં.
૧૦૮. પેપરમીંટનું તેલ ડંખપર મુકવું અથવા ઘસડવું.
૧૦૯. કૌવચનું બીજ આંમલીના ચીચોડાની માફક વિછુનું ઝેર ચુશી લે છે.
૧૧૦. તલનો ખોળ લગાડવો.
૧૧૧. સુખડ ઘસી લગાડવુ.
૧૧૨. સાધારણ જાંબુની છાળને ઘસી લગાડવી.
૧૧૩. કપાસના પાંદડાંને રાઇ સાથે વાટી મુકવા.
૧૧૪. વછનાગ વાટી ચોપડવો.
૧૧૫. કપાસના મૂળને રવીવારે લાવી મૂકવાં. વિચ્છી કરડે ત્યારે ચોપડવા અને લેપ કરવો.
૧૧૬. નેપાળ બીજ પાણીમાં વાટી ચોપડવા.
૧૧૭. ખરસાંડીનુ દુધ લગાડવું.
૧૧૮. વાટેલી હલદર અને મોરના ચાટલાને મળવી ચલમમાં નાખી દાકટરે પીને ધુમાડાની ફુંક ડંખ ઉપર મારવી.
૧૧૯. મુલાનો રસ ચોપડવો.
૧૨૦. અઘાડાના મૂળને ચાવી ડંખ ઉપર મૂકવાં.
૧૨૧. કેરોસીન તેલ કે ઘાસલેટ મૂકવુ.
૧૨૨. પેરી દેવીસનુ પેનકીલર લગાડવુ.
૧૨૩. એમોન્યાં લગાડવો કે સુઘાડવો.
૧૨૪. કોઠના ફળનુ મગજ ડંખ ઉપર બાંધવુ.
૧૨૫. ગધોનુ લાકડુ ઘસી લગાડવુ.

૧૨૬. ફોસ ફરસ ન્યચીસનો લાલભાગ પાણીમાં ઘસી ચોપડવો.

૧૨૭. ફોસ ફ મેચીસને સુકી ડંખપર ઘસવી.

૧૨૮. ગુલફેરના પાંદડાં તથા ફુલને ડંખપર વાટી ચોપડવાં.

૧૨૯. આંકડાના પાંદડાંનો હથેલીમાં કાઢી સુંઘાડવો.

૧૩૦. તુરત પોતાની કે પારકાં બગલ સુંઘવી.

૧૩૨. જલદ સરકો લગાડવો.

૧૩૩. લીંબુનો રસ લ વો.

૧૩૪. સ્રોંગ એસેટીક સીડ લગાડવી.

૧૩૫. પાંચ દશ ફોસ સ મેચીસ એકઠી કરીને સ્પીરીત (spirit) અથવા બ્રાંડીમાં નો લાલ ભાગ ચોળી થોડો વખત રહેવ દઈ તે પીગલે કે પછી તે દારૂ ડંખ પર લગાડવો.

૧૩૬. સાધારણ દરીયાઈ પાણીથી પાકેલું નીમક તોલો ૦।। લઈ બારીક કરી ડંખ ઉપર દાબી પાટો બાંધી ઉપરથી હળદરની ધુંઈ દેવી.

૧૩૭. ફટકી ગરમ કરી લગાડવી.

૧૩૮. મીઠુ માહોડાંમાં વાગોળી પછી જે બાજુએ વિચ્છુ કરડયો હોય તેથી ઉલટી બાજુના કાનમાં ફુક મારવી. સંભાળ રાખવી કે ફુકનારના મોહોડાંમાં મીઠુ રહી જાય નહી.

૧૩૯. જલદ સરકો ૦। શેર અને નીમક ૪ તોલા નાખી મીક્ષ કરી તેનુ પોતું ડંખપર મૂકવું.

૧૪૦. લાલ કણેરના તાંજા મૂળીઆં લઈ તેને જરા મરી સાથે વાટી છુંદી લેપડી બનાવી ડંખપર લગાડવાં.

૧૪૧. કાળી તુળશીના પાંદડા ડંખપર ઘસડવાં.

૧૪૨. નખ તેલ ચોપડવુ.

૧૪૩. હાથી કરસણનું મૂળ ઘસી લગાડવું,

૧૪૪. માણસના માથાનો ખોડો, પીળા સરસવ અને જુનો ગોળ મીશ્ર કરી ધુપ દેવો.

૧૪૫. અરીઠાનુ પાણી કરી આંખમાં આંજવુ.

૧૪૬. બરાંનડી નીમક સાથે મેળવી લગાડવો.

૧૪૭. નવસાગર અને ચુનો મેળવી સુંઘાડવો.

૧૪૮. Ammonia carbonate સુંઘાડવો.

૧૪૯. Spt Hartshorn પાવો અને ચોપડવો.
૧૫૦. Spt ammonia aromatio પાવો અને ચોપડવો.
૧૫૧. બ્લુરંગની બાટલીમાં સુરજના ટડકામાં તૈયાર કરેલું પાણી સોજા ઉપર રેડવું. અને તેનો કટકો ભીંજવી સોજાના ભાગને બાંધી લેવો.
૧૫૨. બ્લુ બાટલીમાં સુરજના તડકામાં બનાવેલું તેલ ચોપડવું.
૧૫૩. બોરડીના પાંદડા ચાવી મૂકવાં.
૧૫૪. શાહજીરૂ અને સીંધાલુણ સાથે મેળવીને ઘીની અંદર લુગડી કરી ડંખ ઉપર બાંધવી.
૧૫૫. કારબોલીક એસીડથી જગ્યા બાળવી.
૧૫૬. એક ભાગ મીઠું તેલ અને $\frac{1}{20}$ ભાગ કારબોલીક એસીડ મીશ્રણ કરી મુકવાં.
૧૫૭. નાઇટ્રીક એસીડથી ડંખને દઝાડવો.
૧૫૮. Ipecac poultice મુકવી.
૧૫૯. એમોન્યાનું તેલ મુકવું.
૧૬૦. લીંબડાના પાંદડાનો રસ લગાડવો કે પાંદડાંની લુગડી બાંધવી.
૧૬૧. નીમકનું જલ્લદ પાણી મુકવું.
૧૬૨. નીમકનું જલ્લદ પાણી બનાવી આંખમાં ટીપાં રેડવાં.
૧૬૩. આમળી ચોપડવી અથવા ચોળીને તેની લુંગડી મુકવી.
૧૬૪. ઘડીયાળની ચાવી ઘસવી.
૧૬૫. છાણ ચોપડવું.
૧૬૬. મીઠું તેલ ગરમ કરી તેમાં આંકરાના પાતરાં છુંદી નાખી ઉકાળીને તેની લેપડી જરા ગરમ ગરમ ડંખને લગાડવી.
૧૬૭. હળદનો ગાંઠયો ઘસી લગાડવો.
૧૬૮. ઘીમાં સીંધવ નાખી વારંવાર ચોપડવું.
૧૬૯. બાંડી ગોળ એક રસ કરી લગાડવા.
૧૭૦. મધ ચોપડવું.
૧૭૧. સુંઠ ઘસી લગાડવી.
૧૭૨. બાવળની પાળી ચાવી તે વડે જોશથી ડંખને ફુંક મારી સાથે મંત્ર ભણી ઉતારે છે.
૧૭૩. બાવળના કોલસાની રાખ પાણીમાં દોહોવી લગાડવી.

૧૭૪. ભીંડાની જડને વાટી ડંખપર લગાડીને બાંધી લેવી.
૧૭૫. ભીંડાનો કાંદો કુટીને લગાડવો તથા બાંધવો.
૧૭૬. કોહોળું કે જેને કેટલાક લોકો દાંગર કરી કહે છે તેનું ડીંચું લીલું અથવા સુકકુ લાવી પાણીમાં ઘસીને ડંખ ઉપર લગાડવું.
૧૭૭. નીમક તોલા ૨) લીલી હળદરના રસમાં મેળવી સીસીમાં ભરી રાખી જેને વિચ્છું કરડે તેને આંખમાં ૪ થી ૫) ટીપાં નાખીને પગના તળીઆંનેભી લગાડવું. લીલી હળદર ન મલે તો પછી સુકકી હળદર ચાલશે, પણ તેને પાણીમાં ભીજવી ગાળી વાપરવો.
૧૭૮. પોમાડયાના મુલ ઘસી ચોપડવાં. અને ઉપરથી તેજ મુલ ફેરવીને ઉજણી નાખીને એટલે Passes કરીને તેના ચટકાને ડંખની જગ્યાએ લાવી મુકવો.
૧૭૯. વાંજ કરટોલીનો કાંદો લાવી પાણીમાં બાળી તેનો લેપ કરવો.
૧૮૦. તાદુળજો અને નીશોતર સમ ભાગ લઇ ઘીમાં મેલવી પાવાં.
૧૮૧. કાંજી ગરમ કરી તેમાં દુધને સીંધવ નાખી પાવું.
૧૮૨. સીંધવને જીરૂ પાણીમાં વાટી ઘીમાં મેલવી ગરમ કરી પોલટીશ બનાવી બાંધવી.
૧૮૩. મહાલુંગાનો રસ અને ગૌમુત્રમાં તુલશીની મજજા વાટી જરા ગરમ કરીને લેપ કરવો.
૧૮૪. મધ અને ઘી મેલવીને પાવું.
૧૮૫. દુધમાં ખડી શાકર નાખી પાવું.
૧૮૬. કબુતરનો છેર, હરડાં, તગરને સુંઠ એનો ચુરો કરી મહાલુંગાના રસમાં કાળવી પાવું.
૧૮૭. હીંગ, હરતાલ, અને મહાલુંગાના રસની ગોળી બનાવી તેનો લેપ કરવો.
૧૮૮. ઘીને દહી સાથે મેલવી લગાડવું. એનું પ્રમાણ સરખુ છે.
૧૮૯. જેપાલ બીજ (જમાલગોટા) ને પાણીમાં વાટી લેપ કરવો.
૧૯૦. કબુતરનો હગાર, મહાલુંગાનો રસ, તથા હરતાલ તથા સીંધવ એનો લેપ કરી લગાડવો.
૧૯૧. હાથીની લીડને અલંબી અને રોહીસ ઘાસના મુળયાંના રસમાં વાટી ગોળી બનાવી ડંખપર લેપ કરવો.

૧૯૨. સીરસાના બીયાંને આકડાંના ચીકનો પટ આપી તેમાં પીપળીનો ભુકો મેલવી લગાડવું.

૧૯૩. સીરસાના ફુલ, કરંજ બીજ, કેસર, કોષ્ટ, અને મનશીલ એકત્ર કરી લેપ લગાડવો.

૧૯૪. રૂનો પાળો (આકરાના પાતરાં) અને રાતી રાઇને વાટી તેનો લેપ કરવો.

૧૯૫. મનશીલ, કોષ્ટ, કરંજ બીજ, શીરસ ઝાડના બીજ અને શીવણીના બીજ સમભાગે લેઇ એકત્ર કરી તેની ગોળી બનાવી મોહોડામાં રાખવી અને તેનોજ ડંખપર લેપ કરવો.

૧૯૬. એરંડાના પાત્રાંનો રસ કાઢી જે બાજુએ ડંખ લાગેલો હોય તેથી ઉલટી બાજુના કાનમાં એનાં ટીપાં નાખી થોડોક વખત રહેવા દેવું. એ પ્રમાણે બે ત્રણ વેળા કરવું.

૧૯૭. તુળશીનો રસ ડંખપર ચોલવાથી ઝેર ઉતરશે.

૧૯૮. કાંદાનો રસ ડંખને લગાડવાથી વિખ ઉતરશે.

૧૯૯. કપુરને તેલ કે પાણીમાં વાટી ડંખપર લગાડવો.

૨૦૦. ઉંબરાને બોરડીના પાળાને વાટી મીશ્ર કરી તેની ગોળી ડંખની જગ્યાએ દાબવી.

૨૦૧. ગરમ મહુડાના તેલના ચોબા મુકવા અને થોડો વખત ખાવાના તેલથી ચોલવું.

૨૦૨. સીકેકાઇનું ચુર્ણ ૩ માસા લેઈ માણસનું જોર જોઈ ખાવાના પાનમાં બીડાં બનાવી તે આપવું.

૨૦૩. ધોળા ફુલની ભોયરીંગણીના મુળ ચોપડવાં.

૨૦૪. કડવી ધીસોડી (ઝુંમખંડાં) નું બીજ પાણીમાં વાટી ડંખપર મુકવાથી એકજ મીનીટમાં ઝેર ઉતરે છે.

૨૦૫. કારબોલીક એસીડ ૧ દ્રામ, ગ્લીસરીન ૪ દ્રામ, દીસટીલ્ડ વોતર (પાણી) ૧ દ્રામ લેઇ પેહેલા એસીડને થોડી ગરમીથી પીગળાવીને પાણી નાખી મીક્ષ કરી ગલીસરીન મેલવી દો. એમાંથી ૩ થી ૪ ટીપાં રૂ ઉપર લઇને તે જખમપર બાંધી દઇને હવાથી બચાવવા માટે તે ઉપર કાંઇ પાંટો બાંધવો.

૨૦૬. એમોન્યાં સોલ્યુશન અને સોડા બાઈકારબોનેટને સાથે મેલવી જરા પાણીથી અને સરકાથી વાટી લાહી જેવું કરી લગાડવું.

૨૦૭. અસલ હીંગ પાણીમાં ઘસડી લગાડવું.

૨૦૮. આમ્રવૃક્ષનું દુધ લગાડવું.

૨૦૯. ચાર વાળ નવસાગરને પાણીમાં ઘસી લગાડવો; ચોપડતાં બાકી વધે તે પાવો.

૨૧૦. આમળીનો ચાચોડો અને શીઘડાઓ વચ્છનાગ ઘસી ચોપડાને શેક કરવો.

૨૧૧. પોતાશ (Potash) ખાર ઘસી ચોપડવો.

૨૧૨. મીણબટીના ચોખા મુંકવા.

૨૧૩. કપાસના પાંદડા અને ચાહ એકઠાં મેળવી વાટી લેપ કરવો.

૨૧૪. ધોળી સાટોડી અગર કપાસના મુળ ચાવવાથી ઝેર ઉતરશે.

૨૧૫. વેગણના મુળને પાણીમાં ઘસી ચોપડવું.

૨૧૬. દરદીને ખુબ દોડાવવું.

૨૧૭. કોહોળાંના ડીટડાંને પાણીમાં ઘસી ચોપડવું.

૨૧૮. અમલસારો ગંધક બચ્ચાંની પીશાબમાં વાટી ચોપડવી.

૨૧૯. કોકેન (Cocaine) ¼ ગ્રેન લઈ તેની પીચકારી ચામડી વાટે મારવી.

૨૨૦. અફીમને ઇપેકાક સરખે ભાગે લઇ પોલ્તીશ કરી મુકવાં—Family Medicine and Hygine by Sir W. Moore.

૨૨૧. લ્યુનર કોસ્ટક (Lunar Caustic) થી ડંખને દઝાડવો.

૨૨૨. ડંખને ચુસી થુકી નાખવો.

૨૨૩. લીનીમેન્ટ કેમફરકમપૌંડ (Lin. Camphor Co) ચોપડવો.

૨૨૪. વાશીંગ સોડાનું (Washing Soda) પાણી ઘટ કરી મુકવું.

૨૨૫. કાંઈજ નહી મળે તો ગ્લીસરીન (Glycerine) અથવા કોઈબી જાતનું મીશ્ર તેલ ચોપડવું.

૨૨૬. આઇસ ચોપડવું.

૨૨૭. આઈસનું પાણી બનાવી કટકામાં ભીંજવી મુકવું.

૨૨૮. સલફીપુરીક એસીડ (Sulphuric acid) મુકવી.

૨૨૯. સાબુનું ફીણ ચોપડવું.

૨૩૦. સોડા બાઇ કારબોનેટ (Soda bicarb.) નું સોલ્યુશન (પાણી) ઘટ બનાવી લેવું ને તે મુકવું.

૨૩૧. મેનથોલ (Methol) સુકકો ઘસવો.

૨૩૨ .એશીયાતીક બામ (Asiatic Balm) લગાડવું.

૨૩૩. તંબાકુને પાણીમાં વાટી તેના એકુ બે ટીપાં નાકમાં નાખવાં.
૨૩૪. કાયાકુતીનું તેલ લગાડવું.
૨૩૫. સલફેટ ઓફ એલમ (sulphate of alumina) ને બારીક વાટીને તેના ૧) થી ૨) ગ્રેન આંખમાં નાખવા.
૨૩૬. તપખીરના થોડા ગ્રેન આંખમાં નાખવા.
૨૩૭. ગનપાઉડર (gun powder) ડંખ પર મુકી સલગાવવો.
૨૩૮. સુરો ખાર અને પાણી વાટી ડંખપર મુકવાં.
૨૩૯. ઇસુરમુળને વાટી એમોન્યાંનું સોલ્યુશન (પાણી) ઉમેરી લાહી બનાવી મુકવું.
૨૪૦. પાન અને મરી વાટી મુકવાં.
૨૪૧. કાંદાને છુદીને તેના ૧ થી ૨ ટીપાં આંખમાં મુકવાં. ખસના મુળ અને Basella ના પાંદડાં દુધ અને કુમળાં નાલીએરનું પાણી મેલવી વાટી મુકવાં.
૨૪૨. છાપરાંની રજ પાણીમાં વાટી મુકવી.
૨૪૩. સાબર સીગડું ઘસી મુકવું.
૨૪૪. સંડેસરીનું મુળ વાટી ચોપડવું.
૨૪૫. સંડેસરીના મુળ હાથમાં પકડીને જે બાજુએ ડંખની કળતર થતી હોય તે તરફથી ડંખવાળા ભાગ ઉપર લાવવાની ઉંચેથી કોશેશ કરવી એટલે એના મુળીઆથી ઉજણી નાખવી.
૨૪૬. તારા જેવી આકૃતી કલતરવાળા ભાગ ઉપર પેનસીલ, સ્તીલપેન, કે પછી કાંઇ બારીક સોટયાં વટી દોરવી. નહી તો હાથ વટી દોરવી. એ માટેનું વધુ આગળ જોઇશું.
૨૪૭. Echinacea Angustifolia નું મુળ ઘસી ચોપડવું.
૨૪૮. Luytie's Echinacea Angustifolia વાપરવું; એટલે ચોપડવું કે પાવું.
૨૪૯. રવીવારના કપાસનું મુળીયું લાવી મુકવું. એ વિંછીના ડંખ પર ફેરવવાથી તત્કાળ ઝેર ઉતરે છે.
૨૫૦. રવીવારે સંઘેસરીનું મુળ ઉતર દીશા તરફનું કાઢી લાવી રાખી મુકવું. પછી કોઇને વિચ્છુ ચઢેલો હોય તેને એ મુલાડું શરીરથી ઉંચે ધરી ફેરવતાં ફેરવતાં ડંખ તરફ આવવું. આ મુળ નવું ઉપયોગમાં લેવું.

૨૫૧. સરસડાના ફળ, છાલ, મુળ, અંકોળીની જડ, મિંઢળ, કુકડવેળ, એ બધાં સરખા ભાગે લઇ ચુર્ણ કરી તે ચુર્ણ તાંદળજાના રસ સાથે પીવાથી હરેક જાતના ઝેર દુર થાય છે.

૨૫૨. ધોળી સાટોડી, ધોળો અઘેડો અથવા સગતરો એમાંથી ગમે તેના મુળને હાથમાં રાખીને પછી જીવતાં વીંછીને ચાડવીએ અને તે ડંખ મારે તોપણ તેનું ઝેર ચઢતું નથી. વળી એ મુળીઆમાંથી ગમે તે મુલાકું ચાવીને તેનો રસ વિંછી પર થુકીએ તો તે ઝેર વગરનો થાય છે. એવા એના ચમતકાર છે, પણ તે મુલાંડાં રવીવારે કાઢેલાં હોવા જોઇએ.—જંગલની જડી બુટ્ટી.

૨૫૩. Biochemical, NM (Natrium Murias) ડંખ પર સુકકુ દાબવું કે પાણી બનાવી કટકો ભીંજવી મુકવો તેમજ પાચ (૫) ગ્રેન જેટલું પા કલાકે પાવું.

૨૫૪. Luyties, Echinacea Angustifolia નું સોલ્યુશન કટકો ભીજવી મુકવું.

૨૫૫. પળસના મુળને ઘસી લગાડવાં.

૨૫૬. ખુબ દોડાવવું.

૨૫૭. પોતાની પીશાબનું ટીપું મુકવું.

૨૫૮. કાંદાની પોલતીશ મુકવી.

૨૫૯. Ipecac ને પાણીમાં લગાડવું.

૨૬૦. Dover's Powder. સરકામાં મેલવી ચોપડવો.

૨૬૧. એસીડ તારતારીક (Acid tartaric) અને ફટકી સરખે ભાગે લઇ વાટી ચોપડવાં.

૨૬૨. ૧ ગ્રેન કપુરને પાનમાં ખવાડવું.

૨૬૩. Basella Alba (White Malabar Night Shade) હીંદુ: માયાની ભાજી; સીધ-પંજાબ: પોઇ; ને વાટી લેપડો કરી લગાડવી.

૨૬૪. ઘીમાં સીધવ મેલવી તેનો ઉપર ઉપર લેપ કરવો ચાલુ રાખવો.

૨૬૫. જીરૂને સાંધવ પાણીમાં વાટી ઘી સાથે મેલવી તેની પોલતીશ બાંધવી.

૨૬૬. અરછેર દુધમાં એક તોલો શાકર મેલવી તે દુધ પાઇ દેવું.
૨૬૭. જાલમ વીચ્છુનો ડંખ ઉતારવા ઘીને દુધ પેટ પુરતું પાવું.
૨૬૮. તુળશીનો રસ ચોપડવો.
૨૬૯. પલસફાફડો પાણીમાં ઉકાળી લેપ કરવો.
૨૭૦. એરંડાના પાતરાં ચાવીને અથવા વાટીને બાંધવા.
૨૭૧. કેળના કાંદાનો રસ ૧) તોલા પાવો. એનાજ પાતરાંને બારીક કુટી પોલતીશ કરી બાંધવી.

૨૭૨. શંખદ્રાવ (ખારોનું સત્વ) લગાડવું.
૨૭૩. સલફયુરીક એસીડ નરમ કરી બે ચાર ટીપા મુકવી.
૨૭૪. ધીલોદી (ધોળી) ના પાંદ (પાતરાં) ચોળી જ્યાં સુધી વીંછી ચડયો હોય ત્યાં સુધી ચોપડવાથી ઉતરી જાય છે. અને દંશપર ધીલોડીના પાંદની લુગડી છેવટે મુકવી. કેટલાક લોક ધીલોડીને "ઘોલી" પણ કહે છે.

૨૭૫. બાટ ખટુંબાના વેલા થાય છે. તેના મુળમાંથી શકરીયા જેવી ગાંઠો નીકળે છે તેને પાણી વડી ઘસી વીંછીનું ઝેર શરીરમાં જ્યાં સુધી ચઢયું હોય ત્યાં સુધી પાતળું પાતળું ચોપડી પંખાથી પવન નાખવો. તે ગાંઠનો લેપ સુકાતાંજ ઝેર નાબુદ થશે.

૨૭૬. હાથના નખ તથા સોપારીને ખુબ ખાંડી બારીક કરી બીડી બનાવી પીવા અપાય છે. ફકત સોપારીને ચલમમાં પીવાથીબી ઝેર ઉતરે છે.

૨૭૭. કરોળીઆ જે કાગજની પતરી જેવાં સફેદ પડ બનાવે છે તે ચલમમાં પીવાથી ઝેર ઉતરે છે. આ ક્રીયાથી કોઇકને ઉલટી થાય છે.

૨૭૮. નાગર વેળના ખાવાના પાન ૨) માં ખાવાનું બારીક નીમક ચપટી જેટલું મુકી બીડી વાલી દરદીને આસ્તે આસ્તે ચાવા કહી રસ ગળાવવો. પછી કુચો થુકાવી પાણી લઈ કોગળા કરાવી થુકી નખાવવા.

૨૭૯. એક વખતની (નંબર ૨૭૮ ની) ક્રીયાથી આરામ ન થાય તો ફરી ફરીથી એમ કરાવવું. દંશપર નીમક ચોપડવું પણ તે પહેલાં દંશને પાણીએ ધોઇ સાફ કરવો.

૨૮૦. ધતુરાના પાનનો રસ દંશપર ચોપડી તેની લુગડી બાંધવી.
૨૮૧. પાકાં કેળાં વાટીને તેની લુગડી ડંખે લગાડવી.
૨૮૨. ધોળી કણેરના મુળને ઘસી તેનો લેપ કરવો.
૨૮૩. જાંબુડાંનાં પાન વાટી લુગડી ડંખે બાંધવી.
૨૮૪. આંબળાં (સુક્કાં) ના બીજને સુડીથી કાપી બે અરધા કકડા કરી થુક લગાડી વિંછુના ડંખ પર ચોંટાડવાથી ઝેર ચુસીને પછી તે ખરી પડશે.
૨૮૫. કૌચના સુકાં બીજ (ચોંટાડવા) થી પણ ફાયદો થાય છે.
૨૮૬. તુળશીના પાનને ચાવીને કાનમાં ફુક મારવી. વજનો કકડો લઇ ચાવીને કાનમાં ફુક મારવી.
૨૮૭. નવસાગર અને હડતાળ સમભાગ લઇ પાણીમાં વાટી ડંખપર ચોપડવી. એ ઘણી પીડામાંબી ફાયદો કરે છે.
૨૮૮. મુળાનો રસ માખણ અને લસણને ઘુંટી લેપ કરી ડંખે લગાડવો.
૨૮૯. રીસામણીના મુળને ઘસી લેપ કરવો.
૨૯૦. બીયરીંગનીનું મુળ, ઘોડાવજ, આકડાનું મુળ એ ત્રણ ઘસી ચોપડવાં.
૨૯૧. કાળા ભાંગરાને મસળી તેનો રસ સુંઘાડતાંજ ઝેર ઉતરે છે.
૨૯૨. મનશીલ, કોષ્ટ, કરંજ બીજ, શીરસ ઝાડના બીજ, શવણીના બીજ સરખે ભાગે લઇ વાટી એકત્ર કરીને ગોળી કરી મોહોડામાં રાખવી. એજ ગોળીનો ડંખપર લેપ કરવો.
૨૯૩. મહાલુગાના મુળ રવીવારે ઉતર તરફ મોહ કરી ઉભા રહી, ને પછી જો જમણા હાથ કે બાજુએ ડંખ લાગો હોય તો દક્ષીણ બાજુનું મુળ કાઢવું, જો ડાબી બાંજુનો ડંખ હોય તો ઉતર તરફનું મુળ કાઢવું. તેનો સાત વખત પાવા કે પછી ચોપડવામાં ઉપયોગ કરવો.
૨૯૪. સફેદ પુનર્નવા કે પછી આંકરાંનું મુળ રવીવારે કાઢી લાવી ડંખપર ફેરવવું; નહી તો લેપ કરી લગાડવો.
૨૯૫. કાળા ઘોડાની ખડીને પાણીમાં ઘસી લેપ કરવો.
૨૯૬. સાવરીના મુળ ઘસી ચોપડવા.

૨૯૭. સફેદ ચંપાની છાળ ઘસી ચોપડવી.

૨૯૮. સફેદ ચંપાના મુળ ઘસી ચોપડવા.

૨૯૯. તંબાકુનું પાણી ડંખના ભાગથી ઉલટી બાજુના ભાગની આંખમાં નાખવું.

૩૦૦. ગંધક એક દોઢયાં ભાર લઇને તેને સલગાવી તેની ઉપર એક ગળણી ઢાંકી પેલી ગળણી વાટે નિકળતો ધુવો ડંખને આપવો. એ ઇલાજ અકસીર હોવાની ખાતરી અપાઇ છે.

૩૦૧. વિચ્છુને તેલમાં નાખી ઉકાળી રાખી બાટલીમાં ભરી જરૂર પડે ત્યારે ડંખને લગાડવું.

૩૦૨. વિચ્છુને છુંદી ડંખ પર બાંધે.


૩૦૩. કાચબાના હાડકાં, મનસીલ, હરતાળ, કોચના બીજ એ બધા સરખે ભાગે લઇ તેને મધમાં ખરલ કરી બોરના લાકડાનાં દંડ પર લેપણ કરી સુકવી રાખે. એ દંડ ડંખ ઉપર અધર સવળો ફેરવવાથી વિચ્છુનું ઝેર ઉતરે છે. અને ડંખ પરથી અવળો ફેરવવાથી ઝેર ચઢે છે. અને ડંખ પર થોડો વાર અડાડી રાખવાથી ઝેર નાબુદ થાય છે.

૩૦૪. ઘરમાની ગળોડીને પકડીને કકડતાં તેલમાં નાખી તેનું તેલ ડંખ પર મુકવાનો ઇલાજ અકસીર કહેવાય છે, કરી કચ્છ ભુજવાળા હકીમ પીર હાજી હુનશાહબીન મહાબુબશાહ ખાતરી આપે છે.

૩૦૫. કાનખજુરો છુદીને ડંખ પર બાંધવો.

૩૦૬. કાંકચ (કાચબા) ના ફળને ઘસી લગાડવાં.

વિચ્છુના ડંખ.



૩૦૭

ઉપલી પાંચ ખુણાની તારા સરખી આકૃતિ વિચ્છુના ડંખના ઉતાર માટે કદીમ જમાનાથી પ્રખ્યાત છે. વિચ્છુ ઉપરાંત કોઈ પણ જાતના ઝેરની કળતર, કે દુખાવો, અને કોઇ પણ પ્રાણીના ઝેરની ગેરહાજરીમાં માત્ર જ્ઞાન તંતુઓનો દુખાવો, હમેલદાર ઓરતોને થતી પીડુંમાં આંકડી વટીક એનાથી સાંજા થવાની બાબતો ચરચાયલી છે. છતાં અતરે જે કાંઇ બોલવાનું છે તે આપણા વિશયને લગતું અને ખાતરી ભરેલું હોવું જોઇએ. આ ઇલાજ સેવકે અને બીજાઓએ અજમાવેલો છે તેથી ઘણાખરા સઘળા કેસોમાં ફતેહ મલવાની આશાથી અતરે દાખલ કીધો છે.

વીધી—વિચ્છુ ડંખતા આ આકૃતિ તે ડંખેલા ભાગપર લખવી કે દોરવી. તે માટે સુખડપેન, સાહીની સ્તીલપેન કે પછી કલમ, અને પછી કાંઇજ નહી મલે તો જે કાંઇ નાનુ બોરૂ જેવું હાથ આવી જાય તે વતી દરદના મધ્ય બીંદુમાં જ્યા દુખાવો થતો દરદી કહે ત્યાં એ દોરવી. દોરવા માટે સાહી નહીજ મલી તો ખાળી બોરાંવતી અંદીઠ આકૃતિ દોરેલીબી ચાલશે. એક વખત એ દોરીને દરદીને પુછવું કે સખ્ત દુખાવાનું મધ્ય બીંદુ કઈ જગ્યામાં છે, એટલે કઇ જગ્યાએ સૌથી વધુ કળતર છે. જે જગ્યા તે બતાવે તે જગ્યાએ પછી પેલી આકૃતિ દોરીયા જવી. જેમ જેમ તે દરદ ખસતુ જાય તેમ તેમ તે દરદીને કળતરનો ભાગ બતાવવાની સૂચના કર્યા જવી. જો આખરે તે કુડતું કુડતું હાથના આંગળાના છેડા કે પછી પગના અંગુઠાના છેડા નજદીક આવી અટકશે એટલે બસ. એ વીધી કરવા અગાઉ દરદીએ બાંધેલા બધા પાટા છોડી નખાવવા અને એમ

કરતા દરદી બીહી જાય તો કોઇબી રીતે તેને હીમત આપી તે નહીજ ચઢશે એમ ખાતરી આપવી. તેની તરફ જેટલોબી પ્યાર બતાવાય તેટલો બતાવવો. ઉંચ–નીચનો તફાવત રાખશો ના. ભાઇઓ ખરો પ્યાર એવી ચીજ છે કે જેથી વહાલા ઇશ્વરને ભક્ત પોતાનો કરી રાખે છે, તો પછી આવું નજીવું કારણ તેને ફતેહ મેળવવા માટે દુર રાખશે શું ? અજમાવી જુઓ ! દરદી ને દાક્ટર એક થાઓ ! પછી દુઃખ કયાં ? તો કેહે નહીં ! આમીન ! !

વિચ્છુ ઉતારવાના મંત્રો.

३०८ अरे अरे वीछवा दोता कोट होता वारुळी होता होता लइचे
खुरीकाठातिडक ओर जाय न उतर तर तुला गुरुकी आण
मंगळाची आण स्फुरा मंत्र ईश्वरी वाचा सत्य मंत्र गुरुका साचा.

આ મંત્રને સાતવાર ભણી રાખથી ઉતારવો.

---

३०९ काळा विचु कवडे पाय उतर विचु पातालकु जाय,
गुरुकी शक्ति मेरी भक्ति चला मंत्र ईश्वरी वाचा.

આ મંત્ર સીધ કરી જયારે વીંછી ઉતારવો હોય ત્યારે રખ્યા લાવી હાથે વતી કરડેલી જગયાએ ઝાડકતા જવું ને મંત્ર બોલતા જવું.

---

३१० भिस मिल्ला रहीमान रहीम,
पीर पेगंबर रसुलके मालाडर;
ईश्वर हाणजे उतराव,
विंछु उतारो राजा रामकी दुवाइ.
गुरु संगन मेरा मगत,
स्फुरी मंत्र ईश्वरी वाचा.

આ મંત્ર ગ્રહણને દીવસે ગળા સુધીના પાણીમાં રહી જઇ એકવીશ વખત જપી સાધી લેવો, પછી જેને કરડયો હોય તેને રાખ વટી ઝાડકતા જવું કે તેથી આરામ થશે.

---

૩૧૧ ઓ: મ, નમો ખટકી પાટ મુજકા વાણ
ઉતર બીછુ ખ્વાજા પીરકી આણ.

આ મંત્ર કાળી ચૌદસને દહાડે રાત્રે નાહી એકાંત સ્થળે બેસી સામે ઘીનો દીવો તથા અગરબતીનો ધુપ કરીને એકવીસ વખત મનમાં એક ચીતથી જપવો. પછી વિંછી ઉતારવા કામે લગાડવો. આ મંત્ર સાત વાર જપી ડંખ ઉપર ફુક મારવી ને દરદીને પુછવું તે ડંખ કયા સુધી છે તે જગ્યા બતાવે તે જગ્યાએ રાખની લીટી કરી ફરીથી મંત્ર સાત વાર જપી ફુક મારવી અને જયાં સુધી તે ડંખમાં આવે ત્યાં સુધી સાત સાત વાર મંત્ર જપી ફુક મારવાથી તે ડંખમાં આવી જશે.

३१२ बीस मीला रहेमान रहीम अम्रीसाफ ।।

સાધના.

રોજા મહીનામાં ૨૭ મી રોજુ આવે તે દીવસે રાત્રે ધુપ લોબાનનો કરી ભણવો. મંત્ર વાર ૭ પછી જેને વીંછી કરડયો હોય તેને જયાં સુધી વીંછી ચહડયો હોય ત્યાં બીજા આદમી પાસે બે હાથે પકડાવી ઉપલો મંત્ર ત્રણ વાર મનમાં ભણી શરીર પકડનારને ત્રણ વાર પુછવું કે પકડયો તે કેહ પકડયો ત્યારે છોડી દેવા કહેવું ને વીંછી કરડયો હોય તેને પુછવું કે કયાં આવ્યો તે જયાં વીંછી આવવાનું બતાવે તે જગ્યા ફરીથી પકડાવી ઉપર પ્રમાણે કરવું. આ મંત્ર ત્રણ વખત કરવાથી વીંછી ડંખમાં જતો રહે છે. આ મંત્ર અમારો અજમાવેલો છે (માસ્તર નાનાલાલ મગનલાલ).

વીંછીનો મંત્ર.

ओम् आदित्य रथ वेगे न विष्णु बाहु बलेनचा सुपर्ण पक्षपातेन भुम्या गच्छ महा वीष ॥ जोग पक्ष जोग पदाज्ञा श्री शीवोत्तम प्रभुप्रदाज्ञा भुम्यां गच्छ महा वीष ॥

ક્રીયા—જે માણસને વીંછી કરડયો હોય તેને વીંછી કરડેલી જગ્યાએ આ મંત્ર ભણી એકવીશ વેળા ઉંઝણી નાંખે તો ઝેર ઉતરી જાય.

વીંછી ઉતારવાનો મંત્ર

भीसमील्ला राहिमान रहीम, पीर पेगंबर रसूलके मालाडर, इश्वर ह्मणजे उतराव, विंछुउतरो राजा रामकी दुवाइ, गुरुकी संगत मेरी भगत, स्फुरो मंत्र इश्वरी वाचा.

વિધી—આ મંત્ર એકવીશ વખત જપવો. બાદ કોઇને વીંછી કરડયો હોય તેને જયાંસુધી ચડયો હોય ત્યાંથી તે ડંખ સુધી વિભુતી (રાખ) વતી ઝાડકતા જવું ને એક એક મીનીટે કરડેલી જગ્યા જરા આસ્તેથી જમીનપર અફાળતા જવું એટલે થોડી વારમાં વીંછી ઉતરી જઇ ડંખમાં આવશે.

વીંછીનો મંત્ર બીજો.

ओम नमो सुरह गाय परवतपर जाय सुरःचरे सुको घमळ, सुरह गायने गोबर कीयो जाये उपना वींछु सात. कालौक कलवाल्यो सांप सरपनी घोलो हये उनी लैपिलो उतरे ताड तारुं नहीं गरुड मोरको हंकारु ॥

Remedies for several varieties of Poisonous Creatures (Large and Small.)

પરચુટણ ઝેરી જાનવરના ઇલાજો.

વાઘ, દીપડા તથા રીંછથી થતા જખમો.

(ડૉ. ગ્લીસનના લેખ ઉપરથી).

(લખનાર—ડૉ. મણીલાલ મોહનલાલ ઝવેરી.)

૧. સંબલપુરના પ્રગણામાં ભરવાડો, ખેડુતો તથા શીકારીઓને વારંવાર વાઘ, દીપડા, તથા રીંછ જખમી કરે છે. એ માણસો આ ક્રુર પ્રાણીઓના જખમો કેટલા ધાસ્તિભરેલા છે તે સારી રીતે સમજતા હોવાથી જખમ થતાં વારને દાકતરો પાસે જરૂર હાજર થાય છે.

આવા પ્રકારના જખમો થવાથી દર્દીમાં જે મુખ્ય લક્ષણો જોવામાં આવે છે તેમાં મુખ્ય મુખ્ય આ છેઃ—વિક્ષોભ (Shock), તિવ્ર વેદના, અત્યંત શિથિલતા, તૃષા, સોજો (જેમાંથી કોહોવાટ ઉત્પન્ન થઇ તે ભાગ મૃતવત થઇ જવાનો સંભવ છે.) તથા જ્વર.

દર્દીને વિક્ષોભ થાય છે તેની વધઘટનો આધાર જખમના પ્રમાણ ઉપર રહે છે. છતાં પણ કેટલીક વખતે ક્ષુદ્ર ઇજામાંથી પણ ભયંકર રૂપ પકડે છે. સામાન્યતઃ યુરોપિયનો કરતાં દેશીઓમાં તે ચિન્હ ઓછું જોવામાં આવે છે. કારણ કે દેશીઓ કંઇક વધારે બેફિકરા હોય છે, તેથી તેમને એવી અસર જલદી થતી નથી. જખમ થયા પછી દર્દીને ફેર આવવા માંડે છે, એકદમ ફિક્કો પડી જાય છે, તથા ઉભો રહી શકતો નથી. દર્દ ત્વરતજ જોર કરે છે, અને તાવ ભરાઇ આવે છે. સામાન્યતઃ ૧૦૧°-૧૦૨° કે તેથી વધારે તાવ ચઢે છે.

વેદનાના સંબંધમાં હકીકત એવી છે કે વાઘ અથવા દીપડાનો નાના ઉઝરડા જેવો જખ્મ થયો હોય તો પણ તે જખ્મમાં દાહ ઉત્પન્ન થાય છે, અને બળતરા છૂટે છે. વેદના જખ્મની સાથેને સાથેજ રહે છે. નાનામાં નાનો ઉઝરડો થયો હોય તોપણ તેની આસપાસ સોજો ચઢી આવે છે, અને તે લાંબો વખત ટકી રહે છે.

દીપડા કે વાઘે બચકું ભર્યું હોય કિંવા જખ્મ કર્યો હોય તો તેથી ઘણું કરીને હમેશાં શિથિલતા ઉત્પન્ન થાય છે. દર્દી જડભરત જેવો થઇ જાય છે, ને તેને ઘેન ચઢે છે. તેના જખ્મની સારવાર થતી હોય તે વખતે પણ તે ઝોકાં ખાતો હોય તેવો લાગે છે. કેટલીક વખતે તેને ઘેલછા ઉત્પન્ન થાય છે, ને લવારો પણ કરે છે. દિવસને રાત તે ઉંઘયાજ કરે છે. જખ્મમાં ઝેર દાખલ થાય છે તેને લીધે આવી સ્થિતિ થાય છે, અને જ્યાં સુધી તેના શરીરમાંથી ઝેર નીકળી જાય નહીં ત્યાં સુધી થોડે કે ઘણે દરજ્જે આ શિથિલતા કાયમ રહે છે.

તૃષા પણ એક અગત્યનું ચિન્હ છે. ગળું અને મોં સુકાય છે, અને તેમાં બળતરા થાય છે. દર્દી ઉપરા ઉપરી થંડા પાણીના પ્યાલા પીએ જાય છે, શરીરમાંથી ઝેરને બ્હાર કાઢી નાંખવા સારૂ તેને માગે તે પ્રમાણે પાણી આપવું એ સારૂં છે.

જખ્મ ઉપલકીઆ હોય તો સોજો પણ ઉપલકીઆજ હોય છે. પરંતુ જો જખ્મ ત્વચાને વિંધિને હેઠે ગયો હોય તો તેથી સોજો પણ વિશેષ ઉત્પન્ન થાય છે. હાથ, પગ અથવા શરીરના બીજા જે ભાગ ઉપર જખ્મ કે ઇજા થઈ હોય છે, તે ભાગ ઘેરો રાતો થાય છે, સુજેલો તથા ગરમ હોય છે, તથા તેમાં રસ ઉતરે છે. સ્પર્ષ કરતાં તે કઠણ માલુમ પડે છે, અને દબાવતાં તેમાં દુખાવો થાય છે. કેટલીક વખતે જખમ થતાની સાથેજ સોજો ચઢી જાય છે, અને કેટલીક વખતે કેટલાક દીવસ થઇ જાય છે છતાં સોજો માલૂમ પડતો નથી. જખ્મની બાજુમાં પરૂ ભરાઇ રહે છે, માટે તે સાફ કરવાની સંભાળ રાખવી જોઇએ. કેટલીક વખતે જખ્મ ભરાનિંગળ થઈ જાય છે, અને તેમ થાય છે ત્યારે તાવની પણ ચઢ ઉતર થાય છે.

આ જખમો ઝેરી હોવાથી તેની આસપાસ સોજો ચઢે છે, એ વાત પ્રથમ કહેવામાં આવી છે. જખમો મોટા ને ઉંડા હોય તેવી વખતે તેમાં સડો ઉત્પન્ન ન થાય તે માટે ખાસ સંભાળ રાખવાની છે. કેટલીક વખતે સુધરતા આવતા અથવા ઉપલકીઆ જખમોમાંથી પણ દુર્ગંધ નીકળે છે. માટે જો આવા પ્રકારના ઝેરી જખમોને સોજો વધતો જાય તો તેનું પરીણામ એ આવે છે કે કાં તો તે ભાગ સડીને મૃતવત્ (Gangrene) થાય છે અથવા અસાધારણ રીતે સ્નાયુઓ સડવા માંડે છે.

રીંછના કરડ અને જખમો વાઘ અને દીપડાના કરતાં ઓછા ઝેરી છે. એનું કારણ એવું છે કે વાઘ અને દીપડા ચોખ્ખા માંસાહારી પ્રાણી છે, અને રીંછ વનસ્પતિ પણ ખાય છે. આમ હોવાથી કોઇ પણ માણસને રીંછથી ઇજા થઇ હોય અને તેમાં પણ તેનાં મર્મસ્થાનવાળા અવયવોને ઇજા ન થઇ હોય તો તેને આરામ થવાનો સંભવ વધારે છે.

આ પ્રાણીઓના જખમથી શરીરમાં જે ઝેર દાખલ થાય છે તે દેશીઓ કરતાં યુરોપિયનોને વધારે ગ્રાહી છે. એક ઉઝરડો કે જખમ બેમાંથી વધારે ઝેરી શું છે તે એક તકરારી વાત છે. કેટલાએકનો અભિપ્રાય એવો છે કે એ પ્રાણીઓના નખવડે જે જખમ થાય છે તે ઘણાજ ખરાબ પ્રકારના નિવડે છે, અને બીજાઓ એમ ધારે છે કે બંને સરખાજ ઝેરી છે. કેટલીકવાર એવું પણ જોવામાં આવ્યું છે કે નખવડે થએલી ઇજા ઉપર સોજો ઓછો આવેલો હતો, અને તેનીજ પડખે દાંતવડે થએલી ઇજા ઉપર પુષ્કળ સોજો ચઢયો હતો.

વિક્ષોભ (Shock) પછી દર્દ ઉથલો મારે છે ત્યારે જવરનો વધારો થએલો જોવામાં આવે છે. એ તાવની વધઘટ દર્દના પ્રમાણ પ્રમાણે રહે છે. પરંતુ સામાન્ય રીતે દશથી વીશ દિવસ તાવ રહે છે અને તેનું કારણ જખમનું ઝેર છે. જો જખમ ભરનિંગળ થઇ જાય છે તો તાવ થોડાક દિવસ વધુ પણ આવે છે, જો જખમની સારવાર જતું નાશક ઉપચારો સાથે થતી હોય તો તાવની ખટીક થોડી રહે છે.

ઉપચાર—દર્દીને વિક્ષોભ થયો હોય તો પ્રથમ તે માટે ઉપચાર કરવા જોઇએ. જખમોને સારી રીતે પીચકારી વડે ધોઇ નાંખવા, અને આયોડીનના સોલ્યુશનથી સ્વચ્છ કરવા. અને તે પછી આયોડોફોર્મથી ડ્રેસિંગ કરવું. મુરદાલ ભાગ કાતરવડે કાપી નાંખવો. જ્યાં જ્યાં સોજાનો શક હોય ત્યાં ત્યાં કાપ મુકી દેવા, એ ખાસ જરૂરનું છે. જે જે જખમ ભરનિંગળ થાય, તેને કાપી ખુલ્લા કરવા. બધા જખમો દિવસમાં બે વખત સ્વચ્છ કરી તે ઉપર ઉપર લખ્યા મુજબનો મલમપટ્ટો કરવો. તેમ કરવાથી સડો ઉત્પન્ન થવાનો અવકાશ બહુજ થોડો રહેશે. ઉપર ચોટીઓ સ્હેજ સ્હાજ સોજો હોય તે ઉપર ગરમ બૉરિક કોમ્પ્રેસીસ મુકવા. સાંધાઓ અકડાઇ જાય નહિ તે માટે માસેજ (ચંપી) અથવા ગરમ પાણીવડે ઝારવાની ખંત રાખવી. જો અમુક ભાગ સડીને મૃતવત્ થઇ જાય (Gangrene) તો જરૂરી ભાગ કાપી નાંખવો. પુષ્કળ થંડુ પાણી પીવાને આપવું. ખોરાક સાદો, હલકો ને દુધને રાખવો.

વાઘના વિષ.

૨. મરી તથા એરદાની છાળ તથા લીંબુની છાળ તથા ઉજળી દોરીનું મૂળ કાઢીને વાટી પાએતો વાઘનુ ઝેર ઉતરે—જામાસ્પી—દસ્તુરવાળી.

૩. વાઘ કરડયો હોય તો ટંકારા (કચ્છી)=ટાંકરો, અથવા અરણી (ગુજરાતી) ના પાંદડા એટલે પાળો વાટી નીમક નાખીને બાંધવા.

કોહોળીના ડંખનો ઉપાય.

૧. વર્સાદ રૂતુ બેસ્તા ગર્જના થઈ વીજળીના ચમકારા થતા જંગલની સાવધ કોહોળી ગેળી થઇ જાય છે.

૨. કેટલાક દેશોમાં જ્યાં તાડોના ઝાડો હોય છે, ત્યાંની નીચી ખજુરીએ બાંધેલાં તાડીના ઘડયામાંથી કોહાળાં તાડીની પી મહસ્ત બની ઝનુનની થઇને માણસોને કરડે છે માટે બધા સંજોગો વચે એ પણ ધ્યાનમાં લેવો.

૩. એના ડંખનો એક રામબાન ઉપાય એક નેપાળીએ બતાવ્યો છે, તે એ છે કે વાઘનું ચામડું બાળી તેની રાખ ઘણા નાના પ્રમાણમાં જેમ યોગ્ય લાગે તેમ દરદીને ખવાડવી.

(કુતરાના ઝેરના મંત્ર અને ઉપાય કોહોલીના ડંખપર અજમાવવા.)

વાંદરનો ડંખ.

૧. મુરદારસીંગને નીમકના પાણીમાં ઘસીને લગાડે.

૨. કલૌંજીને મધ લગાડે.

૩. જખ્મ ખુલ્લો કરી કાંડો પીસી લગાડે.

બીલાડીનુ વિષ.

૧. કાળા તળ પાણીમાં પીસી લેપ કરે.

૨. કુદનો ખવાડે ને મસળે.

ઉંદરનું વિષ.

૧. સરસવના બીજ, નિબંકના પાતરા, કરંજના બીજનો ગર, ગૌમુત્રમાં પીસીને ગોળી બનાવીને જરૂર પડે તો ડંખપર લેપ કરવા સારૂં રાખી મુકવી.

૨. એરંડાઉ તેલ ડંખને લગાડે.

૩. જાલ તથા આકડાંનું દુધ તથા તલ તથા આબળીનું મુળ તેનો રસ કાઢીને તેમાં પરતીને પાએ તો ઝેર ઉતરે.

૪. વેખંડ, ગેળફળ, દેવડાંગરીનું ફળ, અને ચોખના લાકડાંને ગૌમૂત્રમાં વાટી દહીમાં કાલવી પાવાંથી સરવે પ્રકારણનાં ઉંદરોના ઝેરો નાશ પામે છે.

૫. હળદ, દારૂ હળદ, હરમલ, પાઢરી ગોકર્ણ (સફેદ ગોકર્ણ), મંજીઠ, જેથી મધ તથા ગુલવેલ એથી સીધ્ધ કીધેલું કે પછી ગોકર્ણીના મુળથી સીધ્ધ કીધેલું કે કવઠા (કોઠ) ના પંચાંગને સીધ્ધ કરેલું ઘી પાવું.

૬. કોઠનો રસ અને ગાયના છાણનો રસ અને મધનું ચાટણ કરાવવું.

૭. **નીરગુંડી** (થોર), તગર, **શેવગા** અને **બીલાના મુળ**, **પુનર્નવા**, **વેખડ**, **સરાટા** અને **દેવદ્દાંગરીનો** કાવો મધ નાખી પાવો, તેમજ દહીને ભાત ખાવું.

૮. **ઉનહાલીના** બી છાશમાં વાટી પાવાથી ઉંદરનું વિષ ઉતરશે.

૯. અંકોળના મુળનો કલ્ક કરી તેને બોકરાંના મુતરમાં વાટી પાવું, તેમજ તેનો લેપ કરવો.

૧૦. કોરાંટીના મુળને તાંદુળ (ચોખા) ના ધુવણમાં વાટી મધ નાખી પાવું.

૧૧. કડવાં દોઘીમાં રાતે પાણી નાખી રાખી મુકીને સહવારે પાવું.

૧૨. મીઠું કે મીઠાંના પદાર્થો દીવસો સુધી આપવા નહી.

૧૩. આંબળી તોલો ૪), ધુંવાસ ૨) તોલા, એને જુના ઘીમાં ખરલ કરીને ૭ દીવસ પાવું

૧૪. પારો, ગંધક, કપુર, ધુંવાસ, સરસવ એ સર્વ પદાર્થો આંકડાના દુધમાં વાટી લેપ કરવો. એથી સાંપનું વિખ પણ ઉતરે છે.

૧૫. સુંઠ મરી, પીપર, કડવા લાંબડાની લીંબોડી, સાંધવ, એનું ત્રણ માસા ચુર્ણ શાકેર અને મધમાં નાખી પાવું.

૧૬. ઉંદરકનીના પાળાનો અંગરસ ૧ થી ૨ તોલા પર્યંત પાવો અને અંગે ચોળવો.

૧૭. **ઉંદરકનીના** કાંદા ગાયના દુધમાં વાટી સાત દીવસ પાવા.

૧૮. **અધેડાના** કુંણાતોરાઓનો રસ કાઢી સાત દીવસ મધમાં પાવો.

૧૯. **અધેડાના** બી મધમાં ખાવા આપવાં.

૨૦. મેંદીના અંકુરાનો રસ ૪ પૈસા ભાર અને ઘી ૨ પૈસા ભાર એકત્ર કરી પાવાં.

૨૧. ભારંગ મુળ પાણીમાં ઘસી અજમાયસથી પાસેર પર્યંત પાવા; અને શરીરે ચોપડવાં. એ ચઢે તો ગાયનું દુધ પાવું.

૨૨. કુકર પાડાનો લેપ કરવો.

૨૩. **વાસેલું ખોબરૂ**, ০ તોલો મુળાના રસમાં ઘસી લેપ કરવો.

૨૪. ઉલશી રસમાં અફીણ ખળી તે શરીરે અને ડંશ ઉપર ચોપડવું.

૨૫. ત્રીકટુને ગાયના છાણમાં એકત્ર કરી અંજન કરવું.

૨૬. અંકોલના મુળનો ભુકો બકરાના દુધ કે મુત્રમા નાખી તેનું પાન કરવું. તેમજ લેપ કરવો.

૨૭. કડવી ઘીસોડી, મોથ, મીંઢોળ અથવા કઠનો ભુકો કરી દહીમાં મેળવી પાન કરાવી (પાઇ) ઉલટી કરાવવી.

૨૮. વજ, મોથ, મીંઢોળ, અથવા કઠને ગાયના મુત્રમાં વાટી પાવું.

૨૯. મનસીલ, હરતાળ, કોષ્ટ કાલાંજન ને ધુતરના રસ ભેલી પાવું. એ ઝેરી છે તેની સંભાળ લેવી.

૩૦. ઉંદર કરડતાં ડંખપર દામ દઇને પછી લોહી કઢાવી, શીરીષ, હળદ, તગર કેશર તથા ગુળવેલનો લેપ કરવો

૩૧. કડુ દોડકી, શીરીષ, દેવડાંગરી અને ગેળફળ એના ફળોના ચુરણને દહીમાં કાલવી પાવું તેથી ઉલટી થશે.

૩૨, કાળી નસોતર, ભોરીગણી, પીલાનું મૂળ, અને ગળોનો લેપ કરવો.

૩૩. કમળીના કવાથથી અથવા સરસડા અને અંકોલના કવાથથી ઉલટી કરાવવી.

૩૪. મુળાના રસમાં ખોરૂ કોપરૂ વાટી લેપ કરવો.

૩૫. કઝણી (કરંજ) ની છાલ અને ખી ઘસી તેનો લેપ કરવો.

૩૬. આંબલી ૪) તોલા અને ચુલાપરનો ધુમાડો ૨) તોલા લઇ તેથી બમણું ઘી લઇ ખલ કરી તેની સાત ગોળીઓ કરી સહવારના દરરોજ સાત દીવસ સુધી ખાવી.

૩૭. ગાયના છાણના રસમાં સુંઠ, મરી તથા પીપર ઘસી તેને દીવસમાં બે વેળા અંજન કર્યા જવું.

૩૮. જે બાજુએ ઉંદર કરડેલો હોય તે બાજુએ ગાંઠ બંધાઇ જાય છે, તેને નસ્તરથી ચીડાને ઘવેડાના તાજા લીડાં લાવી બાંધવા, અથવા બીલાડીનું હાડકુ ઘસી ભરવા ફરમાવે છે.

૩૯. જે માણસને ઉંદર કરડેલો હોય તેને નીમક કે નીમકની વસ્તુ જેવી કે અથાણુ વીગેરે થોડા દીવસ ખવડાવવું નહી.

૪૦. ઉંદર કરણીના પાદડાં તોલો ૧), કદવી નઇનો સુકો અગર લીલો કંદ વાલ ૫); ઝેરી નાળીએર વાલ ૫, સરપંખાના પાંદડાં

તોલો ૧), કાળા મરી તોલા ૦ા સરવેને લઇ પાશેર પાણીમાં વાટીને તે પાણી લુગડે ગાળી સહવારના પોહોરમાં ૩ દીવસ સુધી પાવુ જેથી ઝેર ઉતરી જશે. દર વખતે તાજુ બનાવી લેવુ.

૪૧. ઉંદરના જખમને દઝાડીને પછી તે ઉપર સરસડો, હલદર, તગર, કેશર અને ગળોનો લેપ અરવો. પછી નીરમળ જળથી ધોઇને કાળી નસોતર, ભોય રીંગણી, બીલાંનુ મુળને ગળોનો લેપ કરવો.

૪૨. **છછુંદર**—નેતરની સોટી પાણીમાં ઘશી ડંખપર લગાડવી.

૪૩. કાળી ખજુરી લીંબુના રસમાં ઘશી ચોપડવી.

૪૪. **ઉંદરનું વિષ**—ધુંવાસ, મજીઠ, હળદર, અને સીંધવ એ જણસો વાટી લેપ કરવો.

૪૫. ધોળી ધોસાળીના પાન વાટી લેપ કરવો.

૪૬. સાંપની કાંચળીની ધુણી ત્રણ દીવસ દેવી; અને પરેહજી પાળવી.

૪૭. ચિત્રક (ચિત્રો) ના મૂળોના ચુર્ણનુ તેલમા પચન કરવું; તે શસ્ત્ર વડે બ્રમ્હ રંદ્ર ઉપર ક્ષત (છેદ) કરી તે ઉપર ચોપડવુ; તેથી એ વિષ નાશ પામે છે.

૪૮. Worm wood (દમના) ના મુળ કે છાળ ડંખપર ઘસી લગાડવી.

૧. **નખ વિષ**—કડવા વૃંદાવનના મૂળીઆંને ફળ તેમજ કચુરો સરવે સમ ભાગ લઇ ગોમુત્ર ઘસી લેપ કરવો.

૨. ખાલી ઝેરી કચુરો પાણી કે ઘીમાં ઘસી લેપ કરવો.

૩. કડવા જીરાંને ગોમૂત્રમાં વાટીને નખ લાગવાથી ચીરા પડેલ પર લગાડવો.

મનુષ્ય વિષ.

૪. ગોભીના પાતરાં મધમાં ઘાસી મસળે.

૫. **નખ, દંત વિષ**—કડવો લીંબડો, શમી અને વડની વડવાઇ એમના કલ્કમાં ગરમ પાણી નાખી, તેનો ડંશ ઉપર લેપ કરવો.

૬. કોબીના પાતરાં મધમાં ખરળ કરી લેપ કરીયા જવો.

૧. **ધોયડાનું વિષ**—વાંઝણી કંકોડાનું મુળ, અરડુસાનું મુળ, અને ઉમરાનું મુળ એઓને નરમુત્રમાં ઘસી પાવાથી ધોયડાનું ઝેર ઉતરે છે.

ચિત્રાનું ઝેર—ઉંબરાનું મુળ ઘસીને પાવાથી, તથા ડંખ પર ચોપડવાથી ચીત્રાના ઝેરની અસર થતી નથી.

કાન ખજુરો.

૧. દીવામાં મીઠું તેલ બાળીને બાકી રહે તે ડંખપર લગાડે.

૨. કંટાલાના થુવરના દુધમાં પીપર ઘસી ચોપડવી.

૩. ડંખને ઈંગુળનો ધુંવો દેવો.

૪. લીકર એમોન્યા ચોપડવો.

૫. નવસાગર ઘસી ચોપડવો.

૬. કારબોલીક ઓઇલ ચોપડવું.

૭. લીનીમેંટ એમોન્યા લગાડવું.

૮. પેપરમીંટ તેલને મીઠાં તેલ સાથે ભેળી મુકવું.

૯. મેનથોલ લગાડવો.

૧. **કાનમાં બગાએ** ગયા હોય તો—ઓલીવ કે પછી મીઠું તેલ કાનમાં નાખવું.

૨. સેબફળ (સપરચંદ) ને કાપી તેનો ટુકડો કાનના બહારના ભાગ ઉપર બાંધવાથી તેના શોદમને લીધે **બગાએ** જીવતીજ કાનમાં નીકળી આવશે.

૧. **સરડા (કુકલા) નું વિષ**—આંકડાંનુ મૂળ થંડા પાણીમાં ઘસી પાવુ.

૨. નાળીએરનો કુમળો ગાભ પાણીમાં ઘસી તેમાં આંમળી નાખી ગરમ કરી લેપ કરવો.

૩. ડંખપર સફેદ કરેણના મૂળીઆને ચોખાના ધોવાણમાં ઘસી લેપ કરવો.

દેડકાનું ઝેર.

૧. કોયતેમોડા (ડાંગ પાંઢરી (મરાઠી)) ના ઝાડની છાલ કે પછી પાંતરાં, કોયળીની છાલ અને લાકરૂ પીતપાપડાંના પાતરાં, તેનો સરખે ભાગે રસ લેઈ એકત્ર કરી નાખવો. એ રસ બધો મળી ૩) તોલા હોવો જોઇએ. તે પછી તેમાં થોડી કરેબલાની છાળ ઘસીને દરેક વખતે આપવુ. એમ ત્રણથી પાંચ દીવસ ચાલુ

રાખવું. એજ ઔષધ ડંખપર કે સુજેલા ભાગપર લગાડવું. જો બને તો બધુ મળી એક દીવસમાં ૬ તોલા એ પાવુ. આથી પાલ, સરડા વીગેરેનુંબી ઝેર ઉતરે છે.

૨. ઇસબગુલને પાણીમાં ભીંજવીને તેમાં સાકર નાખી પાવુ.

૩. ધાણાનુ પાણી પાતા રહેવું.

૪. **દેડકાનુ વિષ**—સરસવના બી થુરીયાના દુધમાં વાટી લેપ કરવો.

૫. કાળો વછનાગ, સાટોડીના મૂળ, મનસીલ, સફેદમરીને લીંબુના રસમાં ખલ કરી ત્રણ દીવસ ડંખપર ચોપડવાં.

૬. આંબા હળદર, કાળી જીરી, સુંઠ, પીતપાપડો એ સરવે ૦॥ તોલો દરેક લઇ, ૦॥ શેર પાણીમા ઉકાળી ૦। શેર પાણી રહે ત્યારે કપડાંથી ગાળી ત્રણ દીવસ ૦॥ તોલો મધ નાખી પીવું.

ગરોળીનું ઝેર.

૧. ઘરોળીના ઝેરથી માણસને ઝેર લાગતુ નથી, પણ તેના ચાટવાથી તે માણસના આખા શરીરપર ફુટી નિકળે છે. એના ઉપર કાંદાને પાણીમાં ઉકાળી પાવુ અને શરીરે લેપ કરવાનુ વાજબી છે.

૨. જરા જેટલો કટોલીનો કાંદો પાણીમાં ઘસી પાવો; તેમજ લેપ કરવો

૩. સુંઠ, મરી, પીપર, કરંજનના બીજ, આંબા હળદર, કૌચાન. બીજ, બાવચી, તથા હળદર સરખે ભાગે લઇ પાણીમાં વાટી ત્રણ દીવસ લેપ કરવો.

૪. મજીઠ, હરડા, બેહેડાં, આંમળા, કડુ, હળદર, દારૂ હળદર, ઉપલેટ, ધમાસો, ઇંદ્રવરણાના મુળીઆં સરખે વજને દરેક તોલા ૨) લેવાં, પછી છુડી ૩ શેર પાણીમાં ઉકાળી શેર ૧) પાણી રહે ત્યારે ઉતારી તે સાંજ સવાર ૩ દીવસ ચલાવવું.

૧. **લુતા (મકડી)**—ગુલર, પીપલ, વીગેરેની છાળને ઉકાળીને થંડા કરીને તેથા ડંખને ધોવો.

૨. મુલેઠી, મુનકડા, દુધમાં મેળવીને તેટલુંજ પાણી નાખીને ઉકાળે ને થોડું દુધ રહે કે ગાળી ઠંડુ કરે ને પાવ. તેમાં ગમે તો મધ મેળવે.

૩. ધુપ, અગનિ, તાપ અને ગરમ પદાર્થોથી દુર રહે.

૧. **માછલીનુ વિષ**—કાળા બરના કલકમાં ઘી નાખી કાઢો કરી તેનો લેપ કરવો.

૨. મોરની પીછીની ધુણી ડંખને આપવી.

૧. જળોના ડંખ—Nit Potash 1½ dram, Hydr chlorite of ammonia 1½ dram, Common salt 1¼ dram, પાણી ૧૨ ઔંસ મેળવી લોશન કરી ડંખને લગાડવુ.

મધમાખ અને ભમરાના ડંખ.

૧. ઘી લગાડી ડંખને શેક કરવો. એથી કરી ઝેર આગળ ચઢતું નથી.
૨. ફોસફોરીક એસીડ અલગાડવી.
૩. આકડાંનું દુધ લગાડવું.
૪. સીંગી મોહોરો ઘસી લગાડવો.
૫. નવ સાગર, સરકો ભેલી લગાડવો.
૬. તરપેનટાઇન ચોપડે.
૭. ગરમ ઓઇલ (તેલ) લગાડે.
૮. સ્પીરીટ ઓફ વાઇન લગાડે.
૯. સ્પીરીટ એમોન્યા મસળે.
૧૦. દુધમા પાંઉ ભીજવી પોળતીસ બનાવી સોજાપર મુકે.
૧૧. તુરતજ કાંટો કાઢવાની તજવીજ કરે.
૧૨. મખમાંખનું મધ ચોપડવું.
૧૩. છાણુ ઘસી ચોપડવુ. ફુંચી ફેરવવી.
૧૪. લીકર એમોન્યાં લગાડવો.
૫૫. સરકો ચોપડવો.
૧૬. લીંબુનો રસ ચોપડવો.
૧૭. તરપેનટાઇન ને કપુર મેળવી લગાડવું.
૧૮. મેનથોલ ઘસવો.
૧૯. કોલનવાટર ચોપડવુ.
૨૦. માખણ લગાડવું.
૨૧. સાલીડ ઓઇલ ભરવુ.
૨૨. પેનકીલર લગાડવું.
૨૩. તપખીર સુકી કે પાણીમાં ભીજવેલી ચોપડવી.
૨૪. તંબાકુ ચોળી ભીજવી મુકવો.
૨૫. Natrium Murias જીવણ રસાયન દવા બાહાર લગાડવી, અને પાવી. તેનું લોશન બનાવી મુકવું.

૨૬. અફીણ ચોપડવું.
૨૭. દીસ્તીલવોટર ૫ ઔંસ તીંક્ચર ઓપીઆઇ Tinc. Opii. ૧) ઔંસનું લોશન બનાવી વાપરો. લાઇકર એમોન્યાં 1/2 oz. (૦।। ઔંસ) દીસ્તીલવાટર ૫।। ઔંસ મીશ્ર કરો ને ડંખપર લગાડો.
૨૮. એના ડંખથી ગાંઠ બંધાઇ હોય તો કાળીજીરી અને નેપાળો ગરમ કરી ડંખપર મુકી પાટો બાંધવો.
૨૯. કપુરનુ તેલ ચોપડવું.
૩૦. મીનતેલ ચોપડવું.
૩૧. કોઇની મધમાખ, ભમરો કે જીવજંતુ કરડેલું હોય તો—Saponated patroleum 1 oz, Iodine 30 to 40 grains લઇ મલમ બનાવી લગાડવું.

Tinc Tabaci 200, acid Boric 6, acid Salicylic 12, acid carbolic 6, Melissa (Balm) 1 Mix.

૩૨. ભમરો–ગળાયો હોય તો નીમકનું પાણી કરી પાવુ. સરકો ને પાણી પાવું.
૩૩. ભમરો—ભેંસનું તાજુ માખણ તથા ભેંસનું છાંણ મસળવું.
૩૪. વેગણાંની પોલટીશ ડંખપર બાંધવી.
૩૫. મરી, સુંઠ, સીંધવ, સંચળ સરખે સરખે ભાગે લઇને નાગરવેલના પાનના રસમાં વાટી લેપડી કરી ડંખપર મુકવું, અથવા લેપ કરવો. એમ ૩ દીવસ કરવું.
૩૬ પ્રુશ્યન બ્લુનુ (Purssian Blue) પાણી બનાવી મુકવું.
૩૭. મીઠું તેલ વાપરવુ.
૩૮. કાંદો અરધો કાપી તે ઉપર નીમક ભભરાવી બાંધવો. નીમકને પાણી સાથે મુકવું.

ભમરો.

૩૯. નાની કુંચી ડંખપર ફેરવવી
૪૦. કોલનવોટર મુકવુ.
૪૧. બીજી તપખીર દંખને દાબવી.
૪૨. ભીંજેલો તંબકુ હાથમાં ચોળીને લાડી જેવો કરી દંખ પર મુકવો.

૪૩. Chloral Hydras. ૫ થી ૧૦) ગ્રેન આપી દુખની વેદના નરમ પાડવી; એજ ડંખપરબી લગાડવું.

૪૪. સોજા ઉતારવા પાછળથી Liniment of soap વાપરવો.

૪૫. જો મોહાડાંમાં ડંખ લાગો હોય તો અંદરની બાજુએ આઇસ ફેરવવું.

૪૬. જળો મોહોડાની અંદર ડંખવાળા ભાગપર સંભાળથી મુકવી

૪૭. સુંઠ, પારીયાનુ છાણ, હરતાળ અને સીંધવને મહાલુંગાના રસમાં ખરળ કરી લેપ કરવો.

૪૮. ભેસનું તાજુ માખણ ડંખપર મુકવું.

મચ્છરના ડંખ.

૧. સાલીત તેલ ચોપડવું.
૨. માખણ ચોપડવું.
૩. મીઠાં તેલમાં વેનીશીયન તરપેનટાઇન મેલવી લગાડવી.
૪. ચાકની લાહી ચોપડવી.
૫. એમોન્યા લગાડવો.
૬. સુગર ઓફ લેડનુ સોલ્યુશન લગાડવું.
૭. તીંકચર ઓપીયમ લગાડવું.
૮. યુકેલીપટસ ઓઇલ લગાડવું.
૯. મેનથોલ લગાડવો.
૧૦. ઇથરને પાણી સાથે લગાડવું
૧૧. કોલનવાટર ચોપડવું.

ચાંચડ—માકડનો ડંખ.

સરકો ને પાણી વાપરવું.

જુનો ડંખ.

કારબોલીક તેલ વાપરવું.

કીડીનો ડંખ.

૧. માખ વીગેરેના ડંખપર—

કાની વારૂલાની માટી અને ત્રીફળાનો ગૌમુત્રમાં લેપ કરવો

આએ કેતાબમાં આવેલાં વસાણાના નામો તેના લાટીન નામો સાથે.

અ

અક્કલગરો–Anacyclus Pyrethrum.
અખરોટ–Aleurites Mollucka-na.
અગથિયો-Sesbania Grandiflora.
અગર–Aquilaria Agallochia.
અઘેડો–Achyranthes Aspera.
અજમો–Artemisia Maritama.
અજમો, ખોડી–Carum Roxb.
અજમોદ-Apium Involucratum
અડદ(જંગલી)-Teramnus Labialis; Grangea Madraspatna.
અતિબલા (ખપાટ–કાંસકી)–Abutilon Indicum.
અતિવિષ—Aconitum Heterophyllum.
અનંતા મુળ (ઉપલસરી)-Hemidesmus Indicus.
અપા માર્ગ (અઘેડો)-Achyranthes Aspera.
અફીણ-Juice of PapaverSomniferum.
અંબેડો–Magnifera Sylvatica; Spondias Magnifera.
અમલવેતસ–Rumex Vesicarius.
અમલસારો ગંધક—Sulphur crystallisatus.
અરજુન સાદડા–Terminalia Arjun.
અરડુસી (કાળી)-AdpatodaVasica
અરડુસો–Ailanthus Excelsa; Oroxylum Indicum.
અરણી (નાની)-Premna Integrefolia.
અરણી (મોટી)-Clerodandron Phlomoides.
અરલુ (અરડુસો)—Oroxylum Indicum.
અરીઠા–Sapindus Trifolisatus
અસન (સાજડ)—Terminalia Tomentosa.
અળચી–Erum Indicum; Ipomoea Reptans.
અળસી–Linum Usitatissimum

આ

આમળી—Tamarindus Indica.
આમ્રવૃક્ષ (આંબો)–Magnifera Indica.
આલ (આછ)—Morinda Citrofolia.

ઇ

ઇંગોરીઉં–Balanitis Roxb.
ઇંદ્રજવ—Holarrhena Antidysenterica.
ઇંદરાવણી—Citrullus Colocynthis.

ઇસુર મુળ–Aristolochia Indica.
ઇસબ ગુલ–Plantago Isapgool.

ઉ

ઉંદરકર્ણી–Ipomoea Reniformis.
ઉન્હાળી–(સરપંખો)—Tephrosia Purpurea.
ઉનાબ–Zyzyphus Vulgaris.
ઉપ્લેટ (કઠ)–Costus Speciosus.
ઉપલસરી–Hemidesmus Indicus
ઉંબરા–Ficus Glomatra.

એ

એખરો–Hygrophila Spinosa.
એરંડો–Ricinus Communis.
એલચી-Elellaria Cardamomum
એલચી મોટી– –Amomum Sublatum.
એલ વાલુક-Piper CubebaeLin.

ઓ

ઓટીગણુ-—Blepharis Boerhaaviae folia.
ઓલીવ તેલ–Olive oil.

અં

અંકોટક (અંકોળ'–Alangium Lamarkii.
અંબાડયા–Magnifera Vulgaris

આં

આંકરો રાતો–Caltropis Procera.
આંકરો (ધોળો)–Caltropis Gigantea.
આંબળાં–Phyllanthis Emblica.
આંબા હળદર-Curcuma Aromatica.
આંબો –Magnifera Indica.
આંબો (જંગલી)—Magnifera Sylvastica.
આસોદ—(અશ્વગન)—Withania Somnifera.

ક

કચુરો–Curcuma Zedoaria.
કઝણી(કરંજ)-Pongamia Glabra.
કટમી (કીણુહી)—Achlyranthes Aspera.
કઠ (ઉપલેટ)-Costus Speciosus Amara ?
કઠ (કુષ્ટ)-કોષ્ઠ–Saussurea Lappa
કડવી તુંબડી—Lagenaria Vulgaris.
કડવી કરમડી–Carissa Corandas Amara ?
કડવીનાઇ-ChironiaCentanioides
કડવું કોહોળું–Lagenarina Vulgaris.
કડવું તુરીઉં–કડુ ડોડકી,–કડવી ઘીસોડી-Luffa Agnuscastus;Luffa Amara.
કડવી ઘીળોડી-Tinospora Amara.
કડાછાળ–Hollarrhena Antidysenterica.
કડુ–Picrohhiza Kurroa.
કણેર (ધોળી)–Nerium Odorum.
કણેર, લાલ–Nerium Oleander.
કદમ્બ–AuthocephalusCadamb
કપાસ–Gossypium.
કપીલો–Mallotus Philippinsis.
કપુર–Cinamomum Camphora.
કપુરી મધુરી–AErua Lanata.
કબાબચીણી–Piper Cubebae.

કમળ-Nelumbium Speciosum.
કરંજ-Pongamia Glabra.
કરમદી (કડવ.)-Carissa Corandas Amara (?)
કરીયાતુ-Swertia Chirata.
કલગારી-Gloriosa Superba Lin.
કલાર (ઓદાયા)-Blunea Odorata.
કલોંજી જીરૂં-Nigella Sativa.
કસ્તુરી-Moschus Moschiferas.
કસુંબા-Carthamus Tinctoria Lin.
કસેરુ-Scirpus Kysoor.
કળથી(કુળથ)-Dolichos Biflorus.
કળાવી (ખંદર પુષ્પી)—Gloriosa Superba.

કા

કાંઉદળ ફળ-Trichosanthes Palmata.
કાકચ્યા (કાકંચ) કાચકા (કેચ)—Coesalpinia Bonducella.
કાકડાસીંગી-Rhus Suceedanea.
કાકમાચી-Solanum Nigrum.
કાચનાર-Bauhinia Variegata.
કાજુ-Semicarpus Anacardium.
કાંટા અઘેડીઓ-Barleria Prionitis.
કાંદા-Allium Sepa.
કાળે નિરગુંડી (નગડ)-Vitex Negundo.
કાયફળ-Mirica Nagi.
કાયાપુટી-Cajupute oil
કારેલ —(જંગલી)—Momordica Charantia Sylvestris.
કાવલી-ચેતપીલુંડા—મરદા શીંગી-મેષ સુંગી-Bryonia Laciniosa. Gymnema Sylvest.

કાળા કડા—Holarrhena Antidysenterica.
કાળી અરડુશી-Justicea Picta.
કાળી ખજુરી-Phoenix Nigra.
કાળી જીરી——Vernonia Anthelmintica.
કાસુંદરા (કસોદ)-Cassia Sophera
કાળી તુળસી-Ocimum Sanctum.
કાળી પાટ-Cissampelos Pareira.
કાળો ચત્રક-Plunbago Nigra.
કાળો ધતુરો-Datura Fastuosa.
કાળો નસોતર-Operculina Turpethium.
કાળાં ઉમરડાં (ઉમરાં)-Ficus Hispida.

કી

કીન્દરૂ-Boswellia Serrata.
કીન્ડી (અઘાડો)—Achyranthes Aspera.

કુ

કુકડવેલ-Luffa Echinata.
કુણકા (બીબલો)—Pterocarpus Marsupium.
કુતરી-કુરકી-ગોચી; કુતરીઉખાસ-Setaria Verticillata; Setaria Antimoden glanca.
કુમો (દરોણ પુષ્પી)-Leucas Cephatotes.
કુંભાર રાતો-કુમ્ભો લાલ—Careya Arborea Rosea.
કુલીંજન-Alpina Galanga.
કુળીથ (કળથી)-Dolichos Biflora.
કુવાડીયાં-Cassia Tora.
કેસર-Crocus Sativus,

કેવડો—કેતકી—Pandanus Fascicularis.

કેળ—Musa Paradisiaca.

કો—કૌ

કોકમ–Garcinia Indica.

કોદરા—Paspalum Scrobiculatum.

કોચલું (ઝે.)—Stry Nux-vomica.

કોઠ–Feronia Elephantum.

કોબી–Brassica Oleracea.

કોરાટી–Barleria Ceruloea.

કોષ્ઠ–Costus Speciosus.

કોહોળું–Benincasa Cerifera.

કૌચાં–Mucuna Pruriens.

કં

કંકોડી વાંઝણી—Momordica Diocea.

કાંટાળો થુવર–Euphorbia Nivolia.

કસાદી—કાસુંદરો—કંસોદી—Cassia Sophera.

ખ

ખજુરી–Phoenix. Sylvestris.

ખપાટ-કાંસકી–Abutilon Indicum

ખરેટી–Sida Cordifolia Lin.

ખસખસ-PapaverSomniferum.

ખાખરાનું મુળ-Butea Frondosa.

ખાટ ખટુંબા—Rumex Vesicarius.

ખાટી ભાજી–લુણી–Oxalis Cornulata.

ખુરચંપો-Michelia Champaca.

ખેર દુરગંધી-Acacia Farnesiana.

ખેર બાવળ–Acacia Catechu.

ખોરાસાની વજ-Acorus Calamus Persica.

ગ

ગજપીપલી (ગજપીપર)–Scindapsus Officinalis.

ગંધક અગલસારો–Sulphur Crystållisatus.

ગરજીભી (ભોંપાથરી) Elephantopus Scabre Lin.

ગરણી ધોળી–Clitorea Ternatea.

ગરમાળો-Cassia Fistula.

ગળી–Indigofera Tinctoria.

ગળો–ગીલોય–ગુળવેલ—Tinospora Cordifolia.

ગુંગળ-BalsamodendronMukal

ગુંગળ–Commifera Mucal.

ગુળખેરૂ-Althea Officinalis.

ગુલજાર-ઇન્દ્રાયણુ-Citrullus Colocynthis

ગુલર (ઉંબરો)–Ficus Glomatra Roxb.

ગેરૂ–Bole Rubra.

ગેળફળ–મીંઢોળ–Ranadia Dumetorum.

ગોકર્ણી (કાજરણી)—Clitorea Ternata; Clematis Triloba.

ગોખરૂ–Tribulus Terrestris.

ગોભી (ગરજીભી) ભોંપાથરી——Elephantopus Scabre Lin.

ગોરૂચંદન–Bezoar.

ઘ

ઘંઉલા (ગંઢુલો) સુગંધી—Prunus Mahalib Lin.

ચીસોડી (કડવી)–Luffa Amara.
ઘોલિ (કડવી)-ગીમની-Cephalandra Indica.

ચ

ચણોઠી–Abrus Precatorius
ચંપો–Michelia Champaca.
ચવક-ચાવકા-ચવ્યક–Piper Chaba; Chevica Roxb.
ચારોળી–Buchanania Latifolia.
ચિત્રક (કાળો)-Plumbago Zeylancia.
ચીરફળ (તુંબરૂ-સં:)–Zanthoxylon Alatum.
ચુકાની ભાજી—-Rumex Vesicarius.
ચોરપુષ્પી—Chrysopogon Acicularis.

છ

છાગલા–હોંસ વેળ-Roureia Santaloides.

જ

જડવાર—Delphinimum Denudetum.
જટામાંસી–Nardostachya Jatamansi.
જવ (Barley)—Hordium Vulgaris.
જવખાર-Carbonate of Potash.
જળ જાંબુ–Eugenia Jambos.
જાઈ-Jasminum Grandi florum
જાંબુ–Eugenia Jambolana.
જાયફળ–Myristia Fragrans.
જીરૂ-જીરે–Cuminum Cyminum.
જીરૂં (કડવું)-કાલી જીરી–Varnonia Anthelmintica
જાલ (બંગાળી)–પીલું–Salvadora Persica.
જીવક-બકાન–Melia Azedarach.
જુઇ પીળી–Jasaminum Humile
જેઠીમધ–Glycirrhiza Glalbra.
જેપાલ બીજ (નેપાળો)—Croton Tinglium.

ઝ

ઝુમખંડી–Luffa Pentandra.
ઝેર કોચળુ—Strychnos Nux-vomica.

ટ

ટંકણ ખાર–Borax.
ટંકારી–ટાંકરે–અરણી–Premna Integrifolia.
ટીંબરૂ—Diospyros Embryopteres.

ડ

ડુંગરકંદ-સકરકંદ-SweetPotatoes; Batatas Edulis Lin.

ત

તગર–Valeriana Hardwikii.
તજ–Laurus Cinnamomum; Cinnamomum Zeylanicum.
તડાક છીંકણી—Centipeda Oricularis.
તપસ–Balanitis AEgyptiaca.

તમાલ પત્ર-તજ—Cinnamomum Tamala.
તંબાકુ-Nicotiana Tabacum.
તલવણી-Cleome Viscosa
તલેના-Indian blistering fly.
તાંદુલજો—Amaranthus Poly—gamus.
ત્રાયમાણ—Thalictrum Foliolosum.
તાલસપત્રા-Pinus Webbiana.
ત્રીકટુ—Dry ginger, Piper Longum and Pepper.
ત્રીફળા-Three myrabolams.
તાલવણુ—Gynandron Pentaphylla.
તુરંજ-બીજોરૂ-Citrus Acida.
તુળસી-Ocimum Sanctum.
તેજબળ-Zantloxylum Matum.

થ

થુવર-થોર-Euphorbia Nerifolia.

દ

દરભ નાગો-Poa Cynosuroides.
દરાખ-Vitis Vinifera.
દવણો-Artemisia Suversiana.
દાડમ-અનાર-Punica Granatum
દાંત (સં)—દવણો—Artemisia Suversiana.
દાન્તી (ફાંગ) મોટો નેપાળો—Urospyma Volubile; Baliospermum Montanum.
દારૂડી-Argenone Mexicana.
દારૂ હળદર—Berberis Aristata.
દાલચીની (જાડાં તજ)—Cinamomum Casia.

દીવાના બાવળ (હીંદી)—મુર્કીયુમાક (તેલંગુ)-ઘીયાવલમ (તામીલ)—Aspecies of Acasia Ferinacia.
દીવેલી ભાંડી-Ricinus Communis.
દુધિઓ વછનાગ-કલગારી-Gloriosa Superba.
દેવદાર-Cedrus Deodara.
દે દાંગરી—Cucumis Colocynthes.
દ્રોણ પુષ્પી (કુંભા)-Leucas Cephalotes.

ધ

ધતુરો-Datura Stramonium.
ધમાસો-Fagonia Arabica.
ધાણા-Coriandrum Sativum.
ધામણ-Grewia Telioe folia
ધાવડો-Anogeisus Latifolia.
ઘીસાળી (ઘીળી)-LuffaPentandra.
ધોળો અઘાડો-Achyranthes Aspera.
ધોળી કણેર-Nerium Odorum.

ન

નપ્થતેલ-Naptha Oil.
નગડ-નીનાર-Vitex Negundo.
નસોતર-Operculina Turpethium
નસોતર, કાળા-Operculina Turpethium.
નાગકેસર-Messua Ferrea.
નાગદવણી-Artemisia Vulgaris
નાગર મોથ-Cyperus Scariosus.
નાગવલ્લી-નાગરવેલ-Piper Betle.
નારંગી-Citrus Aurantiam
નાળીએર-Nuciferae Lin.

નીનાર-નગોડ-Vitex Negundo.
નીરચુડી (ધોળી નગડ)—નીર્મળી—Strychnos Potatorium.
નીસોથ-નીસોતર—Ipomea Turpethium.
નેતર-Calamus Rotang.

પ

પંજાચુતર—Euphorbia Antiquorum.
પરોળ—Trichosanthes Enumarina.
પતંગ-Caesalpinia Sappan.
પથ્થરફુલ—Farmelia Kamustchadalis.
પદમ કાષ્ઠ-Prunus Prudun.
પ્રસાણુ વેલ-Poederia Foetida.
પહાડ મુળ (કાળીપાડ)-Cissampelos Pariera.
પળસાનુ મુળ-Butea Frondosa.
પાઠા-Cissampelos Pariera
પાડળ-Sterospermum Suaveolens.
પાથરી--ભોપાથરી-Elephantopus Scalere.
પારસ પીપળો-Thespecia Populnea.
પારિજાતક—પારિ જાત—Murraya Koenigii.
પાષાણ ભેદ-Caltropis Procera; Coleus Aromaticus.
પ્રિયુંગું-Agalia Rox.
પીઠવણ-Uraria Lagopides.
પીત પાપડો-Butea Frondosa. Fumaria Officinalis.
પીપર-Piper Longum.
પીપર જંગલી—રીલબરી—(Wild pepper) fruits of several species of Vitex. (B. P.)
પીપળ-Ficus Religiosa.
પીપર (પ્લક્ષ)-Ficus Infectoria.
પીલુ-પીળવણ-Salvadora Persica.
પુનરનવા (વિષખપરા)-Trianthema. Obcordata.
પુષ્કર મુળ-Saussaria Lappa.
પોઇ-Bassella Alba.

ફ

ફણસ જંગલી-Artocarpus Lakuch.
ફરાસ ફાફડો-Butea Frondosa.
ફાંગલા-Pogostemon Ocyniodis

બ

બકાણુ લીમડો-Melia Azadarach.
બરૂ કાળી—Lobelia Nicotinaefolia.
બલદાણા—વગડાઉ—ડુંગરાઉ—Sida Carpinofolia.
બાજરી-Penicillaria Spictata; Holcus Spictatus.
બાફળી- સમુદ્રફળ—Peucedanum Granda.
બાવચી-Psoralia Corylifolia
બાવળ-Acacia Arabica.
બ્રાહ્મી-Hydrocotyle Asiatica.
બીજોરૂ-Citrus Medica.
બીડવણ-Vit Salt.
બીઅલો—Ptero-carpus Marsupium.
બીલું-AEgle Marmelos.
બીસ ખપરા-Trianthema Obcordata.

બહેડાં–Terminalia Balberica.
બોર્ડાઓ ક્ષાર-Blumbea odorata
બોરડી–Zizyphus Jujuba.
બોળ (ગુગળ)–Balsamodendron Mukul or Myrrh.

ભ

ભાંગ–Cannabis Sativa.
ભાંગરો–Eclipta Alba.
ભારંગમુળ (ફુંજી)–Clerodendron Siphonanthus.
ભીલામુ—Semecarpus Anarcardium.
ભોંકોહોળું-Balatus Paniculata
ભોજ પત્ર–Betulis Utilis.
ભોંય આમળી-Phyllanthus Niruri.
ભોંય રીંગણી—Solanum Xanthicarpum.

મ

મગ-(જંગલી)-PhaseolusTrilosus
મજીઠ–Rubia Cordifolia.
મનશીળ–Realgar.
મરડાશીંગ-Gymnema Sylvestre
મહુડાં–Bassia Latifolia.
મરી કાળાં–Piper Nigra.
મરી સફેદ–Piper Alba.
મહાલુંગ (બીજોરૂ)–Citrus Acida.
માલ કાંકણી—Celastrus Paniculata
માયાની ભાજી-પોઇ–Bassalla Alba
મીઠો લીમબડો-Morraya Koenigii.
મીઠક ભીંડી—Hebiscus Abelmoschus.

મીંઢોળ–Randia Dumetorum.
મૂળો–Raphanus Sativus.
મુચકુન્ડ-Pterospesmum Suberifolium.
મુનક્કા—Raisin of Vitis Vinifera.
મુંગુંસવેલ-RawolfiaSerpentena.
મુસળી કાળી—Hypoxis Orchioides.
મુસળી, ધોળી—Asparagus Adscendens Roxb.
મેથી, જંગલી—Meliolatus Paviflora.
મેદી-Balsamodadron Myrrh.
મોચરસ—શેમળગુંદ—Bombax Malabaricum.
મોથ–Cyperus Rotundus.
મોરથુથુ—Sulphate of copper; Cupri Sulphas.
મોરવેળ–Clematis Triloba.

ર

રક્ત-ચંદન-રતાંજલી–Pterocarpus Santalinum.
રગત રોહીડો-Tecoma Undulata.
રતાળુ કંદ–Batatas Edulis.
રસકપુર—Hydrargyrum Perchloride.
રાઇ–Bressica Juncea.
રાઇ રાતી–Brassica Nigra.
ગમબાવળીઓ–Acacia Arabica.
રાસ્ના–Vanda Roxb.
રાળ–(સર્જ.)–Sporea Robusta.
રીંગણાં–Solanum Melogena.
રીંગણી (વંતાકડી).
રીસામણી–Mimosa Pudica.
રૂઇ (આંકડો)-CaltropisGigantea.

રેણુક બીજ-Vitex Agnuscatus.

રેવણુચાનો શીરો (કંકુષ્ઠ)-Garcinia Morella.

રોહિષખડ—Cymbopogon Martini.

લ

લવીંગ–Eugenia Caryophyllata

લસણ–Allium Sativum.

લસોઢા (હીં)-(લસોરા)-લસોસ-ભોકર-નાની ગુંદી—Cordia Myxa Lin.

લાખ—Tachardia Lacea.

લીંડી પીપર-Piper Longum.

લીંબડો–Melia Azadirachta.

લીંબુ, કાગડી-Citrus Acida

લુણી—Portularac Quadrifolia

લુનક–Loonak.

લોદર–Symplocos Racemosa.

વ

વંકા કકોડી-(વાંઝ કંટોલી)-Momordica Dioica.

વધારણી(હીંગ)-Ferrula Allianca

વચ્છ નાગ–Aconitum Spicatum

વચ્છનું નાગ (દુધીઓ)—Glorisa Superba.

વજ–Acorus Calamus.

વડ–Ficus Bengalensis.

વડાગરૂ મીઠું–Vit Salt.

વરીયાલી–Foeniculum Vulgari.

વંશલોચન (વાંસકપુર)—Bamboo camphor or Mana.

વધુ (ધોળી)-Mimusops Elengi.

વાંઝકકોડી–Mimordica Dioca.

વાંદો–Loranthus Longiflorus.

વાયવરંગ–Cratoeva Religiosa.

વાસણ વેળ-Cocculus Vilosus.

વાળો–Vetiveria Zizanioides.

વિષ્ણુ ક્રાંતા–ધોળી ગરણી–ધોળો કુંપો–Clitoria Ternata.

વિષ ખપરા (પુનરનવા)-Trianthema Obcordata.

વીદારી કંદ-Ipomoea Digitaba.

વેતસ (નેતર)-Calamus Rotang.

વેળ (મોગ્રો)-Jasaminum Sumbar

શ

શંખ પુષ્પી (શંખાવળી)-Convolvulus Microphylla.

શમી (ખીજડો)-Acacia Suma.

શાલી-Oriza Sativa.

શાહ જીરૂ-Cirum Nigrum.

શીંગડયો વચ્છ નાગ–Laginandria Toxicaria.

શીરસ—ધોળો સર્ષપ—Brassica Campestris.

શીરીષ-સરસડાઓ–શીરીષા-Allizzia Amara.

શીવણ–Gmelina Arborea.

શીવલીંગી–Bryonia Laciniosa.

શેમળો ગુંદર-Bombax Mulabaricum.

શેલુ (શેલુકા-સં:)–ગદબ-જંગલી મેથી-Meliotus Sp. or Meliotus Parviflora.

શેલુ-ઢહેસુવા—મોટી ગુંદી—Cordia Obliqua.

શોભાનજન-સાહજના-સહજના-શેવગા-Moringa Pterygosperma.

શ્વેતસાટોડી–Trianthema Obcordata.

સ

સણ–Crotolaria Juncea.

સંદેસરો, ધોળો–Pinciana Regia.

સત્યાનાશી (દારૂડી)—Argemone Mexicana.
સતાવરી—Asparagus Sarmentosus.
સપરચન (સેબફળ)—Pyrus Melus.
સફેદ ચંપા-Michelia Champaca.
સફેદ ચિત્રક—Plumbago Alba.
સબજો—Ocimum Sanctum.
સંભાલુ—ધોળી નગડ—Strychnos Potatorum.
સમુદ્ર ફીણ—Sepia Officinalis.
સમુદ્ર ફળ—Barringtonia Acute angula.
સમુદ્ર સોપ—Argyreia Speiosa.
સરસડો Albizzia Lebbek.
સરપંખા—(ઉન્હાળી)—Tephrosia Purpurea.
સરગવો—Moringa Pterygosperma.
સરસવ—Brassica Campestris
સરસવ (ધોળો)-Brassica Alba.
સરસલ બેરજો—Pinus Longfolia.
સહજન—ધોળો સરગવો—Moringa Pterygosperma.
સાટોડી ધોળી—Trianthema Obcordata.
સાતવન—Mestonia Scholaris.
સાપસંદ—નોરવેળ—કાનભેર—Aristolochea Indica.
સારીવા—ઉપલસરી—Hemidesmis Indicus.
સાલવણ—Desmodium Gangeticum.
સાંવરી ધોળી—શેમળો—Bombax Malaburicum.
સીકેકાઇ-સાતલા-AcaciaConcinna
સીંગરફ—Redoxide of Mercury.
સીતાફળ—કાળી અરડુસી—Justicia Picta.
સીસમ-Sissoo;Dalbergic Sissoo
સીવણ-Gmelia Arborea Rox.
સીંદુર-Red oxide of lead.
સુખડ-Santalum Album.
સુંઠ-Zingiber Officinalis.
સુરણ—Amorphophallas Campanulatus.
સેલારસ—Liquidambar Orientalis.
સોનપત્રી હરતાળ-Yellow Arsenic.
સોમળ ધોળું-Arsenic, white.
સોપારી—Areca Catechu Lin.

હ

હરડે—Terminalia Chebule
હરતાળ—Yellowarsenic; Orpiment.
હરમળ—Careya Arborea.
હરેણું-હરેણુક (સં)—Pisum Sativum.
હંસરાજ-Adiantum Lunulatum
હળદ—Curcuma Longa.
હીંગ—Ferula Foetida.
હીંગળો—Red sulphide of Mercury.
હુણયો (બીબલો)—Pterocarpus Marsupium.
હોંસવેળ (વરધારા)-છાગલા—Roureia Santaloides.

ક્ષ

ક્ષીરી—શીંગ—Bombax Arundinacea.

સર્વથી સુખી થવાનો રામબાણ નુસખો :—

ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહ્માઇ ચીત.

[સુખ તેને કે જેનાથી સુખ બીજાને—
જરથોસ્તી ગાથા, ઇજરને હા. ૪૩]

આ અતિ પ્રાચીન ઇશ્વરી વચનોને આ જમાનાનો ગુજરાતી કવી જાણે લલકારી બા ખુશીથી ટેકો આપે છે કે:—

ઔષધ આપો દર્દીને, જીવન આપે જેમ,
તરતજ પામો તો તમો, પુરો પ્રભુનો પ્રેમ.

કવી દલપતરામ.

વળી આપણા વિષયને ખુલ્લો કરી નાખી તેને ટેકો આપતાં મહાત્મા વ્યાસજી કહે છે કે:—

गारुडं बालतन्त्रं च देयं धर्मविवृद्धये.

[સર્પ વિષ ચિકિત્સા શાસ્ત્ર અને બાળ ચિકિત્સાનું ધર્મના ફેલાવવાને માટે દાન કરવું જોઇએ—(વ્યાસ મુનીજી.)]

છેવટે ઉમેરીશું કે:—

“ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः,
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्जनः.”

[સર્વે સુખી રહો, સર્વે તંદુરસ્ત રહો,
સર્વે સારી વાત (સચ્ચાઈ) ને દેખો (જાણો),
કોઈબી શખ્સ દુખી નહી રહો—(વ્યાસ મુનીજી.)]

આમીન !

એક સુચના.

કોઈ નજદીકના ભવિષ્યમાં તક મળતાં આ "ઝેરી જાનવરના ડંખના તાત્કાળીક ઇલાજો"ની કેતાબની બીજી આવૃતી કઢવાનો વીચાર છે. માટે **વૈદ્ય શાસ્ત્રીઓ** અને વિદ્વાન ગ્રહસ્થોને અરજ કરવામાં આવે છે, કે આ કેતાબમા આપેલા ઇલાજો ઉપરાત જેઓ પાસે વધુ ઇલાજો હોય તે એના અદના કરતાને નવસારીને સરનામે લખી મોકલવાથી પરમાર્થના કામમાં ભાગ લેવાનું પુન્ય હાસેલ કરશે. જે સદગ્રહસ્થો પૈસાની મદદ કરી એને મુફત છપાવવાની મદદ કરશે તો તેઓભી આ અતિ દયાળુ કામથી પોતાના પુન્યનો હીસ્સો મેળવશે.

આ કામ કાંઇપણ જાતિ લાભ વિના હાથ ધરવામાં આવ્યું છે તે તો અત્યાર આગમજ એને મળેલી સાફલ્યતાથી જણાઇ આવ્યું છે માટે એનો વધુ ફેલાવો થાય અને મનુષ્ય જાતના કાંઇક દુઃખો ઓછાં થાય એવું જોવા ઇચ્છનારાઓએ તેમાં જોડાવા ચુકવું નહીં.

એક અરજ.

આ નાનકડા વિષયના સંપુર્ણ થવા સાથે તેના કમતરીન કરતાને એક બીજો વિચાર સુઝે છે કે તક મળવે જુદા જુદા દરદોપર દેશી વસાણાની મદદથી ઉપયોગમાં આવતા 'ઘરઘતુ રામબાણ ઇલાજોનો સંગ્રહ' બહાર પાડવો. જે સાહેબો એવા ઇલાજો જાણતા હોય અને પોતાનું નામ એવી કેતાબમાં લોક પરમાર્થ અર્થે દાખલ કરી અમર બનાવવા ચાહાતા હોય તેઓએ તે મેહેરબાનીની રાહે આ ચોપડીના કરતાને સરનામે **નવસારી** મોકલવા.

જામ જમશેદ પ્રીંટીંગ વર્કસ બેલાર્ડ હાઉસ કોટ, મુંબઈ.